श्री

जैनसज्झायमाळा.

भाग २ जो.

આ પુસ્તકમાં

છઠ્ઠી આવૃત્તિ કરતાં સુધારો કરી

છપાવી પ્રસિદ્ધ કરનાર

બાલાભાઈ છગનલાલ શાહ.

જૈન બુકસેલર—અમદાવાદ.

આવૃત્તિ સાતમી.—પ્રત ૧૨૦૦.

અમદાવાદ,

ધી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યો.

સંવત ૧૯૬૯. સને ૧૯૧૩.

કિંમત એક રૂપીઓ.

નોટીસ.

પ્રસિદ્ધકર્ત્તાએ આ પુસ્તકને છાપવા છપાવવા સંબંધીના સર્વ પ્રકારના હક્કો " સને ૧૮૬૭ ના ૨૫ મા આક્ટ મુજબ સરકારમાં નોંધાવી-રજીષ્ટર કરાવી " પોતાને સ્વાધીન રાખ્યા છે: માટે માલીકની રજા શિવાય કોઇએ આમાંનો કોઇ પણ ભાગ છાપવો કે છપાવવો નહિ. કારણકે આ બુક રજીસ્ટર ખર્ચના રૂ. ૭૫) જેવી મોટી રકમ અમોએ આપી છે ને તેનો દસ્તાવેજ સ્ટાંપની ટીકીટ સાથે અમારી પાસે છે.

સુચના.

અમારે ત્યાં મુંબઈ, પાલીતાણા, ભાવનગર, પુના, સુરત, જામનગર, રાજકોટ આદિ સ્થળોએ છાપેલાં તમામ જાતના જૈન ધર્મનાં અને દરેક જાતનાં પુસ્તકો મોટા જથ્થામાં તૈયાર મળે છે. લાયબ્રેરીઓ, પુસ્તકાલયો, બુક-સેલરો, અને સાર્વજનિક મંડળોને ઘણાજ કિફાયત ભાવથી આપવામાં આવે છે.

વેપારીના ભાવનું જુદું ખાનગી કેટલોગ છપાય છે. પુસ્તકોની યાદીનું મોટું સૂચીપત્ર પૃષ્ઠ ૧૦૦ ઉપરાંતનું સાતમી આવૃત્તિ છપાય છે. તે ફક્ત અર્ધા આનાની ટીકીટ બીડી મંગાવવું. વધુ ખુલાસા સારૂ ટીકીટ બીડવી નહીં તો પ્રત્યુત્તર લખી શકાશે નહીં.

લી. બાલાભાઈ છગનલાલ શાહ.

જૈન બુકસેલર અને પબ્લીશર્સ.

કમીશન એજન્ટ, મુ. અમદાવાદ.



Seth Jesangbhai Ujamshibhai.

Ahmedabad. **Shroff.**

શેઠ જેસંગભાઈ ઉજમશીભાઈ,

અમદાવાદ. શરાફ.

The Bombay Art Printing Works, Fort.

અર્પણ પત્રિકા.

અનેક શુભોપમા બિરાજમાન,

સુજ્ઞ મહાશય,

શેઠ જેસંગભાઈ ઊજમશીભાઈ,

(મશીચંદ જેચંદવાળા)—અમદાવાદ.

આપ વ્યાપારાદિક, અનેક પ્રવૃત્તિમાં વિશેષ જોડાએલા છો, તેમજ સંપત્તિ તથા સંસારિક જંજાળ વધુ હોવા છતાં સર્વદા જૈન ધર્મનું પવિત્ર જ્ઞાન શ્રવણ કરવા હમેશાં અભિલાષા રાખો છો, જૈનબંધુને બંધુસમાન ગણો છો, પરોપકાર કરવા તથા સ્વધર્મીબંધુને સહાય આપવા તથા ભક્તિ કરવાને તન મન ને ધનનો યથાયોગ્ય ભોગ આપો છો તેમજ આપનામાં ક્ષમાનો ગુણ નિરંતર વહ્યા કરે છે ઈત્યાદિક અનેક સદ્‌ગુણોથી આકર્ષાઈ આ જૈન સજ્ઝાયમાળા ભાગ ૨ જાની સાતમી આવૃત્તિનું ઉત્તમ પુસ્તક આપને અર્પણ કરી હું અતિ આનંદ પામું છું.

લી. કૃપાભિલાષી

બાલાભાઈ છગનલાલ શાહ,

જૈન બુકસેલર—અમદાવાદ.

प्रस्तावना.

'वैराग्य मेवाभयम्'

'વૈરાગ્ય એજ ફક્ત અભય છે.'

આજકાલના સમયમાં સાહિત્ય-શાસ્ત્રની પ્રગતિ દિનપરદિન વધતી જાય છે. એ એક આપણા ગુજરાતી સાહિત્યની ખીલવણી થવામાં કારણભુત છે. એ પણ એક આપણી સુભાગ્યની નિશાની સમજવી જોઇએ. નવેરસમાં શાસ્ત્રકારોએ-સુજ્ઞપુરૂષોએ વૈરાગ્યરસ મુખ્ય ગણ્યો છે. તે રસની વૃદ્ધિ થવા માટેના સાહિત્યની પણ આપણને બીજા કરતાં વિશેષ જરૂર છે. તેનું કારણ એ છે કે- વૈરાગ્યરસથી અંતઃકરણનું સરોવર ભરાતાં તેમાં શુભ ભાવનાઓ ઉત્પન્ન થયા વિના રહી શકતી નથી અને એ પણ વાંચકોએ સમજી રાખવાની આવશ્યકતા છે કે-શુભ ભાવનાઓ ઉત્પન્ન થતાંજ ચિત્તની એકાગ્રતા થાય છે અને એકાગ્રતા થતાં તરતજ કર્મનાં અશુભ બંધનો શીથીલ થઇને તડાતડ તુટવા માંડે છે. એટલાજ માટે જ્ઞાની પુરૂષો જગતજીવોના હિતને માટે વારંવાર કથન કરી ગયા છે કે-'भावतां भव नाशिनी' અને તેની પૂરેપૂરી ખાતરી થવા માટે વાંચકોની મુખ સન્મુખ 'પ્રસન્નચંદ્ર' રાજર્ષિનું દૃષ્ટાંત મુકયું છે, કે જેથી ઉક્ત ઉદ્દેશ તેમના ધ્યાનમાં બરાબર આવી જાય છે. એજ ઉદ્દેશ હેતુની સિદ્ધિ કરવા માટે આવાં પુસ્તકો ઘણો સારો ભાગ ભજવી શકે છે. એજ કારણને લઇને જનસમાજને આવાં પુસ્તકોની અત્યંત આવશ્યકતા છે. અમારો ઉદ્દેશ પણ એનાથી જુદો નથી.

આ સજ્ઝાયમાળા નામનું પુસ્તક ઉપરનો ઉદ્દેશ પૂર્ણ કરવામાં સાચા મદદગાર મિત્ર તરીકે ખપ લાગે તેમ છે. આ પુસ્તકની ૭ આવૃત્તિઓ ખપી જવાથી આ સાતમી આવૃત્તિ ઘણાજ સુધારા-વધારા સાથે વાંચકવર્ગની સન્મુખ મુકવામાં આવે છે.

આ પુસ્તક કેટલું બધું લોકપ્રિય છે તે અમે પોતેજ ન કહેતાં તેનો વિચાર વાંચકો ઉપરજ રાખીશું. આ પુસ્તકની લોકપ્રિયતા

અને ઉપયોગિતા આની સાતમી આવૃત્તિ થવા ઉપરથીજ જાણી શકાય છે. એટલે તે બાબતમાં વધુ લખવું તે સોના ઉપર ઓપ-(ગિલ્ટ) ચઢાવવા જેવું છે. એટલે અમે અધિક લખવું ઉચિત સમઝતા નથી.

પાછળની આવૃત્તિ કરતાં આ આવૃત્તિમાં કેટલોક ફેરફાર કર્યો છે અને સારી સજ્ઝાયો, વૈરાગ્યદાયક પદો દાખલ કરવા ઉપરાંત વિશેષમાં આજકાલના સમયને અનુકુળ આવતા એવા યોગનિષ્ઠ મુનિશ્રી બુદ્ધિસાગરજી તથા મહાપુરૂષ શ્રી ગુલાબચંદજી શ્રી મુનિ તથા તેમના શિષ્ય શતાવધાની મુનિશ્રી રત્નચંદજીની સજ્ઝાયો દાખલ કરી છે. અને દિલખુશના તખલ્લુસ (સંજ્ઞા)થી ઓળખાતા રા. રા. દલસુખભાઇ ગિરધરભાઇ માણેકપુરનિવાસીનાં સારાં સારાં પદો દાખલ કરી વધારો કર્યો છે, તે છતાં પણ કીંમતમાં ફેરફાર કર્યો નથી.

આમાંની સજ્ઝાયો-પદો આદિક ઘણાંજ રસીલાં અને વૈરાગ્ય-રસપોષક છે. વાંચવાથી કર્ણને મધુરતા ઉપજે છે અને શુભભાવનાઓ ઉદય થવા માંડે છે. પ્રતીતિ માટે એક સજ્ઝાય વાંચવા ભલામણ છે. વાંચો પૃષ્ટ ૧૯૪-૨૧૭ માં "આત્માને જાગૃતિ ભાવનો ઉપદેશ"! અને 'ઉપદેશ પદ'!

आत्माने जागृतिभावनो उपदेश. झुलणा छंद.

જાગરે આતમા જાગરે આતમા, મોહની ઉંઘમાં ચોર લૂંટે;
વિત્ત દારા અને વિષયની વાસના, પાસથી શત્રુઓ ખૂબ કૂટે. જાગ. ૧
વૃત્તિ બાહિર્વહે કર્મ આટે ગ્રહે, આત્મા ભ્રાન્તિથી ભાન ભૂલ્યો;
ક્રોધને માનથી લોભ માયાથકી લક્ષ ચોરાશિમાં ખુબ ઝૂલ્યો. જાગ. ૨
પામી માનવપણું પુણ્ય ઉત્કર્ષથી, મુક્તિ સાધન અરે તેં વિસાર્યું;
ખૂબ અપકૃત્યથી પાપ ગાડું ભર્યું, જાવવું નરકમાં કેમ ધાર્યું. જાગ. ૩
શ્વાસ ઉચ્છવાસથી જીવ આયુ ઘટે, ખબર નહિ કાલની કેમ થાશે;
કાલનું કૃત્ય તે આ ક્ષણે કીજિએ, ધર્મથી આ ભવાબ્ધિ તરાશે. જાગ. ૪
કોટિ ધન આવશે નહિ કદી સાથમાં, પાપ ને પુણ્ય સાથેજ આવે;
દાન કરજે સદા ધર્મ વાટે મુદા, દાનથી આતમા મોક્ષ પાવે. જાગ. ૫

વિગેરે.

पद.

ઘટ ખોજ્યા બિન પાર ન આવેરે, દોડત દોડત મનની દોટે;
પુસ્તક શોધ્યા વાચુ રોધ્યા, પડી ખબર નહીં ઘરકી;
સદ્‌ગુરૂ સંગે રહો ઉમંગે, લહો ખબર અન્દરકી. ઘટ૦ ૧
જ્યાં ત્યાં માથું મારીનેરે, ભૂલ્યો ભમે પર ઘેર;
પરમાં નિજને શોધવોરે, અહો મહા અન્ધેર. ઘટ૦ ૨
મૃગલો કસ્તુરીની ગંધે, આડો અવળો દોડે;
ભ્રમણાએ ભૂલ છે તે મોટી, તોડે સો નિજ જોડે. ઘટ૦ ૨
પરનો કર્ત્તા પરનો હર્ત્તા, નિજગુણ સહેજે ધર્ત્તા;
આપ સ્વરૂપે આપ પ્રકાશે, સમજે સો જન તરતા. ઘટ૦ ૪
આતમ રૂચિ ગુરૂગમ કુંચી, લહી ઉઘેડો તાળું;
બુદ્ધિસાગર અવસર પાકર, નિજ ઘરમાં ધનભાળું. ઘટ૦ ૫
વિગેરે.

આ પુસ્તકની પાંચમી આવૃત્તિ સં. ૧૯૬૧ની સાલમાં છપાવેલી અને છઠ્ઠી આવૃત્તિ સં. ૧૯૬૫ના સાલમાં છપાવી હતી. તેનો વાંચક વર્ગની તરફથી સારો સત્કાર થવાથી આ સાતમી આવૃત્તિ છપાવવામાં આવી છે. આ દ્વિતિય ભાગમાં (નવકાર વિગેરેના (૨) છંદો; ચાર શરણાં અને વિનય વિગેરેની (૯૮) સજ્ઝાયો; જંબુસ્વામી વિગેરેની (૩) લાવણીયો; શાળીભદ્ર વિગેરેના (૬) સલોકા; સુધરેલા વિષે વિગેરેના (૬) ચાબખા; ચંદરાજા અને ગુણવાળી રાણીનો (૧) કાગળ; સત્યબાવીશી વિગેરે (૨) બાવીશીઓ; જોવન પચીશી વિગેરે (૬) પચીશીઓ; (૧) શલ્યછત્રીશી; (૧) ગર્ભબહોતેરી; રાજુલનો (૧) ગરબો; ભરત બાહુબળી વિગેરેનાં (૩) દ્વીઢાળિયાં; પૃથ્વીચંદ્ર અને ગુણસાગર વિગેરેનાં (૪) ત્રીઢાળિયાં; જંબુસ્વામી વિગેરેનાં (૬) ચોઢાળિયાં; આષાઢભૂતિ વિગેરેનાં (૩) પંચઢાળિયાં, નારકીનું (૧) છઢાળિયું; અર્હજ્ઞકમુનિનું (૧) અષ્ટઢાળિયું અને અયવંતી સુકુમાળનું (૧) તેરઢાળિયું; તથા શ્રીમાન યોગનિષ્ઠ મુનિરાજ શ્રી બુદ્ધિસાગરજી કૃત પ્રભાતીયાં તથા મુનિરાજ શ્રી ગુલાબચંદજી તથા રત્નચંદ્રજી કૃત સજ્ઝાયો ને પદો વિગેરે તથા દલસુખભાઇ ગીરધરભાઈ કૃત પદો વિગેરે. એ પ્રકારે સર્વે મળી શાંતદશાને પ્રગટ કરનારા અને

વૈરાગ્યદશાને જાગૃત કરનારા મ્હોટા મ્હોટા (૧૭૨) વિષયો આવવાથી આ ગ્રંથ અતિ રસિકતાને પામ્યો છે.

પ્રથમ પ્રકટ કરેલી આવૃત્તિમાં આ પુસ્તકમાં જે જે સ્થળે ભૂલો રહેલી જણાઇ છે તે તે આ આવૃત્તિમાં સુધારી લીધી છે. તોપણ માણસ માત્રને જ્ઞાનદૃષ્ટિનો અભાવ હોવાથી તે ભૂલને પાત્ર છે. એટલા માટે આ પુસ્તકમાં કોઈ સ્થળે દૃષ્ટિદોષથી અથવા મતિદોષથી જે કાંઇ કાનો, માત્રા અને મીંડી વિગેરેની કાંઈ ભૂલચૂક રહી ગઇ હોય, અથવા કોઇ સ્થળે વિશ્વવત્સલ શ્રીસર્વજ્ઞ જિનેંદ્ર પરમાત્માની આજ્ઞા વિરૂદ્ધનું લખાણ આવી ગયું હોય તો તેને માટે મન, વચન અને કાયાએ કરી ત્રિવિધે ત્રિવિધે, ચતુર્વિધ શ્રી સંઘની સમક્ષ-સાક્ષે હું મિથ્યા દુષ્કૃત્ય માગું છું-ક્ષમાયાચના કરૂં છું.

આ પુસ્તકમાં દાખલ કરવા માટે ઉપર જણાવેલા મુનિમહારાજો તથા ગૃહસ્થોએ અમોને સારો સજ્ઝાયાદિકનો સંગ્રહ મોકલી આપ્યો છે તે માટે અમો તેમનો ખરા અંતઃકરણથી આભાર માની આ પ્રસ્તાવનાની પૂર્ણાહૂતિ કરીએ છીએ.

इत्यलम् विज्ञेषु.
શ્રાવણ સુદ ૫.
સં. ૧૯૬૯.

લિ. સજ્જનજનાનુરાગી,
બાલાભાઇ છગનલાલ શાહ.
ઠે. ક્રીકાભટ્ટની પોળ-અમદાવાદ.

अनुक्रमणिका.

પુસ્તકોનાં નામ.	રૂ. આ.
ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્ર પર્વ ૧ લું તથા ૨ જું.	૨—૪
ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્ર પર્વ ૩-૪-૫-૬ ઠું	૨—૪
,, પર્વ ૭ મું જૈન રામાયણ	૧—૪
,, પર્વ ૮-૯ મું મહાવીરસ્વામી ચરિત્ર.	૧-૧૨
,, પર્વ ૧૦ મું પાર્શ્વનાથ ચરિત્ર.	૧—૮
દૃષ્ટાંતશતક (૧૦૨) કથાઓનું પુસ્તક.	૦-૧૦
ધર્મતત્વ સંગ્રહ.	૦—૮
નમીરાજ નોવેલ.	૦-૧૦
સદુપદેશમાળા અતિ રસીક ૧૪ કથાઓ.	૦—૮
પ્રાણી હિંસા ને પ્રાણી ખોરાક નિષધક.	૦—૭
પાંડવ પ્રબોધ.	૧—૮
પરમાત્મજ્યોતિ મોટું પુસ્તક શ્રીમદ્ બુદ્ધિસાગરજીકૃત..... ...	૦-૧૨
યોગશાસ્ત્ર. પાના ૪૦૦ નો મોટો ગ્રંથ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય કૃત આવૃત્તિ ત્રીજી.	૦—૮
નેમનાથ સ્વામીનું ચરિત્ર....	૦—૪
નીત્ય નિયમની પોથી—આવૃત્તિ બારમી.	૦—૨
જૈન સ્તુતિ.	૦—૨॥
મહાવીર સ્તુતિ...	૦—૨
મહાવીર સ્વામીનું ચરિત્ર...	૦—૮
મુનિપતી ચરિત્ર.	૦—૪
ભાવના સ્વરૂપ....	૦—૪
માનતુંગ માનવતી નૉવેલ.	૦—૪
રત્નસેન રત્નમંજરીનો રાસ.	૦—૪
રાત્રી ભોજન નિષેધક—ઘણા દૃષ્ટાન્તો સાથે.	૦—૮
વિવેકવિલાસ—જીનદત્તસૂરિ વિરચિત બાર ઉલ્લાસમાં વિસ્તાર યુક્ત વર્ણન છે.	૨—૦
વિવિધ પૂજા સંગ્રહ ભાગ ૧-૨—૩—૪ થો.	૧—૮
શાંતીનાથ ચરિત્ર.	૦—૪

ઉપરનાં પુસ્તકો શિવાય તમામ જાતનાં જૈન ધર્મનાં પુસ્તકો તેમજ તમામ જાતનાં પુસ્તકો **મોટા જથ્થામાં** નીચેના ઠેકાણેથી મળશે. વધુ માહીતી સારૂ અર્ધા આનાની ટીકીટ બીડી મોટું સૂચીપત્ર પાના ૯૬ નું (કેટલોગ) મંગાવો.

લી. બાલાભાઇ છગનલાલ શાહ.

જૈન બુકસેલર. ઠે. ફીકાભટ્ટની પોળ, મુ. **અમદાવાદ.**

॥ श्री जीनवरेंद्रायनमः ॥

श्री

जैनसज्झायमाला.

भाग २ जो.

तत्र प्रथम पंचपरमेष्ठिने नमस्कार रूप श्री नवकारनो छंद प्रारंभः

(દોહા.)

વંછિત પૂરે વિવિધ પરે, શ્રી જિનશાસન સાર ॥ નિશ્ચે શ્રીનવકાર નિત, જપતાં જયજયકાર॥૧॥ અડસઠ અક્ષર અધિક ફળ, નવપદ નવે નિધાન ॥ વીતરાગ સ્વયં મુખ વદે, પંચ પરમેષ્ઠિ પ્રધાન ॥૨॥ એકજ અક્ષર એક ચિત્ત, સમર્યા સંપતિ થ ય ॥ સંચિત સાગર સાતનાં, પાતક દૂર પલાય ॥૩॥ સકળ મંત્ર શિર મુકુટ મણી, સદ્ગુરૂ ભાષિત સાર ॥ સો ભવિયાં મન શુદ્ધશું, નિત જપીએ નવકાર ॥ ૪ ॥

(છંદ હાટકી.)

નવકાર થકી શ્રીપાળ નરેસર, પામ્યો રાજ્ય પ્રસિદ્ધ ॥ સમશાન વિષે શિવ નામ કુમરને, સોવન પુરિસો સિદ્ધ ॥ નવલાખ જપંતાં નરક નિવારે, પામે ભવનો પાર ॥ સો ભવિયાં ભત્તે, ચોખ્ખે ચિત્તે, નિત જપીએ નવકાર ॥૧॥ બાંધી વડશાખા શિંકે બેસી, હેઠળ કુંડ હુતાશ ॥ તસ્કરને મંત્ર સમર્પ્યો શ્રાવકે, ઉડ્યો તે આકાશ ॥ વિધિ રીત જપ્યો વિષધર વિષ ટાળે, ઢાળે અમૃત ધાર ॥ સો૦॥ ૨ ॥ બીજોરાં કારણ રાય મહાબળ, વ્યંતર દુષ્ટ વિરોધ ॥ જેણે નવકારે હત્યા ટાળી, પામ્યો જક્ષ પ્રતિબોધ ॥ નવલાખ જપંતાં થાયે જિનવર, ઇશો છે અધિકાર ॥ સો૦॥૩॥ પલ્લિપતિ શીખ્યો મુનિવર પાસે, મહા મંત્ર મન શુદ્ધ ॥ પરભવ તે રાજસિંહ પૃથવિપતિ, પામ્યો પરિગળ રૂદ્ધ ॥ એ મંત્ર થકી અમરાપુર પહોતયો, ચારુદત્ત સુવિચાર ॥સો૦ ॥૪॥ સંન્યાસી કાશી તપ સાધંતો, પંચાગ્નિ પરજળ ॥ દીઠો શ્રી પાસકુમારે પન્નગ, અધબળતો તે ટાળ ॥ સંભળાવ્યો શ્રી નવકાર

સ્વયંસુખ, ઇંદ્રિભુવન અવતાર ॥ સો૦॥૫॥ મન શુદ્ધે જપતાં મયણાસુંદરી, પામી પ્રિય સંયોગ ॥ ઇણે ધ્યાને કષ્ટ ટળ્યું ઉંબરનું, રક્તપિત્તનો રોગ ॥ નિશ્ચેશું જપતાં નવનિધિ થાએ, ધર્મતણો આધાર ॥ સો૦॥૬॥ ઘટમાંહી કૃષ્ણ ભુજંગમ ઘાલ્યો, ઘરણી કરવા ઘાત ॥ પરમેષ્ઠિ પ્રભાવે હાર ફુલનો, વસુધા માંહી વિખ્યાત ॥ કમળાવતિયે પિંગળ કીધો, પાપતણો પરિહાર ॥ સો૦॥૭॥ ગયણાગણ જાતી રાખી અહીને, પાડી બાણ પ્રહાર ॥ પદપંચ સુણંતા પાંડુપતિ ઘર, તે થઇ કુંતા નાર ॥ એ મંત્ર અમૂલક મહિમા મંદિર, ભવ દુઃખ ભંજણહાર ॥ સો૦॥૮॥ કંબળને સંબળ કાદવ કાઢયાં, શકટ પાંચશે માન ॥ દીધે નવકાર ગયા દેવલોકે, વિલસે અમર વિમાન ॥ એ મંત્ર થકી સંપતિ વસુધા તળે; વિલસે જૈન વિહાર ॥ સો૦॥૯॥ આગે ચોવીશી હુઈ અનંતી, હોશે વાર અનંત ॥ નવકાર તણી કોઇ આદિ ન જાણે, ઇમ ભાંખે અરિહંત ॥ પુરવ દિશિ ચારે આદિ પ્રપંચે, સમર્યાં સંપતિ સાર ॥ સો૦॥૧૦॥ પરમેષ્ઠિ સુર પદ તે પણ પામે, જે કૃત કર્મ કઠોર ॥ પુંડરગિરિ ઉપર પરતક્ષ પેખ્યો, મણિધરને એક મોર ॥ સહગુરુને સનમુખ વિધિ સમરંતાં, સફળ જનમ સંસાર ॥ સો૦॥૧૧॥ શુળીકારો પણ તસ્કર કીધો, લોહખરો પરસિદ્ધ ॥ તિહાં શેઠે નવકાર સુણાવ્યો, પામ્યો અમરની ઋદ્ધ ॥ શેઠને ઘર આવી વિઘ્ન નિવાર્યાં, સુરે કરી મનોહાર ॥ સો૦॥૧૨॥ પંચ પરમેષ્ઠિ જ્ઞાનજ પંચહ, પંચ દાન ચારિત્ર ॥ પંચ સજ્ઝાય મહાવ્રત પંચહ, પંચ સુમતિ સમકિત ॥ પંચ પ્રમાદહ વિષય તજો પંચ, પાળો પંચાચાર ॥ સો૦॥૧૩॥

(કળશ છપ્પય.)

નિત જપીએ નવકાર, સાર સંપતિ સુખદાયક ॥ શુદ્ધ મંત્ર એ શાશ્વતો, ઇમ જંપે શ્રી જગનાયક ॥ શ્રી અરિહંત સુસિદ્ધ, શુદ્ધ આચાર્ય ભણીજે ॥ શ્રી ઉવઝાય સુસાધુ, પંચ પરમેષ્ઠિ થુણીજે ॥ નવકાર સાર સંસાર છે, કુશળલાભ વાચક કહે ॥ એક ચિત્તે આરાધતાં, વિવિધ ઋદ્ધિ વંછિત લહે ॥-૧૪ ॥ ઇતિ. ॥

અથ શ્રી શાંતિનાથનો છંદ.

નગર હસ્થિણાપુર અતિ રે ભલો, જિહાં જનમ્યા તિર્થંકર ત્રિભુવન તિલો ॥ રાહ પ્રરૂપ્યો જૈન ખરો, શ્રી શાંતિ જિનેશ્વર શાંત

કરો ॥ ૧ ॥ એ આંકણી ॥ સર્વારથસિદ્ધ થકીરે ચવી, તવ દેશ નગરમાં શાંતિ હવી ॥ શાંતિજી નામ દિયો સખરો, શ્રી શાંતિ૦ ॥ ૨ ॥ વિશ્વસેન પિતા અચિરા માયા, જેણે ચૌદ સુપન મ્હોટાં પાયા ॥ જનમ્યા તીર્થંકર અમિય ઝરો, શ્રી શાંતિ૦ ॥ ૩ ॥ છપ્પન કુમારિકા ઉલ્લાસ ઘણો, જેણે જનમ મહોચ્છવ કર્યો કુમરતણો ॥ ચોસઠ ઇંદ્રિ આવી કળશ ભરો, શ્રી શાંતિ૦ ॥ ૪ ॥ ભણાવી બહોતેર કળા, જેણે સહસ્ર ચોસઠ પરણી મહિલા ॥ છ ખંડ સાધ્યા એણીય પરો, શ્રી શાંતિ૦ ॥ ૫ ॥ સહસ પંચોતેર વરસ રહ્યાં, ચક્રવર્તિ પણે ઘરવાસ રહ્યા ॥ પછે મિટાઇ દિયો સઘળો ઝગડો, શ્રી શાંતિ૦ ॥ ૬ ॥ એક સહસ પુરૂષ સાથે શિક્ષા, શ્રી જિનવરજીયે લીધી દીક્ષા ॥ પછે સુરનર આવી પાય પડો, શ્રી શાંતિ૦ ॥ ૭ ॥ એક માસ લગે છદ્મસ્થ રહ્યા, શુદિ પોશ નોમે દિન કેવળ લહ્યા ॥ ભરણી નક્ષત્ર પ્રભાત ખરો, શ્રી શાંતિ૦ ॥ ૮ ॥ પ્રભુએ મોહજાળ સવિ કાપી, ચતુર્વિધ સંઘ તીરથ થાપી ॥ ચોથો દુસમ સુસમ આરો, શ્રી શાંતિ૦ ॥ ૯ ॥ બાશઠ સહસ મુનિરાજ થયા, વળી સહસ નવ્યાસી હુઇ અજિયાં ॥ પ્રભુ તારો ને વળી આપ તરો, શ્રી શાંતિ૦ ॥ ૧૦ ॥ દોય લાખ નેવુ સહસ શ્રાવક ગુણી, ત્રણ લાખ ત્યાસી સહસ શ્રાવિકા સુણી ॥ ઓર ચતુર્વિધ સંઘ ખરો, શ્રી શાંતિ૦ ॥ ૧૧ ॥ ચાર હજાર ઉહિ નાણિ જતિ, વળી ત્રણ સહસ હુવા વિપુલમતિ ॥ નેવું ગણધરનો પાપ હરો, શ્રી શાંતિ૦ ॥ ૧૨ ॥ ચાર હજાર ત્રણસે રે કહ્યા, મુનિ કેવળ લહીને મુગતિ ગયા ॥ છ હજાર મુનિ વૈક્રેવરો, શ્રી શાંતિ ॥ ૧૩ ॥ ચોત્રીશે રે વાદી ભારી, વળી આઠસે ચૌદ પૂરવધારા ॥ આઠ કરમશું જાઇ લડો, શ્રી શાંતિ ॥ ૧૪ ॥ નવ પદવી મ્હોટી રે કહી, જેણે એકણ ભવમાં છએ લહી ॥ એસો ભરિયો પુણ્ય ઘડો, શ્રી શાંતિ૦ ॥ ૧૫ ॥ પા પા લાખ કુમર સાધપણે, વળિ અધલાખ વરસ રાજ્ય પણે ॥ એક લાખ વરસનો સર્વ ઘડો, શ્રી શાંતિ૦ ॥૧૬॥ ચાળીસ ધનુષ ઊંચી રે દેહી, વળિ હેમવરણી ઉપમા રે કહી ॥ દીઠે દિલ દરિયાવ ઠરો, શ્રી શાંતિ૦ ॥ ૧૭ ॥ જો નામ ધરાવો શ્રાવક યતિ, તો અનાચાર સેવો રે મતિ ॥ પરભવથી સેંતી કાંઇ ડરો, શ્રી શાંતિ૦ ॥ ૧૮ ॥ ત્રિવિધે ત્રિવિધે જીવ મતિ રે હણો, એ ઉપદેશ છે જિનરાજ તણો ॥ માર્ગ બતાવ્યો શુદ્ધ ખરો, શ્રી શાંતિ૦ ॥ ૧૯ ॥ આ જીવ રાય ને રંક થયો, વળિ નરક નિગોદમાં બહુ રે રહ્યો ॥ રડવડિયો

જેમ ગેડિ દડો. શ્રી શાંતિ૦ ॥ ૨૦ ॥ ચારગતીનાં રે દુઃખ કહ્યાં, જીવે અનંતિ અનંતી વાર લહ્યાં ॥ પચી રહ્યો જેમ તેલ વડો, શ્રી શાંતિ ॥ ૨૧ ॥ શ્રદ્ધા સહિત તુમે તાપ તપો, ભવ્ય જીવો સૌ તુમે જાપ જપો ॥ માર્ગ મળ્યો છે નિપટ ખરો, શ્રીશાંતિ૦ ॥૨૨॥ સંથારો એક માસ તણો, સમ્મેતશિખર સિદ્ધ ઠામ ભણો ॥ નવશે મુનિસેં મુગતિ વરો, શ્રી શાંતિ૦ ॥૨૩॥ મૃગલંછન સેંતિ ધ્યાન રહ્યા, શ્રી શાંતિ જિનેશ્વર મુગતિ ગયા ॥ પછે મેટ દિયો સવિ જન્મ મરો, શ્રી શાંતિ૦ ॥ ૨૪ ॥ તુમ નામ લિયાં સવિ કાજ સરે, તુમ નામે મુગતિ મહેલ મળે ॥ તુમ નામે શુભ ભંડાર ભરો, શ્રી શાંતિ૦ ॥ ૨૫ ॥ ઋષિ જે. મલજીએ એહ વિનંતી કહી, પ્રભુ તોરા ગુણનો પાર નહી ॥ મુજ ભવ ભવનાં દુઃખ દૂર હરો, શ્રી શાંતિ૦ ॥ ઇતિ. ॥

अथ श्री चारशरणां प्रारंभ.

પ્રહ ઉઠીને સમરિયે, હો ભવિયણ મંગળિક શરણાં ચાર ॥ આપદા મટી સંપદા હુવે, હો ભવિયણ દોલતના દાતાર ॥ હૃદયમાં રાખીએ, હો ભવિયણ મંગળિક શરણાં ચાર ॥૧॥ એ આંકણી ॥ અરિહંત સિદ્ધ સાધૂ તણાં, હો૦ કેવળી ભાષિત ધર્મ ॥ એ શરણાં નિત ધ્યાવતાં, હો૦ ત્રૂટે આઠે કર્મ ॥ હૃ૦ ॥ હો૦ ૨ ॥ વાટે ઘાટે ચાલતાં, હો૦ રાત દિવસ મોઝાર ॥ ગામ નગરપુર વિચરંતાં, હો૦ વિઘ્ન નિવારણ હાર ॥ હૃ૦ ॥ હો૦ ॥ ૩ ॥ એ ચારે સુખકારિયાં, હો૦ એ ચારે જગ સાર ॥ એ ચારે ઉત્તમ કહ્યાં, હો૦ એ ચારે હિતકાર ॥ હૃ૦ ॥ હો૦ ॥ ૪ ॥ ડાયણ સાયણ ભુતડાં, હો૦ સિંહ ચિત્રાને શૂર ॥ વૈરી દુઃશ્મન ચોરટા, હો૦ રહે તે સઘળા દૂર ॥ હૃ૦ ॥ હો૦ ॥ ૫ ॥ રાખો શરણાંની આસતા, હો૦ નેડા નહિ આવે રોગ ॥ આણંદ વર્ત્તે ઇણ નામથી, હો૦ વ્હાલા તણો સંયોગ ॥ હૃ૦ ॥ હો૦ ॥ ૬ ॥ સુખશાતા વર્તે ઘણી, હો૦ જે ધ્યાવે નરનાર ॥ પરભવ જાતાં ઇણ જીવને, હો૦ એહ તણો આધાર ॥ હૃ૦ ॥ હો૦ ॥૭॥ મન ચિંતિત મનોરથ ફળે, હો૦ વર્ત્તે કોડ કલ્યાણ ॥ શુદ્ધે મને ધ્યાવતાં, હો૦ નિશ્ચે પદ નિરવાણ ॥ હૃ૦ ॥ હો૦ ॥ ૮ ॥ ઇણ સરિખો શરણો નહી, હો૦ ॥ ઇણ સરિખો નહિ નામ॥ ઇણ સરિખો મિત્ર નહિ, હો૦ ગામ નગરપુર ઠામ ॥ હૃ૦ ॥ હો૦ ॥૯॥ દાન શિયળ તપ ભાવના, હો૦ જગમેં તત્ત્વસાર ॥ કરો આરાધો

ભાવશું હો૦ પામો મોક્ષદુવાર ॥ દ૦ ॥ હો૦ ॥ ૧૦ ॥ જોડ કીધી છે જુગતીશું, હો૦ પાલી શેખાકાળ ॥ ઋષિ ચોથમલજી ઇમ ભણે, હો૦ સુણજો બાળગોપાળ ॥ દ૦ ॥ હો૦ ॥ ૧૧ ઇતિ. ॥

अथ श्री विनयनी सज्झाय.

પવયણ દેવી ચિત્ત ધરી જી, વિનય વખાણીશ સાર ॥ જંબુને પૂછે કહ્યોજી, શ્રી સોહમ ગણધાર ॥ ભવિક જન, વિનય વહો સુખકાર ॥૧॥ એ આંકણી ॥ પહેલે અધ્યયને કહ્યોજી, ઉત્તરાધ્યયન મઝાર ॥ સઘળા ગુણમાં મૂળગોજી, જે જિનશાસન સાર ॥ ભ૦ ॥ વિ૦ ॥૨॥ નાણવિનયથી પામીયેજી, નાણે દરિસણ શુદ્ધ ॥ ચારિત્ર દરિસણથી હુવેજી, ચારિત્રથી પુણ સિદ્ધ ॥ ભ૦ ॥ વિ૦ ॥ ૩ ॥ ગુરૂની આણ સદા ધરેજી, જાણે ગુરૂનો ભાવ ॥ વિનયવંત ગુરૂ રાગીયો જી, છે મુનિ સરળ સ્વભાવ ॥ ભ૦ ॥ વિ૦ ॥ ૪ ॥ કણનું કુંડું પરિહરી જી, વિષ્ટાશું મન રાગ ॥ ગુરૂદ્રોહી તે જાણવાજી, સુઅર ઉપમ લાગ ॥ ભ૦ ॥ વિ૦ ॥ ૫ ॥ કોહ્યા કાનની કુતરીજી, ઠામ ન પામે રે જેમ ॥ શીળ હીણ અકહ્યાગરા જી, આદર ન લહે તેમ ॥ ભ૦ ॥ વિ૦ ॥ ૬ ॥ ચંદ્રતણી પરે ઊજળા જી, કીરતિ તેહ લહંત ॥ વિષય કષાય જીતી કરી જી, જે નર વિનય વહંત ॥ ભ૦ ॥ વિ૦ ॥ ૭ ॥ વિજયદેવગુરૂ, પાટવી જી, શ્રી વિજયસિંહ સુરિંદ ॥ શિષ્ય ઉદય વાચક ભણેજી, વિનય સકળ સુખકંદ ॥ ભ૦ ॥ વિ૦ ॥ ૮ ॥ ઇતિ ॥

अथ श्री पृथ्वीचंद्र अने गुणसागरनुं त्रिढालियुं.

(દોહા.)

શાસન નાયક સુખકરૂં વંદી વીર જિણંદ ॥ પૃથ્વીચંદ્ર મુનિ ગાયશું, ગુણસાગર સુખકંદ ॥ ઉત્તમના ગુણ ગાવતાં, ગુણ આવે નિજ અંગ ॥ વાત ઘણી વૈરાગ્યની, સાંભળજો મન રંગ ॥૨॥ શંખ કળાવતી ભવ થકી, ભવ એકવીશ સંબંધ ॥ ઉત્તરોત્તર સુખ ભોગવી, એકવીશમે ભવે સિદ્ધ ॥ ૩ ॥ પણ એકવીશમા ભવતણો, અલ્પ કહું અધિકાર ॥ સાંભળજો સનમુખ થઈ, આતમને હિતકાર ॥ ૪ ॥

॥ ઢાલ ૧ લી. ॥

(કંત તમાકુ પરિહરો. એ દેશી)

નગરી અયોદ્ધા અતિ ભલી, રાજ્ય કરે હરિસિંહ ॥ મેરે લાલ ॥

પ્રિયા પદ્માવતી તેહને, સુખ વિલસે ગુણ ગેહ ॥ મેરે લાલ, ચતુર સ્નેહી સાંભળો ॥૧॥ એ આંકણી ॥ સર્વારથથી સુર ચવી, તસ કુખે અવતાર ॥ મે૦ ॥ રૂપ કળા ગુણ આગળો, પૃથ્વીચંદ્ર કુમાર ॥મે૦॥ચ૦ ॥૨॥ સમ પરિણામી મુનિ સમો, નિરાગી નિરધાર ॥ મે ॥ પિતા પરણાવે આગ્રહે, કન્યા આઠ ઉદાર ॥મે૦॥ ચ૦ ॥ ૩ ॥ ગીત વિલાપની સમ ગણે, નાટક કાય કલેશ ॥મે૦॥ આભુષણ તનુ ભાર છે, ભોગને રોગ ગણેશ ॥ મે૦ ॥ ચ૦ ॥ ૪ ॥ હું નિજ તાતને આગ્રહે, સંકટ પડિયો જેમ ॥ મે૦ ॥ પણ પ્રતિબોધું એ પ્રિયા, માત પિતા પણ એમ ॥ મે૦ ॥ ચ૦ ॥ ૫ ॥ જો સવિ સંયમ આદરે, તો થાયે ઉપકાર ॥ મે૦ એમ શુભ ધ્યાને ગુણ નિલો, પહોતયો ભવન મઝાર ॥ મે૦ ॥ ચ૦ ॥ ૬ ॥ નારી આઠને ઈમ કહે, સાંભળો ગુણની ખાણ ॥ મે૦ ॥ ભોગવતાં સુખ ભોગ છે, વિપાક કડુંવા જાણ ॥ મે૦ ॥ ચ૦ ॥ ૭ ॥ કિંપાક ફળ અતિ મધુર છે, ખાધે છંડે પ્રાણ ॥ મે૦ ॥ તેમ વિષય સુખ જાણજો, એહવી જિનની વાણ ॥ મે૦ ॥ ચ૦ ॥૮॥ અગ્ની જો તૃપ્તિ ઇંધણે, નદીએ જળધિ પુરાય ॥ મે૦ ॥ તો વિષયસુખ ભોગથી, જીવ એ તૃપ્તો થાય ॥ મે૦ ॥ ચ૦ ॥૯॥ ભવ ભવ ભમતાં જીવડે, જેહ આરોગ્યાં ધાન ॥ મે૦ ॥ તે સવિ એકઠાં જો કરે, તો સવિ ગિરિવર માન ॥ મે૦ ॥ ચ૦ ॥ ૧૦ ॥ વિષયસુખ પરલોકમેં, ભોગવિયાં ઈણ જીવ ॥ મે૦ ॥ તો પણ તૃપ્તજ નવિ થયો, કાળ અસંખ્ય અતીવ ॥ મે૦ ॥ ચ૦ ॥ ૧૧ ॥ ચતુરાં સમજો સુંદરી, મુઝો મત વિષયને કાજ ॥ મે૦ ॥ ચ૦ ॥ સંસાર અટવી ઊતરી, લહિયે શિવપુર રાજ ॥ મે૦ ॥ ચ૦ ॥ ૧૨ ॥ કુમરની વાણી સાંભળી, બુઝી ચતુર સુજાણ ॥ મે૦ ॥ લઘુકર્મી કહે સાહેબા, ઉપાય કહો ગુણખાણ ॥ મે૦ ॥ ચ૦ ॥ ૧૩ ॥ કુંમર કહે સંયમ અહો, અદભુત એહ ઉપાય ॥ મે૦ ॥ નારી કહે એમ વિસરજો, સંયમે વાર ન થાય ॥ મે૦ ॥ ચ૦ ॥ ૧૪ ॥ કુમર કહે પડખો તુમે, હમણાં નહિ ગુરૂ જોગ ॥ મે૦ ॥ સદગુરૂ જોગે સાધશું, સંયમ છાંડી ભોગ ॥ મે૦ ॥ ચ૦ ॥ ૧૫ ॥ માત પિતા મન ચિંતવે, નારીને વશ નવિ થાય ॥મે૦॥ ઉલટી નારી વશ કરી, કુમરનું ગાયું ગાય ॥ મે૦ ॥ ચ૦ ॥ ૧૬ ॥ જો હવે રાજા કીજીએ, તો ભળશે રાજ્યને કાજ ॥ મે૦ ॥ નરપતિ ઈમ મન ચિંતવી, થાપે કુમરને રાજ ॥ મે૦ ॥ ચ૦ ॥ ૧૭ ॥ પિતા ઉપરોધે આદરે, ચિંતે મોહના ધાટ ॥ મે૦ ॥ પાળે રાજ્ય વૈરાગિયો, જોતો ગુરૂની વાટ ॥ મે૦ ॥ ચ૦ ॥ ૧૮ ॥ રાજ્યસભાએ અન્યદા, પૃથ્વીચંદ્ર સોહંત

॥ મે૦ ॥ ઇણુ અવસર વ્યવહારિયો, સુધન નામ આવંત ॥ મે૦ ॥ ચ૦ ॥૧૯॥ રાજા પુછે તેહને, કોણ કોણ જોયા દેશ ॥ મે૦ ॥ આશ્ચર્ય દીઠું જે તુમે, ભાંખો તેહ વિશેષ ॥ મે૦ ॥ ચ૦ ॥ ૨૦ ॥ શેઠ કહે સુણ સાહિબા, એક વિનોદની વાત ॥ મે૦ ॥ સાંભળતાં સુખ ઉપજે, ભાંખુ તે અવદાત ॥ મે૦ ॥ ચ૦ ॥ ૨૧ ॥

(દોહા.)

કૌતુક જોતાં બહુ ગયો, કાળ અનાદિ અનંત ॥ પણ તે કૌતુક જગ વડું, સુણતાં આતમ શાંત ॥ ૧ ॥ કૌતુક સુણતાં જે હુવે, આતમનો ઉપકાર ॥ વક્તા શ્રોતા મન ગહગહે, કૌતુક તેહ ઉદાર ॥ ૨ ॥

॥ ઢાલ ૨ જી. ॥

(ગિરિ વૈતાઢ્યની ઉપરે. એ દેશી.)

આવ્યા ગજપુર નયરથી, તિહાં વસે વ્યવહારી રે લો ॥ અહો તિહાં વસે વ્યવહારી રે લો ॥ રત્ન સંચય તસ નામ છે, સુમંગળા તસ નારી રે લો ॥ અહો, સુમંગળા તસ નારી રે લો ॥ ૧ ॥ ગુણસાગર તસ નંદનો, વિદ્યા ગુણનો દરિયો રે લો ॥ અ૦ ॥ વિ૦ ॥ ગોખે બેઠો અન્યદા, જુએ તે સુખ ભરિયો રે લો ॥ અ૦ ॥ જુ૦ ॥ ૨ ॥ રાજપંથે મુનિ મલપતો, દીઠો સમ ભરિયો રે લો ॥ અ૦ ॥ દી૦ ॥ તે દેખી શુભ ચિંતવે, પુરવ ચરણ સાંભરિયો રે લો ॥ અ૦ ॥ પુ૦ ॥ ૩ ॥ માત પિતાને એમ કહે, સુખીયો મુજ કીજે રે લો ॥ અ૦ ॥ સુ૦ ॥ સંયમ લેશું હું સહી, આજ્ઞા મુજ દીજે રે લો ॥ અ૦ ॥ આ૦ ॥ ૪ ॥ માત પિતા કહે નાનડા, સંયમે ઉમાહ્યો રે લો ॥ અ૦ ॥ સં ॥ તો પણ પરણો પદમણી, અમ મન હરખાવો રે લો ॥ અ૦ ॥ અ૦ ॥ ૫ ॥ સંયમ લેજો તે પછી, અંતરાય ન કરશું રે લો ॥ અ૦ ॥ અં૦ ॥ વિનયી વાત અંગી કરી, પછે સંયમ વરશું રે લો ॥ અ૦ ॥ પ૦ ॥ ૬ ॥ આઠ કન્યાના તાતને, ઈમ ભાંખે વ્યવહારી રે લો ॥ અ૦ ॥ ઇ૦ ॥ અમ સુત પરણવા માત્રથી, થાશે સંયમ ધારી રે લો ॥ અ૦ ॥ થા૦ ॥ ૭ ॥ ઈમ સુણી મન ચમકેયા, વર બીજો કરશું રે લો ॥ અ૦ ॥ વ૦ ॥ કન્યા કહે નિજ તાતને, આ ભવ અવર ન વરશું રે લો ॥ અ૦ ॥ આ૦ ॥ ૮ ॥ જે કરશે એ ગુણ નિધિ, અમો તેહ આદરશું રે લો ॥ અ૦ ॥ અ૦ ॥ રાગ વૈરાગી દોયમેં, તસ આણા શિર ધરશું રે લો ॥ અ૦ ॥ ત૦ ॥ ૯ ॥ કન્યા આઠના વચનથી, હરખ્યા તે વ્યવહારી રે લો ॥ અ૦ ॥ હ૦ ॥ વિવાહ મહોત્સવ આં-

ડીયા, ધવળ મંગળ ગાવે નારી રે લો ॥ અ૦ ॥ ધ૦ ॥ ૧૦ ॥ ગુણ-સાગર ગિરૂઓ હવે, વરઘોડે વર સોહે રે લો ॥ અ૦ ॥ વ ॥ ચોરી માંહે આવીયા, કન્યાનાં મન મોહે રે લો ॥અ૦॥ક૦॥૧૧॥ હાથ મેળાવો હર્ષશું, સાજન જન સહુ મળિયા રે લો ॥ અ૦ સા૦ ॥ હવે કુમર શુભ ચિત્તમેં, ધર્મધ્યાન સાંભરિયાં રે લો ॥અ૦॥ધ૦॥૧૨॥ સંયમ લેઈ સુગુરૂ કને, શ્રુત ભણશું સુખકારી રે લો ॥ અ૦॥ શ્ર૦ સમતા રસમાં ઝીલશું, કામ કષાયને વારીરે લો ॥અ૦॥કા૦॥૧૩॥ ગુરૂ વિનય નિત્ય સેવશું, તપ તપશું મનોહારી રે લો ॥અ૦॥ત૦॥ દોષ બેતાળીશ ટાળશું, માયા લોભ નિવારી રે લો ॥અ૦॥૧૪॥ જીવિત મરણે સમપણું, સમ તૃણ મણિ ગણશું રે લો ॥ અ૦ ॥ સ૦ ॥ સંયમ યોગે થિર થઇ, મોહરિપુને હણશું રે લો ॥ અ૦ ॥ મો૦ ॥૧૫॥ ગુણસાગર ગુણ શ્રેણિયે, થયા કેવળ નાણી રે લો ॥ અ૦॥થ૦॥ નારી પણ મન ચિંતવે, વરિયે અમે ગુણખાણી રે લો ॥ અ૦ ॥ વ૦ ॥૧૬॥ અમે પણ સંયમ સાધશું, નાથ નગીના સાથે રે લો ॥અ૦॥ના૦॥ એમ આઠે થઈ કેવળી, કર પિયુડા હાથે રે લો ॥અ૦॥ક૦॥૧૭॥ અંબર ગાજે દુંદુભી, જયજય રવ કરતા રે લો ॥અ૦॥જ૦॥ સાધુ વેષ તે સુરવરા, સેવાને અનુસરતા રે ॥અ૦॥સે૦॥૧૮॥ ગુણસાગર મુનિરાજના, માત પિતા તે દેખી રે લો ॥અ૦॥મા૦॥ શુભ સંવેગે કેવળા, ઘાતીચાર ઉવેખીરે લો ॥અ૦॥ ઘા૦॥૧૯॥નરપતિ આવે વાંદવા, મન આશ્ચર્ય આણીરે લો ॥અ૦॥મ૦ ॥ શંખ કળાવતી ભવ થકી, નિજ ચરિત્ર વખાણી રે લો ॥ અ૦॥ નિ૦॥ ૨૦॥ ભવ એકવીશ તે સાંભળી, બુઝયા કેઇ પ્રાણી રે લો ॥ અ૦ ॥ બુ૦॥ સુધન કહે સુણો સાહેબા, અત્ર આવ્યો ઉમાહી રે લો ॥ અ૦ અ૦॥૨૧॥ પણ તે કૌતુક દેખવા, મનડો મુજ હરખાયો રે લો ॥ અ૦ ॥મ૦॥ કેવળજ્ઞાની મુજ કહે, શું કૌતુક ઉલ્લાસે રે લો ॥અ૦॥શુ૦॥૨૨॥ એહથી અધિકું દેખશો, અયોદ્ધા નામા ગ્રામે રે લો ॥ અ૦॥ અ૦ તે નિસુણી મુનિ પય નમી, આવ્યો ઘણ ઠામે રે લો ॥અ૦॥અ૦॥૨૩॥ કૌતુક તુમ પ્રસાદથી, જોશું સુખકામી રે લો ॥ અ૦ ॥ એમ કહીને સુધન તિહાં, ઉભો શિર નામી રે લો ॥ અ૦ ॥ ઊ૦ ॥ ૨૪ ॥

(દોહા.)

પૃથ્વીચંદ તે સાંભળી, વાધ્યો મન વૈરાગ ॥ ધન ધન તે ગુણ સાગર, પામ્યો ભવજળ તાગ ॥૧॥ હું નિજ તાતને દાક્ષિણે, પડિયો રાજ્ય મઝાર ॥ પણ હવે નીસરશું કદા, થાશું કબ અણગાર ॥ ૨ ॥

॥ ઢાલ ૨ જી. ॥

(પૂજ્ય પધારો હો નગરી અમતણી, એ દેશી.)

ધન ધન જે મુનિવર ધ્યાને રમે, કરતા આતમ શુદ્ધ ॥ મુનીસર ॥ રાજા ચિંતે સદ્દગુરુ સેવના, કરશું નિર્મળ બુદ્ધ ॥ ધન ધન જે મુનિવર ધ્યાને રમે ॥ ૧ ॥ એ આંકણી ॥ કબ હું, સમ દમ સુમતિ સેવશું, ધરશું આતમ ધ્યાન ॥ મુ૦ ॥ ઇમ ચિંતવતાં અપૂરવ ગુણ ચઢે, શ્રેણીએ શુકલ ધ્યાન ॥ મુ૦ ॥ ધન૦ ॥ ૨ ॥ ધ્યાન બળે સવિ આવરણ ક્ષય કરી, પામ્યા કેવળજ્ઞાન ॥ મુ૦ ॥ હર્ષે ધરી સોહમપતિ આવીયા, વેશ વંદે બહુ માન ॥ મુ૦ ॥ ધન ॥ ૩ ॥ સાંભળી માત પિતા મન સંભ્રમે, આવ્યા પુત્રની પાસ ॥ મુ૦ ॥ એ શું એ શું એણી પેરે બોલતા, હરિસિંહ હર્ષ ઉલ્લાસ ॥ મુ૦ ॥ ધન૦ ॥ ૪ ॥ દયિતા આઠ સુણી મન હર્ષથી, ઉલટ અંગ ન માય ॥ મુ૦ ॥ સંવેગ રંગ તરંગમેં ઝીલતી, આઠે કેવળી થાય ॥ મુ૦ ॥ ધ૦ ॥ ૫ ॥ સારથ સુધન પણ મન ચિંતવે, કૌતુક અદ્દભૂત દીઠ ॥ મુ૦ ॥ નરપતિ પૂછે મુનિ ચરણે નમી, સ્નેહનું કારણ જિઠ ॥ મુ૦ ॥ ધન૦ ॥ ૬ ॥ કેવળી કહે પૂરવ ભવ સાંભળો, નયરી ચંપા જયરાય ॥ મુ૦ ॥ સુંદરી પ્રિયમતિ નામે તેહને, કુસુમાયુધ સુત થાય ॥ મુ૦ ॥ ધ૦ ॥ ૭ ॥ દંપતિ સંયમ પાળી શુભ મના, વિજય વિમાન તે જાય ॥ મુ૦ ॥ અનુત્તર સુખ વિલસી સુર તે ચવ્યા, થયાં તુમે રાણી ને રાય ॥ મુ૦ ॥ ધ૦ ॥ ૮ ॥ કુસુમાયુધ પણ સંયમ સુર ચવી, થયો તુમ સુત તણે નેહ ॥ મુ૦ ॥ માત પિતા પણ પૃથ્વીચંદ્રનાં, મુક્તિ થયાં કેવળી તેહ ॥ મુ૦ ॥ ધન૦ ॥ ૯ ॥ સારથ પૂછે પૃથ્વીચંદ્રને, ગુણસાગર તુમે કેમ ॥ મુ૦ ॥ મુનિ કહે પૂરવભવ અમ નંદનો, કુસુમકેતુ તસ નામ ॥ મુ૦ ॥ ધન૦ ॥ ૧૦ ॥ એહિજ દયિતા હોયને તે ભવે, સંયમ પાળી તે સાર ॥ મુ૦ ॥ સમ ધર્મે સવિ અનુત્તર ઉપન્યા, આ ભવ પણ થઈ નાર ॥ મુ૦ ॥ ધન૦ ॥ ૧૧ ॥ સાંભળી સુધન શ્રાવક વ્રત લહે, બીજા પણ બહુ બોધ ॥ મુ૦ ॥ પૃથ્વી વિગેરે પૃથ્વીચંદ્રજી, સાદિ અનંત થયા સિદ્ધ ॥ મુ૦ ॥ ધન૦ ॥ ૧૨ ॥ નિત નિત ઉઠી હું તસ વંદન કરું, જેણે જગ જીત્યો રે મોહ ॥ મુ૦ ॥ ચડતે રંગે હો સમસુખ સાગરૂં, કરતો શ્રેણી આરોહ ॥ મુ૦ ॥ ધન૦ ॥ ૧૩ ॥ જગ ઉપકારી હો જગ હેતુ વચ્છળુ, દીઠે પરમ કલ્યાણ ॥ મુ૦ ॥ વિરહ મ પડશો હો એહવા મુનિતણો, જા

વ લહું નિરવાણ ॥ મુ૦ ॥ ધન૦ ॥ ૧૪ ॥ મુનિવર ધ્યાને હો જન ઉત્તમ પદ વરે, રૂપ કળા ગુણ જ્ઞાન ॥ મુ૦ ॥ કીર્તિ કમળા હો વિમળા વિસ્તરે, જીવવિજય ધરે ધ્યાન ॥ મુ૦ ॥ ધન૦ ॥ ૧૫ ॥ ઇતિ. ॥

अथ श्री अर्जुनमालीनी सज्झाय.

(કિસકે ચેલે કિસકે પૂત. એ દેશી.)

સદ્ગુરૂ ચરણે નમી કહું સાર, અર્જુનમાળી મુનિ અધિકાર ॥ ભવિ સાંભળો ॥ રૂડી રાજગૃહી પુરિ જાણ, રાજ્ય કરે શ્રેણિક મણિ રાણ ॥ ભવિ૦ ॥ ૧ ॥ નગરી નિકટ એક વાડી અનુપ, સકળ તરુ જિહાં શોભે સરૂપ ॥ ભવિ૦ ॥ દીપે મુદ્દગર યક્ષ તિહાં દેવ, અર્જુનમાળી કરે તસ સેવ ॥ ભવિ૦ ॥ ૨ ॥ બંધુમતિ ગૃહિણી તસુ જાણ, રૂપ જોવને કરી રંભ સમાન ॥ ભવિ૦ ॥ એકદા અર્જુનને પ્રિયા દેવ ગેહ, ગયા વાડીએ બિહુ ધરી નેહ ॥ ભવિ૦ ॥ ૩ ॥ ગોઠિલ પટે નર આવ્યા તિવાર, વિકળ થયા દેખિ બંધુમતિ નાર ॥ ભવિ૦ ॥ અર્જુનને બાંધી એકાંત, ભોગવી બંધુમતિ મનની હો ખાંત ॥ ભવિ૦ ॥ ૪ ॥ અર્જુન ચિંતે મુદ્દગરપાણિ આજ, સેવકની તું કરજે સાજ ॥ભવિ૦॥ ઇમ નિસુણી યક્ષ પેઠો હો અંગ, બંધન ત્રોડી ચાલ્યો મન રંગ ॥ ભવિ૦ ॥૫॥ ગોઠીલ ષટ નર સાતમી નાર, મુદ્દગરશું મારીને ચાલ્યો તિવાર ॥ ભવિ૦ ॥ દિન દિન ષટ નરને એક નાર, હણ્યા છ માસ લગે એક હજાર ॥ ભવિ૦ ॥ ૬ ॥ બસસેં સાઠ વળી ઉપર જાણ, હણ્યા તે માણસ મુદ્દગર પાણિ ॥ ભવિ૦ ॥ વિસ્તરી નયરીમાંહે તે વાત, લોક બહીન્યા તે બહાર ન જાત ॥ ભવિ૦ ॥ ૭ ॥ ઇણ અવસર રાજગૃહી ઉદ્યાન, સમવસરયા મહાવીર સુજાણ ॥ ભવિ૦ ॥ શેઠ સુદર્શન સુણિ તતકાળ, વંદનને ચાલ્યો સુકુમાળ ॥ ભવિ૦ ॥ ૮ ॥ દેખી દોડયો યક્ષ હણવાને કાજ, શેઠે પતિજ્ઞા કરી પંથમાંજ ॥ભવિ૦ ॥ ઉપસર્ગથી જો ઉગરું એણીવાર, પાળું નહિતો જાવજજીવ ચોવિહાર ॥ભવિ૦॥ ॥ ૯ ॥ કરી નમોત્થુણ ધરે હવે ધ્યાન, ઉપાડયો હણવા મુદ્દગર પાણિ ॥ ભવિ૦ ॥ ધર્મ પ્રભાવે હાથ થંભ્યા આકાશ, ગયો અર્જુન દેહથી યક્ષ નાશ ॥ ભવિ૦ ॥ ૧૦ ॥ ધરતી ઉપર પડયો અરજ્જુન દેહ, ચિત્ત વળ્યું ઘડિ એકને છેહ ॥ ભવિ૦ ॥ શેઠ પ્રતિજ્ઞા અર્જુન પેખિ, કિહાં જાશો પૂછે સુવિશેષ ॥ ભવિ૦ ॥ ૧૧ ॥ વાંદવા જાશું શ્રી મહાવીર,

સાંભળી સાથે થયો તે સધીર ॥ભવિ૦॥ વાણી સુણી ઉપજ્યો વૈરાગ, લીધું ચારિત્ર અર્જુન ધરી રાગ ॥ભવિ૦॥ ૧૨ ॥ કીધાં રે કર્મ ખપાવવા કાજ, રાજગૃહી પાસે રહ્યા ઋષિરાજ ॥ભવિ૦॥ યક્ષ રૂપે હણીયા જે જીવ, તેહનું વેર વાળી મારે સદૈવ ॥ ભવિ ॥૧૩॥ થપાટ પાટુ ને મૂઠીના માર, નિવિડ જોડા ને પત્થર પ્રહાર ॥ ભવિ૦ ॥ ઝાપટ ઈંટ કોરડા નહિ પાર, હણે લાઠી કેઈ નર હજાર ॥ભવિ॥૧૪॥ શુભ પરિણામે સાધુ સહે સદૈવ, ત્હારા કીધાં તું ભોગવે જીવ ॥ભવિ૦॥ અભ્યાસે આણી શુભ ધ્યાન, કેવળ લહી પામ્યા શિવ થાન ॥ભવિ૦ ॥૧૫॥ સંવત સત્તર સુડતાળે ઉલ્લાસ, શેહેર રાણકપુર કર્યું ચોમાસ ॥ ભવિ૦ ॥ કહે કવિયણ કરજોડી હેવ, મુક્તિતણાં ફળ દેજ્યો દેવ ॥ ભવિ૦ ॥ ૧૬ ઇતિ. ॥

अथ श्री कृष्णवासुदेवनी सज्झाय.

નગરી દ્વારકામાં નેમિ જીણેસર, વિચરંતાં પ્રભુ આયે ॥કૃષ્ણ નરેસર વધાઈ સુણીને, જીત નિશાન બજાયે ॥હો પ્રભુજી, નહિ જાઉં નરક ગેહે ॥નહિ જાઉં નહિ જાઉં હો પ્રભુજી, નહિ જાઉં નરક ગેહે ॥૧॥ એ આંકણી॥ અઢાર સહસ સાધૂજીને વિધિશું, વાંદ્યા અધિકે હરખે ॥પછિ નેમિ જીણેસર કેરાં, ઉભા મુખડાં નિરખે॥ હો૦ ॥નહિ॥૨॥ નેમિ કહે તુમે ચાર નિવારી, ત્રણ્ય તણાં દુઃખ રહીયાં॥ કૃષ્ણ કહે હું ફરિ ફરિ વાંદુ, હર્ષ ધરી મન હઈયાં ॥ હો૦ ॥ નહિ૦ ॥૩॥ નેમિ કહે એહ ટાળ્યાં ન ટળે, સો વાતે એક વાત॥ કૃષ્ણ કહે મ્હારા બાળ બ્રહ્મચારી, નેમિ જીણેસર ભ્રાત ॥ હો૦ ॥ નહિ૦ ॥ ૪ ॥ મ્હોટા રાજાની ચાકરી કરતાં, રાંક સેવક બહુ રળશે॥ સુરતરુ સરીખા અફળ જશે ત્યારે, વિષ વેલડી કેમ ફળશે ॥હો૦॥ નહિ૦ ॥૫॥ પેટે આવ્યો તેહ ભોરંગ વેઠે, પુત્ર કપૂત્રજ જાયો॥ ભલો ભૂંડો પણ જાદવ કુળનો, તુમં બંધવ કહેવાયો ॥હો૦॥ નહિ૦॥૬॥ છપ્પન ક્રોડ જાદવનો રે સાહેબો, કૃષ્ણજ નરકે જાશે॥ નેમિ જિણેસર કેરોરે બંધવ, જગમાં અપજશ થાશે ॥હો૦ ॥નહિ૦॥ ૭ ॥ શુદ્ધ સમક્તિની પરીક્ષા કરીને, બોલ્યા કેવળ વાણી ॥ નેમિ જીણેસરે દિયો રે દિલાસો, ખરો રુપૈયો જાણી ॥ હો૦ ॥ નહિ૦ ॥ ૮ ॥ નેમિ કહે તુમે ચિંતા ન કરશો, તુમ પદવી અમ સરખી ॥ આવતી ચોવીશીમાં હોશો તીર્થં-

કર, હરી પોતે મન હરખી ॥ હો૦ ॥ નહિ૦ ॥ ૯ ॥ જાદવકૂળ અજવાળ્યું રે નેમિજી, સમુદ્રવિજય કૂળ દીવો ॥ ઇદ્ધિ કહેરે શિવાદેવીના નંદન, ક્રોડ દીવાળી જીવો ॥હો૦॥ નહિ૦ ॥૧૦॥ ઇતિ.

अथ श्री इषुकार कमलावतीनी सज्झाय.

મહોલે તે બેઠાં રાણિ કમળાવતી, ઊડે છે ઝેણેરી ખેહ॥ સાંભળ હો દાસી ॥ જોઇને તમાસો ઇષુકાર નગરીનો, મનમાં તે ઉપન્યો સંદેહ ॥ સાંભળ હો દાસી, આજ રે નગરીમાં ખેપટ અતિ ઘણી ॥૧॥ કાંતો દાસી પ્રધાનનો દંડ લીયો, કાં લુટયાં રાજાએ ગામ ॥ સાંભળ હો દાસી॥ કાં કેહનાં ધનનાં ગાડાં નીસરયાં, કાં કોઈની પાડી રાજાએ મામ ॥ સાંભળ હો દાસી, આજરે નગરીમાં ખેપટ અતિ ઘણી ॥ ૨ ॥ નથિરે બાઇજી પ્રધાનનો દંડ લીયો, નથિ લુટયાં રાજાએ ગામ ॥ સાંભળ હો બાઈ જી ॥ નથી કેહનાં ધનનાં ગાડાં નીસરિયાં, નથિ કોઈની પાડી રાજાએ મામ ॥ સાંભળ હો બાઈજી, હુકમ કરો તો ગાઢાં આંહિ ધરૂં ॥ ૩ ॥ ભૃગુ પુરોહિતને જશા ભારજા, વળિ તેહના દોય કુમાર ॥ સાંભળ હો બાઈજી ॥ સાધુ પાસે જઇ સંયમ આદરે, તેહનો ધન લાવે છે આજ ॥ સાંભળ હો બાઈજી, હુકમ કરો તો ગાડાં આંહિ ધરૂં ॥૪॥ વયણ સુણીને માથું ધુણાવીયું, બ્રાહ્મણ પામ્યો વૈરાગ્ય ॥સાં૦॥દા૦॥ તેહની ઋદ્ધિ લેવી જુગતી નહિ, રાજાનાં મ્હોટાં છે ભાગ્ય ॥ સાંભળ હો દાસી, રાજાનો મત એહ જુગતો નહી ॥૫॥ મહોલેથી ઉતરયાં રાણિ કમળાવતી, આવ્યાં રાંઇ ઠેઠ હજુર ॥ સાંભળ હો રાજા ॥ વચન કહે છે ઘણાં આકરાં, જિમ કોપેથી ચઢિયો બોલે સુર ॥સાંભળ હો રાજા, બ્રાહ્મણની છંડી ઋદ્ધિ મત આદરો ॥૬॥ વમ્યા તે આહારની ઇચ્છા કુણ કરે, કરે વળિ શ્વાન ને કાગ ॥સાંભળ હો રાજા॥ પહેલું જે દાન દીધું હાથશું, તે પાછું ન લેતાં આવે લાજ ॥સાંભળ હો રાજા, બ્રાહ્મણની છંડી ઋદ્ધિ મત આદરો ॥૭॥ કાં તો રાણી તને ઝોલો લાગીયો, કાં કોઇયે કીધી મતવાળ ॥સાંભળ હો રાણી॥ કાં કોઈએ ભૂત વ્યંતરે છળી, કાં કોઈએ કીધી વિકરાળ ॥સાંભળ હો રાણી, રાજાને કઠણ વયણ નવિ કીજીએ ॥૮॥ નથિ રે મહારાજા ઝોલો લાગીયો, નથી કોઇએ કીધી મતવાળ ॥ સાંભળ હો રાજા ॥ નથિ કોઇ ભૂત વ્યંત

રે છળી, નથી કોઇએ કીધો વિકરાળ ॥ સાંભળ હો રાજા, બ્રા૦ ॥ ૯ ॥ જગ સઘળાનું ભેળું કરી, લાવે તોસ ઘર માંય ॥ સાંભળ હો રાજા ॥ તોપણ તૃષ્ણા છીપે નહી, એક ત્હારે ધર્મ સુહાય ॥ સાંભળ હો રાજા, બ્રાહ્મણની છંડી ઋદ્ધિ મત આદરો. ॥ ૧૦ ॥ અગ્ની થકી વન પરજળે, પશુ બળે તેહને માંયે ॥ સાંભળ હો રાજા ॥ દુષ્ટ પંખી એમ ચિંતવે, આહાર કરૂં ચિત્ત લાય ॥ સાંભ૦ ॥ બ્રા૦ ॥૧૧॥ એમરે અજ્ઞાની આપશું, રાગ દ્વેષ ચિત્ત લાય ॥ સાંભળ હો રાજા ॥ કામભોગને વશ થઈ, ધન લેવા લપટાય ॥ સાંભળ હો રાજા, બ્રાહ્મણની છંડી ઋદ્ધિ મત આદરો ॥ ૧૨ ॥ એક દિન એહ ધન છાંડવું, પરભવ સગું નહી કોય ॥ સાંભળ હો રાજા ॥ પરભવ જાતાં ઘણુ જીવને, ધર્મ સખાઇજ હોય ॥ સાંભળ હો રાજા, બ્રાહ્મણની છંડી ઋદ્ધિ મત આદરો ॥ ૧૩ ॥ તન ધન જોવન થિર નહી, ચંચળ વીજળી સમાન ॥ સાંભળ હો રાજા ॥ ક્ષણમાંરે આઉખું ઘટે જિહાં, મુરખ કરેરે ગુમાન ॥ સાંભળ હો રાજા, બ્રાહ્મણની છંડી ઋદ્ધિ મત આદરો ॥ ૧૪ ॥ ખગ મુખ માંસ લેઇ નીસરે, ઈર્ષ્યા કરે ખગ તામ સાંભળ હો રાજા ॥ તિમ પરધન ઋદ્ધિ દેખને, લોભી ચિત ધરે રે ગુમાન ॥ સાંભળ હો રાજા ॥ બ્રાહ્મણની છંડી ઋદ્ધિ મત આદરો ॥૧૫॥ ગરૂડ દેખી જીમ સર્પહી, ભયે સંકોચેરે દેહ ॥ સાંભળ હો રાજા ॥ તેમ અનિત્ય ધન જાણીને, લાલચ છંડારે એહ ॥ સાંભળ હો રાજા ॥ બ્રાહ્મણની છંડી ઋદ્ધિ મત આદરો ॥૧૬॥ આરે સંસાર અસાર છે, કાળ ચપેટારે દેત ॥ સાંભળ હો રાજા ॥ ઓચિંતાનો લેઇ જાયશે, ચેતી શકે તો ચેત ॥ સાંભળ હો રાજા, બ્રાહ્મણની છંડી ઋદ્ધિ મત આદરો ॥ ૧૭ ॥ એવાં વયણ સમજાવતાં, રાણી વૈરાગ્યનાં આય ॥સાંભળ હો રાજા॥ સંયમ લેવાને ઉતાવળી, આકૂળ વ્યાકૂળ થાય ॥ સાંભળ હો રાજા ॥ આજ્ઞા આપો તો સંયમ આદરૂં ॥ ૧૮ ॥ હાથી રે જિમ બંધન તજે, તિમ તજું કુટુંબ પરિવાર॥ સાંભળ હો રાજા॥ ઘો અનુમતિ હો રાજવી, ઢીલ ન ક્ષણ લગાર ॥ સાંભળ હો રાજા, આજ્ઞા આપો તો સંયમ આદરૂં ॥ ૧૯ ॥ રત્નજડિત રાય તારૂં પાંજરૂં, માંહી સૂડલો મને જાણ ॥ સાંભળ હો રાજા ॥ હુંરે બેઠી તિમ ત્હારા રાજમાં, રહેતાં ન પામુ કલ્યાણ ॥ સાંભળ હો રાજા, આજ્ઞા આપો તો સંયમ આદરૂં ॥ ૨૦ ॥ મેળવ્યું ધન રહેશે ઈહાં, થોડું પણ આવે ન સાથ ॥ સાંભળ હો રાજા ॥ આગળ જોશો તો પાધરૂં, સં.

બળ લેજો રે સાથ ॥ સાંભળ હો રાજા, આજ્ઞા આપો તો સંયમ આદરૂં ॥ ૨૧ ॥ રાણીનાં વયણ સુણી કરી, બુઝ્યા કવ ઇષુકાર ॥ સાંભળિ એક ચિત્તે ॥ તન ધન જોવન જાણ્યાં કારમાં, જાણ્યો સંસાર અસાર ॥ સાંભળિ૦ છએ જીવે તે સંયમ આદર્યો ॥ ૨૨ ॥ ભૃગુ પુરોહિતને જશા ભારજા, વળિ તેહના દોય કુમાર ॥ સાંભળો એક ચિત્તે ॥ રાજા સહિત રાણી કમળાવતી, લીધો કાંઇ સંયમ ભાર ॥ સાંભળો એક ચિત્તે, છએ જીવે તે સંયમ આદર્યો ॥ ૨૩ ॥ તપ જપ કરી સંયમ પાળતા, કરતા કાંઇ ઉગ્ર વિહાર ॥ સાંભળો એક ચિત્તે, કર્મ ખપાવી કેવળ પામીયા, પહોત્યા કાંઇ મુગતિ મોઝાર ॥ સાંભળો એક ચિત્તે, છએ જીવે તે સંયમ આદર્યો ॥ ૨૪ ॥ ઇતિ. ॥

अथ श्री बलभद्रमुनिनी सज्झाय.

શા માટે બંધવ મુખથી ન બોલો, આંસુડે આનન ધોતાં મોરારી રે ॥ પુન્ય જોગે દડીઓ એક પાણી, જડયો છે જંગલ જોતાં મોરારી રે ॥ શા૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ ત્રીકમ રીસ ચઢી છે તુજને વનમાંહે વનમાળી મોરારી રે ॥ વડી રે વારનું મનાવું છું વ્હાલા, તું તો વચન ન બોલે ફરીવાળી મોરારી રે ॥ શા૦ ॥ ૨ ॥ નગરીરે દાઝીને શુદ્ધ ન લીધી, મ્હારી વાણી ન સુણ વ્હાલા મોરારી રે ॥ આ વેળામાં લીધો અબોલો, કાનજી કાં થયા કાલા મોરારી રે ॥ શા૦ ॥ ॥ ૩ ॥ શી શી વાત કહું સામળિયા, વિઠ્ઠલજી આ વેળા મોરારી રે ॥ શાને કાજે મુજને સંતાપો, હરિ હશી બોલોને હેલાં મોરારી રે ॥ શા૦ ॥ ૪ ॥ પ્રાણ હમારા જાશે પાણી વિણ, અધઘડીને અણબોલે મોરારી રે ॥ આરતી સઘળી જાએ અળગી, બાંધવ જો તું બોલે મોરારી રે ॥ શા૦ ॥ ૫ ॥ ષટ માસ લગે પાળ્યો છબીલો, હૈયા ઉપર અતિ હિતે મોરારી રે ॥ સિંધુતટે સુરને સંકેતે, હરિ દહન કરમ શુભ રીતે મોરારી રે ॥ શા૦ ॥ ૬ ॥ સંયમ લેઇ ગયો દેવલોકે, કવિ ઉદયરતન ઇમ બોલે મોરારી રે ॥ સંસાર માંહે બળદેવ મુનિને, કોઇ નર આવે તોલે મોરારી રે ॥ શા૦ ॥ ૭ ॥ ઇતિ. ॥

अथ श्री मौनएकादशीनी सज्झाय.

આજ મ્હારે એકાદશી રે, નણદલ મોન કરી મુખ રહીએ ॥

પૂછયાનો પડુત્તર પાછો, કેહને કાંઇ ન કહીએ ॥ આજ૦ ॥ ૧ ॥ એ આંકણી॥ મ્હારો નણદોઈ તુજને વ્હાલો, મુજને ત્હારો વીરો ॥ ધુમાડાના બાચકા ભરતાં, હાથ ન આવે હીરો ॥ આજ૦॥ ૨॥ ઘરનો ધંધો ઘણો કર્યો પણ, એક ન આવ્યો આડો ॥ પરભવ જાતાં પાલવ ઝાલે, તે મુજને દેખાડો ॥આજ૦॥૩॥ માગશર શુદિ અગીયારશ મ્હોટી, નેવુ જીનનાં નિરખો ॥ દોઢસો કલ્યાણક મ્હોટાં, પોથી જોઇને હરખો ॥આજ૦॥૪॥ સુવ્રત શેઠ થયો શુદ્ધ શ્રાવક, મૌન ધરી મુખ રહીયો ॥ પાવકપુર સઘળો પરજાળ્યો, એહનો કાંઇ નદહીયો ॥આજ૦॥૫॥ આઠ પહોર પોશો તે કરીએ, ધ્યાન પ્રભુનું ધરીએ ॥ મન વચ કાયા જો વશ કરીએ, તો ભવસાયર તરીએ ॥આજ૦॥૬॥ ઇર્યા સમિતિ ભાષા ન બોલે, આડું અવળું પેખે ॥ પડિક્કમણાશું પ્રેમ ન રાખે, કહો કેમ લાગે લેખે ॥ આજ૦ ॥ ૭ ॥ કર ઉપર તો માળા ફિરતી, જીવ ફરે વનમાંહી ॥ ચિત્તડું તો ચિહું દિશિયે ડોલે, ઇણ ભજને સુખ નાંહિ ॥ આજ૦ ॥ ૮ ॥ પૌષધશાળે ભેગાં થઇને, ચાર કથા વળી સાંધે ॥ કાંઇક પાપ મિટાવણ આવે, બારગણું વળિ બાંધે ॥ આજ૦ ॥ ૯ ॥ એક ઉઠંતી આળસ મોડે, બીજી ઊંઘે બેઠી ॥ નદિયોમાંથી કાંઇક નિસરતી, જઇ દરિયામાં પેઠી ॥ આજ૦ ॥ ૧૦ ॥ આઇબાઇ નણંદ ભોજાઇ, ન્હાની મ્હોટી વહુને ॥ સાસુ સસરો મા ને માસી, શીખામણ છે સહુને ॥ આજ૦ ॥ ૧૧ ॥ ઉદય રતન વાચક ઉપદેશે, જે નર નારી રહેશે ॥ પોસામાંહે પ્રેમ ધરીને, અવિચળ લીલા લહેશે ॥ આજ૦ ॥ ૧૨ ॥ ઇતિ૦ ॥

अथ श्री मनभमरानी सज्झाय.

ભુલ્યો મન ભમરા તું કયાં ભમ્યો, ભમિયો દિવસ ને રાત ॥ માયાનો બાંધ્યો પ્રાણિયો, ભમે પરિમલ જાત ॥ ભુલ્યો॥ ૧ ॥ કુંભ કાચો રે કાયા કારમી, તેહનાં કરો રે જતન ॥ વિણસતાં વાર લાગે નહી, નિર્મળ રાખોરે મન ॥ભુલ્યો॥૦ ॥ ૨ ॥ કેનાં છોરૂ કેનાં વાછરૂ, કેનાં માય ને બાપ ॥ અંતે જાવું છે એકલું, સાથે પુન્ય ને પાપ ॥ભુલ્યો૦॥૩॥ જીવને આશા ડુંગર જેવડી, મરવું પગલાં રે હેઠ ॥ ધન સંચી સંચી કાંઈ કરો, કરો દેવની વેઠ ॥ભુલ્યો૦॥૪॥ ધંધો કરી ધન મેળવ્યું, લાખો ઉપર ક્રોડ ॥ મરણની વેળા માનવી, લીધો કંદોરો

ભાડ ॥ ભુલ્યો ॥ ૫ ॥ મુરખ કહે ધન માહરૂં, ધોખે ધાન ન ખાય ॥ વસ્ત્ર વિના જઈ પોઢવું, લખપતિ લાકડા માંય ॥ ભુલ્યો૦ ॥૬॥ ભવ-સાગર દુઃખ જળ ભર્યો; તરવો છે રે તેહ ॥ વિચમાં ભય સબળો થયો, કર્મ વાયરો ને મેહ ॥ભુલ્યો૦॥૭॥ લખપતિ છત્રપતિ સવિ ગયા, ગયા લાખ બે લાખ ॥ ગર્વ કરી ગોખે બેસતા, સર્વ થયા બળી રાખ ॥ભુલ્યો૦॥૮॥ ધમણ ધખંતી રે રહી ગઈ, બુજ ગઈ લાલ અંગાર ॥ એરણુકો ઠબકો મટયો, ઉઠ ચાલ્યો રે લોહાર ॥ભુલ્યો૦॥૯॥ ઉવટ મારગ ચાલતાં, જાવું પેલેરે પાર ॥ આગળ હાટ ન વાણીયો, સંબળ લેજો રે સાર ॥ ભુલ્યો૦ ॥ ૧૦ ॥ પરદેશી પરદેશમેં, કુણશું કરો રે સ્નેહ ॥ આયા કાગળ ઉઠ ચલ્યા, ન ગણે આંધી ને મેહ ॥ભુલ્યો॥૧૧॥ કેઇ ચાલ્યારે કેઇ ચાલશે, કેઈ ચાલણહાર ॥ કેઇ બેઠારે બુઢા બાપડા, જાએ નરક મઝાર ॥ભુલ્યો૦॥૧૨॥ જે ઘેર નોબત વાગતી, થાતા છત્રીસે રાગ ॥ ખંડેર થઇ ખાલી પડ્યાં, બેસણ લાગ્યાં છે કાગ ॥ભુલ્યો૦॥૧૩॥ ભમરો આવ્યો રે કમળમાં, લેવા કમળનું ફુલ ॥ કમળની વાંછાયે માંહિ રહ્યો, જિમ આથમતે સુર ॥ભુલ્યો૦ ॥૧૪॥ રાતનો ભુલ્યો રે માનવી, દિવસ મારગ આય ॥ દિવસનો ભુલ્યો રે માનવી, ફિર ફિર ગોથાં ખાય ॥ભુલ્યો૦॥૧૫॥ સહગુરૂ કહે વસ્તુ વોરિયે, જે કાંઇ આવે રે સાથ ॥ આપણો લાભ ઉગારીએ, લેખું સાહિબ હાથ ॥ ભુલ્યો૦ ॥૧૬॥

अथ श्री वैराग्यनी सज्झाय.

ઊંચા તે મંદિર માળીયાં, સોડય વાળીને સુતો ॥ કાડો કાડોરે એને સહુ કહે, જાણે જનમ્યોજ ન્હોતો ॥ એક રે દિવસ એવો આવશે ॥ ૧ ॥ એ આંકણી ॥ મને સબળોજી સાલે ॥ મંત્રી મળ્યા સર્વે કારમા, તેનું કાંઇ નવ ચાલે ॥ એક રે ॥૨॥ સાવ સોનાનાં રે સાંકળાં, પહેરણ નવ નવા વાધા ॥ ધોળું વસ્તર એના કર્મનું, તે તો શોધવા લાગ્યા ॥ એકરે૦ ॥૩॥ ચરૂ કડાઈઓ અતિ ઘણા, બીજાનું નહી લેખું ॥ ખોખરી હાંડી એના કર્મની, તે તો આગળ દેખું ॥ એકરે૦ ॥૪॥ કેનાં છોરૂ ને કેનાં વાછરૂ, કેનાં માય ને બાપ ॥ અંતકાળે જાવું (જીવને) એકલું, સાથે પુન્ય ને પાપ ॥ એક રે૦ ॥૫॥ સગી રે નારી એની કામિની, ઊભી ટગમગ જુવે ॥ તેનું પણ કાંઇ ચાલે

નહી, બેઠી ધ્રુસકે રૂવે ॥ એક રે૦ ॥ ૬ ॥ વ્હાલાં તે વ્હાલાં શું કરો, વ્હાલાં વોળાવી વળશે ॥ વ્હાલાં તે વનનાં લાકડાં, તેતો સાથે જી બળશે ॥ એક રે૦ ॥ ૭ ॥ નહીં ત્રાપો નહા તુંબડી, નથી તરવાનો આરો ॥ ઉદયરતન પ્રભુ ઈમ ભણે, મને પાર ઉતારો ॥ એક રે૦ ॥ ૮ ॥

अथ श्री अमृतवेलीनी सज्झाय.

ચેતન જ્ઞાન અજુઆળીએ, ટાળીએ મોહ સંતાપરે ॥ ચિતડું ડમડોળતું રાખીએ, પાળીએ સહજ ગુણ આપરે ॥ ચે૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ ઉપશમ અમૃત રસ પીજીએ, કીજીએ સાધુ ગુણ ગાન રે ॥ અધમ વયણે નવિ ખીજીએ દીજીએ સજ્જનને માનરે ॥ ચે૦ ॥૨ ॥ ક્રોધ અનુબંધ નવિ રાખીએ, ભાંખીએ વયણ મુખ સાચરે ॥ સમકિત રત્ન રુચિ જોડીએ, છોડીએ કુમતિ મતિ કાચરે ॥ ચે૦ ॥૩॥ શુદ્ધ પરિણામને કારણે, ચારનાં શરણ ધરે ચિત્ત રે ॥ પ્રથમ તિહાં શરણ અરિહંતનું, જેહ જગદીશ જગ મિત્ત રે ॥ ચે૦ ॥ ૪ ॥ જે સમોસરણમાં રાજતા, ભાંજતા ભવિક સંદેહ રે ॥ ધર્મનાં વચન વરસે સદા, પુષ્કરાવર્ત્ત જિમ મેહ રે ॥ ચે૦ ॥ ૫ ॥ શરણ બીજું ભજે સિદ્ધનું, જે કરે કર્મ ચકચૂર રે ॥ ભોગવે રાજ્ય શિવ નગરનું, જ્ઞાન આનંદ ભરપૂર રે ॥ ચે૦ ॥ ૬ ॥ સાધુનું શરણ ત્રીજું ધરે, જેહ સાધે શિવ પંથ રે ॥ મૂળ ઉત્તર ગુણ જે વરયા, ભવ તરયા ભાવ નિગ્રંથ રે ॥ ચે૦ ॥ ૭ ॥ શરણ ચોથું ધરે ધર્મનું, જેહમાં વર દયા ભાવરે ॥ જેહ સુખ હેતુ જિનવરે કહ્યું, પાપ જળ તારવા નાવરે ॥ ચે૦ ॥૮॥ ચારનાં શરણ એ પડિવજે, વળિ ભજે ભાવના શુદ્ધ રે ॥ દુરિત સવિ આપણાં નિંદિયે, જેમ હોયે સંવર વૃદ્ધિ રે ॥ચે૦॥૯॥ ઇણ ભવ પરભવ આચરયા, પાપ અધિકરણ મિથ્યાતરે ॥ જે જિનાશાતનાદિક ઘણાં, નિંદિયે તેહ ગુણ ઘાત રે ॥ ચે૦ ॥ ૧૦ ॥ ગુરુતણાં વચન તે અવગુણી, ગુંથીઆ આપ મત જાળરે ॥ બહુ પરે લોકને ભોળવ્યા, નિંદિયે તેહ જંજાળ રે ॥ ચે૦ ॥ ૧૧ ॥ જેહ હિંસા કરી આકરી, જેહ બોલ્યા મૃષાવાદ રે ॥ જેહ પરધન હરિ હરખિયા, કીધલો કામ ઉનમાદ રે ॥ ચે૦ ॥ ૧૨ ॥ જેહ ધન ધાન્ય મૂર્છા ધરી, સેવિયા ચાર કષાય રે ॥ રાગ ને દ્વેષને વશ હુવા, જે કિયો કલહ ઉપાય રે ॥ ચે૦ ॥ ૧૩ ॥ જૂઠ જે આળ પરને દિયાં, જે કર્યાં પિશુ

નતા પાપરે ॥ રતિ અરતિ નિંદ માયામૃષા, વળિય મિથ્યાત્વ સંતાપ રે ॥ચે૦॥૧૪॥ પાપ જે એહવાં સેવિયાં, તેહ નિંદિયે ત્રિહુ કાળ રે ॥ સુકૃત અનુમોદના કીજીએ, જિમ હોયે કર્મ વિસરાળ રે॥ ચે૦॥૧૫॥ વિશ્વ ઉપગાર જે જિન કરે, સાર જિન નામ સંયોગ રે ॥ તે ગુણ તાસ અનુમોદિયે, પુણ્ય અનુબંધ શુભ યોગ રે ॥ ચે૦ ॥ ૧૬ ॥ સિદ્ધની સિદ્ધતા કર્મના, ક્ષય થકી ઉપની જેહ રે ॥ જેહ આચાર આચાર્યનો, ચરણ વન સિંચવા મેહ રે ॥ચે૦॥ ૧૭ ॥ જેહ ઉવઝાયનો ગુણ ભલો, સૂત્ર સજ્ઝાય પરિણામ રે ॥ સાધુની જે વળી સાધુતા, મૂળ ઉત્તર ગુણ ધામ રે ॥ ચે૦ ॥ ૧૮ ॥ જેહ વિરતિ દેશ શ્રાવક તણી, જેહ સમકિત સદાચાર રે ॥ સમકિતદૃષ્ટિ સુર નરતણો, તેહ અનુમોદિયે સાર રે ॥ ચે૦ ॥ ૧૯ ॥ અન્યમાં પણ દયાદિક ગુણા, જેહ જિનવચન અનુસાર રે ॥ સર્વ તે ચિત્ત અનુમોદિયે, સમકિત બીજ નિરધાર રે ॥ ચે૦ ॥ ૨૦ ॥ પાપ નવિ તીવ્રભાવે કરે, જેહને નવિ ભવ રાગરે ॥ ઉચિત સ્થિતિ જેહ સેવે સદા, તેહ અનુમોદવા લાગ રે ॥ ચે૦ ॥ ૨૧ ॥ થોડલો પણ ગુણ પરતણો, સાંભળી હર્ષ મન આણરે ॥ દોષ લવ પણ નિજ દેખતાં, નિજ ગુણ નિજાતમા જાણ રે ॥ ચે૦ ॥૨૨॥ ઉચિત વ્યવહાર અવલંબને, ઇમ કરી સ્થિર પરિણામ રે ॥ ભાવિયે શુદ્ધ નય ભાવના, પાપ નાશકતણું ઠામ રે ॥ ચે૦ ॥ ૨૩ ॥ દેહ મન વચન પુદ્‌ગલ થકી, કર્મથી ભિન્ન તુજ રૂપ રે ॥ અક્ષય અકલંક છે જીવનું, જ્ઞાન આનંદ સરૂપ રે ॥ ચે૦ ॥૨૪॥ કર્મથી કલ્પના ઉપજે, પવનથી જિમ જળધિ વેલરે ॥ રૂપ પ્રગટે સહજ આપણું, દેખતાં દૃષ્ટિ સ્થિર મેલ રે ॥ ચે૦ ॥૨૫॥ ધારતાં ધર્મની ધારણા, મારતાં મોહવાડ ચોરરે ॥ જ્ઞાનરુચિવેલ વિસ્તારતાં, વાર્તા કર્મનું જોર રે ॥ ચે૦ ॥૨૬॥ રાગ વિષ દોષ ઉતારતાં, જારતાં દ્વેષ રસ શેષ રે ॥ પૂર્વ મુનિ વચન સંભારતાં, સારતા કર્મ નિશેષ રે ॥ ચે૦ ॥૨૭॥ દેખીએ માર્ગ શિવ નગરનો, જે ઉદાસિન પરિણામ રે ॥ તેહ અણછોડતાં ચાલિયે, પામિયે જિમ પરમ ધામરે ॥ ચે૦॥ ૨૮ ॥ શ્રી નયવિજય ગુરુ શિષ્યની, શીખડી અમૃતવેલ રે ॥ એહ જે ચતુર નર આદરે, તે લહે સુજસ રંગરેલ રે ॥ચે૦॥ ૨૯ ॥

अथ श्री जीव हितशीखनी सज्झाय.

જોઇ જતન કર જીવડા, આયુ અજાણ્યું જાયરે ॥ લે લહાવો

લક્ષ્મી તણો, પછિ ત્યાં કાંઇ નવિ થાય રે ॥ જો૦ ॥૧॥ એ આંકણી ॥ દુલહો ભવ માણુસ તણો, દુલહો દેહ નિરોગો રે ॥ દુલહો દયા ધર્મ વાસના, દુલહો સુગુરુ સંયોગો રે ॥જો૦॥૨॥ દિન ઉગે દિન આથમે, ન વળે કોઈ દિન પાછોરે ॥ અવસરે કાજ ન કીધલું, તે મનમાં રહેશે લાછો રે ॥ જો૦ ॥ ૩ ॥ લોભ લગે લખ વંચિયા, તેં પર ધન હરિ લીધાં રે ॥ કેડે ન આવે કોઈને, કેડે કરમ રહ્યાં કીધાં રે ॥ જો૦ ॥ ૪ ॥ માતા ઉદરે ઉંધો રહ્યો, કોડિ ગમે દુઃખ દીઠાં રે ॥ યોનિ જનમ દુઃખ જે હુવે, તે તુજ લાગે છે મીઠાં રે ॥જો૦॥ ૫ ॥ હે હુ ભવ એળે ગયો, એકો અરથ ન સાધ્યો રે ॥ સદ્ગુરુ શીખ સુણી ઘણી, તો પણ સંવેગ ન વાધ્યો રે ॥જો૦॥૬॥ માંન મને કોઈ મતિ કરો, જમ જીત્યો નવિ કેણે રે ॥ સુકૃત કાજ ન કીધલું, એ ભવ હારિયો છે તેણે રે ॥જો૦॥ ૭ ॥ જપ જગદીશનાં નામને, કાંઈ નિચંતો તું સુવે રે ॥ કાજ કરે અવસર લહી, સવિ દિન સરિખા ન હુવે રે ॥જો૦॥ ૮ ॥ જગ જાતો જાણી કરી, તિમ એક દિન તુંજ જાવો રે ॥ કર કરવો જે તુજને હુવે, પછી હોશે પસતાવો રે ॥ જો૦ ॥ ૯ ॥ તિથિ પરવે તપ નવિ કર્યો, કેવળ કાયા તેં પોષિ રે ॥ પરભવ જાતાં ઈણ જીવને, સંબળ વિણ કિમ હોસિ રે ॥ જો૦ ॥૧૦॥ સુણ પ્રાણી પ્રેમે કહી, લબ્ધિ લહી જીનવાણી રે ॥ સંબળ સાથે રે સંગ્રહો, ઈમ કહે કેવળનાણી રે ॥ જો૦ ॥ ૧૧ ॥ ઇતિ. ॥

अथ श्री मनोरमा सतीनी सज्झाय.

મોહનગારી મનોરમા, શેઠ સુદર્શન નારીરે॥શીળ પ્રભાવે શાસન સુરી, થઇ જસ સાન્નિધ્યકારી રે ॥ મો૦ ॥ ૧ ॥ એ આંકણી દધિવાહન નૃપની પ્રિયા, અભયા દીએ કલંકરે ॥ કોપ્યો ચંપાપતિ કહે, શૂળી રોપણ વંકરે ॥ મો૦ ॥ ૨ ॥ તે નિસુણીને મનોરમા, કરે કાઉસગ્ગ ધરી ધ્યાનરે ॥ દંપતિ શીળ જો નિર્મળુ, તો વધો શાસન મામ રે ॥ મો૦ ॥ ૩ ॥ શૂળી સિંહાસન થઈ, શાસન દેવી હજૂર રે ॥ સંયમ ગ્રહી થયાં કેવળી, દંપતિ દાયે સનૂર રે ॥મો૦॥ ૪ ॥ જ્ઞાનવિમળ ગુણ શીળથી, શાસન શોભ ચઢાવે રે ॥ સુર નર સવિ તસ કિંકરા, શિવ સુંદરી તે પાવે રે ॥ મો૦ ॥ ૫ ॥ ઇતિ. ॥

अथ श्री सोल सतीनी सज्झाय.

સરસતિ માતા પ્રણમુ મુદા, તું તુઠી આપે સંપદા॥ સોળ સતીનાં લીજે નામ, જિમ મનવંછિત સીઝે કામ ॥ ૧ ॥ બ્રાહ્મી સુંદરી સુળસા સતી, જપતાં પાતક ન રહે રતી ॥ કૌશલ્યા કુંતિ સતિ સાર, પ્રભાવતી નામે જયકાર ॥૨॥ ભગવતી શીળવતી ભય હરે. સુખ સંપતિ પદ્માવતી કરે ॥ દ્રૌપદી પાંડવ ઘરણી જેહ, શિયળ અખંડ વખાણ્યું તેહ ॥૩॥ ચૂલા દમયંતી દુઃખ હરે, શિવાદેવી નિત્ય સાન્નિધ્ય કરે ॥ ચંદનબાળા ચડતી કળા વીરપાત્ર દીધા બાકુળા ॥ ૪ ॥ રાજિમતી નવી પરણ્યા નેમ, તોયે રાખ્યો અવિહડ પ્રેમ ॥ સીતાતણું શીયળ જગ જયો, અગ્નિ ટળીને પાણી થયો ॥૫॥ ધન્ય ધન્ય સતી સુભદ્રા ધીર, કાચે તાંતણે ચાલણી નીર ॥ ચંપાપોળ ઉઘાડી ચંગ, મૃગાવતી પ્રણમું મનરંગ ॥૬॥ પ્રહર ઉઠી સતી જપિયે સોળ, જિમ લહિયે ઋદ્ધિ વૃદ્ધિ ઘૃત ગોળ ॥ શ્રી વિનયવિજય વાચક સુપસાય, રૂપવિજય ભાવે ગુણ ગાય ॥ ૭ ॥ ઇતિ. ॥

अथ श्री जीवदयानी सज्झाय.

આદિ જિણેસર પાય પ્રણમેવ, સરસતી સામિની મન્ન ધરેવ ॥ જીવદયા પાળો નર નાર, જે તરો નિશ્ચે સંસાર ॥૧॥ પાણી ગળતાં જયણા કરો, ખારાં મીઠાં જુદાં ધરો॥જેહને મને દયા પરધાન, તે ઘર દીસે બહુ સંતાન ॥૨॥ મારે જુને ફોડે લીખ, નરનારીને એહ જ શીખ ॥ તેહને ઘેર નહી સંતાન, દુઃખ દેખે તે મેરૂ સમાન ॥૩॥ પક્ષી ઊંદર માણસના બાળ, જે પાપી મારે ચિરકાળ॥તેહને પરભવે એહજ દુઃખ, છોરૂતણું નવિ હોયે સુખ ॥ ૪ ॥ માખણ મધુ બીલી અથાણુ, આદુ સુરણ વર્જે જાણ ॥ ગાજર મૂળા રતાળુ જેહ, શુદ્ધ શ્રાવક તે છંડે એહ ॥ ૫॥ ફોગટ ફુલે માયા કરે, કહો કેમ તે ભવસાગર તરે ॥ જેહને દેવગુરુશું દ્વેષ, સુખ ન પામે તે લવલેશ॥૬॥ બહુ દહાડાનું મેળી કરી, માખણ તાવે અગ્નિયેં ધરી॥તેહ મરીને નરકે જાય, માનવ હોય તો દાવજવર થાય॥૭॥ દૂધતણે વળી લોભે જેહ, પાડા ભૂખે મરે તેહ॥ફરતા ઢોરમાં તે જાયે વળી, ભૂખે તરશે મરે ટળવળી ॥૮॥ આંખ ફુટી દીએ જે ગાળ, પરભવ અંધો થાયે બાળ ॥ મરો ફીટો દીયે જે ગાળ, પરભવ સુખ ન પામે બાળ ॥ ૯ ॥ પાટ પાટલા ને વસ્રદાન,

સવિ શેકયું વળિ રાંધ્યું ધાન ॥ મુનિવર દે મન ઉલ્લાસ, તસ ઘર લક્ષ્મી રહે થિરવાસ ॥૧૦॥ દેતાં દાન વિમાસણ કરે, દેઇ દાન મન ચિંતા ધરે ॥ સુખ સંપતિ પામે અભિરામ, છેહડે ન હોયે વસવા ઠામ ॥ ૧૧ ॥ ધન થોડું ને દિયે દાન, મહિયલ તેહને વાધે વાન ॥ ઋષિને દેઈ કરે રંગરોળ, તસ ઘર લક્ષ્મી કરે કલોલ ॥૧૨॥ સુખ સંપતિ જો આવી મળી, ડોસાની દેવા મતિ ટળી ॥ ધન ઉપર રાખે જે નેહ, પરભવ સાપ પણે થાય તેહ ॥૧૩॥ અધિકો ઓછો બાંધે તોલ, દે વાચા નવિ પાળે બોલ ॥ તેહની લોકમાં ન હોયે લાજ, પરભવ તેહનાં ન સરે કાજ ॥૧૪॥ પોથી બાળે બોળે જેહ, પરભવ મૂરખ થાયે તેહ ॥ ભણે ગુણે દે પોથી દાન, પરભવ નર તે વિદ્યાવાન ॥૧૫॥ ન્હાના મ્હોટા કુવલા હરી, ખાંતે ચુંટે લીલા કરી॥ કીધાં કર્મ નવિ ઠેલાય, મરિને નર તે કોઢિયો થાય ॥ ૧૬ ॥ પાંખ પંખીની કાઢે જેહ, પરભવ ઠુંઠો થાયે તેહ ॥ પગ કાપે ને કરે ગળગળો, મરિ નર તે થાયે પાંગળો ॥ ૧૭ ॥ પાડોશીશું વઢે દિન રાત, પરભવે તે ન પામે સંધાત ॥ માત પિતા સુત બૈયર ધણી, પરભવ તેહને વઢાવઢ ઘણી ॥૧૮॥ અણદીઠું અણસાંભળ્યું કહે જેહ, પરભવ બ્હેરો થાયે તેહ ॥ પારકી નિંદા કરે નર નાર, જશ નવિ પામે તેહ લગાર ॥૧૯॥ પરના અવગુણ ઢાંકે જેહ, નર નારી જશ પામે તેહ ॥ નિંદા કરે ને દિયે જે ગાળ, પરભવ નર તે પામે આળ ॥૨૦॥ રાત્રિભોજન કરે નર નાર, તે પામે ઘૂઅડ અવતાર ॥ રાતે પંખી ન ખાયે ધાન, માણસ હૈયે ન દીસે સાન ॥૨૧॥ સૂર્ય સરિખો આથમે દેવ, માનવને ખાવાની ટેવ ॥ ધર્મી લોકજ હોયે જેહ, રાત્રિભોજન ટાળે તેહ ॥૨૨॥ ગૌતમ પૃચ્છાને અનુસાર, એ સજ્ઝાય કરી શ્રીકાર ॥ પંડિત હર્ષસાગર શિષ્ય સાર, શિવસાગર કહે ધર્મ વિચાર ॥

अथ श्री म्होटी होंश न करवानी सज्झाय.

હોંશીડા ભાઈ, હોંશ ન કીજે મ્હોટી, વાવી છે બંટી બાજરી, તો શાળિ કેમ લહિયે મ્હોટી રે ॥ હોં૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ જેણે દીધું તેણે લીધું, જે દેશે તે લેશે ॥ જેણે નવિ દીધું તેણે નવિ લીધું, દીધા વિના કેમ લેશેરે ॥ હોં૦ ॥૨॥ વાવ્યા વિના કેમ કર્ષણ લહિયે, સેવ્યા વિના કેમ ઠરિયે ॥ પુણ્ય વિના મનરથ મ્હોટા, દીધા

વિણુ કેમ કરિયેરે ॥ હોં૦ ॥ ૩ ॥ શીસાની અકોટી આપી, આપી તરૂઆની ત્રોટી ॥ તે સોનાર કને કેમ માગીશ, સોનાની કરી મ્હોટીરે ॥ હોં૦ ॥ ૪ ॥ શાળિભદ્ર ધન્નો કયવન્નો, મૂળદેવ ધનસાર ॥પુન્ય વિશેષે પ્રત્યક્ષ પામ્યા, અલવેશર અવતાર રે ॥ હોં૦ ॥૫॥ એવું જાણી રૂડું પામી, કરજો ધર્મ સખાઇ॥ સાધુ હર્ષ કરજોડી વિનવે, દીક્ષું લેશે ભાઇ રે ॥ હોં૦ ॥ ૬ ॥ ઇતિ. ॥

अथ श्री अभव्यने उपदेश न लागवानी सज्झाय.

ઉપદેશ ન લાગે અભવ્યને, બહુ વિધશું બુઝવે કોયરે ॥ ગંગાજળે ન્હવરાવીએ, પણ વાયસ હંસ ન હોય રે ॥ ઉ૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ જેમ જેમ પ્રતિબોધીએ, તેમ તેમ બમણો થાયરે ॥ હાંજી કુટિલ અશ્વતણી પરે, અવળો અવળો ઉજાય રે ॥ ઉ૦ ॥ ॥ ૨ ॥ પય ને સાકર પાતાં થકાં, વિષધરને વધે વિષ પૂરરે ॥ હાંજી હાણ કરે હિત દાખતાં, તે માટે વસીએ દુર રે ॥ ઉ૦ ॥ ૩ ॥ અજાણ દુઃખે સમજાવીએ, સુજાણ ઘણું સુલભ રે ॥ હાં જી દાધારંગા માનવી, બૂઝવતાં મહા દુર્લભ રે ॥ ઉ૦ ॥ ૪ ॥ મારક ઉદાઈ રાયનો, નમુચી નામે પ્રધાનરે ॥ તેતો બાર વરસ લગેં બુઝવ્યો, પણ ન વળી તસ સાનરે ॥ઉ૦॥૫॥ શીખામણ દેતાં થકાં, જે સમજે નહી કલ્પાંતરે ॥ હાં જી અવગુણકારી જાણવો, સુગ્રીવ વાનર દૃષ્ટાંતરે ॥ઉ૦॥૬॥ કુસંગા સંગ ન કીજીએ, ધરિયે નવપદ ધ્યાન રે ॥ ઉદય સદા સુખ સંપજે, ઉત્તમ સંગ નિદાન રે ॥ ઉ૦ ॥ ૭ ॥ ઇતિ. ॥

अथ श्री स्त्रीयोना कथलानी सज्झाय.

(આધા આમ પધારો પૂજ્ય, અમ ઘર વોહરણ વેળા. એ દેશી.)

આઠમ પાખી પરવ દિવસે, ઉપાશરામાં આવે ॥ નારી વીશ પચીશ મળીને, વખાણ સુણવા ભાવે ॥ રૂડે રંગ ધરીને રાજ, સુણજો વાત સયાણી ॥૧॥ એ આંકણી॥ પાટે બેસી પૂજ્ય તિવારે, ધર્મકથા ઉપદેશે ॥ શ્રાવિકા મળિને માંહો માંહે, કથલો કરવા બેસે ॥ રૂ૦ ॥૨॥ એક કહે સાંભળ રે સજની, મ્હારી સાસુ મ્હોટી ॥ મ્હારા ઉપર મન નવિ રાખે, એ વાતો છે ખોટી ॥ રૂ૦ ॥ ૩ ॥ બીજી નારી કહે સુણ બાઈ, મુજ સાસુ મુખ મીઠી ॥ પણ સારી વસ્તુ સંગ લેઇ,

આપે જઇને બેઠી ॥રૂ૦॥૪॥ ત્રીજી નારી તુરત કહે તવ, મુજ સાસુ શુકુલીણી ॥ મ્હારી ઉપર કદિય ન કોપે. જતન કરે મન ઝીણી ॥રૂ૦॥પ॥ ચોથી નારી બોલે બાઇ, મુજ વહુઅર ગુણવંતી ॥ ઘરનું કામ ઉપાડી લીધું, મુજને કરી નિચિંતી ॥ રૂ૦ ॥ ૬ ॥ પાંચમી નારી પ્રેમ ધરીને, બોલે સાંભળ બાઈ ॥ વિનયવતી છે મ્હારી વહુઅર, રીસ નહી તિલ રાઇ ॥ રૂ૦ ॥ ૭ ॥ છઠ્ઠી નારી બોલે નાની, તુજ વહુઅર ગુણ ભારી ॥ વાતો કરતી કિમહિ ન થાકે, બેસે પર ઘર બારી ॥રૂ૦॥૮॥ સાતમી નારી કહે સુણ સજની, શી કહું મુજ ઘર વાતો ॥ મ્હારી સાસુ મ્હારી સાથે, વઢયા કરે દિન રાતે ॥ રૂ૦ ॥૯॥ આઠમી નારી કહે સુણ બાઈ, મુજ પ્રિતમને નચાવે ॥ મુજ સાસુ છે અતિ અણખીલી, તે દેખી દુઃખ પાવે ॥રૂ૦॥૧૦॥ નવમી નારી બોલે નેહે, મુજ સુત મુજને ઠારે ॥ વહુઅર કયારે વેઠ કરે તો, આવી તેહને વારે ॥રૂ૦॥૧૧॥ દશમી દયિતા બોલે દેખી, બાઈ તુમ બલિહારી ॥ વહુઅરને હું રીશ કરૂં તો, પુત્રથી થાઉં ખારી ॥રૂ૦॥૧૨॥ એકાદશી ઇણિપરે આખે, મુજ વહુઅર વિકરાળી ॥ શીખ દિયંતાં શૂળિ દે છે, ચપળ મહા ચંડાળી ॥ રૂ૦ ॥ ૧૩ ॥ દ્વાદશમી ઇમ બોલે બાળા, મુજ વહુ ઘણીજ સયાણી ॥ સઘળી ઘરની ત્રેવડ સમજે, પણ આંખે છે કાણી ॥ રૂ૦॥૧૪॥ એક કહે સાંભળ રે અંબા, મુજ પડોશણ પાપી ॥ વિના સવારથ વેઢ કરાવે, ઘોભી વાતો થાપી ॥ રૂ૦ ॥ ૧૫ ॥ એક કહે બાઇ હું શું આવું, ઉપાશરે ઇણિ વેળા॥ ભૂખ્યો છૈયો ભોજન માગે, ટળે જો રાંધણ વેળા ॥રૂ૦॥૧૬॥એક કહે મુજ વહુઅર ભોળી, હઠ ઘણી તે તાણે ॥ એકલે હાથે કામજ કરવું, તે પરમેશ્વર જાણે ॥રૂ૦॥૧૭॥ એક કહે સુણ સજની મ્હારી, દુખની શી કહું વાતો ॥ સાસુ શુળી નણંદ હઠીલી, તિમ દિયરિયો તાતો ॥ રૂ૦ ॥૧૮॥ એક કહે સુણ મ્હારી માતા, મેં હવે કેમ રહેવાય ॥ સાસુ સસરો પિયુ પનોતો, સઘળાં ખાવા ધાય ॥ રૂ૦ ॥૧૯॥ એક કહે સુણ સાથણ આપણ, એકજ લગને પરણી ॥ ત્હારે છૈયે છાકમ છોળા, મ્હારે નહી અધરણી ॥ રૂ૦ ॥ ૨૦ ॥ એક કહે મ્હારે પાડો આવ્યો, એક કહે મ્હારે પાડી ॥ બાઈ તું લેવાને આવજે છાશ કરે શું જાડી ॥ રૂ૦ ॥ ૨૧ ॥ એક કહે ઇમ મારી સાસુ, મુજને લાડ લડાવે ॥ વરે વાવરે સારો સુથારો, મુજ વિણ સુળ ન ભાવો ॥રૂ૦॥૨૨॥ એક કહે તું વહુઅર વારૂ, તુજને ભલેજ જાય ॥ મ્હારી

વહુઅર મુજને વિગોવે, ખટરસ ભોજન ખાઇ ॥રૂ૦॥૨૩॥ એક કહે સાંભળ તું કોઇ, સખરબાઇની વાતું ॥ મ્હારે લ્હાણું ઓછું મળિયું, મેં જોવરાવ્યું ખાતું ॥રૂ૦॥૨૪॥ એક કહે સુણ અમુકી બાઇ, આ ઘરણીને ખોળે ॥ સાત સોપારી મુજને નાપી, મેં આપીતી સોળે ॥ રૂ૦॥૨૫॥ જોઇતીબાઈએ જમવા તેડયાં, શીરો સઘળો ખુટયો ॥ સાઠ દિવસની સુખડી આણી, ખવરાવી કરી કુટો ॥ રૂ૦ ॥ ૨૬ ॥ એક કહે મુજ માંચો ત્રુટયો, પાયો એકજ ભાંગ્યો ॥ સજ્જ કરયા વિણ કેમ સુવાયે, અણચિંત્યો દુઃખ લાગ્યો ॥ રૂ૦ ॥ ૨૭ ॥ એક કહે મુજ અંગ અકળાયે, આળસ અધિકી આવે ॥ માંકડ મુઆ કરડે રાતે, તેહથી ઊંઘજ નાવે ॥ રૂ૦ ॥ ૨૮ ॥ એક કહે મુજ ચુલો ભાગ્યો, તે જઇ કરવો રૂડો ॥ એક કહે મુજ પ્રિતમ પ્યારે, ચૂંપે આણ્યો ચૂડો ॥ રૂ૦ ॥ ૨૯ ॥ એક કહે મારે રેંટીયડાનો, ત્રાકલડો ત્રટકાણો ॥ એક કહે મુજ માળજ કાપી, કિશુ નહી કંતાણો ॥ રૂ૦ ॥ ૩૦ ॥ એક કહે ઉપાશરે આવ્યાં, કહો કિશું કોઇ આલે ॥ બે કોકડી કાંતું જો બાઇ, ઘરમાં શાકજ ચાલે ॥રૂ૦॥૩૧॥ એક કહે ધોવાને જઇએ, જો બાઈ તું આવે ॥ એક કહે મુજ ધાન્ય સળ્યો તે, ઘર ધંધે મન ધાવે ॥ રૂ૦ ॥ ૩૨ ॥ એક કહે છે મ્હારી સાથણ, જો તું મુજ ઘર આવે ॥ માથું ગુંથીને મન ગમતી, કરશું વાતો ભાવે ॥ રૂ૦ ॥ ૩૩ ॥ એક કહે મેં કળથી રાંધી, એક કહે મેં ચોળા ॥ એક કહે મેં વાલ વઘાર્યા, તે થયા છાકમ છોળા ॥રૂ૦॥૩૪॥ એક કહે મુજ ઘેબર મીઠાં, એક કહે દળ ખાજાં ॥ એક કહે મુજ લાડુ ભાવે, સખર જલેબી ઝાઝાં ॥રૂ૦॥૩૫॥ એક કહે દેશ માળવ મીઠો, એક ગુજરાત વખાણે ॥ એક કહે છે મરૂધર મ્હોટો, સોરઠ સકળ સુણજો ॥રૂ૦॥ ૩૬ ॥ એક તો આપણુ રાજ્ય વખાણે, અપર રાજ્ય એક નિંદે ॥ એક કહે રાજા તો તેહજ, નહી વરો નહી દંડે ॥રૂ૦॥૩૭॥ એહવે એક બુદ્ધિવંતી બોલી, શું બાઇયો તુમ કહિયે ॥કચપચ કરીને કાનજ ફોડયા, વખાણ કેણીપરે સુણિયે ॥રૂ૦॥૩૮॥ ધર્મથાનકે આવો ધાઈ, વાતો કરવા માંડો ॥ પાપ પોટલા બાંધો પ્રાયે, કાર્ય ધર્મનાં છાંડો ॥ રૂ૦ ॥ ॥ ૩૯ ॥ એહવે અકાળ થયો ઇમ જાણી, ઉપદેશ પુરો કીધો॥શ્રાવિકા સરવે વાંદી ગુરૂને, મારગ ઘરનો લીધો ॥રૂ૦॥૪૦॥ રે બાઇઓ તમે ઇણ વિધ આવી, વિકથા વાતજ વારો ॥મનશુદ્ધિ વિણ મુગતિપુરિનો કારજકિણિ વિધ સારો ॥રૂ૦॥ ૪૧ ॥ વળિ કહે ગુરૂજી સુણો શ્રાવિકા,

કથલો કાંઇ ન કીજે ॥ શ્રુતવાણી મન શુદ્ધે સુણતાં, સઘળાં કારજ સીઝે ॥ ૩૦ ॥ ૪૨ ॥ પરનો દોષ દેખાડી પોતે, નિજ આતમ નવિ વાંચો ॥ દોષ પોતાનો દેખી દ્રષ્ટે, સુકૃત ઇણિપરે સાચો ॥ ૩૦ ॥૪૩॥ દશ દ્રષ્ટાંતે દુર્લભ એહવો, મનુષ્યપણો જે પાયો ॥ દેવ ગુરુ ધર્મ તત્ત્વ એ ત્રણે, સેવો સદા સુખદાયો ॥ ૩૦ ॥૪૪॥ કથલો સુણીને કથલો વારો, ગુરુ વાણી રસ ચાખો ॥ પરનિંદાથી દુર્ગતિ પામે, નિજ મન નિર્મળ રાખો ॥૩૦॥ ૪૫ ॥ ત્રિકરણ શુદ્ધે તીર્થંકરની, શુદ્ધ કથા જે સુણશે ॥ મહાનંદ કહે મનને રંગે, તે ભવસાગર તરશે ॥ ૩૦ ॥ ૪૬ ॥ સંવત ૧૮ સત દશને વર્ષે, આસો માસ ઉદારે ॥ પાલણપુરમાં પ્રાતે કીધો, વિકથાનો વિસ્તારો ॥ ૩૦ ॥ ૪૭ ॥ ઇતિ- ॥

अथ श्री चेतनने शीखामणनी सज्झाय.

ચેતન અબ કછુ ચેતીયે, જ્ઞાન નયન ઉઘાડી ॥ સમતા સહજ પણું ભજો, તજો મમતા નારી ॥ ચે૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ યા દુનિયા હે બાબરી, જેસી બાજીગર બાજી॥ સાથ કીસીકે ના ચલે, જ્યું કુલગ નારી ॥ ચે૦ ॥ ૨ ॥ માયા તરુ છાયા પરે, ન રહે થિર કારી ॥ જાનત હે દિલમેં જની, પણ કરી બિગારી ॥ ચે૦ ॥ ૩ ॥ મેરી મેરી તું કયા કરે, કરે કોણશું યારી ॥ પલટે એકણ પલકમાં, જ્યું ધન અંધીયારી ॥ ચે૦ ॥ ૪ ॥ પરમાતમ અવિચળ ભજો, ચિદાનંદ આકારી ॥ નય કહે નિયત સદા કરો, સબ જન સુખકારી ॥ ચે૦ ॥૫॥

अथ श्री एलाची कुमारनी सज्झाय.

નામ એલાપુત્ર જાણીએ, ધનદત્ત શેઠનો પુત્ર ॥ નટવી દેખીને મોહિયો, નવિ રાખ્યું ઘર સૂત્ર ॥ કર્મ ન છૂટે રે પ્રાણીયા ॥ ૧ ॥ એ આંકણી ॥ પૂરવ નેહ વિકાર ॥ નિજકુળ છંડીરે નટ થયો, નાણી શરમ લગાર ॥ કર્મ૦ ॥૨॥ માત પિતા કહે પુત્રને, નટ નવિ થઇએ રે જાત ॥ પુત્ર પરણાવું રે પદ્મણી, સુખ વિલસો તે સંઘાત ॥કર્મ૦ ॥૩॥ કહેણ ન માન્યું રે તાતનું, પૂરવ કર્મ વિશેષ ॥ નટ થઇ શીખ્યો રે નાચવા, ન મટે લખિયા રે લેખ॥ કર્મ૦ ॥૪॥ એક પુર આવ્યોરે નાચવા, ઊંચો વંશ વિશેક ॥ તિહાં રાય જોવાને આવિયો, મળિયા લોક અનેક ॥ કર્મ૦ ॥૫॥ ઢોલ વજાવે રે નટવી, ગાવે કિ-

ન્નર સાદ ॥ પાય તળ ઘુઘરા ઘમઘમે, ગાજે અંબર નાદ ॥કર્મ૦॥૬॥ હાથ પગ પહેરીરે પાવડી, વંશ ચડયો ગજ ગેલ ॥ નોધારો થઇ નાચતો, ખેલે નવ નવા ખેલ ॥ કર્મ૦ ॥૭॥ નટવી રંભારે સારિખી, નયણે દેખેરે જામ ॥ જો અંતે ઉરમાં એ રહે, જનમ સફળ મુજ તામ ॥ કર્મ૦ ॥૮॥ તવ તિહાં ચિંતે રે ભૂપતિ, લબ્ધો નટવીની સાથ ॥ જો નટ પડેરે નાચતો, તો નટવી કરું મુજ હાથ ॥ કર્મ૦ ॥૯॥ કર્મ વશે રે હું નટ થયો, નાચું છું નિરધાર ॥ મન નવિ માને રે રાયનું, તો કોણ કરવો વિચાર ॥કર્મ૦॥ ૧૦ ॥ દામ ન આપે રે ભૂપતિ, નટે જાણી તે વાત ॥ હું ધન વંછું છું રાયનું, રાય વંછે મુજ ઘાત ॥ કર્મ૦ ॥ ૧૧ ॥ દાન લહું જો હું રાયનું, તો મુજ જીવિત સાર ॥ એમ મનમાંહેરે ચિંતવી, ચઢિયો ચોથીરે વાર ॥ કર્મ૦ ॥૧૨ ॥ થાળ ભરી શુદ્ધ મોદકે, પદમણી ઉભી છે બાર ॥ લ્યો લ્યો કહે છે લેતા નથી, ધન ધન મુનિ અવતાર ॥ કર્મ૦ ॥ ૧૩ ॥ એમ તિહાં મુનિવર વહોરતા, નટે દેખ્યા મહાભાગ ॥ ધિક ધિક વિષયા રે જીવને, એમ નટ પામ્યો વૈરાગ ॥ કર્મ૦ ॥૧૪॥ સંવર ભાવે રે કેવળી, થયો તે કર્મ ખપાય ॥ કેવળ મહિમા રે સુર કરે, લબ્ધિવિજય ગુણ ગાય ॥ કર્મ૦ ॥ ૧૫ ॥ ઇતિ.

अथ श्री साधुवंदनानी सज्झाय.

સાધુજીને વંદણા નિત નિત કીજે, પ્રહ ઉગમતે સૂર રે ॥ પ્રાણી ॥ તીચ ગતિમાં તે નવિ જાવે, પામે ઋદ્ધિ ભરપૂરરે ॥ પ્રાણી ॥ સાધુજીને૦ ॥૧॥ મ્હોટાં તે પંચ મહાવ્રત પાળે, છકાયના પ્રતિપાળ રે ॥પ્રા૦॥ ભ્રમર ભિક્ષા મુનિ સુઝતિ લેવે, દોષ બેતાળીશ ટાળરે ॥પ્રા૦॥ સાધુ૦ ॥૨॥ ઋદ્ધિ સંપદા મુનિ કારમી જાણી, દીધી સંસારને પૂંઠ રે ॥ પ્રા૦ ॥ એહ પુરૂષોની સેવા કરતાં, આઠે કરમ જાવે ટુટ રે ॥ પ્રા૦ ॥ સાધુ૦ ॥ ॥૩॥ એકેકા મુનિવર રસના ત્યાગી, એકેકા જ્ઞાન ભંડારરે ॥ પ્રા૦ ॥ એકેક મુનિવર વૈયાવચ્ચ વૈરાગી, એના ગુણનો નાવે પાર રે ॥ પ્રા૦ ॥ સાધુ૦ ॥ ૪ ॥ ગુણ સત્તાવીશે કરી દીપે, જીત્યા પરીસા બાવીશ રે ॥પ્રા૦॥બાવન તો અનાચારજ ટાળે, તેહને નમાવું મ્હારૂં શીશ રે ॥ પ્રા૦ ॥ સાધુ૦ ॥ ૫ ॥ ઝાજ સમાન તે સંત મુનીસર, ભવ્ય જીવ બેસે આય રે ॥ પ્રા૦ ॥ પર ઉપકારી મુનિ

દામ ન માગે, દેવે તે મુગતિ પહોચાયરે ॥ પ્રા૦ ॥ સાધુ૦ ॥ ૬ ॥ ઇ-ણ ચરણે પ્રાણી શાતા રે પાવે, પાવે તે લીલ વિલાસરે ॥ પ્રા૦ ॥ જન્મ જરા ને મરણ મિટાવે, નાવે તે ગર્ભાવાસ રે ॥ પ્રા૦ ॥ સાધુ૦ ॥ ૭ ॥ એક વચન તે સદ્દગુરુ કેરૂં, જો બેસે દિલ માંય રે ॥ પ્રા૦ ॥ નરક ગતિમાં તે નવિ જાવે, ઇમ કહે શ્રીજીનરાય રે ॥પ્રા૦॥ સાધુ૦ ॥ ૮ ॥ પ્રહ ઉઠી તુમે ઉત્તમ પ્રાણી, સુણો સાધુનું વ્યાખ્યાન રે ॥ પ્રા૦ ॥ તે પુરુષોની સેવા કરતાં, પામે તે અમર વિમાનરે ॥ પ્રા૦ ॥ સાધુ૦ ॥ ૯ ॥ સંવત અઢારને વર્ષે અડત્રીશે, ખુસી તે ગામ ચોમાસ રે ॥ પ્રા૦ ॥ મુનિ આરકરણજી ઇણિ પરે જંપે, હુંતો ઉત્તમ સાધુનો દાસ રે ॥ પ્રા૦ ॥ ૧૦ ॥ ઇતિ. ॥

अथ श्री जंबूस्वामीनी लावणी.

સજી સોળ શૃંગાર બદન પર, આઠ બની સુંદરિ પ્યારી ॥ જી હો આઠ બની સુંદરિ પ્યારી ॥ કહ્યું માનો મ્હારા શામ છબીલા, અરજ કરે આઠે નારી ॥ સુંદરિ સારી ગુણકી ભારી, ઝાંઝરકા કરે ઘ-મકારા ॥ જી હો ઝાં૦ ॥ કલ્લાં કાંબી અણુવટ બિછુઆ, નેઉરકા બહુ ઠમકારા ॥ છલા છવીંટિયો ને ફૂલ ફુદડિયો, ઘૂઘરીઓ ઘમકે ઝાઝી ॥ જી હો૦ ॥ કાળીગાંઠી જુવારી અકોટી, ચળક રહી તુળશી તાજી ॥ કંઠે એકાવળિ હાર અનોપમ, નેનુમેં કાજળ સારા ॥ જી હો ને૦ ॥ લીલા તે બહુ સુરત દામણી, ભરજોવન શોભે બાળા ॥ ઘૂઘરી પોંચી બાજુબંધ બેરખા, હાથે પહેરી ચંદનચૂડી ॥ જી હો હા ॥ કલ્લી કંકણ સોના સાંકળાં, શોભા બની હે અજબ રૂડી ॥ તનમનિયું ને મોહનમાદળિયું, ચળક ચળક ચમકે ભારી ॥ જી હો ચ૦ ॥ કહ્યું માનો મ્હારા શામ છબીલા, અરજ કરે આઠે નારી ॥૧॥ એ આંકણી ॥ વિધ વિધના શૃંગાર સજીને, આઠે નાર તિહાં હુઈ ભેળી ॥ જી હો આ૦ ॥ આસપાસ અલબેલી ઉભી, બિચમેં લિયા વાલમ ઘેરી ॥ ઘેરી કામિની કહે પિયુજી, સુખ ભોગવો અપની સાથે ॥ જી હો ॥ સુ૦ ॥ દીક્ષા દોહિલી નાથ માહરા, સ્વામીકું યું સમજાતે ॥ છોટી ઉમ્મર બાળપણામેં, સંયમકી બાતાં કરતા ॥ જી હો સં૦ ॥ પરણીને ક્યાં જાએ પિયુડા, લાજ લગારે નહિ ધરતા ॥ ખાઓ પીયો ને કરો સાહેબી, કમી નહી અપને ઘરમેં ॥ જી હો ક૦ ॥ નહિ રળના ઓર નહી કમાના, ફીકર મત કરો દિલમેં ॥ ડરતા નહિ તુમે જંબુ દિલમાં,

કહેતી ઇમ વારંવારી ॥ જી હો ક૦ ॥ કહ્યું૦ ॥ ૨ ॥ કઠણ પંથ હે સાધુ કેરા, એસી ધીરા ચલશક્તિ ॥ જી હો એ૦ ॥ જેસા બોજા મેરૂ કેરા, એસી હે સંયમ ભક્તિ ॥ તજી પલંગને કરી સંથારો, ઉઘાડે પાઊંસે ચલના ॥ જી હો ઉ૦ ॥ કરમાં ઝોળી ઘર ઘર ફિરના, માગીને ભોજન મિલના ॥ શરીર સુકુમાળ સુંદર કાયા, ઊંનાં નિત્ય પીના પાણી ॥ જી હો ઊં૦ ॥ ધોળા કપડા ધરી અંગ પર, મુખસે વદવિ નિર્વદ્ય વાણી ॥ જીતવા પરિસહ બાવીશ આકરા, સિંહ નાદ જેસા ગાજે ॥ જી હો સિં૦ ॥ એસી કરણી દુક્કર કરવી, શીશ જલે ને પાઉં દાઝે ॥ શીયાળે શીત પડે આકરી, ઉનાળે અગ્ની ભારી ॥ જી હો ઉ૦ ॥ કહ્યું૦ ॥ ૩ ॥ આશા પૂરો અલબેલા હમારી, સરખી સૈયરકી ટોળી ॥ જી હો સ૦ ॥ એકજ વરને વરવું આઠે, એવી કીધી પહેલી બોલી ॥ જંબૂ કાંતિ જોઈ અનોપમ, મગન બોત હુઈ મનમેં ॥ જી હો મ૦ ॥ મન ભંગ કેમ કરો પિયુડા, મુકો છો અમને વનમેં ॥ એક નારીને કાજે રામે, રાવણને નાંખ્યો મારી ॥ જી હો રા૦ ॥ લંકાગઢ ઉત્થાપન કીધો, ઘર લાયા અપની નારી ॥ નારી એસી નરને વ્હાલી તુમે તજો છો અબ અમને ॥ જી હો તુ૦ ॥ હસી ખુશી બોલાવો હમને, પાય પડું સ્વામી તમને ॥ જંબૂ કહે તુમે સુણો નારિયો, ધર્મ ધ્યાન હેડે ધારી ॥ જી હો ધ૦ ॥ કહ્યું૦ ॥ ૪ ॥ જન્મ મરણનો ભય છે મ્હોટો, અનંત દુઃખ છે દિલ ધરના ॥ જી હો અ૦ ॥ ફેરા લાખ ચોરાશી ફિરના, પ્રભુ જ્ઞાન હેડે ધરના ॥ સુધર્માસ્વામીને વાંદિયા, મેં સૂણી ઉનકી વાણી ॥ જી હો મેં૦ ॥ નરક નિગોદકી સુણી વેદના, માયા સબ જુઠ્ઠી જાણી ॥ શીલ વ્રત તુમે લ્યો સોભાગી, બીજી બાધા બહુ ઝાઝી ॥ જી હો બી૦ ॥ કિનકી માડી કિનકી લાડી, મતલબકી હે સબ બાજી ॥ પતિ તણી જો રાખો પ્રીતડી, સંયમ લ્યો સ્વામી સાથે ॥ જી હો સં૦ ॥ અનંત સુખને વરિયે પ્રેમદા, મુગતિ મળે સુંદર સાથે ॥ રામા રીઝી વાણી સુણીને, મમતા સબ નાંખી મારી ॥ જી હો મ૦ કહ્યું૦ ॥૫॥ સાસુ બૂઝવી સસરા બૂઝવ્યા, બૂઝવિયાં પિતા માડી॥ જીહો બુ૦॥ તેવા સમયમાં પ્રભવો આવિયો, ચોરી કરી ખાતર પાડી ॥ ધન માલકી બાંધી ગાંઠડિયો, શૂરો પૂરો બહુ બળિયો ॥ જી હો શૂ૦ ॥ વાણી સુણી શ્રી જંબુ કુમારની, કરજોડી પાયે પડીયો ॥ પાંચશે ને સત્તાવીશ બુઝવ્યા, ત્યાગ દિયો સંસાર તહીં ॥ જી હો ત્યા૦ ॥ કરજોડી સુધર્મની પાસે, મહાવ્રત

લીધાં પંચ સહા ॥ સંવત ઓગણીશે એકત્રીશ, જેઠ માસ પુનમ શાસી ॥જી હો જે. ॥ ચુનિલાલ કરજોડી વંદે, સારંગપુરનો રહેવાસી ॥મહેર કરો મહારાજ મુજ પર, નમું પાય વારંવારી ॥ જી હો ન૦ ॥ કહ્યું ॥ ૬ ॥ ઇતિ.

अथ श्री कामदेवनी सज्झाय.

એક દિન ઇંદ્રે પ્રસંશિયો જી, ભરિરે સભાને માંય ॥ અતિ દ્રઢતાઈ કામદેવની, જાકું દેવ ન શકે ચળાય ॥ શ્રાવક શ્રી વીરના, ચંપાના વાસીજી ॥૧॥ એ આંકણી ॥ સરધ્યો નહી એક દેવતા જી, રૂપ પિસાચ બનાય ॥કામદેવ પાસે આવીને, એતો વચન કહે દુઃખ દાય ॥ શ્રાવક૦ ॥૨॥ હંભોરે કામદેવ તુજને, કલપે નહી છે કોય ॥ ત્હારે ધરમ નહી છોડવો પણ, મેં છોડાવશું તોય ॥શ્રા૦॥ ૩ ॥ રૂપ પિસાચનું દેખિને જી, ડરીયા નહી મન માંય ॥ જાણ્યો મિથ્યાતી દેવતા, દિયો ધ્યાનમેં ચિત્ત લગાય ॥ શ્રા૦ ॥૪॥ એક વાર મુખશું કહે, એમ દેવ કહે વારંવાર ॥ તો પણ તે બોલ્યા નહી, ત્યારે દેવ આવ્યો છે બહાર ॥શ્રા૦॥ ૫ ॥ હાથી રૂપ વૈક્રેય કિયો જી, પિસાચપણો કિયો દૂર ॥પોષધશાળામાં આવિને, એ તો બોલે છે વચન કરૂર ॥શ્રા૦॥૬॥ બને કરી ચળીયા નહી તવ, હાથીએ સુંઢમાં ઘાલ ॥ પોષધશાળા બહાર આવીને, દિયો આકાશ માંહી ઉછાળ ॥ શ્રા૦ ॥૭॥ દંતુસળ પર ઝાલીને જી, કમળની પેરે રોળ ॥ ઉજળી વેદના ઉપની પણ, નવિ ચળ્યા ધ્યાન અડોળ ॥ શ્રા૦ ॥૮॥ ગજતજીને સર્પજ હુઓજી, કાળો મહા વિકરાળ ॥ ડંક દિયો કામદેવને એ તો ક્રોધી મહા ચંડાળ ॥શ્રા૦॥ ૯ ॥ ઉજળી વેદના ઉપની, પણ ડરીયા નહી તિલ માત ॥ સુર થાકી પ્રગટ હુઓ, થયો દેવતા રૂપ સાક્ષાત ॥ શ્રા૦ ॥૧૦॥ કરજોડી એમ વીનવે, ત્હારાં સુરપતિ કિયાં રે વખાણ ॥ મેં મુઢમતિ સરધ્યો નહી, તુને ઉપસર્ગ દિયો અથાગ॥ શ્રા.॥ ૧૧ ॥ તન મનશું ડગીયા નહી જી, તેં ધર્મ પાયો પરમાણ॥ ખમજ્યો અપરાધ માહરો, ઇમ કહીને ગયો સુર ઠામ॥ શ્રા૦॥ ૧૨ ॥ વીર જિણંદ સમોસરયા જી, કામદેવ વંદન જાય ॥વીર કહે ઉપસર્ગ દિયો, તમે દેવ મિથ્યાતીએ આય ॥ શ્રા૦ ॥૧૩॥ હા સ્વામી સાચું અછે જી, તવ શ્રમણ શ્રમણિને બોલાય ॥ ઘર બેઠાં પરિસહ સહ્યા, ઇમ પરસંશો જિનરાય ॥શ્રા૦॥ ૧૪ ॥ વીશ વરસ શુદ્ધ પાળીયાંજી,

શ્રાવકનાં વ્રત બાર ॥પહેલા દેવલોકમાં ઉપન્યા, ચવિ જાશે મોક્ષ મોઝાર ॥શ્રા૦॥૧૫॥ મરુધરદેશ સોહામણોજી, જયપુર કિયોરે ચોમાસ॥ અષ્ટાદસ શત છાશીએ, ખુશાલચંદજીએ જોડ પ્રકાસિ ॥ શ્રા ॥૧૬॥

अथ श्री रेवति श्राविकानी सज्झाय.

(આવી રે પનોતી જરાસંગને. એ દેશી.).

સોનાને સિંહાસન બેઠાં રેવતી, બેઠાં બેડાં મંદિર મોઝાર રે ॥ ગજગતિ દીઠા મુનિ આવતા, સુંદર સિંહ અણગાર રે ॥ મંદિર પધારો મેરે પુજ્ય જી ॥૧॥ એ આંકણી ॥ આજ સુરતરૂ ફળ્યો આંગણે, મોતીડે વુઠિયા મેહરે॥ સિંહ અણગાર પધારતાં, પ્રગટ્યો ધર્મ સનેહ રે ॥ મંદિર ॥૨॥ ગંગા રે જળમાં જેમ કમલડી, મધુકર કેળિ કરંત રે ॥ તેમ મુજ મન મધુકર પરે, ઉલટ્યો રાગ અત્યંત રે ॥ મંદિર૦ ॥ ૩ ॥ પુજ્યજી ને વાંદિ નિહાળતાં, તેમ તેમ રાગની રેલ રે ॥ શાંત સ્વભાવિ સોહામણા, સુરતિ મોહનવેલ રે ॥ મંદિર. ॥ ॥૪॥ આદર માન દીધાં ઘણાં, પુછે કાંઇ સિંહ અણગાર રે ॥ કહો પુજ્ય કેમ પધારીયા, આદેશ દ્યો સુવિચાર રે મંદિર. ॥ ૫ ॥ મુજ ગુરૂયે તુમ ઘેર મોકલ્યો, માનુની પાક વહોરાય રે ॥ રેવતિ કહે પૂજ્ય કેમ લહ્યું, કેવળ જ્ઞાન પસાય રે ॥ મંદિર ॥ ૬ ॥ શુભ પ્રણામે કરી આપીયો, બીજોરા પાક ઉદાર રે ॥ મણી માણેક મોતી તણી, વૃષ્ટ હુઈ તેણીવાર રે ॥ મંદિર. ॥૭॥ દેવ આયુષ્ય તિહાં બાંધીયું, રેવતીએ તેણીવાર રે ॥ વીર પ્રભુ સુખ સંપદા, સફળ કર્યો અવતારરે ॥ પરિત કીધો સંસાર રે ॥મંદિર.॥ ॥ ૮ ॥ પુરૂષ ભલા રે સંસારમાં, તેમ વળી નારી સંસાર રે ॥ રાજીમતિ સીતા કુંતા દ્રૌપદી, મૃગાવતી ચંદનબાળા રે ॥ મંદિર. ॥૯॥ ઇત્યાદિયે જૈન ધર્મ આદર્યો, ધન ધન તે નર નાર રે ॥વિર કિંકર એમ ઓચરે, દાનથી જય જયકાર રે ॥ મંદિર. ॥ ૧૯ ॥ ઇતિ. ॥

अथ श्री हरिकेशी मुनिनी सज्झाय.

સોવાંગ કુળમાં ઉપન્યા, હો મુનિવર ગુણ તણા ભંડાર ॥ સમતાધારી સાધુ જી, હો મુનિવર ॥ લીધો સંયમ ભાર ॥ ધન ધન ત-

પસી જી, હો મુનિવર ॥ હરિકેશી અણગાર ॥ ૧ ॥ એ આંકણી ॥ ઇંદ્રિ મન તપ આદર્યો, હો મુ૦ ॥ ધ્યાવે અરિહંત દેવ ॥ તિંદુક વૃક્ષ વાસી દેવતા, હો મુ૦ ॥ સારે નિત નિત સેવ ॥ ધન૦ ॥ હો મુ૦ ॥૨॥ માસખમણને પારણે, હો મુ૦ ॥ જગન પાડાને રે માંય ॥ મેલાં કચૂલાં લુગડાં, હો મુ૦ ॥ સમોસરયા ઋષિ ત્યાંય ॥ ધન૦ ॥ હો મુ૦ ॥ ૩ ॥ બ્રાહ્મણે દ્વેષે પાછા વાળિયા, હો મુ૦ ॥ જાઓ અનેરે ઠામ ॥ તુજ લાયક ભોજન નહી, હો મુ૦ ॥ આંહી દ્વીજનો કામ ॥ ધન૦॥ હો મુ૦ ॥ ૪ ॥ યક્ષ પ્રભાવે મુનિ બોલિયા, હો બ્રાહ્મણ મેં જીવ તણા રખવાળ ॥ તુજ અર્થે અન્ન નીપજે, હો બ્રા૦ ॥ મ્હારે ભિક્ષા તણો છે કાળ ॥ ધન૦॥ હો મુ૦ ॥ ૫ ॥ ઊંચ નિચ વરસે ભૂમિકા, હો બ્રા૦ ॥ જીહાં નીપજે ધાન ॥ ઊંચ નિચ સમ ગણે નહી, હો બ્રા૦ ॥ દાતાર દેવે દાન ॥ ધન૦ ॥ હો મુ૦ ॥૬॥ હેળે નિંદે સાધુને હો૦ બ્રા૦ ॥ ક્રોધી પેલે પાર ॥ કુશળરાયની દીકરી, હો બ્રા૦ ॥ બેઠી મહેલ મોઝાર ॥ ધન૦ ॥ હો મુ૦ ॥૭॥ જક્ષ પ્રભાવે મુજ પિતા, હો બ્રા૦ ॥ પરણાવી ઇણ સાથ ॥ મને કરી વંછી નહી, હો બ્રા૦ ॥ મત કરજો વિષવાદ ॥ ધન૦ ॥ હો મુ૦ ॥૮॥ ગિરિ મતિ ખણો નખ થકી, હો બ્રા૦ ॥ પગે મતિ ફરસો આગ ॥ લોહ જવ ખાયા દાંત ભાગશે, હો બ્રા૦ ॥ મતિ છેડો મહાભાગ ॥ ધન૦ ॥ હો મુ૦ ॥૯॥ સાધુ મારણને ઉઠીયા, હો બ્રા૦ ॥ જક્ષ કોપ્યો તેણિવાર ॥ મારી કુટી કીધા પાધરા, હો બ્રા૦ ॥ મુખ વહે રૂધિરની ધાર ॥ ધન૦ ॥ હો મુ૦ ॥૧૦॥ કીધાનાં ફળ પામીયા, હો બ્રા૦ ॥ જક્ષ પહોંચ્યો નિજ ઠામ ॥ બ્રાહ્મણ મળી સબ વીનવે, હો મુ૦ ॥ પર ઉપગારી સ્વામ ॥ધન॥ હો મુ૦॥૧૧॥ વિપ્ર કહે મુનિરાયને, હો મુ૦॥ જોડી દોનું હાથ॥ જગન આજ સફળ કરો, હો મુ૦॥ તરણ તારણ ઋષિ ઝાજ ॥ ધન૦॥ હો મુ૦ ॥ ૧૨ ॥ વળતા મુનિવર બોલિયા, હો બ્રા૦ ॥ મેં પાળું ષટકાય ॥ કીડી કુંજર સમ ગણું, હો બ્રા૦ ચાલું મારગ ન્યાય ॥ ધન૦ ॥ હો મુ૦ ॥ ૧૩ ॥ અવસર દેખી મુનિ વહોરિયો, હો મુ૦ ॥ તરણ તારણ જીહાજ ॥ પંચ દિવ્ય પ્રગટ હુવા, હો મુ૦ ॥ વાજે દેવદુંદભી નાદ ॥ ધન૦ ॥ હો મુ૦ ॥૧૪॥ બ્રાહ્મણને પ્રતિબોધીયા, હો મુ૦ ટાળી આતમ દોષ ॥ સબળદાસજી ઇમ વીનવે, હો મુ૦ ॥ જાઇ બિરાજ્યા મોક્ષ ॥ ધન. ॥ હો મુ. ॥ ૧૫ ॥ ઇતિ ॥

अथ श्री चित्त अने ब्रह्मदत्तनी सज्झाय.

ચિત્ત કહે બ્રહ્મરાયને, કહ્યુ દિલમાં આણોજી ॥ પુરવ ભવની પ્રીતડી, તે તો મુજથી મ તોડો હો ॥ બંધવ બોલ માનો હો ॥ કતિયારીનો સૂત્ર જશું, ત્રટેલ્યું જોડે હો ॥ બં૦ એ આંકણી ॥૧॥ દેશ દર્શાણનો રાજીયો, ભવે પહેલે દાસો જી ॥ બીજે ભવ કાળિંજરે, આપણ મૃગ વનવાસો હો ॥ બં૦ ॥૨॥ ત્રીજે ભવગંગા નદી, આપણ બેહુ હંસ હુતા જી ॥ ચોથે ભવ ચંડાળને, ઘેર જનમ્યા પૂતા હો ॥ બં૦ ॥ ૩ ॥ ચિત્ત સંભુતિ બેહુ જણા, સબહી ગુણ પુરા જી ॥ જગ સહુ તિહાં મોહિ રહ્યું, ધરણીધર સુરા હો ॥ બં૦ ॥ ૪ ॥ વિપ્રો અણખ કરે ઘણી, રાજાને ભરમાવે જી ॥ દેશવટો તિહાંથી દિયો, ગયા મરવાને ભાવે હો ॥ બં૦ ॥ ૫ ॥ પર્વત ઉપર મુનિ મળ્યા, પગે લાગ્યા ધાઈ જી ॥ અકામ મરણ મુનિ ભાંખીયો, ધર્મદેશના સુણાઈ હો બં૦ ॥ ૬ ॥ ધર્મ સુણી ઘર છોડીયો, આપણે બેહુ સંયમ લીધો હો ॥ નીયાણો તેં આદર્યો, કર્મ ભૂંડો તેં કીધો હો ॥ બં૦ ॥ ૭ ॥ નારી રત્નને નિરખતાં, તપનો ફળ હાર્યો જી ॥ મેં તુને વાર્યો ઘણો, તેં કાંઇ ન વિચાર્યો હો ॥ બં૦ ॥ ૮ ॥ પાકયો ક્ષેત્ર જ્યું વેચાયો, શીરા મણ સાટે જી ॥ ખેતારિની પરે ઝુરશો, કહું છું તે માટે હો ॥ બં૦ ॥ ૯ ॥ પદ્મગુલ્મ વિમાનમાં, ભવ પાંચમો કીધો જી ॥ તિહાંથી ચવિને ઉપન્યો, કંપિલપુર પ્રસિધ્ધે હો ॥ બં૦ ॥ ૧૦ ॥ ચક્રવર્તી પદવી તેં લહી, સબ હી અહંકાર જી ॥ કીધાનાં ફળ પામીયો, ત્હારી કરણી સારી હો ॥ બં૦ ॥ ૧૧ ॥ પુરિમંતાળે હું ઉપન્યો, શ્રાવક હી આચારીજી ॥ સંયમ મારગ આદર્યો, મેં નારી નિવારી હો ॥ બં. ॥ ૧૨ ॥ મેં પણ ઋદ્ધિ લીધી, બહુ વિધ પ્રકારે જી ॥ શુભ માનવ ભવ પામીને, કોણ મૂરખ હારે હો ॥ બં૦ ॥ ૧૩ ॥ ઇણ સંસારમાં રાચીયા, વિષયા રસનાં ભુલે જી ॥ તારણ નાવ તણી પરે, ધર્મ કોઇ ન તોલે હો ॥ બં૦ ॥ ૧૪ ॥ ચિત્ત કહે બ્રહ્મરાયને, કહ્યુ દિલમાં આણોજી ॥ આ અવસર છે દોહિલો, ધર્મ મારગ જાણો હો ॥ બં૦ ॥૧૫॥ નિયાણું કરી સુખ લહ્યાં, માનવ ભવ કેરાં જી ॥ ઇણ કારણથી જાણજે, ત્હારા નરકમાં ડેરા હો ॥ બં૦ ॥૧૬॥ છઠ્ઠે ભવે જૂજૂ આ, આપણ બે ભાઈ જી ॥ હવે મળવું છે દોહલું, જિમ પર્વત રાઇ હો॥ બં૦ ॥૧૭॥ સાધુ કહે સુણો રાય જી, અબ આ ઋદ્ધિ ત્યાગો જી ॥

આ અવસર છે પરવડો, સંયમ મારગ લાધો હો ॥ બં૦ ॥૧૮॥ રાય કહે સુણો સાધુજી, કછુ અવર બતાવો જી॥ આ ઋદ્ધિ તો છૂટે નહિ, મુજ હોવે પસ્તાવો હો ॥ બં૦ ॥૧૯॥ ચિત્ત કહે બ્રહ્મરાયને, ત્હારી, ભવ સ્થિતિ નાઇ જી ॥ મ્હારા વાર્યા નહિ વળો, ત્હારાં કર્મ સખાઇ હો ॥બં૦॥૨૦॥ ચિત્તે વચન કહ્યાં ઘણાં, નિજ મનને રાગેજી ॥ ભારે કરમી જીવડો, કહો કિણિ પરે જાગે હો ॥ બં૦ ॥ ૨૧ ॥ ચિત્ત મુનિ તિહાંથી વળ્યા, કઠિણ કર્મને ધોતા જી ॥ જ્ઞાન લહી મુગતેં ગયા, ચક્રી સાતમી પહોત્યા હો ॥ બં૦ ॥૨૨॥ મન વચ કાયાએ કરી, જે કોઈ જિન ધર્મ કરશે જી ॥ ટાળી કર્મ પરંપરા, તે શિવપુરિ વરશે હો ॥ બં૦ ॥ ૨૩ ॥ ઉત્તરાધ્યયનને તેરમે, એહ અરથ વખાણ્યા જી ॥ રૂપ મુનિ સુપસાયથી, જેઠમલ્લજીએ જાણ્યા હો ॥ બં૦ ॥ ૨૪ ॥

अथ श्री जीवदयानी सज्झाय.

(કપૂર હોય અતિ ઉજળોરે. એ દેશી.)

ચતુર નર, જીવ દયા ધર્મ સાર ॥ જેથી પામીએ ભવનો પાર ॥ ચ૦ ॥ જીવ દયા ધર્મ સાર ॥ ૧ ॥ એ આંકણી ॥ ગજભવે સસલો ઉગારીયો રે, કરૂણા આણી અપાર ॥ શ્રેણિકને ઘેર ઉપન્યોરે, અંગજ મેઘ કુમાર ॥ચ૦॥જીવ૦॥૨॥ વીર વાંદી વાણી સુણી રે, લીધો સંયમ ભાર ॥ વિજય વિમાને ઊપન્યો રે, સિધશે મહાવિદેહ મઝાર ॥ચ૦॥ જીવ૦ ॥ ૩ ॥ નેમિ પ્રભુ ગયા પરણવા રે, સુણિ પશુડાંનો પોકાર ॥ પશુડાંની કરૂણા ઉપની રે, તજ્યા રાજીમતી નાર ॥ચ૦॥ જીવ૦॥ ॥૪॥ શરણે પારેવો ઉગારીયો રે, જુઓને મેઘરથ રાય ॥ શાંતિનાથ ચક્રી થયા રે, દયા તણે સુપસાય ॥ ચ૦ ॥ જીવ૦ ॥ ૫ ॥ માસ ખમણને પારણે રે, ધર્મરૂચી અણગાર ॥ કીડિયોની કરૂણા ઉપની રે, કીધો કડવા તુંબાનો આહાર ॥ ચ૦ ॥ જીવ૦ ॥ ૬ ॥ સર્વાર્થ સિદ્ધમાં ઉપન્યા રે, સિધ્યા વિદેહ મોઝાર ॥ ધર્મઘોષના શિષ થયારે, રૂડી દયા તણા એ પસાય ॥ ચ૦ ॥ જીવ૦ ॥૭॥ અર્જુનમાળી જાણજો રે, લીધો સંયમ ભાર ॥ કર્મ છ માસે ક્ષય કરી રે, પહોત્યા મુગતિ મઝાર ॥ ચ૦ ॥ જી૦ ॥૮॥ દેવકીનંદન સોહામણા રે, નામે તે ગજસુકુમાળ ખિખ ખિખતી સઘડી સહીરે, આણી દયારે અપાર ॥ચ૦॥જીવ૦॥૯॥ એ ધર્મ છે સુરતરૂ સમો રે, જેહની શીતળ છાંય ॥ સેવક જન નિત

સેવજો રે, એહ છે સુગતિનો દાય ॥ ચ૦ ॥ જીવ૦ ॥ ૧૦ ॥ ઈતિ. ॥

अथ श्री बारव्रतना छप्पा.

જીવદયા નિત્ય પાળિએ, વ્રત પહેલું કહીએ ॥ સૂક્ષ્મ બાદર જીવને, અભયદાનજ દઇએ ॥ સાધારણ પ્રત્યેકમાં બહુ પાપ જાણો, અનંતકાયને ઓળખી, દયા મન આણો॥ છકાયની રક્ષા કરો,સર્વ કુટુંબ જાણો આપણું ॥ પ્રકાશસિંહ વાણિ વદે, તો ખરૂં તુજ ડાહ્યાપણું॥૧॥

મૃષાવાદ નવિ બોલિયે, વ્રત બીજું કહીએ ॥ ભરવી કૂડી સાખ, તેથી અળગા રહીએ ॥ પંચમાં પૂછે વાત, ત્યાં નવિ બોલિયે ખોટું ॥ આ ભવ પામે માન, પરભવ સુખજ મ્હોટું ॥ એહવું જાણી પ્રાણિયા, મૃષાવાદ નવિ ભાંખીએ ॥ પ્રકાશસિંહ વાણી વદે, તો જિભા જતન કરી રાખીએ ॥ ૨ ॥

અદત્તાદાન ન લીજીએ, ચોરી નવિ કીજે ॥ વસ્તુ પરાઈ હાથ જડે તો, પાછી દીજે ॥ કૂડાં તોલા ત્રાજુઆં, વળી માપજ મ્હોટું॥ મીઠું બોલે મુખ થકી, પણ ચાલે ખોટું ॥ એહવી માયા કેળવી, મલકાણો મનમાં ઘણું ॥ પ્રકાશસિંહ વાણી વદે, કે રાજ્ય નથી બાદ પોપાતણું ॥ ૩ ॥

પરનારીનો સંગ નિવારો, તમે ઉત્તમ પ્રાણી ॥ શિયળ પાળો નિર્મળુ, આતમ હિત જાણી ॥ પરનારીના સંગ થકી, તમે નિર્ધન થાશો ॥ આ ભવ દંડે રાજ્ય, પરભવ નરકે જાશો ॥ એહવું જાણી પ્રાણિયા, શિયળ વ્રત સોહામણો ॥ પ્રકાશસિંહ વાણી વદે, કે મહિમા વ્રત ચોથાતણો ॥ ૪ ॥

સોનું રૂપું ધન માલ, તૂં તો પામ્યો કોડી ॥ કુડ કપટ છળભેદ કરી, તેં માયા જોડી ॥ આશા તૃષ્ણા નવિ મટે, મન વાજે ભેરી ॥ તૃપ્તિ ન પામ્યો આતમા, મન હોંશ ઘણેરી ॥ અંત સમય મુકી કરી, એકલડા જાવું સહી ॥ પ્રકાશસિંહ વાણી વદે, કે મનની મમતા મનમાં રહી ॥ ૫ ॥

ઊંચિ નિચી જળ થળવાટની, તું જયણા કરજે ॥ છઠ્ઠા વ્રતની વાત, ત્હારે હૈડે ધરજે ॥ અધિકી રાવઈ એહની, તું ટાળે પ્રાણી ॥ તો સુખ પામીશ શાશ્વતાં, ઈમ બોલ્યા નાણી ॥ એહવું જાણી પ્રાણિયા, રાવઈ (ટાળ) દેશ પરદેશની ॥ પ્રકાશસિંહ વાણી વદે, તો તું

ગળ ભાગે કષ્ટની ॥ ૬ ॥

સાત વ્યસન નવિ સેવિયે, નવિ પીજે તાડી ॥ છવ્વીશ બોલની ધારણા, તું ધરજે દહાડી ॥ પાપ તણો વ્યાપાર પ્રાણી, તું પરિહરજે ॥ ધન ધાન્ય કુવિય જાતની, મર્યાદા કરજે ॥ સંખ્યા દુપદ ચોપદ તણી, દઢ રાખે ત્હારો આતમા ॥ પ્રકાશસિંહ વાણી વદે કે, એ વ્રત પાળો સાતમા ॥ ૭ ॥

વશ રાખજે ત્હારી જીભડી, અનર્થા દંડે ॥ કાજ ન સીઝે આપણું, તું શિદને મંડે ॥ જેથી લાગે પાપ, તેથી અળગો રહેજે ॥ ધર્મ ધ્યાનની વાતમાં, તું વળગ્યો રહેજે ॥ પોતાથી પળતું નથી, ને પારકું તું કયાં લહે॥ પ્રકાશસિંહ વાણી વદે, કે ત્હારાં કર્યાં તું સહે ॥૮॥

નિત્ય સામાયિક કીજિયે, સુણ ઉત્તમ પ્રાણી ॥ લાભ ઘણો છે એહમાં, ઇમ બોલ્યાં નાણી ॥ મેરૂ કંચનથી અધિક, કોઇ દાનજ આપે ॥ તોલ ન આવે તેહને, ઇમ જિનવર થાપે ॥ એહવું જાણી પ્રાણિયા, નિત્ય સામાયિક કીજીએ ॥ પ્રકાશસિંહ વાણી વદે, તો મુગતિ તણાં સુખ લીજીએ ॥ ૯ ॥

વહેલો ઉઠી આતમા, તું ધ્યાનજ ધરજે ॥ દશમા વ્રતની વાર્તા, તું હૈડે ધરજે ॥ ઘણા દ્રવ્ય નવિ ધારિએ, ગૃદ્ધિ નવિ થઇએ ॥સાધુ સાધ્વિને વાંદવા, દિન પ્રત્ય જઇએ ॥ એહવું જાણી પ્રાણિયા, ઘણા દ્રવ્ય નવિ ધારિયે॥ પ્રકાશસિંહ વાણી વદે, કે ઇંદ્રિનો રસ ગાળિએ॥૧૦॥

પૌષધ કીજે ભાવશું, આતમ વશ રાખી ॥ જિમ કીધા દશ શ્રાવકે,સુત્રની સાખી ॥ જતના કરજે જીવની, સુક્ષમને બાદર ॥ ધ્યાન ધરો નવકારનું, એવું વ્રત આદર ॥ ક્રોધ માન માયા તજી, સમતાનો રસ પીજિયે ॥ પ્રકાશસિંહ વાણી વદે, કે એહવા પૌષધ કીજિયે॥

હવે કહું વ્રત બારમું, સુણ ઉત્તમ પ્રાણી ॥ જમવા વેળા આતમા, ચિંતવના આણી ॥ જો આવે મુનિરાજ, પંચ મહાવ્રત ધારી ॥ દોષ રહિત દેઉ દાન, હૈડે હર્ષ વધારી ॥ દ્વાદશ વ્રત શ્રાવક તણાં, શુદ્ધ સમકિતથી પાળશે ॥ પ્રકાશસિંહ વાણી વદે, તે મુગતિનાં સુખ મ્હાલશે ॥ ૧૨ ॥

સંવત અઢાર પંચોતરાની શૂકલ પક્ષે॥ માસ અષાઢો શોભતો, આઠમને દિવસે ॥ સઝાય કીધી સોભતી, ગામ ગોંડળ વાસે ॥ સેવક વિનવે ભાવશું, મન હર્ષ ઉલાસે ॥ એહ બારવ્રત શ્રાવક તણાં, શુધ સમકિતથી પાળશે ॥ ઉત્કૃષ્ટા પંદરે ભવે, મુગતિપુરીમાં મ્હાલશે ॥૧૩॥

અથ શ્રી ધર્મરુચિ અણગારની સજ્ઝાય.

સુણી શીખ સુગુરુ તણી, હો મુનિવર ॥ ચાલ્યા પરઠણ કાજ ॥ ગયવરની પેઠે મલપંતા હો મુ૦ ॥ તરણ તારણ ઋષિ રાજ ॥ ધન ધન તપસી જી, હો મુનિવર ધર્મરુચિ અણગાર ॥૧॥ એ આંકણી ॥ ઇંટ નિભાડે જાઇને, હો મુ૦ ॥ ટપકો પાડયો જામ ॥ વાસ થકી આવી કીડિયો, હો મુ૦ ॥ મરણ પામી તિણ ઠામ ॥ ધન૦ ॥ હો મુ૦ ॥૨॥ મુનિવર મનમેં ચિંતવે, હો મુ૦ ॥ કીધો ખોટો કામ ॥ કીડિયોની દયા વશે, હો મુ૦ ॥ મરણ લિયો તિણ ઠામ ॥ ધન૦ ॥ હો મુ૦ ॥૩॥ સઘળો આહાર પરઠવ્યા થકી, હો મુ૦ ॥ અનરથ હોશે અપાર ॥ નિરવદ્ય કોઠો આહરો, હો મુ૦॥ એસો નહિ કોઇ ઠાર ॥ ધન૦ ॥ હો મુ૦ ॥૪॥ ઘોળી ઘોળી ને તુંબડો, હો મુ૦ ॥ પીધો આપ શરીર ॥ દયા ભાવ દિલમાં વશો, હો મુ૦ ॥ છકાય જીવના પીર ॥ ધન૦ ॥ હો મુ૦ ॥ ૫ ॥ થોડી વાર હુવા પછે, હો મુ૦ ॥ વેદન હુઈ અપાર ॥ નાકે સર ઘાલ્યો નહી, હો મુ૦॥ તરણ તારણ સુખકાર ॥ ધન૦ ॥ હો મુ૦ ॥૬॥ પૃથ્વી સામું જોઇને, હો મુ૦ ॥ ક્ષમાસાગર ગુણ ધીર ॥ બલિહારી ઇણ સાધુને હો મુ૦ ॥ ઝુઝયા કર્મ શૂર વીર ॥ધન૦॥ હો મુ૦ ॥૭॥ સંથારો શુધ મને કરી, હો મુ૦॥ કીધો તેણે ઠામ ॥ આયુષ પૂર્ણ કરી ગયા, હો મુ૦ ॥ સર્વાર્થ સિદ્ધ વિમાન ॥ ધન૦ ॥ હો૦ મુ૦ ॥ ૮ ॥ તેત્રિશસાગરના આઉખે, હો મુ૦ ચ્યવિને મુગતિસિધાય ॥ ઋષિ ચોથમલજી ઇમ ભણે, હો મુ૦ ॥ નિત્ય પ્રણમી જોય ॥ ધન૦ ॥ હો૦ ॥૯॥

અથ શ્રી ભરત બાહુબલીનું ઢીઢાલિયું.

સ્વસ્ત શ્રી વરવા ભણી, પ્રણમી ઋષભ જિણંદ ॥ ગાશું તસ સુત અતિબળી, બાહુબળિ મુનિ ચંદ ॥ ૧ ॥ ભરતે સાઠ સહસ વરસ, સાધ્યા ષટ ખંડ દેશ ॥ અતિ ઉચ્છવ આણંદશું, વનિતા કીધ પ્રવેશ ॥ ૨ ॥ ચક્રરત્ન આવે નહી, આયુધશાળા માંહ ॥ મંત્રીશ્વર ભરતને તદા, કહે સાંભળ તું નાહ ॥૩॥ સ્વામી તેં નિજ ભુજ બળે, વશ કીધા ષટ ખંડ ॥ પણ બાહુબળિ ભ્રાતનો, નવિ દીઠો ભુજ દંડ ॥ ૪॥ સુર નર માંહે કો નહી, તસ જીપણ સમરત્થ ॥ તો પ્રભુ તુમ બળ જાણશું, જો સહેશો તુજ હત્થ ॥ ૫॥ સુણતાં

મંત્રી વયણ ઇમ, ચક્રી હુવો સતેગ॥ બાહુબળિ ભણી મોકલ્યો, નામે દુત સુવેગ ॥૬॥ ભટ રથ હયવર ઠાઠશું, દુતે કીધ પ્રયાણ ॥ શુકન હુવા બહુ વંકડા, પિણ સ્વામિની આણ ॥૭॥ ધરા ઓલંધી અતિ ઘણી, આવ્યો બહોળી દેશ ॥ જિહાં કોઈ બાહુબળિ વિના, જાણે નહી નરેશ ॥૮॥ તક્ષશિલા નગરી જિહાં, બાહુબળિ ભૂમિંદ॥ દુત સુવેગ જઈ તિહાં, પ્રણમ્યો પય અરવિંદ ॥૯॥ બાહુબળિ પુછે કુશળ, ભરતતણો પરિવાર ॥ ચતુરાઈ શું દુત તવ, બોલે બોલ વિચાર ॥૧૦॥ આસન અર્ધું બેસવા, આપે સુરપતિ જાસ ॥ લક્ષ જક્ષ સેવા કરે, જગત કરે જસ આશ ॥ ૧૧ ॥ હેલે જીત્યા ખંડ ખટ, બેદ ન હુતો કોય ॥ ઋષભદેવ સાન્નિધ્ય કરે, તસ કિમ કુશળ ન હોય ॥૧૨॥ પણ પ્રભુ તુમ આવ્યા વિના, માને સકળ નિરત્થ ॥ કામ નહી હવે ઢીલનું, સેવો પ્રભુ સમરત્થ ॥૧૩॥ નહિ તો જો તે કોપશે, કોઈ ન રહેશે તીર ॥ તસ ભુજ દંડ પ્રહાર એક, સહેસે તુજ શરીર ॥૧૪॥ એ સેના વળી એ ઋદ્ધિ, તિહાં લગે જાણો સર્વ ॥ જિહાં લગે એ કોપ્યો નહી, મૂકો તે ભણી ગર્વ ॥ ૧૫ ॥

॥ ઢાલ ૧ લી.

(રાગ બંગાળી.)

જારે શું તુજ મારૂ દૂત, બાહુબળિ બોલે થઇ ભૂત ॥ રાજા નહી નમે ॥ કોપે ચઢયો હું ત્હારો રે નાંહિ, એક મુઠિયે ધરૂ ધરતી માંહિ ॥ રાજા૦ ॥૧॥ એ આંકણી ॥ હુંતો જાણતો તાત જી જેમ, બાઇપણાનો હવે જાણ્યો પ્રેમ ॥રાજા૦॥ એહજ માહરો કહેજે ગૂજ, જો બળ હોય તો કરજે ઝુજ ॥ રાજા૦ ॥૨॥ દેઇ ચપેટા કાડયો દૂત, વિલખો થઈ વનિતાયે પહુંત ॥રાજા૦॥ સંભળાવ્યો સઘળો વિરતાંત, કોપ્યો ભરતપતિ જેમ કૃતાંત ॥ રાજા૦ ॥ ૩ ॥ રણભંભા વજડાવી જામ, સેનાસજ હુઇ સઘળી તામ ॥ રાજા૦ ॥ ક્રોડ સવાનિજ પુત્ર સકજ્જ, રણના રસિયા હુવા સજ્જ ॥ રાજા૦ ॥ ૪ ॥ લાખ ચોરાશી વર ગજરાજ, ઘોડા લાખ ચોરાશી સાજ ॥ રાજા૦ ॥ લાખ ચોરાશી રથ વાળ જાણ, લાખચોરાશી ધૂરે નિશાણ ॥ રાજા૦ ॥૫॥ પાયક છન્નુ ક્રોડિ ગુઝાર, વિદ્યાધર કિન્નર નહી પાર ॥રાજા૦॥ એમ સુભટની કોડા કોડ, રણ રસે બાંધી હોડા હોડ ॥રાજા૦॥૬॥ પૃથ્વી કંપી સેનાને પૂર, રજશું છાયો અંબર સુર ॥ રાજા૦ ॥ સોળ લાખ

વાજે રણતુર, ચક્રી ચાલ્યો સેનાને પૂર ॥રાજા૦॥૭॥ પહોત્યો બહોળી દેશની શીમ, સુણી બાહુબળી થયો અતિ ભીમ ॥ રાજા૦ ॥ ત્રણ લાખ બાહુબળિના રે પૂત, ક્રોધે ચઢયા જેણે જમના રે દૂત ॥રાજા૦ ॥૮॥ સેના સમુદ્ર તણે અનુહાર, કહેતાં કિમહી ન આવે પાર ॥રા-જા૦॥ ચક્રીશ્વરની સેના સર્વ, તૃણ જેમ ગણાતો મ્હોટો ગર્વ ॥રાજા૦ ॥૯॥ પહેરી કવચ અસવારી કીધ, બાહુબળિ રણ ડંકા દીધ ॥રાજા૦॥ ભરતે પહેર્યો વજ્રસનાહ, ગજ રતને ચઢયો અધિક ઉચ્છાહ ॥રાજા૦ ॥૧૦॥ બેહુ સામા આવ્યાં સેન, કંપ્યા ગગને પૃથ્વી જેણ ॥રાજા૦॥ ઘોડે ઘોડા ગજે ગજરાજ, પાળે પાળા અડે રણ કાજ ॥રાજા૦॥૧૧॥ ઝળકે ભાલા ભીમ ખડગ્ગ, તીરે છાયો ગગનનો મગ્ગ ॥ રાજા૦ ॥ શુર સુભટ લડે છે તેમ, નાંખે ઉલાળી ગજ કાંકરી જેમ ॥ રાજા૦ ॥૧૨॥ રૂધિર નદીયો વહે ઠામો ઠામ, બાર વરસ એમ કીધો સંગ્રામ ॥રાજા૦॥ બેહુમાં કોઇ ન હારયા જામ, ચમર સુધર્મેંદ્ર આવ્યા તમામ ॥રાજા૦॥૧૩॥ તાતજી સૃષ્ટિ કરી છે એહ, કાંઇ પમાડો તેહનો છેહ ॥રાજા૦॥ ભાઇ હોય અહો રણ ભાર, જેમ ન હોય જનનો સંહાર ॥રાજા૦॥૧૪॥ માન્યું વચન બે ભાઇએ જામ, દેવે થાપ્યાં ત્યાં પાંચ સંગ્રામ ॥રાજા૦॥ દૃષ્ટિ વચન બાહુ મૂઠી ને દંડ, બેહુ ભાઇ કરે યુદ્ધ પ્રચંડ ॥રાજા૦॥૧૫॥

(દોહા.)

અનિમિષ નયણે જોવતાં, ઘડી એક થઇ જામ ॥ ચક્રીને નયણે તુરત, આવ્યાં આંસુ તામ ॥૧॥ સિંહનાદ ભરતે કિયો, જાણે ફુટયો બ્રહ્માંડ ॥૨॥ ખેડા નાદ બાહુબળે, તે ઢાંકયો અતિ ચંડ ॥ ભરતે બાહુ પસારિયો, તે વાળ્યો જિમ કંબ ॥ વાનર જિમ હીંચે ભરત, બાહુબળિ ભુજ લંબ ॥૩॥ ભરતે મારી મુષ્ટિકા, બાહુબળિ શિર માંય ॥ જાનુ લગેં બાહુબળી, ધરતી માંહે જાય ॥૪॥ ગગન ઉછા-ળી બાહુબળે, મૂકી એહવી મૂઠ ॥ પેઠો ભરતેશ્વર તુરત, ધરતી માં-હે આકંઠ ॥૫॥ ભરત દંડે બાહુતણો, ચૂર્યો મુગટ સનુર ॥ ભરત તણો બાહુબળે, કિયો કવચ ચકચુર ॥ ૬ ॥ બોલ્યા સાખી દેવતા, હાર્યો ભરત નરેશ ॥ બાહુબળિ ઉપર થઇ, ફુલ વૃષ્ટિ સુવિશેષ ॥૭॥ ચક્રી અતિ વિલખો થયો, વાચા ચૂકયો તામ ॥ બાહુબળિ ભા-ઈ ભણી, મૂકયું ચક્ર ઉદ્દામ ॥ ૮ ॥ ઘરમાં ચક્ર ફરે નહી, કરી પ્રદ-ક્ષિણા તાસ ॥ તેજે ઝળહળતું થકું, આવ્યું ચક્રી પાસ ॥ ૯ ॥ બા-

હુબળિ કોપે ચઢયો, જાણે કરૂં ચકચુર ॥ મૂઠી ઉપાડી મારવા, તવ ઉગ્યો દયા અંકૂર ॥ ૧૦ ॥ તામ વિચારે ચિત્તમેં, કિમ કરી મારૂં ભ્રાત ॥ મૂઠી પણ કિમ સંહરૂ, આવી બની દોઇ વાત ॥ ॥૧૧॥ હસ્તી દંત જે નીકળ્યા, તે કિમ પાછા જાય ॥ ઇમ જાણી નિજ કેશનો, લોચ કરે નર રાય ॥ ૧૨ ॥

॥ ઢાલ ૨ જી.

(જિન વચને વૈરાગિયો હો ધન્ના. એ દેશી.)

તવ ભરતેશ્વર વીનવે રે ભાઇ, ખમો ખમો મુજ અપરાધ ॥ હું ઓછા ને ઉછાંછળો રે ભાઇ, તું છે અતિહે અગાધ રે ॥ બાહુબળિ ભાઈ, ચું કયું કીજે બે ॥૧॥ એ આંકણી ॥ તું મુજ શિરનો શેહરો રે ભાઈ, હું તુજ પગની રે ખેહ ॥ એ સવિ રાજ્ય છે તાહરૂં રે ભાઇ, મન માને તસ દેય રે ॥ બાહુ૦ ॥ ચું ॥ ૨ ॥ હું અપરાધી પાપીયો રે ભાઇ, કીધાં અનેક અકાજ ॥ લોભ વશે મૂકાવિયા રે ભાઇ, ભાઇ અઠાણુંનાં રાજ રે ॥ બાહુ૦ ॥ ચું૦ ॥ ૩ ॥ એક બંધવ તું માહરે રે ભાઈ, તે પણ આદરે એમ ॥ તો હું અપજશ આગળો રે ભાઇ, રહેશું જગમાં કેમ રે ॥ બાહુ૦ ॥ ચું ॥ ૪ ॥ ક્રોડ વાર કહું તુજને રે ભાઈ, તાતજી ઋષભની આણ ॥ એક વાર હસી બોલને રે ભાઇ, કર મુજ જન્મ પ્રમાણ રે ॥ બાહુ૦ ॥ ચું૦ ॥ ૫ ॥ ગુનોહ ઘણો છે માહરો રે ભાઇ, બક્ષીશ કરીય પસાય ॥ રાખો રખે દૂભણ કિશી રે ભાઈ, લળિ લળિ લાગુ છું પાયરે ॥ બાહુ૦॥ ચું૦ ॥૬॥ ચક્રીને નયણે ઝરે રે ભાઇ, આંસુડા કેરી ધાર ॥ તે દુઃખ જાણે તે ઉરે રે ભાઇ, કે જાણે કીરતાર રે ॥ બાહુ૦ ॥ ચું૦ ॥૭॥ નિજ વૈરી વનિતા ભણી રે ભાઈ, જાતાં ન વહે પાય ॥ હા ! મૂરખ મેં શું કિધું રે ભાઇ, ઇમ ઊભો પસ્તાય રે॥ બાહુ૦ ॥ચું૦॥૮॥ વિવિધ વચન ભરતેશનાં રે ભાઇ, સુણિ નવિ રાચ્યા તેહ ॥ લીધું વ્રત તે કયું ફિરે રે ભાઇ, જિમ હાથેળીમાં રેહ રે ॥ બાહુ૦ ॥ ચું૦ ॥૯॥ કેવળ લહી મુગતેં ગયા રે ભાઇ, બાહુબળી અણગાર ॥ પ્રાત સમય નિત્ય પ્રણમીએ રે ભાઈ, જિમ હોય જય જયકાર રે ॥ બાહુ૦ ॥ ચું૦ ॥ ૧૦ ॥ કળશ ॥ શ્રી ઋષભજિન સુપસાય ઇણિ પરે, સંવત સત્તર એકોતરે ॥ ભાદ્રવા શુદિ પડવાતણે દિન, રવીવાર ઉલટ ભરે ॥ વિમળવિજય ઉપઝાય સદગુરૂ, શીશ તસ શ્રી શુભવરે ॥

બાહુબળિ મુનિરાજ ગાતાં, રામવિજય જયશ્રી વરે ॥ ૧૧ ॥ ઇતિ.

अथ श्री गौतमष्टवा.

પ્ર૦—શ્રી ગૌતમસ્વામી પૂછા કરે, કહોને સ્વામી વર્દ્ધમાન જી ॥ કેણે કર્મે નિરધન નિરવંશી, કેણે કર્મે નિર્ફળ હોય ॥ કહોને સ્વામી વર્દ્ધમાન જી ॥ ૧ ॥

ઉ૦—પરધન ભાગે ને પર દમે, તેણે કર્મે નિરધન હોય ॥ હો વચ્છ ગોયમા સાંભળો ॥ ૨ ॥ થાપણ મોસો રે જે કરે, તેણે કર્મે નિરવંશી હોય ॥ હો વચ્છ ॥ ૩ ॥ ઘાત ઘાલે ગર્ભાવાસની, તેણે કર્મે નિષ્ફળ હોય ॥ હો વચ્છ૦ ॥ ૪ ॥

પ્ર૦—કેણે કર્મે વેશ્યા ને વીધવા, કેણે કર્મે નપુંસક હોય ॥ કહોને સ્વામી૦ ॥ ૫ ॥

ઉ૦—દુગંછા કરે જિન ધર્મની, તેણે કર્મે વેશ્યાજ હોય ॥ હો વચ્છ૦ ॥૬॥ શિયળ ખંડીને ભોગ ભોગવ્યા, તેણે કર્મે વીધવા હોય ॥ હો વચ્છ૦ ॥૭॥ વેશ્યાનો સંગ જ જે કરે, તેણે કર્મે નપુંસક હોય ॥ હો વચ્છ૦ ॥ ૮ ॥

પ્ર૦—કેણે કર્મે ગર્ભથી ગળી જાવે, કેણે કર્મે પિઠી ભર્યા જાય ॥ કહોને સ્વામી૦ ॥ ૯ ॥

ઉ૦—વાડી વેડાવે કુણા મોગરા, તેણે કર્મે ગરભથી જાય ॥ હો વચ્છ૦ ॥૧૦॥ ફૂલ વિંધાવી કર્મ બાંધિયાં, તેણે કર્મે પિઠી ભર્યા જાય ॥ હો વચ્છ૦ ॥ ૧૧ ॥

પ્ર૦—કેણે કર્મે ઠૂંઠાં ને પાંગળાં, કેણે કર્મે જાતિ અંધ હોય ॥ કહોને સ્વામી૦ ॥ ૧૨ ॥

ઉ૦—જે જીવ કરે રે ચોરંગમાં, તેણે કર્મે પાંગળા હોય ॥ હો વચ્છ૦ ॥ ૧૩ ॥ આંખો કાઢે રે પર જીવની, તેણે કર્મે જાતિ અંધ હોય ॥ હો વચ્છ૦ ॥ ૧૪ ॥

પ્ર૦—કેણે કર્મે શોક્ય જ ઉપજે, કેણે કર્મે કલંક ચઢંત ॥ કહો ને સ્વામી૦ ॥૧૫॥

ઉ૦—વેરો ને વંધો રે જે કરે; તેણે કર્મે શોક્ય ઉપજંત ॥ હો વચ્છ૦ ॥ ૧૬ ॥ લાખ ભરીને કર્મ બાંધીયાં, તેણે કર્મે કલંક ચઢંત॥ હો વચ્છ૦ ॥૧૭ ॥

પ્ર૦—કેણે કર્મે વિષધર ઉપજે, કેણે કર્મે જશ હીણ હોય ॥ કહોને સ્વામી૦ ॥ ૧૮ ॥

ઉ૦—રીસ ભર્યા મરે રે અણબોલડે, તેણે કર્મે વિષધર હોય ॥ હો વચ્છ૦ ॥ ૧૯ ॥ જે જીવ રાગેરે વ્યાપિયો, તેણે કર્મે જશ હીણ હોય ॥ હો વચ્છ ॥ ૨૦ ॥

પ્ર૦—કેણે કર્મે જીવ નિગોદમાં, કેણે કર્મે તિર્યંચમાં જાય ॥ કહોને સ્વામી૦ ॥ ૨૧ ॥

ઉ૦—જે જીવ મોહેરે વ્યાપિયો, તેણે કર્મે નિગોદમાં જાય ॥ હો વચ્છ ॥ ૨૨ ॥ જે જીવ માયામાં વ્યાપિયો, તેણે કર્મે તિર્યંચમાં જાય ॥ હો વચ્છ ॥ ૨૩ ॥

પ્ર૦—કેણે કર્મે જીવ એકેંદરી, કેણે કર્મે પંચઇંદ્રિ હોય ॥ કહોને સ્વામી ॥ ૨૪ ॥

ઉ૦—પંચઇંદ્રિ વશ નવી કરી, તેણે કર્મે એકેંદ્રિ હોય ॥ હો વચ્છ૦ ॥ ૨૫ ॥ પંચ ઇંદ્રિ જેને વશ કરી, તેણે કર્મે પંચઇંદ્રિ હોય ॥ હો વચ્છ ॥ ૨૬ ॥

પ્ર૦—કેણે કર્મે જીવડો બહુ ભમે, કેણે કર્મે થોડેરો સંસાર ॥ કહોને સ્વામી૦ ॥ ૨૭ ॥

ઉ૦—જે જીવ મોહ મચ્છર કરે, તેણે કર્મે સંસાર ફરંત ॥ હો વચ્છ૦ ॥ ૨૮ ॥ જે જીવ વિનય ભગતિ કરે, તેણે કર્મે સંસાર તરંત ॥ હો વચ્છ૦ ॥ ૨૯ ॥

પ્ર૦—કેણે કર્મે જીવડો નીચ કુળે, કેણે કર્મે ઉંચ કુળે હોય ॥ કહોને સ્વામી૦ ॥ ૩૦ ॥

ઉ૦—દાન દીધાં રે અસૂઝતાં, તેણે કર્મે નીચ કુળે હોય ॥ હો વચ્છ ॥ ૩૧ ॥ દાન દીધાંરે સુપાત્રને, તેણે કર્મે ઉંચ કુળે હોય ॥ હો વચ્છ ॥ ૩૨ ॥

પ્ર૦—કેણે કર્મે જીવડો નરકમાં, કેણે કર્મે સ્વર્ગ વૈમાન ॥ કહોને સ્વામી૦ ॥ ૩૩ ॥

ઉ૦—જે જીવ લોભેરે વ્યાપિયો, તેણે કર્મે નરક મોઝાર ॥ હો વચ્છ ॥ ૩૪ ॥ દાન શીયળ તપ ભાવના, તેણે કર્મે સ્વર્ગ વૈમાન ॥ હો વચ્છ ॥ ૩૫ ॥

પ્ર૦—ગૌતમે કેવળ માગીયું, દ્યોને સ્વામી વર્દ્ધમાન ॥ દ્યોને સ્વામી વર્દ્ધમાનજી ॥ ૩૬ ॥

ઉ૦—એણે મોહે કેવળ ન પામીએ, મોહથી ન હોય નિરવાણ ॥ હો૦ વચ્છ ॥ ૩૭ ॥

ગૌતમ કેવળ પામીયા, મહાવીરસ્વામી પોહત્યા નિર્વાણ ॥ હો૦ વચ્છ ॥ ૩૮ ॥

अथ श्री मरुदेवीमातानुं चोढाळियुं.

ढाल १ ली.

(જોબનીયાનો લટકો રે દહાડા ચારનો. એ દેશી.)

માતાજી મરુદેવી રે ભરતને ઇમ કહે, ધન ધન પુત્ર મુજ કુળ તુજ અવતાર જો ॥ પણ દાદીનાં દુખડાં તેં નવિ જાણીયાં, કેઇ વિધ કરી તુજ આગળ કરૂં પોકારજો ॥ માતાજી મરુદેવી રે, ભરતને ઇમ કહે ॥ ૧ ॥ એ આંકણી ॥ જે દિનથી ઋષભજીએ દીક્ષા આદરી, તે દિનથી મુજ આ સઘળું ન ખમાય જો ॥ આંખલડી અલૂણી રે થઇ ઊજાગરે, રાત દિવસ મુજ નિદ્રા વિહુણા જાય જો ॥ માતા૦ ॥૨॥ તુજ સરિખો કાંઈ પુત્રજ માહરે લાડકો, તાતની ખબર ન લેતો દેશ પરદેશ જો ॥ અનેક સુખ વિલસે તુરંગ મહેલમાં, ઋષભજી તો વનમાં વિરુએ વેષ જો ॥ માતા૦ ॥ ૩ ॥ ખરા રે બપોરે ફરતો ગૌચરી, શિર ઉઘાડે પાય અણવાણે જાયજો ॥ અરસ નિરસ ઊનાં જળ મેલાં કપડાં, ઘર ઘર આંગણ ફરતો હીંડે સોય જો ॥ માતા૦ ॥૪॥ બાળલીલા મંદિરિયે રમતો આંગણે, યક્ષ વિદ્યાધર સોહમ ઇંદ્રને સંગ જો ॥ હું દેખી મનમાંહી હૈડે હીસતી, ચોસઠ ઇંદ્ર આવી કરતા ઉછંગ જો ॥ માતા૦ ॥૫॥ મ્હારાં રે સુખડાં તે સુત સાથે ગયાં, દુઃખનાં હૈડે ચઢી આવ્યાં છે પૂરજો ॥ પૂર્વની અંતરાય તે આજ આવી નડી, કેઇ વિધ કરીને ધીરજ રાખું ઊરજો ॥ માતા૦ ॥ ૬ ॥ પુરી અયોધ્યા કેરો સુત તું રાજીયો, રાજ ઋદ્ધિ મંદિર બહોળો પરિવાર જો ॥ રાજધાનીના સુખમાં વાત ન સાંભરે, રાત દિવસ રહેતો રંગમહેલ મોઝાર જો ॥ માતા૦ ॥૭॥ સહસ વરસે ઋષભજીને ફરતાં વહિ ગયાં, હજુ ખબર નહિ સંદેશો નવિ નામ જો ॥ એવું તે કઠણ રે હૈડું કેમ થયું, સુગુણ સુતનાં એહવાં નવિ હોય કામજો ॥ માતા૦ ॥૮॥ ખબર કઢાવો સુભટ બહુળા મોકલી, જૂઓ તાત તણી ગતિ શી શી હોય જો ॥ સેવકના સ્વામી રે એહવું કહાવજો, નિજ માતા દિન

દિન વાટલડી જોય જો ॥ માતા૦ ॥ ૯ ॥

ઢાલ ૨ જી.

(દેશી ઉપર પ્રમાણે,)

ઓલંભા એહિ વિધ સુણી દાદી તણા, ભરત લળી લળી બોલે મધુરી વાણજો ॥તુજ સુતની વાતો રે દાદી શી કહું, કેઇ વિધ કરી હું મુખથી કરૂં વખાણ જો ॥ઓલંભા એહિ વિધ સુણી દાદી તણા ॥૧॥ એ આંકણી ॥પંચ મહાવ્રત સુધાં તુજ સુતે આદર્યાં, ટાળ્યા મનના ક્રોધાદિક જે ચાર જો ॥વેર વિરોધ ઇંદ્રિ રે પાંચે વશ કરી, નવ વાડે શુદ્ધ પાળે છે બ્રહ્મચાર જો ॥ઓ૦॥૨॥ પંચ આચાર ને વળી પંચ સુમતી ગ્રહી, ત્રણ ગુપતિ આતમ વશ કીધો સોય જો ॥ સતાવીશ ગુણે રે કરીને શોભતા, નિર્દોષી અણગાર મુનીશ્વર હોય જો ॥ઓ૦ ॥૩॥ બારે ને મસવાડા તપપૂરો તપ્યા, સંચિત કર્મ કિયાં તે સઘળાં ચૂર જો ॥ મોહ માયાનાં દળ સઘળાં ચૂરણ કર્યાં, ચઢતે પ્રણામે વડિયાં જેર રણ શૂર જો ॥ઓ૦॥૪॥ સજન કુટુંબની તેહને મન ઇચ્છા નહી, રાજ ઋદ્ધિ સિદ્ધિ તસ સકળ અકામ જો ॥ અંતે તે અળગું એ સઘળું જાણિયું, તે છંડી જઇ વિચર્યા અનેરે ધામ જો ॥ઓ૦॥૫॥ ધન તે દેશ ને ધન તે નગર સોહામણું, ધન તેહની વન વાડી ધન શુભ ઠામ જો ॥ધન્ય ભૂમિ જિહાં પ્રભુજી પગ માંડતા, જેણે વાંદ્યા તેનાં સિદ્ધ હુઆં સવિ કામ જો ॥ ઓ૦॥૬ ॥ ઋદ્ધિ અનંતી આગળ તુમ સુત પામશે, શાશ્વતાં સુખ મુગતિ કેરાં જોય જો॥ થોડા રે દહાડામાં દાદી જાણજો, કેવળ મહોચ્છવ તુમ સુત કેરો હોય જો ॥ ઓ૦ ॥૭॥ ઇમ દાદીને ધીરજ દેતો દિન પ્રતે, સુણિ સુણિ દાદી ધીરજ ધરતી મન્ન જો ॥ આશાને વિલુદ્ધિ રે માડી નિત રહે, રોતી ઋષભનું ધ્યાન સુમનને તન્ન જો ॥ ઓ૦ ॥૮॥ સહસ વરસ ફરતાં ઇમ ઇણ વિધે થયાં, કર્મ ખપાવી સમવસરયા ઉદ્યાન જો ॥ ઉગમતે સૂરે રુખતણે ઊપન્યું, ઝળામળ જ્યોતિ નિર્મળ કેવળજ્ઞાન જો ॥ ઓ૦ ॥૯॥ ઇણ અવસરમાં ભરત સભામાં વધામણી, પુરિમતાળે પિતાને કેવળનાણ જો ॥કરજોડી સેવક જન માગે વધામણી, ભવ બંધનથી છોડી કરો નિરવાણ જો ॥ ઓ૦ ॥ ૧૦ ॥

ઢાલ ૩ જી.

(દેશી ઉપર પ્રમાણે.)

નગરી અયોદ્ધામાં રે આણંદ ઊપન્યો, સુણિ સુણિ શ્રી આદી-

શ્વર સમવસરણ જો ॥ ભરતેશ્વરે દાદીને જઈ વધાવિયાં, મુખથી કહેતા મીઠી અમૃત વાણ જો ॥ નગરી અયોદ્ધામાંરે રે આણંદ ઊપન્યો ॥૧॥ એ આંકણી ॥ સુણો દાદી વધાઇ આજ છે મ્હાહરી, પુરિમતાળે પિતાને કેવળજ્ઞાન જો ॥ ત્રિગડું રે રચિયું મળી ચોસઠ દેવતા, ઇંદ્ર ઇંદ્રાણી ગંધર્વ કરતા ગાન જો ॥ન૦॥૨॥ ચોસઠ ઇંદ્ર ત્રિગડે જિન પદ સેવતા, દેવદુંદભીના નાદ હુવે છે રસાળ જો ॥ દેવ ઘંટા ઝણકારની આભે ગર્જના, છપ્પન કુંમારી મંગળ બોલે વિશાળ જો ॥ન૦ ॥૩॥ ત્રિગડા કેરી રચના દાદી શી કહું, જોજનમાંહી દીસે ઝાકઝમાળ જો ॥સોવનમય કોશીશા રત્ન હીરે જડયા, રતને તોરણ દીસે રંગ રસાળ જો ॥ ન૦ ॥૪॥ કનક સિંહાસન મદ્ધે મણિરત્ને જડયું, તિહાં બિરાજે ત્રિભુવન કેરો નાથ જો ॥બારે તે પર્ષદા મિળી કાંઇ એકઠી, નાચે અપચ્છરા બાત્ર વ હુવે ઠાઠ જો ॥ન૦॥૫॥ માતાજી વધાઈ ઇણ વિધ સાંભળી, આરતિ છાંડી ઊલટ હૈડે થાય જો॥ સાત આઠ પગ સામા જાઇ નીચે નમી, લળિ લળિ વાંદે ઋષભ જિણંદના પાય જો ॥ ન૦॥૬॥ સહસ વરસનાં દુઃખડાં સર્વ મટી ગયાં, ઉમંગ અંગે આનંદ રંગના રેળ જો ॥ ભરતેશ્વરનાં દાદી લેતી વારણાં, પુત્ર હુઓ એ સાચો તાહરો બોલ જો ॥ન૦॥૭॥ માતાજી વંદન ઋષભ જિન કારણે, પાખરિયો ઐરાવત હસ્તિ સાર જો ॥બહુ મૂલાં આભરણને વસ્ત્ર જ પહેરિયા, સાથે સખી મળી સુભટને અસવાર જો ॥ ૮ ॥ બહુ આડંબરે વંદન કારણ સંચર્યા, પંચ શબ્દ તણા આગળ હોય અવાજ જો ॥એક જીભે મુખથી કેમ જાએ વર્ણવ્યા, ધન્ય જેણે તે નિરખ્યા સર્વે સાજ જો ॥ ન૦ ॥૯॥ ભાવે ચઢયાં માતાજી ચઢતે પ્રણામશું, ત્રુટી જાળી કર્મ તણી જે ચૂર જો ॥દૂરેથી ત્રિગડું રે નયણે નિરખતાં, કેવળ લહ્યું જેમ ઉગ્યો અંબર સૂર જો ॥ ન૦ ॥ ૧૦ ॥ જન્મ મરણનાં દુઃખડાં રે સર્વ મટી ગયાં, શાસ્વતાં સુખ મુગતિ કેરાં પાય જો ॥ ગુણી પુરુષના ગુણ ગાવે શુદ્ધ ભાવથી, ઋષિ રાયચંદ વંદે તેહ મુગતિ જાય જો ॥ ન૦ ॥ ૧૧ ॥

ઢાલ ૪ થી.

(સહજ સોભાગી હો, રાગી નંદન સાંભળો—એ દેશી.)

જંબૂદ્વીપે હો ક્ષેત્ર ભરતમાં, વિરહો મુગતિનો હોય ॥ અઢાર

કોડાકોડી હો સાગર માહેરે કહ્યો, મુગતિ ગયા નહી કોય ॥ માતાજી મરૂદેવી હો મુગતિનો ખોલ્યો બારણો ॥ ૧ ॥ એ આંકણી ॥ પહેલાં પહોત્યાં નિરવાણ ॥ અંતક્રિયા તિહાં ભાંખી હો સુત્ર ઠાણાંગમાં, આગમ વચન પ્રમાણ ॥ માતાજી ॥ ૨ ॥ ક્રોડપૂરવ લગે હો સુવાસણ રહ્યાં સતી, નિત નિત નવલારે વેષ॥ ભરજોવન માંહી રહ્યાં હો માતાજી જીવ્યાં જ્યાં લગે, કાળાં ભમર રહ્યાં કેશ ॥ માતાજી ॥૩॥ કેળ સરિખી કાયા હો ઊંચી ધનુષ પાંચશે, સોવન વરણ શરીર ॥ સુમાની માંહી હો કદિય ન જાણ્યું સાસરૂ, નહિ કોઈ જાણ્યું પીયેર ॥ માતાજી ॥૪॥ ઔષધ એક ન લીધું હો માજી જીવ્યાં જ્યાં લગે, કદિ કસર ન હુઈ પેટ, માથું હાથ પગ હાય પલક એક દુખ્યાં નહી, ક્રોડ પૂર્વ લગે ઠેઠ ॥ માતાજી ॥ ૫ ॥ પાંશઠ હજાર પેહેડી હો નજરે નિરખી આપણી, દાદીજીએ દીધાં નામ ॥ એકહિ મુઓ કાને હો કોઇ નવિ સાંભળ્યો, સુખ દીઠો સવિ ઠામ ॥ માતાજી ॥ ૬ ॥ ક્રોડ પૂરવ માંહી હો એકજ જણીયું જોડલું, શ્રી મરુદેવીજી માતા॥ત્હારા સરીખા બેટા હો કિણહીએ જનમ્યા નહી, તીન ભુવનકે નાથ ॥ માતાજી ॥૭॥ દોય તો સુંદર હો સોવન વરણી શોભતી, પરણી ઋષભ જિણંદ॥ભરતક્ષેત્ર માંહી હો વિવાહ પહેલો હુવો, સૂત્રમાં સર્વ સંબંધ ॥માતાજી૦॥૮॥ એકસો પોત્રા હો દાદીએ નયણે નિરખીયા બ્રાહ્મી સુંદરી દોય ॥સર્વ કબીલો સુખીયો હો દુઃખીયો એક ન દેખીયો, એહવું પુણ્ય કેહનું ન હોય ॥માતાજી૦॥૯॥ ષટખંડ કેરો સ્વામી હો ભરત ભરતનો ધણી, અરજ કરે કરજોડ ॥ દાદીને પાયે લાગે હો મુજરો લેજ્યો માહરો, મુખ આગે મદ મોદ ॥ માતાજી૦ ॥૧૦॥ હસ્તી હોદ્દે બેઠાં હો નજરે નિરખી પુત્રને, હરખે ઋષભને જોય॥ મરૂદેવી માતા હો મનશું જીત્યા મોહની, કેહનું સગું નહી કોય॥ માતાજી૦ ॥૧૧॥ કેવળ જ્ઞાન પામી હો, માતાજી મુગતે ગયાં હસ્તિ હોદે વીતરાગ॥પછે શિવપહોત્યા હો, અસંખ્યાતા કેવળી, ખોલ્યો મુગતી નો માગ ॥ માતાજી૦ ॥ ૧૩ ॥ સાધુ સાધવી હો તીર્થંકર ચોવીશના, પહોત્યા મુગતિ મોઝાર ॥મરૂદેવીમાતા હો મુગતિનો ખોલ્યો બારણો જડીયો જંબુકુમાર ॥ માતાજી૦ ॥૧૩॥ તીર્થંકર ચક્રી હો હળધર કેશવા, વળી રાણા ને રાય ॥એહવી માતા હો સ્ત્રી ન હુઇ ભરતમેં, એહ ચોવીશની માય ॥ માતાજી૦ ॥૧૪॥ માજી સરીખાં સુખીયાં હો કાને કોઇ ન સાંભળ્યાં, જોસું સુત્રે ઠેરઠેર ॥ઋષિરાયચંદજી હો ઢાળો જોડી

જુગતિશું, આછો શેહેર અજમેર ॥ માતાજી૦ ॥ ૧૫ ॥ સંવત અઢારશે હો વરસ પંચાવને, ગ્રીષ્મ જેઠજ માસ ॥ પૂજ્ય જેમલજી હો પુન્ય પસાયથી, જ્ઞાન અભ્યાસ ॥ માતાજી૦ ॥ ૧૬ ॥ ઇતિ ॥

अथ श्री अइमुत्तानी सज्झाय.

વીર જિણંદ વાંદીને ગૌતમ, ગૌચરિયે સંચરિયા॥ પોલાસપુર નગરીમાં મુનિવર, ઘર ઘર આંગણ ફરિયા ॥ આધા આમ પધારો પૂજ્ય, અમ ઘર વહોરણ વેળા ॥૧॥ એ આંકણી ॥ઇણે અવસરે અઇમુત્તે રમતાં, મન ગમતા મુનિ દીઠા॥કંચન વરણી કાયા દેખી, મનમાં લાગ્યાં મીઠાં ॥ આધા૦ ॥૨॥ બોલે કુમર અમિરસ વાણી, એહ કહો અભિરામે ॥ ખરે બપોરે પાય અણવાણે, ભમવું તે કિણ કામે ॥આધા૦ ॥૩॥ સાંભળ રાજકુમાર સોભાગી, શુદ્ધ ગવેષણા કીજે ॥ નિર્દુષણ ને નિરતિચારી, ભાવે ભીક્ષા લીજે ॥ આધા૦॥૪॥ આવો આજ અમારે મંદીર, કહેશો તે વિધિ કરશું॥જે જોઇએ તે જુગતિ કરીને, ભાવે ભિક્ષા ધરશું ॥ આધા૦ ॥૫॥ એમ કહી ઘર તેડી ચાલ્યા, આવ્યા મન આણંદ ॥અઇમુત્તાશું ગૌતમ દેખી, શ્રી વીપય વદે ॥આધા૦॥૬॥ આજ અમારે રત્ન ચિંતામણિ, મેહ અમીરસ વુઠયા ॥ કે અમ આંગળ સુરતરૂ ફળિયા, અમ પર ગૌતમ તુઠયા ॥આધા૦॥૭॥ રે બાલુડા બહુ બુદ્ધિવંતા, ગૌતમ ગણધર આવ્યા ॥ થાળ ભરી મીઠા મોદક, ભાવ સહિત વહોરાવ્યા ॥ આધા૦ ॥૮॥ પય પ્રણમી અઇમુત્તો પૂછે, કિહાં વસો કિરપાળ ॥ વીર સમીપે વસિયે સુણીને, સાથે ચાલ્યા સુકુમાર ॥આધા૦॥૯॥ કુમર કહે એહ ભાજન આપો, ભાર ઘણો તુમ પાસે ॥ ગૌતમ કહે અમે એહને દેઇએ, ચારિત્ર લે પ્રભુ પાસે ॥ આધા૦ ॥૧૦॥ ચારિત્ર લેઇશ હું પ્રભુ પાસે, ઝોળી દિયે મુજ હાથે ॥ગૌતમ પુછે અનુમતિ કેહની, માયે મોકલ્યા અમ સાથે ॥આધા૦॥ ૧૧ ॥ વીર વાંદી જિન વાણી સુણીને, આવ્યા ઘર ઉલ્લાસે ॥ અનુમતિ આપો માતા મુજને, દીક્ષા લેઉ પ્રભુ પાસે ॥આધા૦॥૧૨॥ શ્રીદેવી કહે સુણ નાનડિયા, સંયમની શી વાતો, શું જાણે તું બાળપણામાં, આગમના અવદાતો ॥આધા૦॥૧૩॥ વિનય કરીને માત પીતાને, કહે કુમરકુળ ભાણું ॥જે જાણું તે હું નવી જાણું, નવિ જાણું તે જાણું ॥આધા૦॥૧૪॥ એક દિવસનું રાજ્ય કરીને, આય

મનોરથ પૂરે ॥સંયમ લીધો વીર જિન પાસે, દુર્ગતિ કરવા દૂરે ॥ ॥ આધા૦ ॥૧૫॥ સ્થવિર સાથે ઠંડીલે પહોત્યા, નીર વહંતો દીઠો ॥ પાળ બાંધીને પડઘો મ્હેલ્યો, કૌતુક લાગ્યો મીઠો ॥ આધા૦ ॥૧૬॥ ન્હાનું સરોવર ન્હાનું ભાજન, નાવ કર્યું અઇમુત્તે ॥રઢિયાળી રમત દેખીને, બાળ ક્રિડા કરી રમતે ॥આધા૦॥૧૭॥ મધુરે વચને મુનિવર બોલ્યા, નાવા તરતી જોઇ ॥રમતા દેખી ઋષિસર બોલે, હિંસા જીવની હોઈ ॥ આધા૦ ॥૧૮॥ બોલાવી કહે મુનિ બાળકને, એ આપણ નવિ કીજે ॥છકાય જીવ વિરાધન કરતાં, દુર્ગતિનાં ફળ લીજે ॥ આધા૦ ॥૧૯॥ લાજ ઘણી મન માંહે ઉપની, સમવસરણ બિચ આયા ॥ઇરિયાવહિને તિહાં પડિકમતાં, ધ્યાન શુકળ મન ધ્યાયા ॥ આધા૦॥૨૦॥ સ્થવિર જઇ ભગવંતને પુછે, ભવ કેટલા હવે કરશે ॥ ચરમ શરીરી છે અઇમુત્તો, ઈણ ભવ મુગતિ વરશે ॥આધા૦॥૨૧॥ પંચ આચાર શુદ્ધ મને પાળી, અંગ અગીઆર મુખ કીધાં ॥ગુણ રત્ન સંવચ્છર તપ કીધો, અંતગડ કેવળી સિધ્યા ॥ આધા૦॥૨૨॥ અંતગડ ભગવતિ મધ્યે, એહ કહ્યો અધિકાર ॥રત્નસાગર કહે એહ મુનિ વંદુ, અઇમુત્તો અણગાર ॥ આધા૦ ॥ ૨૩ ॥ ઇતિ૰ ॥

अथ श्री अध्यात्मक पद.

(રાગ ધનાશ્રી.)

દોડતાં દોડતાં પંથ કપાય તો, જૂઓ ઘાંચી ઘર ઊંટ ॥દિન સારામેં દોડતો હાંડે, થાકી જાવે ત્રૂટ ॥હો સમજુ, જ્ઞાન નયન નિજ ખોલો ॥૧॥ કરણી પાર ઉતરણી કહીને, જગને જૂઠ સમજાવે ॥જ્ઞાન રહિત જેમ રાત અંધારી, પરમાથ કેમ પાવે ॥હો૦ સ૦ ॥૨॥ સાઠ સહસ્ત્ર વર્ષનો તાપસ, બાળ તપસ્વિ કહિયો ॥દેવપણામાં જ્ઞાન જો પામ્યો, તો ભવ એકજ રહિયો ॥ હો સ૦ ॥૩॥ જ્ઞાનસહિત જે ક્રિયા કરે તે, હોય કલ્યાણને કાજે ॥એકાંત જ્ઞાનતણો આરાધક, નિજ ગુણમાં નિત રાજે ॥હો૦ સ૦ ॥૪॥ સૂત્ર રહસ્યને સમજી શાણા, કરો ક્રિયા ભલે સાચી ॥ બોધિબીજ વિન ગદ્ધા મજૂરીમાં, મત રહેજો કોઈ રાચી ॥ હો સ૦ ॥૫॥ ભેદાભાવ છે જ્ઞાન દર્શનમાં, પ્રથમ દર્શન પછી જ્ઞાન ॥વિનયસહિત શ્રી સદ્દગુરુ સેવી, પામો પદ નિર્વાણ ॥હો સ૦॥૬

अथ श्री शालिभद्रनो सलोको.

સરસતિ માતા તમ પાયે લાગું, કહેવા સલોકો વરદાન માગું ॥ શાળિભદ્રનો કહું રે સલોકો, એક મને કરિ સાંભળજો લોકો ॥૧॥ જેહને સાંભળે મહા સુખ થાય, નવખંડ ધરતીમાં તેહ વંચાય ॥ચો. વીશમા તીર્થંકર મહાવીર જાણું, તેહના મુનિવરના ગુણ વખાણું ॥૨॥મગધદેશ દેશમાં અધિકારી, રાજગૃહી નગરી અલકા અનુહારી ॥ માંહી વસે છે મ્હોટા વેપારી, જેહની કીર્ત્તિ જગ માંહે સારી ॥૩॥ દાન પુન્ય ને ધર્મના તાજા, રાજ્ય કરેછે શ્રેણિક મહારાજા ॥જેહની વરતે અખંડ આણ, તેહની નગરીનાં કરૂં વખાણ ॥૪॥ જોજન ચાળીશ ઉપર આઠ, ગઢ કોશીશા કોરણીનો ઠાઠ ॥વાવ્ય સરોવર વાડી અતિ ભારી, શોભિત ઉપાશ્રય ધર્મશાળા સારી ॥૫॥ તેહની નગરીમાં મ્હોટો વેપારી, ગોભદ્ર શેઠ ઘર ભદ્રા છે નારી॥ તેહનો નંદનદેવ અવતારી, શાળીભદ્રને બત્રીશ છે નારી ॥૬॥ સંગમને ભવે સુકૃત કીધો, મુનીને ખીરનો દાનજ દીધો ॥ પિતાજી બેઠા દેવલોક મોઝાર, નવાણુ પેટી નિત આવે ઉદાર ॥૭॥ ગોખે તે બેઠાં રાજા ને રાણી, વણઝારો આવ્યો ઠકુરાઇ જાણી ॥ મસ્તક નમાવી કહું છું મહારાજ, રત્નકંબળ લેઇ આવ્યો છું આજ ॥૮॥ બે કરજોડી પદમણી બોલે, આજ નહી કોઈ તુમારે તોલે ॥થાપણને કાજે લોબડી લીજે, એહ મનોરથ પૂર્ણ કરીજે ॥ ૯ ॥ જોઇ નિરખીને મૂલ્ય કરાવે, એક કંબળનું મૂલ્ય ઠરાવે ॥વણઝારો ભાંખે એક વચન, સવાલાખનું કંબળ રતન ॥૧૦॥ મૂલ્ય કરાવી રાજા તે ડરીયો, વણઝારો નગરી માંહિ પરવરિયો ॥ શેઠ પારેખ દોશી વખાણું, ફાંદાળા મ્હોટા ધન વંત જાણું ॥૧૧॥ સાચો સંઘવિ તે બાવન વીર, લખમીયે પુણ્યે ભર્યાં વડ ચીર ॥ મૂલ્ય કરાવી થરથરી જાય, વણઝારો મનમાં દિલગીર થાય ॥૧૨॥ રત્નકંબળ એ રાખેરે જેહ, એહવો દ્રવ્ય બતાવો તેહ॥ શાળીભદ્ર છે ગામ મોઝાર, રત્નનાં તોરણ બાંધ્યાં છે બાર ॥૧૩॥ મંદિર પુછીને વણઝારો જાય, ઋદ્ધિ દેખીને વિસ્મય થાય ॥*સિંઘાસણ બેઠાં શાળિભદ્ર માય, રમઝમ કરતી સાહેલી આય ॥૧૪॥ એકેક સાહેલી ચાંપે છે પાય, એકેક સાહેલી ઢોળે છે વાય ॥ગાય ગી-

* પાઠાંતરે–સિંઘાસણ બેઠાં શાળિભદ્ર માય, રમઝમ કરતી વહુવારૂ આય ॥ ચાર વહુવારૂ ચાંપે છે પાય, બાકીની સઘળી ઢોળે છે વાય ॥

તને બોલે રસાળ, એહવો વણઝારે દીઠો તે ખ્યાલ ॥૧૫॥ શાળિભદ્ર તો સૂખજ માણે, વણજ વેપારને કાંઇ ન જાણે ॥ રત્નકંબળ લેઇ વણઝારો આવે, જોઇ નિરખીને મૂલ્ય ઠરાવે ॥ ૧૬ ॥ વણઝારો ભાંખે એક વચન, સવાલાખનું કંબળ રતન ॥માણેક મોતી રત્ન ને હીરા, વીશ લાખ લેઈ ચાલ્યા તે વીરા ॥૧૭॥ સોળના કટકા કર્યા બત્રીશ, વહુઅરોને તવ ઊપની રીશ ॥પગ લોહીને નાંખી તે દીધા, આવાં ભેટણાં અમને શું કીધાં ॥૧૮॥ વાત સાંભળી ચેલણા રાણી, કહે જમું નહી અન્ન ને પાણી ॥હઠ જાણીને રાજા તેડાવે, વણઝારો આવી વાત બનાવે ॥૧૯॥ સાંભળી શ્રેણિક પામ્યા ઉલ્લાસ, જોવા જાઊં હું એહની પાસ ॥શૂર સુભટશું રાજા પરવરીયા, આવાસ દીઠા રત્નમય જડિયા ॥ ૨૦ ॥ નીલ રતન જિમ પાણિયે ભરિયા, અભયકુમાર છે બુદ્ધિના દરિયા ॥નાંખી મુદ્રિકા જોવે તપાસી, ચોથી ભૂમીએ બેઠા વિમાસી ॥૨૧॥ ભદ્રા માતા તે તેડવા જાય, પુત્ર આવ્યા છે શ્રેણિક મહારાય ॥શ્રેણિક આવે તો વખારે ભરજ્યો, લાભ જાણીને વણજ્જ કરજ્યો ॥૨૨॥ નહિ નહિ પુત્ર એહ કરિયાણો, શ્રેણિક નામે રાજા એ જાણો ॥જેહની છત્ર છાયામાં રહીએ, આણા તેહની આપણે વહીએ ॥૨૩॥ આળસ છાંડીને કુમર ઉઠે, ચાલ્યા તવ તે માતાની પૂંઠે॥ રતન આગળ ધરીયાં છે ચાર, આવી રાજાને કર્યો જુહાર ॥ ૨૪ ॥ ખોળે બેસાર્યા શાળીકુમાર, ધન મોરી નગરી ધન્ય અવતાર ॥ રાજાજી ભાખે સુણો કુમાર, જાઇ ભોગવો સુખ સંસાર ॥૨૫॥ ભદ્રાજી ભાંખે રાય અવધારો, ભોજન કરીને પછે પધારો ॥નવણ કરવા બેઠા છે જીહાં, વીંટી પડી ગઇ કુઇમાં તીહાં ॥૨૬॥ રાજા તિહાં તવ એ-દજ પાવે, ભદ્રાજી કુઇથી થાળ ભરાવે ॥દેખી ઘરાણામાં મુદ્રિકા છપી, એહની ઋદ્ધિ દીસે અસંખી ॥૨૭॥ ભોજન કરીને રાય પધારે, શાળીભદ્ર તો મનમાં વિચારે ॥માહરે માથે દીસે છે ધણી, તો હવે છંડુ ઋદ્ધિ એ ઘણી ॥૨૮॥ દિન પ્રત્યે છંડે એકેકી નાર, પછીથી સંયમ લેવો નિરધાર ॥ બહેન સુભદ્રા શાળિભદ્ર પ્યારી, ધન્નાશાહની મ્હોટેરી નારી ॥૨૯॥ સ્વામીનો વાંસો ચોળે છે જેહવે, ભાઇની વાત સાંભરી તેહવે ॥ આંખમાં આંસુ વહે અપાર, ધન્નોશાહ પુછે કિમ રૂવે નાર ॥૩૦॥ હાથી ઘોડા રથ છે ઘણા, દાસ દાસીનિ નહિ કાંઇ મણા ॥તાહરૂં કહેણ લોપે ન કોઇ, શાળિ સરિખો બંધવ જોઇ॥૩૧॥ ધન્નાશાહની મ્હોટેરી નારી, તાહરે દુઃખ શું છે રે પ્યારી ॥સુભદ્રા

ભાંખે સુણો પ્રાણેશ, મ્હારે બીજું નહિ દુઃખ લવલેશ ॥૩૨॥ બંધવ છંડે એકેકી નાર, પછી લેશે તે સંયમ ભાર ॥ધન્નો કહે તે મૂરખ દીસે, તાહરો બંધવ વીસવા વીસે ॥૩૩॥ જેહને લેવો સંયમ ભાર, છાંડ્યાનો તે હવે કીશો વિચાર ॥ કહેતાં તો સ્વામી સોહેલું એમ, છંડી જુઓ તે છંડાય કેમ ॥ ૩૪ ॥ સુણી નારીનાં વચનજ એવાં, ધન્નોશાહ ઉઠ્યા સંયમ લેવા ॥ આવી સાળાને ભાંખે છે એમ, કાયર થઇને બેઠો છું કેમ ॥૩૫॥ શાળીભદ્ર ને ધન્નો તેવાર, વીર પ્રભુપેં સંયમ ધાર ॥માસ ખમણ કરે ઉદાર, સંયમ પાળે નિરતિચાર ॥૩૬॥ દોય મુનિવર ભગવંત સંગે, મહિયલ માંહિ વિચરે છે રંગે ॥ એક દિન રાજગૃહી ઉદ્યાન, પધાર્યા પ્રભુ શ્રી વર્દ્ધમાન ॥૩૭॥ માસખમણું પારણું આય, વહોરાવશે તમને તમારી માય ॥ માતાને ઘેર આવે જિવાર, વાંદવા સહુ કો થાય તૈયાર ॥૩૮॥ પાછા વળીને નગરીમાં જાય, ગૌચરી કરવા તે મુનિરાય ॥પુરવલા ભવની મહિયારી માત, તેણે વહોરાવ્યું ગોરસ ભાત ॥ ૩૯ ॥ ગૌચરી કરી પ્રભુપેં આવે, પારણું કરી મોહા સુખ પાવે ॥ બાર વર્ષની દીક્ષા તે પાળે, અતિચાર કાંઇ સઘળા તે ટાળે ॥ ૪૦ ॥ એક માસનો કીધો સંથારો, અનુત્તર વિમાને લીધો અવતારો ॥ એક ભવ કરી મુગતિમાં જાશે, મોહા વિદેહમાં મોહા સુખ પાશે ॥ ૪૧ ॥ એહ સલોકો સુણે ને ગાય, તેહનાં પાતક દુર પલાય ॥ એહ સલોકો શોધી શુધ કીધો, ઋષિ ખોડાજીનો મનોરથ સીધ્યો ॥ ૪૨ ॥ ઇતિ. ॥

अथ श्री उपदेशी सज्झाय.

(બ્હેની રે અમને વ્હાલા શ્રી મહાવીર. એ દેશી.)

જાવું જરૂર મરી, જીવડારે ત્હારે જાવું જરૂર મરી ॥એ આંકણી॥ અનંતકાળથી ભવમેં ભટકતાં, પુન્યે નર દેહ ધરી ॥જી૦॥ મળ મુત્રમાં ઊંધે શીર લટકયો, જમું વડે વાગુળી ॥ ૧ ॥ ગર્ભવાસની અંદર તુજને, વેદન અનંતી પરી ॥જી૦॥ જન્મ ટાણે મહાકષ્ટ સહ્યાં, તે તો જાણે એક હરી ॥જી૦॥ ૨॥ સંસારનો જબ વાયુ વાયો તબ, વેદન ગયો વિસરી ॥જી૦॥ પયપાન માતાનું કરીને, જોવન વય વરી ॥ જી૦ ॥ ૩ ॥ કામની સાથે પ્રેમ કરીને, કર્મ બંધનો કરી ॥ જી ॥ માત પિતાથી જુદો પડીને, વસ્તુ ઘરમાં ભરી ॥જી૦॥ ૪॥ છોરૂ ત્રિયા

ની ટાપટીપ તું, કરતો પળ પળ ધરી ॥જી૦॥ સદ્દગુરૂથી નિત્ય દૂરે ફરતો, જયું સાધુસંતથી હરી ॥જી૦॥૫॥ ગયો જોવનને આયો બુઢા પણ, શરીર ગયો જરજરી ॥જી૦॥ ઝાંખી આંખના દેવ થયા વળી, ઉજડ કરણપુરી ॥જી૦॥૬॥ ઊંબર ડુંગર પાદર પરદેશ, ગોળી ગંગા સરી ॥જી૦॥ હષ્ટપુષ્ટ કાયા ઘટી, ને લીલરી દેહે વરી ॥ જી૦ ॥૭॥ વૃદ્ધવયમાં કુટુંબ કબીલે, ચાકરી નવિ કરી ॥જી૦॥ અંતકાળે જિન નામ ન લીધું, મ્હારૂં મ્હારૂં કરી ॥જી૦॥૮॥ મરતી વખતે બૂરે હવાલે, જીવ ગયો નીસરી ॥જી૦॥ જન્મ મરણની વેદન સુણતાં, હૈડો જાય થરથરી ॥જી૦॥૯॥ વીતરાગનું નામ વિસારી, દુર્ગતી હાથ ધરી ॥ જી૦ ॥ નરક નિગોદના કારાગૃહમાં, બેસીશ કેમ તું ઠરી ॥ જી૦ ॥૧૦॥ ધર્મ માર્ગ મૂકીને પામ્યો, લખ ચોરાશી પરી ॥ જી૦ ॥ વીર મુનિ કહે ધર્મ કરો તો, સંસાર જાઓ તરી ॥ જી૦ ॥ ૧૧ ॥ ઇતિ ॥

अथ श्री दाननी सज्झाय.

શંખરાજા ને જશોમતિ રાણી, વહોરાવ્યો દ્રાક્ષ તણો પાણી ॥ જિણશું નેમિ રાજીમતિનો પદ પાયો, અહો દાન વડો જગ માંયો ॥૧॥ એ આંકણી ॥શેઠાણીએ રયણકંબળ દીધો, સાધુને કોઠે બહુ સુખ કીધો ॥જિણશું માતા મરૂદેવી થાયો, અહો૦॥૨॥ માગી તાગીને દીધો ખીરો, ઘાલી ગોભદ્રશેઠ ઘરે શીરો ॥ભદ્રાયે શાળિભદ્ર બેટો જાઓ, અહો૦ ॥૩॥ સુદત્ત મુનિને દાનજ દીયો, સંસાર કંતારનો પાર કીયો ॥કુમર સુબાહુ સૂત્રે ગાયો, અહો૦ ॥ ૪ ॥ સુણિયો શાહ ધન્નસાર્થવાહો ઘૃત દાનતણો લીધો લાહો ॥ જિણશું હુઆ આદેસર જિનરાયો, અહો૦ ॥૫॥ રેવતીયે બીજોરાપાક દીયો, તિણશું વીરના તનનો દાઘ ગીયો ॥ ગોત્ર તીર્થંકર ઉપજાયો, અહો૦ ॥૬॥ મન શુદ્ધેથી પોષ્યા મુનિરાયો, જિણશું પટ ખંડની ઋદ્ધિ પાયો ॥ભરતેશ્વર સહુને મન ભાયો, અહો૦ ॥૭॥ જેણે નિજ હાથે સુકૃત કીધો, તેણે નર ભવનો લાહો લીધો ॥ જિકે ભવસાયર છેડો પાયો, અહો૦॥૮॥ મીળે ખાવણ ઘી ને બાટી, તે તો પૂરવ પુણ્યતણી ખાટી॥ પૂરવ પુણ્ય સુકૃત પાયો, અહો૦ ॥ ૯ ॥ મ્હોટા મ્હોટા રાણા રાજા, જ્યારે વાજ રહ્યાં નોબત વાજાં ॥જ્યારે મુખ આગળ પાળા જાયો ॥અહો૦ ॥૧૦॥ પહેરણ કપડાં મીલે ખાસાં, જ્યાંરી હજારો લોક કરે આશ ॥

જ્યારે મુખ આગળ પાળા જાયે, અહો ॥૧૧॥ સાધુ સુપાત્ર પ્રેમે પોખો, આસના વાસના કરી સંતોખો ॥જેથી ભવોભવ હોય સુખદાયો, અહો૦ ॥૧૨॥ નવ નિધાન હાથી ને ઘોડા, વળિ ઝવેર જડિત કુંડળ જોડા ॥હુઆ શેઠ સેનાપતિ ને રાયો, અહો૦ ॥ ૧૩ ॥ ચક્રી બળને વાસુદેવો, વળી જુગળિયાનાં સુખ લેવો ॥ દાનશું કમી ન રહે કાંયો, અહો૦ ॥ ૧૪ ॥ ચંદનબાળાયે બાકુળા દીધા, વીર તણા અભિગ્રહ પુરણ કીધા ॥ શિવપુર પહોંત્યાં કેવળ પાયો, અહો૦ ॥ ૧૫ ॥ જેહ ભાત પાણીની અંતરાય કરશે, તે ભવસાયર ફેરા ફરશે ॥ એમ બોલ્યા શ્રી જિનરાયો, અહો૦ ॥ ૧૬ ॥ ઇતિ. ॥

अथ श्री उपदेशी सज्झाय.

ઘડી એક તણો વિશ્વાસ, શ્વાસનો નાણો રે ॥અણચિંત્યો આવશે કાળ, તણો તે આણો રે ॥૧॥ જેમ તોરણે આવ્યો વિંદ, પાછો ન હિ વળશે રે ॥ત્હારા સજ્જન કુટુંબ પરિવાર, સહૂ ટળવળશે રે ॥૨॥ ગ્રહે સાપ ઊંદરને જેમ, ચીડી સિંચાણોરે ॥ જમરાજા કોપે ત્યાંહી, નથી ઠેકાણો રે ॥૩॥ જેમ તેતર ઉપર બાજ, મચ્છ ને બગલો રે ॥ ત્હારી નવલ સુરંગી દેહ, કરી દેશે ઢગલો રે ॥૪॥ સાવજ મુખથી કુરંગ, ન શકે નાસી રે ॥ અચાનક આવી કાળ, દેશે ગળે ફાંસીરે ॥૫॥ વળે દળ વાદળને પૂર, વિવિધ પ્રકારે રે ॥ પણ કાળ ઓચિંતો કોઇ, પાછો નવિ વાળે રે ॥ ૬ ॥ દેવ દાનવ માનવ ઇંદ્ર, સૂરજ ને ચંદા રે ॥તીર્થંકર ચક્રિ કેશવ, રામ મુણિંદારે ॥૭॥ નૃપ શેઠ સેનાપતિ ઇભ્ય, તલાર ટળાટી રે ॥ તેને બાળી કીધા રાખ, હુઇ ગઇ માટી રે ॥૮॥ હુતી ચોકી આડી સાત, દૈતને જુદ્ધારે ॥ ભીડી બખતર પહેરી ટોપ, ગ્રહી આયુદ્ધા રે ॥૯॥ આવ્યો કાળસેન કોટવાળ, નાંખ્યા સવિ ઉંધા રે ॥ તેણે ભક્ષા ત્રણ્યે લોક, લાગી બહુ ક્ષુધારે ॥૧૦॥ શું ધરવી આશા મ્હોટી, ખોટી શું થાવું રે ॥ તજી રમણી રાજ્ય ભંડાર, અંતે જાવું રે ॥૧૧॥ ધરીયા કેસરિયા વેશ, સોહે લેરખડારે ॥ કાને કુંડળ હૈડે હાર, બાંહે બેરખડા રે ॥૧૨॥ કડાં પોંચી બાજુબંધ વેઢ ને વીંટીરે ॥શિરપર બાંધી રૂડી પાગ, સોનેરી લીટીરે ॥૧૩॥ રૂડી કુંકુમ વરણી કાય, છાયા નિરખેરે ॥રૂપે રંભા સરખી નાર, દેખી દિલ હરખેરે ॥૧૪॥મુખ આંખ ને મટકે મોહ્યો, કરને લટકેરે ॥ અણતેડયો આવી કાળ,

ગળી જશે ગટકે રે ॥૧૫॥ ત્હારે સુંદર મંદિર મ્હોલ, ઝળકતી જ્યોતી રે ॥ કાંઇ ફુલે ગુંથી સેજ જડીયાં મોતી રે ॥૧૬॥ પોઢે ઓઢી પટકૂળ, મુખમલ ધોતીરે ॥ પંખાથી પવન ઝકોળ, નિંદ્રા હોતી રે ॥૧૭॥ આવ્યો જમ દંડીદુત, સાહ્યો ગોતી રે ॥ રહી રડતી પડતી માત, રમણી રોતી રે ॥ ૧૮ ॥ આ કાચી કાયા છાયા, જેસી બાદલકી રે ॥જબ ઉઠ ચલેગો હંસ, માટી જંગલકી રે ॥ ૧૯ ॥ જેવો ઓટો સંધ્યા વાન, પિંપળ પાનરે ॥કાચી માટી કેરો કુંભ, કુંજર કાન રે ॥૨૦॥ ઢંગ રહિત પતંગનો રંગ, થાએ ભંગ રે ॥વળી કાચના કૂંપા રૂપ, એહી અંગ રે ॥૨૧॥ પ્રાણી છંડો અનંગનો રંગ, એહવું જાણી રે ॥ અંજળી જળ આયુ જેમ, પુરતું પાણી રે ॥ ૨૨ ॥ અંતે જાવું છે એક વાર, મન સમજાવીરે ॥ ખોડીદાસ ગુરુને ચરણે, શીશ નમાવી રે ॥ ૨૩ ॥ સંવત ઓગણીસે સોળ, આસો માસે રે ॥ કરી જેતપૂર માંહે જોડ, રહી ચોમાસે રે ॥ ૨૪ ॥ ઇતિ. ॥

अथ श्री खोडाजी कृत चाबखा.

तत्र प्रथम सुधरेला विषे चाबखो. १

સાંભળો શ્રાવક સુતની વાતું, અમે આ દુઃખડું નથી ખમાતું ॥ઘણા દિવસ ગોપવીને રાખ્યું, પણ હવે નથી ગોપવાતું ॥ ઉભરો થઇને ઉપર આવે છે, ચિત્તડે નથી સમાતું ॥ સાંભળો૦ ॥૧॥ એ આંકણી ॥એકઠાં થઈ ઈંગ્રેજી ભણે, નવિ જંપે દિવસને રાતું ॥ દયાને તો દેશવટો દિધો, કરે સાપ વિંછીની ઘાતું ॥સાં૦॥૨॥ નિજ ધરમનો નિશ્ચય નહી, નથી શાસ્રનું વેણ સોહાતું ॥કેવળજ્ઞાનીનું કહ્યું અવગુણી, મન ગોળામાં ગોથાં ખાતું ॥ સાં૦॥૩॥ સાધુનું કહ્યું કદિ સરધે નહી, નવિ બાંધે ધરમનું ભાતું ॥કષ્ટ કરીને કોણ મરે, નથી સ્વર્ગ નરક દેખાતું ॥ સાં૦ ॥૪॥ ઉપદેશ રૂપી ઓષધથી પણ, દિલનું દરદ નથી જાતું ॥વર્ત્તમાન સુખ તો વ્હાલું લાગે છે, પણ અંતે સોધારી ખાતું ॥સાં૦॥૫॥ નાતિ જાતિનો વ્યવહાર ન જાણે, નવિ માને પિતા ને માતુ વિનય મર્યાદા મૂકીને બેઠા, એને અંગે અભિમાન ન માતું ॥ સાં૦ ॥ ૬ ॥ સ્નાન વિના કદી ચાલે નહી, નિત્ય ભોજન ભાવે છે તાતું ॥ ભક્ષ અભક્ષનો લક્ષ નહી, એનું અંતર નથી ઓજવાતું ॥સાં૦ ॥૭॥ દયા ધરમનો દાટ વાળ્યો, જિહાં વાણીયાની

રે વિલાતું ॥સુધારાથી કુધારો થયો, અમે એહ સહન નથી થાતું ॥ સાં૦ ॥૮॥ જાણ્યું સુધરશે છોકરા, તેથી રહેશે ધરમની વાતું ॥ માત પિતાનું માન વધારશે, નિર્મળ કરશે નાતું ॥ સાં૦ ॥૯॥ પણ એ વાતના વાંધા થયા, થયું ભણતર કારમુ કાતું ॥ સુધરેલાનું ચણતર જોઇ, દયાવંતનું દિલ અકળાતું ॥ સાં૦ ॥ ૧૦ ॥ ઉદ્યોગનું ફળ અતિ પામ્યા, ખરે રસ્તે નથી ખરચાતું ॥ પુનરવિવાહની પ્રીતિ ઘણી, લણી નાંખે અસલ અવદાતું ॥ સાં૦ ॥ ૧૧ ॥ મણિ જેવો મનુષ ભવ મળિયો, તેમાં નથી શુભ થાતું ॥ ખોડાજી કહે છે ખરેખરૂં અંતે, આવશે માંડવે ગવાતું ॥ સાં૦ ॥ ૧૨ ॥ ઇતિ. ॥

अथ श्री ऊछरती वयना सुधरेलाविषे चाबखो. २

સાંભળો સુધરેલ છેલ છબીલા, થયા કેમ ધર્મે કરેવા ઢીલા ॥ કંદમૂળ કેરો કેર કરો, ઢોળી પાણી કરાવો ગીલા ॥ ઊંટની પેરે ઉછળતા ફરો, પહેરો બુટ જડાવી ખીલા ॥ સાંભળો ॥ ૧ ॥ ચોપડી વાંચવા ચૂંપ ઘણી, નવિ શોધો ધરમના ચીલા ॥ ત્યાગ વૈરાગ્યની વાત ન જાણો, તમે વચન બોલો છો વીલા ॥ સાં૦ ॥ ૨ ॥ મનમોજીને અતિ મિજાજી, લડો છો લાલ રંગીલા ॥ માત પિતાને માનો નહી, હજી રહ્યા કીલાને કીલા ॥ સાં૦ ॥૩॥ અલબેલા આછકલા તમેતો, હિંસામાંહી હોંશીલા ॥ બોધ રૂપી બહુ પાણી પડે, તોહી થાતા નથી તુમે લાલા ॥ સાં૦ ॥૪॥ ભણ્યા ઘણું પણ ગણ્યા નહી, નવિ દુર્ગુણ દોષને પીલ્યા ॥ તકરારી ને તંતીલા થયા, વળી વિશેષે વાદીલા॥ ॥સાં૦॥૫॥ સદ્દગુણની શેરી નવી શોધી, હૃદય કઠણ જેમ શિલા, ખોડાજી કહે છે જમવિકરાળા, ઝાડકશે તે ઝીલા ॥ સાં૦ ॥ ૬ ॥ ઇતિ. ॥

अथ श्री श्रावकने शिक्षा विषे चाबखो. ३

શ્રાવક સુત્ર સુણે છે ભાવે, તોહિ કેમ જ્ઞાન અંતર નવિ આવે ॥ભિન્ન ભિન્ન ભેદ કરીને મુનિવર, નિત નિત સમજાવે ॥ વાંસ નળીમાં ફુંક તણી પરે, કરણ થકી વહી જાવે રે ॥ શ્રાવક૦ ॥૧॥ એ આંકણી ॥જીવ અજીવને જાણે નહી॥ ગુરૂદેવ ધરણ નવિ ધ્યાવે ॥ સામાયિક કરે તેની શુદ્ધિ નહી, ઝુકી ઝુકીને ઝોલાં ખાવે રે ॥શ્રા૦ ॥૨॥ ધન્ય વાણી સત્ય વાણી કહીને, મસ્તક ડોલાવે ॥ દસ્કત એક તો

દિલે ન ધારે, વાંચ્યું વ્યર્થા થાવે રે ॥ શ્રા૦ ॥ ૩ ॥ આંધળાને આરીસો બતાવે, બહીરા આગળ ગાવે ॥ મૂરખને ઉપદેશ કરીને, રણમાં કોણહી વાવે રે ॥ શ્રા૦ ॥ ૪ ॥ કાગળમાં ગુણ કીર્તિપણેરે, શ્રાવક કેરી ગાવે ॥ પણ એહ માંહિલો એકે નહી, ગુણ ફોગટ ફુલાવે રે ॥શ્રા૦॥૫॥ ત્યાગ નહી વૈરાગ્ય નહી, કાંઈ અનુકંપા દિલ નાવે ॥ અનંતકાયને આરોગી જાય, પછે સ્વર્ગનું પણ કેમ પાવેરે ॥શ્રા૦॥ ૬ ॥ આઠમ પાખી ષટ પરવી, તે લીલોતરી ઘર લાવે ॥ અગડ લીએ તો ગોટા ઘણા, મ્હોટા શ્રાવક નામ ધરાવે રે ॥શ્રા૦॥ ૭ ॥ વ્રત પચખાણ મર્યાદા નહી, જેને સંવર ચિત્ત નવિ ભાવે ॥આરંભ પરિગ્રહ પ્યારા લાગે, વળી રાત્રિભોજન ખાવે રે ॥ શ્રા૦ ॥ ૮ ॥ પામર ઉપર પ્રીતિ નહી, કરી ક્રોધ રોવરાવે ॥ ઘર ખોરડાં તો કબજે કરાવે, ધર્મને નિંદાવેરે ॥ શ્રા૦ ॥ ૯ ॥ આડ પીલાવે ને વ્હાડ પીલાવે, પૂરાણાં ઝાડ કપાવે ॥ કણ તણા કોઠાર ભરી, ત્રસ પ્રાણીના પ્રાણ તપાવે રે ॥ શ્રા૦ ॥ ૧૦ ॥ જીવહિંસાના ધંધા કરે, અંધા થઇને દુ:ખ ઉપજાવે ॥ ઉજવળ ધર્મને એમ લગાડી, મનમાં તે મકલાવે રે ॥શ્રા૦ ॥૧૧॥ ભર વરસાદમાં ઘર ઉકેલી, આરંભ અધિક ચલાવે ॥ પાણા ખાણેથી પાણા કઢાવે, ચૂનાની ભઠ્ઠીયો જળાવે રે ॥ શ્રા૦ ॥ ૧૨ ॥ ધર્મના કામમાં ધંધ મચાવે, અપશબ્દ મેઘ વરસાવે ॥ સાધર્મિ સાથે સંપ નહી, હાથે કરીને ધર્મ હેલાવે રે ॥ શ્રા૦ ॥ ૧૩ ॥ જૈનધરમ ઠરવાનું ઠેકાણું, સાધુજી કહ્યા સંભળાવે ॥ શાસ્ત્ર પ્રમાણે શિક્ષા દિયે, કર્મહીણાને કેમ સુહાવે રે ॥ શ્રા૦ ॥ ૧૪ ॥ નિર્થક નીરને કોણ વલોવે, કોણ કુકયા ઓધાવે ॥ ખોડાજી કહે રૂડા શ્રાવક ઘણા, એવા પીતળને કોણ તાવે ॥ શ્રા૦ ॥ ૧૫ ॥ ઇતિ. ॥

अथ श्री श्राविकाओने उपदेश विषे चाबखो.

સાંભળો શ્રાવિકા ચોપડી ધારી, તમારી વાત કહું વિસ્તારા ॥સમકિત રીતમાં સમજો નહી, દિલ વ્હેમે ભરેલાં ભારી ॥જોશી ડોશી ને ભુઆ ભરડા, લાગ્યાં છો તેહની લારી ॥સાંભળો૦ ॥ ૧ ॥ બાવા સંન્યાસી વૈરાગી વચને, કરો છો અકરાકારી ॥ કામધેનુ તજી તમે તો, ઘર બાંધો છો છારી ॥ સાં૦ ॥ ૨ ॥ વાર તિથિનાં વ્રત કરો, દેવિ દેવલાં માનો અપારી ॥દોરા ધાગા કરી ભુઆ ધુણાઓ, વ્રતને મેલ્યાં વિસારી ॥ સાં૦ ॥ ૩ ॥ વડ પીંપળે જઈ પાણી ઢાળો, નરે નિવેદ કરો

નિરધારી ॥ છાણુના દેવ કરીને પુજો, પાણીયારે બેસારી ॥સાં૦॥ ૪॥ એમ અનેક મિથ્યાતતણા શલ્ય, રાખો છો મનડા મોઝારી ॥સાધુનાં વેણુ તો સરધો નહી, પછી કેમ ઉતરો ભવપારી ॥ સાં૦ ॥ ૫॥ સામાયિક પડિકમણું સમજો નહી, નહિ છકાયને ચિત્ત ધારી ॥બાર વ્રત આદરીને બાઇ, તો બન્યાં બહુ આચારી ॥ સાં૦ ॥ ૬ ॥ વ્રતમાં શી શી વિધિ સાચવવી, તેની ખબર નહી ધારી ॥ અંધારા માંહી બેઠાં કૂટો છો, ખુબ એહુમાં ખુવારા ॥સાં૦॥ ૭ ॥ કણુ કાંકણુને જોવા ઝાટકવા, નવરી ન થાય બિચારી ॥દીવા ઉઘાડા મેલે શોધ્યા વિણુ, બળતણુ નાંખે બાળી ॥સાં૦॥૮॥ ચુલો ખાંડણીઓ પુંજે નહી, ને અણુગળ પીવે વારી ॥ વાશીગાર ને વળી વાશીદાં, કરો છો રાત અંધારી ॥સાં૦॥૯॥ વ્હેલાં ઉઠી સહુ પહેલાં ચતુરબાઇ, ઘંટીયો દિયે લલકારી ॥ સુતા જગાડે લોક સહુને, છાશ તણે ધમકારી ॥સાં૦॥૧૦॥ માટી તણા તો ગંજ મચાવો, ધુળ ખાણેથી સારી ॥ કુંથુ કરોળિયા કોડો પરે, શી રીતે શકો ઉગારી ॥સાં૦ ॥ ૧૧ ॥ ચુલે પાણિયારે ઘંટી ખાંડણિયે, ઊલેચતો નહિ જારી ॥ ખાટલા ગોદડાં તડકે તપાવી, માંકડ નાંખો છો મારી ॥ સાં૦ ॥ ૧૨ ॥ છાણમાં જીવનો ઘાણ વાળો છો, અંગે આનંદ વધારી ॥ધોકલો લેઇને ધોવા ચાલો તિહાં, શેરિયે કરત પુકારી ॥સાં૦ ॥૧૩॥ ધોવા આવો છો બાઇ ધોવા આવો છો, એમ લગતી જાય લવારી ॥ ખારા માટીથી માથું ઉજાળો, કંદમુળ નાંખો વિદારી ॥ સાં૦॥ ૧૪ ॥ માથું જોઇને જુઓ ઉગારો, લીખો ને નાખો સંહારી ॥પાડી વાછડીયોને દુધ પિવારો, પાડા વાછરડાને વારી ॥ સાં૦ ॥ ૧૫ ॥ મીઠા કેવળ મુકાવો માણસને, સ્વારથિયા સંસારી ॥ ઘર આગળ અશુચીના ઢગલા, કાદવ છાણુને છારી ॥ સાં૦ ॥ ૧૬ ॥ ખાળમાં જળ મળ એઠાં ઢોળો, તિહાં કળબળ કીટ કચારી ॥ દુંડાં દોડા જાર [1]ગોધુમ ચણા ને, શેકો છો થઈ હોંશિયારી ॥સાં૦॥ ૧૭ ॥ પોંક પ્યારો પણ પાપ ઘણું, તમે હણો છો જીવ હજારી ॥ જીવ જતનને જાણો નહી, નહિ વિવેક નહિ વિચારી ॥સાં૦॥ ૧૮ ॥ રાંક તણી અનુકંપા ન આવે, લોભી તણા શિરદારી ॥ છાશ આપીને કામ કરાવો, નિર્દય ચાલ નઠારી ॥સાં૦॥૧૯॥ પામરને પાણી જેવી ન આપો, રોઇને થાય લાચારી ॥પારકે ઘેર જઈ કાણ્યો કરાવો, ઊંચે રાગેથી ઉલારી ॥સાં૦॥ ૨૦ ॥ કુટો કુટો એમ કહ્યા કરો છો, અસહેતા મરણો

[1] ઘઉં.

સંભારી ॥ વૈર વિરોધને વાંધા ઘણા, વળી વાત કરોછો વેધાળી ॥ સાં૦ ॥ ૨૧ ॥ ઝેર કરો છો સગા સંધાથે, ગર્વને ન શકો ગાળી ॥ ગાળો આપો ને આળ ચઢાવો, મર્મનાં વેણ ઉચારી ॥સાં૦॥ ૨૨ ॥ સામાયિક પોસામાં સમતા નહી, તમે જાઓ છો ધર્મને હારી ॥ રાઇજંગ કરીને લોકો હસાવો, રાખો છો પ્રકૃતિ ખારી ॥ સાં૦ ॥ ૨૩ ॥ પાણીના અપીયા અબોલા કરો છો, એવી છે ચાલ નકારી ॥ જળ કહો તિહાં થળ નહીં, એમ ચલવો છો ડાક ડમારી ॥ સાં૦ ॥ ૨૪ ॥ સાચું બોલ્યાના સમ તમારે, વ્રતની ન રહી કારી ॥ વર્ષમાં ચાર વાર વ્રત આબોવી, જાણુ પાપને નાંખ્યાં નિવારી ॥સાં૦॥ ૨૫ ॥ સોયનું દાન ને ચોરી એરણની, તે કેમ થાય નિસ્તારી ॥ ચોંપે કરીને ચોપડી લખાવી, રંગ ભરી શણગારી ॥સાં૦॥૨૬॥ પરણીને પરહરી મેલી, તેને પાછી નહી સંભારી ॥ ઊંદરે કરડી ને છોકરે ઉતરડી, રઝળતિ થઇ રઢિયાળી ॥સાં૦॥ ૨૭ ॥ પાણીયે પલાળીને આગે પ્રજાળી, નાથ છતાં નોધારી ॥ કાંઇ ન હાણી કાંઇ ન માણી, આણીને પ્રીત ઉતારી ॥ સાં૦ ॥૨૮॥ પુજ્ય પૂંજાજીસ્વામી પસાયે, ગોંડળ ગામ મોઝારી ॥ ખોડાજી કહે છે ચોપડી બિચારી, કર્મે રાંડી કુંવારી ॥ સાં૦ ॥ ૨૯ ॥ ઇતિ. ॥

अथ श्री सारा श्रावक विषे चाबखो. ५

એક એક શ્રાવક છે જગ એવા, જેવા શાસ્ત્રે કહ્યા છે તેવા ॥ દઢધરમી થઇ ડોલે નહી, કદિ કોપે અસુર સુરદેવા ॥ દેવ અરિહંત ટાળી અવરની, કદી ન વંછે સેવા ॥ એક૦ ॥ ૧ ॥ નવ પદારથ જાણે જુગતિશું, સૂત્ર સુણે નિત્ય મેવા ॥ પુદગળીક સુખપર પ્રીતિ નહી, નહી વૈર વિરોધનો હેવા ॥ એક૦ ॥ ૨ ॥ દાન શિયળ તપ ભાવ આરાધે, શૂર વીર વ્રત પાળેવા ॥ દયાના રસમાં ડૂલી ગયા, જેને મોક્ષ તણાં સુખ લેવા ॥ એક૦ ॥ ૩ ॥ વિષય કષાયને વરજી દિયા, જેને અંગે નહી અહમેવા ॥ ખોડાજી કહે ભલે શ્રાવક થયા, સદા દુનિયાને સુખ દેવા ॥ એક૦ ॥ ૪ ॥ ઇતિ. ॥

अथ श्री नरसा श्रावक विषे चाबखो. ६

શાણા શ્રાવક થઇને ડોલે, મુખેથી સત્ય વચન નવિ બોલે ॥ મચ્યા ચચ્ચાની ગાળ દિયે, ને આળ અનાહુત બોલે ॥ નિંદા કરતાં

નવરો ન થાયે, એતો બેઠો ગપોડાં ફોલે ॥ શાણા૦ ॥ ૧ ॥ છિદ્રઆ-હી છળ તાકતો હીંડે, ને મર્મ પરાયા બોલે ॥ દગલબાજી કરે રાજી થઇ, પાજી ત્રાજુએ ઓછું તોલે ॥ શાણા૦ ॥ ૨ ॥ અવગુણ રૂપી આળો દેખી, તિહાં કાગડો થઇને ડોલે ॥ અગડ લેઇ એકે પાળે નહી, એતો ચલાવે પાને પોલે ॥ શાણા૦ ॥ ૩ ॥ મુખે બાંધી મુહપતી લજાવી, ને ધર્મ લજાવ્યો ઢોલે ॥ ખોડાજી કહે માત તાતને લજાવ્યાં, ને ગુરુને લજાવ્યા ગોલે ॥ શાણા૦ ॥ ૪ ॥ ઇતિ. ॥

अथ श्री परस्त्रीनी सज्झाय.

(રાગ હોરી.)

મતિ તાક હો નાર બિરાંની, હાંરે એ તો નરક નીશાની ॥ મતિ૦ ॥ એ આંકણી ॥ પરનારી છે કાળી નાગણ, કે વિષવેલી સમાણી ॥ તેજ પરાક્રમ પીલણ કાજે, એ ઘર મંડી ઘાણી ॥ કે ગુણ વન બાળણ છાણી ॥ મતિ૦ ૧ ॥ રાવણ રાય ત્રીખંડકો નાયક, સીતાહરી ઘર આંણી ॥ રામ ચઢયો દળબાકળ લેકર, માર્યો હે સારંગપાણી ॥ કથા આગમ માંહે આણી ॥ મતિ૦ ॥ ૨ ॥ પદ્મોતર નિજ લાજ ગમાઇ, કીચક નીચ લહાણી ॥ મણિરથ મુઓ મયણરેહા વશ, અપજશ લીયો અનાણી ॥ જગમાં પ્રગટ કહાણી ॥ મતિ૦ ॥ ૩ ॥ ગૌ-બ્રાહ્મણ બાળહત્યા ઋષિ, નારિ હત્યા વળી જાણી ॥ તિણથી પાપ અધિક પણ લાગે, ભાંખ્યો હે કેવળનાણી કે અનંત દુઃખારી ખાણી ॥ મતિ૦ ॥ ૪ ॥ રત્ન યત્ન કરી શીળ આરાધો, છંડોને કુમતિ પુરાણી ॥ મુગતિ મહેલની સેહેલ અચળ સુખ, મુગતિ રમણની શિરાણી ॥ કે વીર જીણંદની વાણી ॥ મતિ૦ ॥ ૫ ॥ સાલ છાશીએ મહામંદિરમેં, શીળ કથા સુવખાણી ॥ શીળ વિના સહુ જનમ અકારથ કયાં રાજા કયાં રાણી ॥ કે શિયળ જગ ઉત્તમ પ્રાણી ॥ મતિ૦ ॥ ૬ ॥

अथ श्री जोवनपचीशी.

જોવનિયાનો લટકો દહાડા ચારનો, પુર પાણીનું જાતાં ન લાગે વાર જો ॥ કાચનો કૂપો ભટકયો કટકા થઈ પડે, અથિર ડાભ અણી ઉપર જળ ઠાર જો ॥ જોવનીયાનો૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ મદ માતા જોવનમાં નર ને નારીયો, માન ગુમાન તો તનમાં કયાંહી ન માય

જો ॥ રંગ પતંગનો ક્ષણમાં ઉડી જાયશે, પાણીમાં પતાસાં પલળી જાય જો ॥ જો૦ ॥ ૨ ॥ ગોરો ગોરો ગાત્ર દેખી મન મોહિ રહ્યું, શુભ સુકોમળ સુંદર વર્ણ શરીર જો॥ સાંજે સંધ્યા ફુલે પાંચે રંગની, ભંગ થાયે ઘડિ એક ન રહેવે થીર જો ॥ જો૦ ॥ ૩ ॥ અંગ ઉદકથી મંજન કરી શોભે ઘણું, કાળા ભમર સમરાવ્યા સુંદર કેશ જો ॥ તેલ ફુલેલ સુગંધી મસ્તક મહમહે, દર્પણ દેખી વિવિધ બનાવે વેશ જો ॥ જો૦ ॥ ૪ ॥ પીતાંબર પટકૂળ અનુકુળ ઓપતાં, મુખમલ જામા રેટા રૂડા રૂમાલજો ॥ અંગરખાં ઊપરણી ઓપતિ આંગડી, ઓઢી અનોપમ સુંદર સાલ દુસાલ જો ॥ જો૦ ॥ ૫ ॥ મોહનગારાં સોહે મસ્તક મોળિયાં, સોનેરી શિરપાવ ઝળકતી જયોત જો ॥ કાને કુંડળ ઝળકે લલિત વિનોદથી, હૃદય વિકસિત હાર તણો ઉદ્યોત જો ॥ જો૦ ॥ ૬ ॥ કંઠે આભરણ ગળે લહકે ઝુમણાં, મુક્તાફળ માળા પરવાળાં સાર જો ॥ વેઢ વીંટી ને કડાં પોંચી બેરખા, આછો અલંકૃત આભૂષણ શણગાર જો ॥ જો૦ ॥ ૭ ॥ તાપ નિવારણ નાજુક છત્રી શિરે ધરી, છેલ છબીલા ચાલે ચટકતી ચાલ જો ॥ ચરણે ચમચમ મોજડિયો ચમકાવતા, અમલ આરોગે લોચન લાલ ગુલાલ જો ॥ જો૦ ॥ ૮ ॥ ચૂઆ ચંદન મૃગમદ કેસર અરગ જો, ડોલર ડમરા ગલગોટા ને ગુલાબ જો ॥ જાઇ જુઇ મચકુંદ ને કેતકી કેવડા, કુસુમતણી સુરભિગંધે ગરકાવ જો ॥ જો૦ ॥ ૯ ॥ લાલ રંગીલા મદથી મૂછ મરોડતા, મોડા મોડ મમતામાં હોડા હોડ જો ॥ દૈવતણો ડર મનમાંહી નવિ લેખવે, મોટપણામાં મનના મનોરથ કોડ જો ॥ જો૦ ॥ ૧૦ ॥ મહોલ પ્રાસાદ ઝરૂખાં ઊંચા ઝળહળે, ચિત્રશાળી પટશાળી ઝાકઝમાળ જો ॥ ગોખ અટારી જાળી જુગતિ શોભા ઘણી, ઘડીત જડિત મનોહર સાતે માળ જો ॥ જો૦ ॥ ૧૧ ॥ કનક રજત વર્ગે કરી ગેહ મઠારિયાં, આરિસે મંડિત અનુપ અવાસ જો ॥ હાંડી ઝમરૂખ ગલાસ દિપક ઉદ્યોતથી, મંદીર ભાસ્કર કીધ ભવન કૈલાસ જો ॥ જો૦ ॥ ૧૨ ॥ ચંદરુઆ સુખદાઇ બિછાઇ ચાંદણી, કનક સીંહાસને દીપે દેવકુમાર જો॥ દાસ દાસી કીંકર કરજોડીને ખડા, હાલ હુકમ ફરમાવે તે કરે ત્યાર જો ॥ જો૦ ॥ ૧૩ ॥ ગાદી તકીયા મુખમલ ગાલમશુરિયાં, ફુલ સજ્યાએ ભોગી ભરમ રંગરેલ જો ॥ કેળિ કરે માણીધર મોહન ગેહમાં, નવલ નગીના નવ નવ ખેલે ખેલ જો ॥ જો૦ ॥ ૧૪ ॥ પલંગે પોઢયારે પંખા ઝૂલતા, હીંચકતા હોંશે હીંડાળા ખાટ જો ॥ દંપતિ રમતાં સારી

પાસે શોગઠે, વિષય સુખ વિલસે ગત અંગ ઉચાટ જો ॥ જો૦ ॥ ૧૫ ॥ મદનાંકુર પ્રગટયોરે જોવન પૂરમાં, લલના સાથે લીન મગન રહે મન જો ॥ અંકુશને નવિ માને વિકળ જેમ હાથિયો, કાળ કાદવમાં ખુટયા કામી જન જો ॥ જો૦ ॥ ૧૬ ॥ નાચ નાટક નિરખે નિસુણે નિત ગાવણાં, મધુર રાગ રાગણિયે રહ્યા લલચાય જો ॥ ઝાંઝરના ઝણુણાટ ઘુઘર ધમકારમાં, મદ અંધાનું મનડું વ્યાકુળ થાય જો ॥ જો૦ ॥ ૧૭ ॥ હાસ્ય વિલાસ વિનોદ વિવિધ ક્રીડા કરે, પંચ વિ- ષયમાં પુરણ પ્રસર્યો પ્રેમ જો ॥ માયામાં મગરૂર કુમર કોડામણા, ષટ રસ સ્વાદી રૂપે રતિ ગતિ જેમ જો ॥ જો૦ ॥૧૮॥ ભાત ભાતનાં ભોજન નિ- ત નિત નીપજે, આરોગે ઉષ્ણ અનુકુળ આહાર જો ॥ સેવ શિખંડ પયપાક કંસાર જમણ ભલાં, આંબા કેળાં શાક અથાણાં સાર જો ॥ જો૦ ॥ ૧૯ ॥ મોદક મીઠાં મગદળ દીઠાં દિલ ઠરે, ઘોળવડાં ઘેબર ને મોતીચુર જો ॥ અડદિયા સેવૈયા લાખણસાઈ લાડુઆ, ખાજાં જલે- બી સાટા પાક સનુર જો ॥ જો૦ ॥ ૨૦ ॥ સાત ભાત પકવાન મેવા મન ભાવતા, ખાંત ધરી અમૃત સમ કરતા સ્વાદ જો ॥ વાળે વાસિત પાણી શીતળ પીવતા, મચ્યા મતવાળા અંગ અનંગ ઉનમાદ જો ॥ જો૦ ॥ ૨૧ ॥ પાન પિચરકી લવિંગ સોપારી એલચી, તજ જાવંત્રી જાયફળ સુખવાસ જો ॥ જોવનરસ ઝુકયો જાણે મરવું નથી, ધન મેળણ મન માંહી અનંતી આશ જો ॥ જો૦ ॥ ૨૨ ॥ સ્વપ્ન બાજી સંસારમાં શું રાજી થયા, અંતે છે દાવાનળ સરિખાં દુઃખ જો ॥ પરભવ જાતાં ભાતું લ્યો ભુખ લાગશે, મતિ લજાવો માતા કેરી કુખ જો ॥જો૦॥૨૩॥ જરા ફોજો જોવન મોજાં લુટશે, બુઢાપણમાં થાશે બુરા હવાલ જો ॥ વિવિધ જાતના રોગ શરીરે જાગશે, મન સમજાવી ધર્મ કર્યામાં આલ જો ॥ જો૦ ॥૨૪॥ સંવત ઓગણી સોળ ને પોષ પુરણ તિથિ, જોવન પચ્ચી- શી જોડી ગોંડળ વાસ જો ॥ પૂજ્ય પુંજાજી સ્વામી ગુણના પુંજ છે, વૃદ્ધ ઋષિનો શિષ્ય કહે ખોડીદાસ જો ॥ જો૦ ॥ ૨૫ ॥

अथ श्री मनक मुनिनी सज्झाय.

નમો નમો મનક મહામુનિ, બાળપણે વ્રત લીધો રે ॥ પ્રેમ પિ- તાશું રે પરઠીયો, માયશું મોહ ન કીધો રે ॥ નમો નમો મનક મહા મુનિ ॥ ૧ ॥ એ આંકણી ॥ પૂરવ ચોદ પુરવ ધણી, સિજ્જંભવ જસ તાતો રે ॥ ચોથો પટાધર વીરનો, મહિયલ માંહી વિખ્યાતો રે ॥

નમો૦ ॥ ૨ ॥ શ્રી સિજ્જ ભવ ગણધરે, ઉદ્દેશી નિજ પુત્રો રે ॥ સયળ સિદ્ધાંતથી ઉદ્ધરી, દશવૈકાળિક સુત્રો રે ॥ નમો૦ ॥૩॥ માસ છએ પુરણ ભણ્યો, દશ અધ્યયન રસાળો રે ॥ આળસ અંગથી પરહરી, ધન ધન એ મુનિબાળો રે ॥ નમો૦ ॥ ૪ ॥ ચારિત્ર ષટ મસ વાડલા, પાળી પુણ્ય પવિત્રો રે ॥ સ્વર્ગ સમાધે સધાવીયો, કરી જગ જનને મિત્રો રે ॥ નમો૦ ॥ ૫ ॥ પુત્ર મરણ પામ્યા પછી, સિજ્જંભવ ગણધારો રે ॥ બહુ શ્રુત દુઃખ મનમાં ધરે, તેમ નયણે જળધારો રે ॥ નમો૦ ॥ ૬ ॥ પ્રભુ તુમે બહુ પ્રતિબોધિયા, સમસંવેગીયા સાધ રે ॥ અમે આંસુ નવિ દીઠડાં, તુમ નયણે નિરાબાધ રે ॥ નમો૦ ॥ ૭ ॥ અમને એ મુનિ મનકલો, સુત સબંધથી મળીયો રે ॥ વિણસે અર્થ કહ્યાં થકાં, પણ કેણે નવિ કળીયો રે ॥ નમો૦ ॥ ૮ ॥ શું કહીએ રે સંસારિને, એ એહવી સ્થિતિ દીસે રે ॥ તન દીઠે મન ઉલ્લસે, જોતાં હિયડલું હીસે રે નમો૦ ॥ ૯ ॥ લબ્ધિ કહે ભવિયણ તુમે, મ કરો મોહ વિકારો રે ॥ તો તુમે મનકતણી પરે, પામો સદ્‌ગતિ સારો રે ॥ નમો૦ ॥ ૧૦ ॥ ઇતિ. ॥

अथ श्री चेलणा सतीनी सज्झाय.

વીરે વખાણી રાણી ચેલણા જી, સતીય શિરોમણી જાણ ॥ ચેડા રાજાની સાતે સુતા જી, શ્રેણિક શિયળ પ્રમાણ ॥ વીરે૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ વીર વાંદી ઘેર આવતાં જી, ચેલણાયે દીઠો રે નિગ્રંથ ॥ વનમાંહે રાતે કાઉસ્સગ રહ્યો જી, સાધતો મુગતિનો પંથ ॥ વીરે૦ ॥૨॥ શીત ઠાર સબળો પડે જી, ચેલણા પ્રીતમ સાથ ॥ ચારિત્રિયો ચિત્તમાં વસ્યો જી, સોડ બાહિર રહ્યો હાથ ॥ વીરે૦ ॥ ૩ ॥ ઝબકી જાગી કહે ચેલણા જી, કેમ કરતો હશે તેહ ॥ કામિનીને મન કોણ વશ્યોજી, શ્રેણિક પડયો રે સંદેહ ॥ વીરે૦ ॥ ૪ ॥ અંતે ઉર પરજાળજો જી, શ્રેણિક દીયો રે આદેશ ॥ ભગવંતે સંશય ભાંજિયો જી, ચમકિયો ચિત્ત નરેશ ॥ વીરે૦ ॥૫॥ વીર વાંદી વળતાં થકાં રે, પેસતાં નગરમઝાર ॥ ધુમાંધ તિહાં દેખી કહે જી, જા જા ભુંડા અભયકુમાર ॥ વીરે૦ ॥૬॥ તાતનું વચન તે પાળવા જી, વ્રત લીયો અભયકુમાર ॥ સમયસુંદર કહે ચેલણાજી, પામશે ભવતણો પાર ॥ વીરે૦ ॥૭॥ ઇતિ ॥

અથ શ્રી દેવકીના છ પુત્રની સજ્ઝાય.

(ઇણુ અવસર એક આવી જંબુકી રે. એ દેશી.)

મનડું તે મોહ્યું મુનિવર માહેરૂં રે, દેવકી કહે સુવિચાર રે ॥ ત્રીજી તે વાર આવ્યા તુમે રે, મ્હારો સફળ કર્યો અવતાર રે ॥ મનડું૦ ॥૧॥ એ આંકણી ॥ સાધુ કહે સુણ દેવકી રે, અમે છીએ છએ ભ્રાત રે ॥ ત્રણ સંઘાડે ઘર તાહરે રે, લેવા આહારની દાત રે ॥ મ૦ ॥ ૨ ॥ સરખી વય સરખી કળા રે, સરખાં રૂપ શરીર રે ॥ તન વાન શોભે સારિખાં રે, જે દેખી ભુલી ધીર રે ॥ મ૦ ॥૩॥ પુરવ નેહ ધરી દેવકી રે, પુછે સાધુને વાત રે ॥ કોણ ગામ વસતાં તમે રે, કોણ પિતા કોણ માતરે ॥ મ૦ ॥ ૪ ॥ ભદ્દીલપુર વસે પિતા રે, નાગ ગાહાવઇ સુળસા માત રે ॥ નેમિ જિણંદની વાણી સુણી રે, પામ્યા વૈરાગ્ય વિખ્યાત રે ॥ મ૦ ॥૫॥ બત્રીશ કોડી સોવન તજી રે, તજી બત્રીશ બત્રીશ નાર રે ॥ એક દિવસે સંયમ લીયો રે, જાણી અથિર સંસાર રે ॥ મ૦ ॥ ૬ ॥ પુરવ કર્મને ટાળવા રે, અમે ધર્યો છઠ્ઠ તપ ઉદાર રે ॥ આજ તે છઠને પારણે રે, આવ્યા નગર મઝાર રે ॥ મ૦ ॥૭॥ ન્હાનાં મ્હોટાં બહુ ઘરે રે, ફરતા આવ્યા તુજ વાસરે ॥ એમ કહી સાધુ વળ્યા રે, પહોત્યા નેમિ જિણંદની પાસ રે ॥ મ૦ ॥ ૮ ॥ સાધુ વચન સુણી દેવકી રે, ચિંતવે હૃદય મઝાર રે ॥ બાળપણે અઇમુત્તે મુજને કહ્યું રે, મથુરા નગરી માંહી સાર રે ॥ મ૦ ॥ ૯ ॥ આઠ પુત્ર હોશે તારે રે, તેહવા નહિ જન્મે અનેરી માત રે ॥ આ ભરત ક્ષેત્રમાં જાણજે રે, તે તો જુઠ્ઠી નિમિત્તની વાત રે ॥ મ૦ ॥ ૧૦ ॥ એ સંશય નેમિ જિન ટાળશે રે, જઇ પુછું પ્રશ્ન ઉદાર રે ॥ રથમાં બેસી આવ્યાં દેવકી રે, જઇ વાંદ્યાં નેમિ જિણંદને સાર રે ॥ મ૦ ॥ ૧૧ ॥ નેમિ જિણંદ કહે દેવકી રે, સુણો પુત્ર કેરી વાત રે ॥ છ અણગાર દેખી તિહાં રે, તવ ઉપન્યો સ્નેહ વિખ્યાત રે ॥ મ૦ ॥૧૨॥ દેવકી એ છએ સુત તાહરા રે, તેં ધર્યા ઉદર નવ માસ રે ॥ હરિણગમેષી દેવતા રે, જન્મતાં હરયા તુજ પાસ રે ॥ મ૦ ॥ ૧૩ ॥ સુળસાની પાસે ઠવ્યાં રે, પહોતી સુળસા કેરી આશ રે ॥ પુણ્ય પ્રભાવે તે પામિયા રે, સંસારના ભોગ વિલાસ રે ॥મ૦॥૧૪॥ નેમિ જિણંદની વાણી સુણી રે, પામી હર્ષ ઉલ્લાસ રે ॥ છએ અણગાર જઇ વાંદિયા રે, નિરખે નેહ ભરી તાસ રે ॥ મ૦ ॥ ૧૫ ॥ પાનો પ્રગટયો તિહાં કને રે, વિકશા રો-

મકુપ દેહ રે ॥ અનિમિષ નયણે નિરખિયા રે, ધરી પુત્ર પ્રેમ સ્નેહ રે ॥ મ૦ ॥ ૧૬ ॥ વાંદી નિજ ઘર આવીયાં રે, હોંશ પુત્ર રમાડણ જાસરે ॥ કૃષ્ણજીએ દેવ આરાધિયો રે, માતાને સુખ ઉલ્લાસરે ॥ મ૦ ॥ ૧૭ ॥ ગજસુકુમાળ ખેલાવતી રે, પહોતી કાંઈ દેવકીની આશ રે ॥ કર્મ ખપાવી મુગતે ગયા રે, છ અણગાર સિદ્ધવાસ રે ॥ મ૦ ॥ ૧૮ ॥ સાધુ તણા ગુણ ગાવતાં રે, સફળ હોવે નિજ આશ રે ॥ ધર્મસીંહ મુનિવર કહે રે, સુણતાં લીલ વિલાસ રે ॥ મ૦ ॥ ૧૯ ॥ ઇતિ. ॥

अथ श्री आऊखानी सज्झाय.

આઉખું ત્રુટયાને સાંધો કો નહી રે, તિણ કારણ મ કરો જીવ પ્રમાદ રે ॥ જરો આવ્યા ને શરણું કો નહી રે, હીંસા છોડીને દયા પાળ રે ॥ આઉખું૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ કુટુંબ કબીલા નારી કારણે રે, મુરખ સંચ્યાં બહુળાં પાપ રે ॥ ચોરતણી પરે છંડી ઝુર શો રે, સહેશો ઇહલોક પરલોક સંતાપ રે ॥ આ૦ ॥ ૨ ॥ ઊંચાં ચણાવ્યાં મંદિર માળિયાં રે, દેઇ દેઈ ધરતીમેં ઊંડી નીવ રે ॥ એક દિન અણજાણ્યાં ઊઠી ચાલવું રે, સુખ દુઃખ સહેશે આપણો જીવ રે ॥ આ૦ ॥ ૩ ॥ ચક્રવતિ હરિબળ રાણો કેશવો રે, જોજયો વળી ઇંદ્રસુરોનો નાથ રે ॥ ઊગી ઊગીને ઉવેહી આથમ્યા રે, જોજયો કાંઇ અચરિજ વાળી વાત રે ॥ આ૦ ॥ ૪ ॥ અથિર સંસાર તજી મુનિ નીસરયા રે, કરતા મુનિ ઉગ્ર વિહાર રે ॥ ભરંડપંખીની દીધી ઊપમા રે, ન ધરે મમતા મોહ લગાર રે ॥ આ૦ ॥ ૫ ॥ ચારિત્ર પાળે રૂડી રીતશું રે, દેવે મુનિ આપનો ઉપદેશ રે ॥ તિકો મુનિ વર સિધાશે મોક્ષને રે, જશ લેઈ ઇહલોક પરલોક રે ॥ આ૦ ॥ ૬ ॥ શબ્દ રૂપ દેખી સમતા ધરો રે, મ કરો મુનિ ભણ્યા તણો અભિમાન રે ॥ ઋષિ ચોથમલ્લ સુત્ર દેખિને રે, જોડ કીધી ઝાલોર મઝાર રે ॥ આ૦ ॥ ૭ ॥ ઇતિ. ॥

अथ श्री स्थूलिभद्रजीनी सज्झाय.

શ્રી સ્થુળિભદ્ર મુનિગણમાં શિરદાર જો, ચોમાસું આવ્યા કોશ્યા આગાર જો ॥ ચિત્રાસણશાળીયે તપ જાપ આદરયાં જો ॥ ૧ ॥

આદરિયાં વ્રત આવ્યા છો અમ ગેહ જો, સુંદિર સુંદર ચંપક વરણી દેહ જો ॥ અમ તુમ સરિખો મેળો આ સંસારમાં જો ॥ ૨ ॥

સંસારે મેં જોયું સકળ સરૂપ જો, દર્પણની છાયામાં જેવું રૂપ જો ॥ સુપનાની સૂખલડી ભુખ ભાગે નહી જો ॥ ૩ ॥

ના કહેશો તો નાટક કરશું આજ જો, બાર વરસની માયા છે મુનિરાજ જો ॥ તે છોડી કેમ જાઊં હું આશા ભરી જો ॥ ૪ ॥

આશા ભરિયો ચેતન કાળ અનાદી જો, ભમ્યો ધરમને હીણ થયો પરમાદી જો ॥ ન જાણી મેં સુખની કરણી જોગની જો ॥૫॥

જોગી તો જંગલમાં વાસો વસિયા જો, વેશ્યાને મંદિરિયે ભોજન રસિયા જો ॥ તુમને દીઠા એવા સંયમ સાધતા જો ॥ ૬ ॥

સાધશું સંયમ ઇચ્છારોધ વિચારી જો, કુર્માપુત્ર થયા નાણી ઘરબારી જો ॥ પાણી માંહે પંકજ કોરૂં જાણિયે જો ॥ ૭ ॥

જાણીએ તો સઘળી તુમારી વાત જો, મેવા મીઠા રસવંતા બહુ જાત જો ॥ અમર ભુષણ નવ નવલી ભાંતે લાવતા જો ॥ ૮ ॥

લાવતા તો તું દેતી આદરમાન જો, કાયા જાણું રંગ પતંગ સમાન જો ॥ ઠાલીને શી કરવી એવી પ્રીતડી જો ॥ ૯ ॥

પ્રીતલડી કરતા તે રંગભર સેજ જો, રમતા ને દેખાડંતા ઘણું હેજ જો ॥ રીસાણી મનાવી સુજને સાંભરે જો ॥ ૧૦ ॥

સાંભરે તો મુનિવર મનડું વાળે જો, ઢાંકયો અગ્નિ ઉઘાડયો પરજાળે જો ॥ સંયમ માંહી એ છે દુષણ મોટકું જો ॥ ૧૧ ॥

મોટકું આવ્યું તું નંદનું તેડું જો, જાતાં ન વહે કાંઇ તુમારૂં મનડું જો ॥ મેં તુમને તિહાં કોલ કરીને મોકલ્યા જો ॥ ૧૨ ॥

મોકલ્યા તો મારગ માંહી મળિયા જો, સંભુતિ આચારજ જ્ઞાને બળિયા જો ॥ સંયમ દીધું સમકિત તેણે શીખવ્યું જો ॥ ૧૩ ॥

શીખવ્યું તો કહિ દેખાડો અમને જો, ધરમ કરંતાં પુણ્ય વડેરૂં તમને જો ॥ સમતાને ઘેર આવી વેશ્યા ઇમ કહે જો ॥ ૧૪ ॥

વંદે મુનીશ્વર શંકાને પરિહાર જો, સમકિત મૂળે શ્રાવકનાં વ્રત બાર જો ॥ પ્રાણાતિપાતાદિક સ્થુલથી ઉચ્ચરે જો ॥ ૧૫ ॥

ઉચ્ચરે તો વીત્યું છે ચોમાસું જો, આણા લેઈને આવ્યા ગુરુની પાસે જો ॥ શ્રુતનાણી કહેવાણા ચૌદ પૂરવી જો ॥ ૧૬ ॥

પૂરવી થઇને તાર્યા પ્રાણી થોક જો, ઉજવળ ધ્યાને તેહ ગયા દેવલોક જો ॥ ઋષભ કહે નિત્ય તેહને કરીએ વંદના જો ॥ ૧૭ ॥ ઇતિ ॥

અથ શ્રી નંદિષેણ મુનિનું ત્રીઢાળિયું.

॥ ઢાલ ૧ લી. ॥

રાજગૃહી નગરીનો વાસી, શ્રેણિક સુત સુવિલાસી હો ॥ મુનિવર વૈરાગી ॥ નંદિષેણ દેશના સુણી ભીનો, ના ના કહેતાં વ્રત લીનો હો ॥ મુ૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ ચારિત્ર નિત્ય ચોખું પાળે, સંયમ રમણીશું મ્હાલે હો ॥ મુ૦ ॥ એક દિન જિન પાયે લાગી, ગૌચરીની અનુમતિ માગી હો ॥ મુ૦ ॥ ૨ ॥ પાંગરિયો મુનિ વહોરેવા, ક્ષુધા વેદની કર્મ હરેવા હો ॥ મુ૦ ॥ ઉંચ નીચ મધ્યમ કૂળ મ્હોટા, અટતો સંયમ રસ લોટા હો ॥ મુ૦ ॥ ૩ ॥ એક ઉંચુ, ધવળ ઘર દેખી, મુનિવર પેઠા શુદ્ધ ગવેખી હો ॥ મુ૦ ॥ તિહાં જઈ દીધો ધર્મલાભ, વેશ્યા કહે ઇહાં અર્થલાભ હો ॥ મુ૦ ॥ ૪ ॥ મુનિ મન અભિમાનજ આણી, ખંડ કરી નાંખ્યો તરણું તાણી હો ॥ મુ૦ ॥ સોવન વૃષ્ટિ હૂઈ બાર કોડી, વેશ્યા વનિતા કહે કરજોડી હો ॥ મુ૦ ॥ ૫ ॥

॥ ઢાલ ૨ જી. ॥

(થારે માથે પચરંગી પાગ, સોવનરો છોગલો મારૂ જી. એ દેશી.)

થેં તો ઊભા રહીને અરજ અમારી સાંભળો, સાધુજી ॥ થેં તો મ્હોટા કૂળના જાણી, મૂકી દ્યો આમળો ॥ સાધુજી ॥ થેં તો લેઇ જાઓ સોવન કોડિ ગાડાં ઊંટે ભરી, સાધુજી ॥ નહી આવે અમારે કામ ગ્રહો પાછા ફરી ॥ સાધુજી ॥ ૧ ॥ થારાં ઉજ્વળ વસ્ત્ર દેખી મોહે મન માહરૂં, સાધુજી ॥ થારો સુરપતિથી પણ રૂપ અધિક છે વાહરૂ ॥ સાધુજી ॥ થારાં મૃગસમ સુંદર નેત્ર દેખી હર્ષે લાગણો, સાધુજી ॥ થારો નવલો જોવન લેશ વિરહ દુઃખ ભાજણો ॥ સાધુજી ॥ ૨ ॥ એ તો જંત્ર જડીત કપાટ કુંચી મેં કર ગ્રહી, સાધુજી ॥ મુનિ વળવા લાગ્યો જામ આડી ઊભી રહી ॥ સાધુજી ॥ મેં તો ઓછી સ્ત્રીની જાતિ મતી કહી પાછળે, સાધુજી ॥ થેં તો સુગુણ ચતુરસુજાણ વિચારો આગળે ॥ સાધુજી ॥ ૩ ॥ થેં તો ભોગ પુરંદર હું પણ સુંદીર સારી, સાધુજી ॥ થેં તો પહેરો નવલા વેશ ઘરાણાં જરતારી ॥ સાધુજી ॥ મણિ મુગતાફળ મુગટ બિરાજે હેમના, સાધુજી ॥ અમે સજીયે સોળ શણગાર કે પિયુ રસ અંગના ॥ સાધુજી ॥ ૪ ॥ જે હોય ચતુરસુજાણ તે કદિય ન ચુકશે, સાધુજી ॥ એહવો અવસર સાહિબ કદિય ન

આવશે ॥ સાધુજી ॥ એમ ચિંતેચિત્ત મઝાર નંદિષેણુ વાહાલો, સાધુજી ॥ રહેવા ગણિકાને ધામ કે થઇને નાહલો ॥ સાધુજી ॥ ૫ ॥

॥ढाल ३ जी.॥

(દેશી પ્રથમ ઢાળની.)

ભોગ કરમ ઉદય તસ આવો, શાસનદેવીયે સંભળાવ્યો હો ॥ મુનિવર વૈરાગી ॥ રહ્યો બાર વરસ તસ આવાસે, વેશ મ્હેલ્યો એક ણુ પાસે હો ॥ મુ૦ ॥ ૧ ॥ દશ નર દિન પ્રતે પ્રતિબુઝે, દિન એક મૂરખ નવિ બુઝે હો ॥ મુ૦ ॥ બુઝવતાં હુઈ બહુ વેળા, ભોજનની થઇ અવેળા હો ॥ મુ૦ ॥ ૨ ॥ કહે વેશ્યા ઊઠો સ્વામી, એ દશમો ન બુઝે કામી હો ॥ મુ૦ ॥ વેશ્યા વનિતા કહે ધસમસતી, આજ દશમા તુમે હીજ હસતી હો ॥ મુ૦ ॥ ૩ ॥ એહ વચણ સુણીને ચાલ્યો, ફરી સંયમશું મન વાળ્યો હો ॥ મુ૦ ॥ ફરી સંયમ લીયો ઉલ્લાસે, વેશ લેઇ ગયો જિન પાસે હો ॥ મુ૦ ॥ ૪ ॥ ચારિત્ર નિત્ય ચોખું પાળી, દેવલોક ગયો દેઈ તાળી હો ॥ મુ૦ ॥ તપ જપ સંયમ કીરિયા સાધી, ઘણા જીવને હી પ્રતિબોધી હો ॥ મુ૦ ॥ ૫ ॥ જયવિજય ગુરૂ શીશ, તસ હર્ષ નમે નિશ દીશ હો ॥ મુ૦ ॥ મેરૂ વિજય ઇમ બોલે, એહવા ગુરૂને કુણ તોલે હો ॥ મુ૦ ॥ ૬ ॥ ઇતિ૰ ॥

अथ श्री नंदा सतीनी सज्झाय.

બેનાતટ નયરે વસે, વ્યવહારી વડ મામરે ॥ શેઠ ધનાવહ નંદની, નંદા ગુણમણિ ધામ રે ॥ સમકિત શીળ ભુષણ ધરો ॥૧॥ એ આંકણી ॥ જિમ લહો અવિચળ લીલ રે ॥ સહજ મળે શિવસુંદરી, કરિય કટાક્ષ કલ્લોલ રે ॥ સ૦ ॥ ૨ ॥ પ્રસેનજિત નરપતિ તણો, નંદન શ્રેણિક નામ રે ॥ કુમરપણે તિહાં આવિયો, તે પરણી ભલે મામરે ॥ સ૦ ॥ ૩ ॥ પંચ વિષયસુખ ભોગવે, શ્રેણિકશું તે નાર રે ॥ અંગજ તાસ સોહામણો, નામે અભય મારરે ॥ સ૦ ॥ ૪ ॥ અનુક્રમે શ્રેણિક નૃપ થયા, રાજગૃહી પુરી કેરારે અભયકુમાર આવી મળ્યા, તે સંબંધ ઘણેરારે ॥ સ૦ ॥ ૫ ॥ ચઉવિહ બુદ્ધિતણા ધણી, રાજ્ય ધુરંધર જાણીરે ॥ પણ તેણે રાજ્ય ન સંગ્રહ્યું, નિસુણી વીરની વાણીરે ॥ સ૦ ॥ ૬ ॥ બુદ્ધિબળે આજ્ઞા ગ્રહી, ચેલ્લણાને અવદાતરે ॥ કહે શ્રેણિક જા ઇહાં થકી, એહની છે ઘણી વાતરે ॥ સ૦ ॥ ૭ ॥ નંદા ચા-

તા સાથશું, લીધો સંયમભાર રે ॥ વિજય વિમાને ઉપન્યા, કરશે એક અવતાર રે ॥ સ૦ ॥ ૮ ॥ શ્રેણિક કુણિકને થયા, વૈરતણા અનુબંધ રે ॥ તે સવિ અભય સંયમ પછી, તે સવિ કર્મ સંબંધ રે ॥ સ૦ ॥ ૯ ॥ જ્ઞાનવિમળ પ્રભુ વીર જી, આણ ધરે જે શિષ્ય રે ॥ તે નિત્ય નિત્ય લીલા લહે, જાગતી જાસ જગીશ રે ॥ સ૦ ॥ ૧૦ ॥ ઇતિ. ॥

अथ श्री शालिभद्रनी सज्झाय.

રાજગૃહી નગરી મોઝારો જી, વણઝારા દેશાવર સારોજી ॥ ઇણ વણજેજી ॥ રતનકંબળ લેઇ આવીયા જી ॥ ૧ ॥ લાખ લાખની વસ્તુ લાખેણી, એ વસ્તુ છે અતિ ઝેણી ॥ કાંઇ પરિમલજી ॥ ગઢ મઢ મંદિર પરિહરી જી ॥૨॥ પૂછે ગામને ચોતરે, લોક મળ્યા વિધ વિધ પરે ॥ જઈ પૂછ્યો જી ॥ શાળિભદ્રને મંદીરેજી ॥૩॥ શેઠાણી સુભદ્રા નિરખે જી, રતનકંબળ લેઇ પરખે જી ॥ લેઇ પોચાડી જી ॥ શાળિભદ્રને મંદીરે જી ॥૪॥ તેડાવ્યો ભંડારીજી, વીશ લાખ નિરધારી જી ॥ ગણી દેજ્યો જી ॥ એહને ઘર પોચાડજો જી ॥૫॥ રાણી કહે સુણો રાજા જી, આપણું રાજ કિશે કાજ જી ॥ મુજે કાજે જી ॥ એક ન લીધી લોબડી જી ॥ ૬ ॥ સુણ હો ચેલણા રાણી જી, એહ વાત મેં જાણી જી॥ પીછાણીજી ॥ એ વાતનો અચંભો ઘણો જી ॥ ૭ ॥ દાતણ તો જબ કરશું જી, શાળિભદ્ર મુખ જોશું જી ॥ શણગારો જી ॥ ગજ રથ ઘોડા પાલખીજી ॥૮॥ આગળ કુંતલ હીંચાવંતા, પાછળ પાત્ર નચાવંતા ॥ રાય શ્રેણિકજી ॥ શાળિભદ્ર ઘેર આવીયા જી ॥૯॥ પહેલે ભુવને પગ દીયો, રાજા મનમાં ચમકિયો ॥ કાંઇ જોજ્યો જી ॥ આ ઘર તો ચાકરતણાં જી ॥૧૦॥ બીજે ભુવને પગ દીયો, રાજા મનમાં ચમકિયો ॥ કાંઇ જોજ્યો જી ॥ આ ઘર તો સેવકતણાં જી॥ ૧૧ ॥ ત્રીજે ભુવને પગ દીયો, રાજા મનમાં ચમકિયો ॥ કાંઇ જોજ્યો જી ॥ આ ઘર તો દાસીતણાં જી ॥૧૨॥ ચોથે ભુવને પગ દીયો,રાજા મનમાં ચમકિયો ॥ કાંઇ જોજ્યો જી ॥ આ ઘર તો શ્રેષ્ઠિતણાં જી ॥૧૩॥ રાય શ્રેણિકની મુદ્રિકા, ખોવાઇ ખોળ કરે જીકા ॥ માય ભદ્રા જી ॥ થાળ ભરી તવ લાવીયાં જી ॥ ૧૪ ॥ જાગો જાગો મોરા નંદન જી, કેમ સૂતા આણંદજી ॥ કાંઇ આંગણે જી ॥ શ્રેણિક રાય પધારીયા જી ॥૧૫॥ હું નવિ જાણું માતા બોલમાં, હું નવિ જાણું માતા

તોલમાં ॥ તુમે લેજ્યો જી ॥ જિમ તુમને સુખ ઊપજે જી ॥ ૧૬ ॥ પૂર્વે કદી પૂછંતાં નહી, તો આમાં સૂં પૂછો સહી ॥ મોરી માતા જી॥ હું નવિ જાણું વણજમાં જી ॥૧૭॥ રાય કરિયાણું લેજો જી, મુહ માગ્યા દામ દેજો જી ॥ નાણાં ચૂકવી જી ॥ રાય ભંડારે નંખાવી દીયો જી ॥ ૧૮ ॥ વળતી માતા ઇમ કહે, સાચી નંદન સદ્દહે ॥ કાંઇ સાચે જી ॥ શ્રેણિક રાય પધારીયાજી ॥ ૧૯ ॥ ક્ષણમાં કરે કાંઇ રાજીયો, ક્ષણમાં કરે બેરાજીયો ॥ કાંઈ ક્ષણમાં જી ॥ ન્યાય અન્યાય કરે સહી જી ॥ ૨૦ ॥ પૂર્વે સુકૃત નવિ કીધાં, સુપાત્રેદાન નવિ દીધાં ॥ મુજ માથે જી ॥ હજુ પણ એહવા નાથ છે જી ॥ ૨૧ ॥ અબ તો કરણી કરશું જી ॥ પંચ વિષય પરિહરશું જી ॥ પાળી સં-યમ જી ॥ નાથ સનાથ થશું સહી જી ॥ ૨૨ ॥ ઇંદુવત અંગ તેજ જી, આવે સહુને હેજ જી ॥ નખશિખ લગી જી,અંગો પાંગ શોભે ઘણાં જી ॥૨૩॥ મુગતાફળ જિમ ચળકે જી, કાંને કુંડળ ઝળકે જી ॥ રાજા શ્રેણિકે જી ॥ શાળિભદ્ર ખોળે લીયો જી ॥૨૪॥ રાજા કહે સુણો માતા જી, તુમ કુમર સુખશાતા જી ॥ હવે એહને જી ॥ પાછો મંદિર મોકલો જી ॥૨૫॥ શાળિભદ્ર નિજ ઘર આવ્યા જી, રાય શ્રેણિક ઘેર સિધાવ્યા જી ॥ પછી શાળિભદ્ર જી ॥ ચિંતા કરે મનમાં ઘણી જી ॥૨૬॥ શ્રી જિનનો ધર્મ આદરૂં, મોહ માયાને પરિહરૂં ॥ હું છાંડું જી ॥ ગજ રથ ઘોડા પાલખી જી ॥૨૭॥ સુણિને માતા વિલખે જી, નારીયો સઘળી તલખે જી ॥ તિણિ વેળા જી॥ અશાતા પામ્યાં ઘણી જી ॥૨૮॥ માત પિતા ને ભ્રાત જી, સહુ આળ પંપાળની વાત જી॥ ઇણિ જગમાં જી ॥ સ્વારથનાં સરવે સગાં જી ॥૨૯॥ હંસ વિના શાં સરોવરિયાં, પિયુ વિના શાં મંદિરિયાં ॥ મોહ વશ થકાં જી ॥ ઉચાટ એમ કરે ઘણો જી ॥૩૦॥ સર્વનીર અમૂલ્ય જી, વાટકડે તેલ ફૂલેલ જી ॥ શાહ ધન્ને જી ॥ શરિર સમારણ માંડિઓ જી ॥૩૧॥ ધના ઘેર સુભદ્રા નારી જી, બેઠા મહેલ મોઝારી જી ॥ સમારંતાં જી ॥ એકજ આંસુ ખેરાયું જી ॥૩૨॥ ગૌભદ્ર શેઠની બેટડી, ભદ્રાબાઇ તોરી માવડી સુણ સુંદરિ જી ॥ તેં કેમ આંસુ ખેરીયું જી ॥ ૩૩ ॥ શાળિભદ્રની બેનડી, બત્રીશ ભોજાઇની નણદડલી ॥ તો તાહરે જી ॥ શા માટે રોવું પડે જી ॥ ૩૪॥ જગમાં એકજ ભાઇ માહરે, સંયમ લેવા મન કરે ॥ નારિ એક એક જી ॥ દિન દિન પ્રત્યે પરિહરે જી ॥૩૫॥ એ તો મિત્ર કાયરૂ, શું લે સંયમ ભાયરૂં ॥ જીલલડીજી ॥ સુખ માણ

ની જુદી જાણવી જી ॥ કહેવું તો ઘણું સોહલું, પણ કરવું અતિ દોહલું ॥ સુણો સ્વામીજી ॥ એહવી ઋદ્ધિ કુણ પરિહરેજી ॥ ૩૭ ॥ કહેવું તો ઘણું સોહલું, પણ કરવું અતિ દોહલું ॥ સુણ સુંદરીજી ॥ આજથી ત્યાગી તુજનેજી ॥ ૩૮ ॥ હું તો હસતી મલકીને, તુમે કિયો તમાસો હલકીને ॥ સુણો સ્વામીજી ॥ અબ તો ચીંતા નવિ ધરૂંજી ॥ ૩૯ ॥ ચોટી અંબોડો વાળીને, શાહ ધન્નો ઉઠયા ચાલીને ॥ કાંઈ આવ્યાજી ॥ શાળિભદ્રને મંદીરેજી ॥ ૪૦ ॥ ઉઠો મિત્ર કાયરૂ, સંયમ લેઈએ ભાયરૂ ॥ આપણ દોય જણજી ॥ સંયમ શુદ્ધ આરાધીએ જી ॥ ૪૧ ॥ શાળિભદ્ર વૈરાગીયા, શાહ ધન્નો અતિ ત્યાગીયા ॥ દોનુ રાગીયા જી ॥ શ્રી વીર સમીપે આવીયા જી ॥ ૪૨ ॥ સંયમ મારગ લીનો જી ॥ તપસ્યાએ મન ભીનો જી ॥ શાહ ધન્નો જી ॥ માસ ખમણ કરે પારણાં જી ॥ ૪૩ ॥ તપ કરી દેહને ગાળી જી ॥ દુષણ સઘળાં ટાળી જી ॥ વૈભારગિરિ જી ॥ ઉપર અણસણ આદર્યો જી ॥ ૪૪ ॥ ચઢતે પરિણામે સોય જી, કાળ કરી જણ દોય જી ॥ દેવગતિયે જી ॥ અનુત્તર વિમાને ઉપન્યા જી ॥ ૪૫ ॥ સુર સુખને તિહાં ભોગવી, ત્યાંથી દેવ દોનુ ચવી ॥ વિદેહે જી ॥ મનુષ્યપણું તેહ પામશે જી ॥ ૪૬ ॥ સુધો સંયમ આદરી, સકળ કર્મને ક્ષય કરી ॥ લહી કેવળ જી ॥ મોક્ષ ગતીને પામશે જી ॥ ૪૭ ॥ દાન તણાં ફળ દેખો જી, ધન્નો શાળિભદ્ર પેખો જી ॥ નહિ લેખો જી ॥ અતૂલ સુખ તિહાં પામશે જી ॥ ૪૮ ॥ ઇમ જાણી સુપાત્રને પેખો જી, જિમ વેગે પામો મોક્ષો જી ॥ નહિ ઓખો જી ॥ કદીયે જીવને ઉપજે જી ॥ ૪૯ ॥ ઉત્તમના ગુણ ગાવે જી, મનવંછિત સુખ પાવેજી ॥ કહે કવિજન જી ॥ શ્રોતાજન તુમે સાંભળો જી ॥ ૫૦ ॥ ઇતિ. ॥

अथ श्री क्रोधनो सलोको.

ક્રોધતણો હું કહું સલોકો, એક મને કરિ સાંભળજો લોકો ॥ ક્રોધે મરીને નરકે તે જાય, ક્રોધે મરીને તિર્યંચ થાય ॥ ૧ ॥ અનંતાનુબંધી ક્રોધ તે જાણ, ઉપમા જેમ ફાટયો પાષાણ ॥ અપચ્ચખાણી ક્રોધનું રૂપ, ફાટયું ખેત્ર જયું જાણો સરૂપ ॥ ૨ ॥ પચ્ચખાણીનું રૂપ છે જેમ, ધુળમાં લીટી કાઢીએ તેમ ॥ ક્રોધ સંજળનું રૂપ છે એવું, પાણીમાં લીટી કાઢીએ તેવું ॥ ૩ ॥ ચાર ક્રોધની ઉપમાં કહી, સુત્ર

થકી તે ભેદજ લહી ॥ ક્રોધે કરીને લોહી સુકાય, ધર્મ તણી તે વાત ન થાય ॥ ૪ ॥ ક્રોધે તે સરજે વીંછી ને સાપ, ક્રોધે વઢે તે પુત્ર ને બાપ ॥ ક્રોધે કરીને વઢે બે ભાઈ, ક્રોધે મરે તે ઝેરજ ખાઇ ॥ ૫ ॥ ક્રોધે પાણીમાં બુડીને મરે, ક્રોધે પોતાની ઘાતજ કરે ॥ ક્રોધે કરીને ફાંસો તે ખાય, ક્રોધે મરીને દુર્ગતિ જાય ॥ ૬ ॥ ક્રોધે વઢે તે સાસુ ને વહુ, ક્રોધે કુટુંબમાં વઢે તે સહુ ॥ ક્રોધે તે ભવ કરે અનંત, કોઈ કાળે તે પામે ન અંત ॥ ૭ ॥ સુબુદ્ધિ ટાળી દુર્બુદ્ધિ થાય, ક્રોધે તે અક્કલ ચાતુરી જાય ॥ ક્રોધે સંસારનું જાય તે સુખ, ક્રોધે દેહમાં થાયજ દુઃખ ॥ ૮ ॥ ક્રોધે કરીને કમાણી જાય, ક્રોધે તે ઘરમાં અવગુણ થાય ॥ ક્રોધે કરીને સહુશું લઢે, ક્રોધે કરી સ્વ આતમ કાઢે ॥ ૯ ॥ ક્રોધીની કોઈ આણે ન પ્રીત, ક્રોધે ન હોવે કોઈશું પ્રીત ॥ એવું જાણીને ક્રોધને વારો, તો કોઇ કાળે પામીએ આરો ॥ ૧૦ ॥ ક્રોધ હુવે ત્યાં દયા ન આવે, દયા વિના સમકિત કિમ પાવે ॥ તપનું અજીરણ જાણજો ક્રોધ, ચાર માંહીલી આવે ન બુદ્ધ ॥ ૧૧ ॥ ઇતિ. ॥

अथ श्री माननो सलोको.

ક્રોધનો ભાઈ માનસંગ મ્હોટો, મહા જબ્બર ગુણ છે ખોટો ॥ માનના લીધા વઢે ભુપાળ, કઈક જીવનો આણે તે કાળ ॥ ૧ ॥ માને તે ખરચે દ્રવ્ય અપાર, માને તે કરે ખાલી ભંડાર ॥ માનના લીધા ઝટકા તે ખાય, માનના લીધા નરકમાં જાય ॥ ૨ ॥ માને થયો તે દુર્યોધન દુઃખી, માને કોઇ તે થયો ન સુખી ॥ માને તે ખરચે દ્રવ્ય નીસુઠ, થાય હાથીને વધારે સુંઢ ॥ ૩ ॥ અનંતાનુબંધી માનનો બંધ, પાષાણ કેરો કરીએ તે થંભ ॥ અપચ્ચખાણી માનનું રૂપ, હાડના થંભ તણું સરૂપ ॥ ૪ ॥ પચ્ચખાણી તે માનનો ભેદ, કાષ્ઠનો થાંભો નિશ્ચે તે વેદ ॥ સંજળનું માન શેલી સરૂપ, ભગવંત એમ વાણી પ્રરૂપ ॥ ૫ ॥ માનના લીધા મોહવશ પડિયા, ચોવીશ દંડકમાં તે રડવડિયા ॥ માને જુઓને લંકાનો પતી, રામની નારી સીતાજી સતી ॥ ૬ ॥ રામાયણ માંહી જુઓને સાખ, લંકા બાળીને કીધી છે રાખ ॥ માન હુવે ત્યાં વિનય ન આવે, વિનય વિણ દયા હેયેથી જાવે ॥ ૭ ॥

अथ श्री मायानो सलोको.

ત્રીજો માયા તે મ્હોટા છે ભૂપ, તેનું તમોને કહું સરૂપ ॥ મા

યા કપટ મલ્લીનાથે કીધો, પુરૂષ રીટીને સ્ત્રીલિંગ લીધો ॥૧॥ માયાએ માનવ ભવ જાય હારી, માયાએ તિર્યંચ થાય તે નારી ॥ માયાએ કરી નરકમાં જાય, ચાર ગતિમાં ગોથાં તે ખાય ॥ ૨ ॥ માયાકપટ શલ્ય છે ભારી, પાંચજ ઇંદ્રિ જાય છે હારી ॥ ભગવંતે કહ્યા અવગુણ અનંત, કોઇ કાળે તે પામે ન અંત ॥૩॥ માયાકપટી તે હોય લંપટી, માયાએ દયા જાય છે ઘટી ॥ ધર્મતણી તે વાત ન જાણે, કોઇ પ્રતિત તેની ન આણે ॥૪॥ જેહને હોવે દાઢી ને મૂછ, માયાથી હોવે સિંહનું પૂંછ ॥ અનંતાનુબંધી માયાનું મૂળ, ગાંઠ વાંસની વાંકાં છે મૂળ ॥૫॥ સિંહ ઘેટાની વંકાશ જેમ, અપચ્ચખાણી માયા છે તેમ ॥ પચ્ચખાણી માયા કહી છે એવી, બળદ માત્રુ કરે છે તેવી ॥૬॥ છાલ ઉતારે વાંસની જેમ, સંજળની માયા કહી છે તેમ ॥ એવું જાણીને માયા પરિહરજો, સંસાર સાગર પાર ઉતરજો ॥૭॥ ઇતિ. ॥

अथ श्री लोभनो सलोको.

લોભ મોટેરો ચારના માંઇ, જગત જીવોને ગયો છે ખાઇ ॥ લોભે પાપનો કરે વેપાર, દયા ન આવે તિહાં લગાર ॥ ૧ ॥ લોભે જાવે તે સમુદ્રને પાર, લોભે કરીને ખાય છે માર ॥ લોભે મરે તે ઝટકા જ ખાઈ, લોભે કરીને ન રહે સગાઇ ॥૨॥ લોભે તે સહે સર્વેજ દુઃખ, તાઢ તડકો ને તૃષા ને ભૂખ ॥ લોભે કરીને વધારે દુઃખ, કોઇ કાળે તે પામે ન સુખ ॥ ૩ ॥ લોભે કરીને મૂકે છે ધર્મ, લોભે બાંધે છે આઠજ કર્મ ॥ લોભે હારે છે ધર્મ રતન, લોભ આવે ત્યાં ન રહે જતન ॥૪॥ તારણ સરણ કોઇ ન થાય, દ્રવ્ય મૂકીને દુર્ગતિ જાય ॥ લોભ આવે ત્યાં ન રહે સગાઈ, ગુણ મૂકીને કરે ઠગાઇ ॥ ૫ ॥ ધન મેળવતાં થાય છે પાપ, ખાય બીજો ને ભોગવે આપ ॥ ચારે ભાઇનાં અનંતાં દુઃખ, સંસારમાં કોઇ પામે ન સુખ ॥૬॥ ચિત્તમુનિનું બ્રહ્મદત્તરાય, વચણ ન માન્યું નરકે તે જાય ॥ આઠમો ચક્રી સ્વયંભૂ જૂઓ, લોભે પાણીમાં બૂડીને મૂઓ ॥ ૭ ॥ સૂત્રમાંહી એ કહ્યા છે ભેદ, વળી કહ્યા છે ચારજ વેદ ॥ લોભને વશે ધુતારા થઇ, પારકા માલ ગયા છે લઈ ॥ ૮ ॥ લોભ આવે તો ન રહે શરમ, લોભે ઉવેખે પારકા મરમ ॥ લોભ જીવને મહા દુઃખદાઇ, લોભે મરે તે અફીણ ખાઈ ॥૯॥ લોભે સવારથ પૂરો ન થાય, દરબારે જઇને ચાડીજ ખાય

॥ લોભે સાંભળે કઠણુ વેણુ, સગાં સાંઈનું માને ન કેણુ ॥ ૧૦ ॥ લોભે કરીને કુગુરુ થાય, લોભે મરીને દુર્ગતી જાય ॥ લોભને વશે કરે છે ચોરી, જાણે રાજા તો લેઇ જાય દોરી ॥૧૧॥ લોભને વશે માથાં વઢાવે, પહેરી બખતરને લડવા આવે ॥ લોભે કરીને કરગરે દીન, લોભે પોતાનું દેખાડે હીણુ ॥ ૧૨ ॥ લોભને વશ કરે કડકાઇ, પાછો આવે તે મારજ ખાઇ ॥ લોભે કરીને મારે છે ગામ, ચાકર મારે છે પોતાનો સ્વામ ॥ ૧૩ ॥ લોભે કરીને બગાડે કાજ, થોડું ખરચ્યું છે દ્રવ્ય મેં આજ ॥ પોતે જમે છે બાળીને પેટ, ધન દાટે છે ધરતીની હેઠ ॥૧૪॥ ફાટયું લુગડું સાંધીને રાખે, મૂરખ પોતાની અછત ભાખે ॥ મેળવ્યું ધન તે ખરચે ન આપ, મરીને થાય મણિધર સાપ ॥૧૫॥ આપ્યું તિહાંથી આવ્યું ન પાછું, દુધ મુકીને જમે છે છાશું ॥ કહે ભગવંત એમજ વાત, લોભે દયાની થાય છે ઘાત ॥૧૬॥ અનંતાનુબંધી લોભનો ભંગ, ઉપટે નહી જેમ કરમજનો રંગ ॥ ઉપમા લોભ અપચખાણી જેમ, ગાડાની ધરી ઉપમા તેમ ॥૧૭॥ પ. ચખાણાવરણી લોભ છે એમ, લુગડું કચરે ખરડયું હોય તેમ ॥ લોભ સંજળની ઉપમા જેમ, રંગ હળધરનો ઉપડે તેમ ॥૧૮॥ ચાર ભેદ તે લોભના જાણ, શ્રી જિનવર એમ ઓચરે વાણુ ॥ પોતાની નારી પરાયે હાથ, લોભે જઇને કરે છે વાત ॥ ૧૯ ॥ લોભે દોકડા દીકરીના લીયે, લોભે દીકરી વૃદ્ધને દીયે ॥ લોભે પુત્રીને મરાવે શામ, લોભે જઇ મારે પારકું ગામ ॥ ૨૦ ॥ ચોવીશ દંડકે લોભનો વાસ, કુળ-હીણાને કરવી શી આશ ॥ એવું જાણીને લોભને તજો, દેવ ગુરુને ધર્મને ભજો ॥૨૧॥ સર્વ સ્વારથની છે સગાઈ, પુત્ર પિતાને ઝેરજ પાઇ ॥ ઝગા મોબતિયા સંતોષી શેઠ, સ્વારથ આગળ કરે છે વેઠ ॥૨૨॥ લોભે કરી સ્ત્રી પુત્રને મારે, પુત્ર માતાને કાંઇ ન ઉગારે ॥ મો-હરાજાના ચાર છે બેલી, પુત્ર દયાને કાઢે છે ઠેલી ॥૨૩॥ એ ચારે અતિ બળિયા છે યોદ્ધા, હાથે ગ્રહ્યાં છે મ્હોટાં આયુદ્ધા ॥ ધનુર્વિદ્યાયે નાંખે છે બાણ, અનંતા જીવના હણે છે પ્રાણુ ॥૨૪॥ મોહાદિક આ-ગળ મૂછ તે મરડે, કરે હોંકારા ને પોંચા તે કરડે ॥ ગણે ન કોઇને કોણુ એ માત્ર, અનંતા જીવનાં ભાગ્યાં છે ગાત્ર ॥૨૫॥ ચૌદલોકમાં કેવા છે મતી, શરમ ન રાખે કોઈ ન રતી ॥ રાગ દ્વેષ એ મોહના પુત્ર, સંખ્યા જોજ્યો શ્રી આગમ સુત્ર ॥ ૨૬ ॥

अथ श्री स्त्रीना दुर्गुण विषे इंद्रविजय छंद.

નારીકી પ્યાસ કરે નર મૂરખ, પૂગે ન આશ નિરાશ થવાનો ॥ દીર્ઘ નિવાસ મુકે મુખથી, સુખથી ન સૂવે કહુ છું સત્ય માનો ॥ આખે દિલે અગની સળગે, વળગે નહી ધર્મમાં જીવ પોતાનો ॥ એહ સારૂ અટવાઈ મરે પણ, પાવૈયાને ચઢે નહી પાનો ॥૧॥

કામિની કુતરી બેહુ બરાબર, રીઝે તો ચાટે ને ખીજે તો કાટે ॥ ભામિની ભેખડ તુલ્ય બની, જશ કીરતિ સુખ સંપત્તિને દાટે ॥ કામિની સાપણિ પાપણિ તાપણિ, પોષકને પણ નાંખે ઉચાટે ॥ સમ્રથ છે ખોડિદાસ કહે નર, એહની આગળ કોઈ ન ખાટે ॥૨॥

કામિની કારણ રાવણ નાં વીશ, ભુજ ને દશ મસ્તક કપાણાં ॥ કીચકને કચરયો શિલા હેઠળ, મુંજ અબૂઝનાં અંગ દહાણાં ॥પૂરણ દુઃખ પામ્યો પદ્મોત્તર, માનની માટે તો મૂળ ખણાણાં ॥ પોકારીને ખોડિદાસ કહે નર, નારિને કારણ નીચ કહાણા ॥૩॥

ભેખ લેઇ કેઇ ભ્રષ્ટ થયા, મહામુનિને ભામનિયે ભટકાવ્યા ॥ ભોજ નૃપતિને ભાનુમતિ સતી, અશ્વ કરી ચાબખે સટકાવ્યા ॥ સ્વર્ગથી ગર્વ રહીત કરી, કેઇ અમરોને અવની ત્રટકાવ્યા ॥ તોબા તોબા ખોડિદાસ કહે, કેઈ સિદ્ધને સ્વર્ગ જતા અટકાવ્યા ॥૪॥

ગોપીએ ગોવીંદને ભરમાવ્યા, ઉમાએ ઇશને નૃત્ય નચાવ્યા ॥ ઇંદ્રનું માન ઉતાર્યું ઇંદ્રાણીએ, એકલશૃંગી ઋષિ અથડાવ્યા ॥ જમદગની તપસી લપસી ગયા, તારૂણિયે તસ પ્રાણ તજાવ્યા ॥ એમ અનેકની ટેક તજાવી, ખોડાજી કહે ઋષિયો રઝળાવ્યા ॥૫॥

માનવતિ માનતુંગ નરેશને, ચતુરાયે નિજ ચર્ણ ચટાડયાં ॥ અરણિક આષાઢભૂતિ નંદષેણ, સંજમ પહાડ ઉપરથી પાડયાં ॥ હરિહર વાળી નાગ પુરંદર, સૂર અસૂરનાં તોલ ઘટાડયાં ॥ અવર કોણ ગણે ખોડિદાસજી, દુર્ધરને પણ દુઃખ દેખાડયાં ॥૬॥

ક્ષણ રૂસે ક્ષણમાંહી તુસે, વળી ક્ષણ હસે ક્ષણ માંહી રડે છે ॥ ક્ષણ કરે દીનતા વનિતા વળી, ક્ષણમાં સિંહણ સાથ લડે છે ॥ ક્ષણમાં દાસી થઇ ચરણે નમે, ક્ષણમાં ફાંસી નાંખી દરડે છે ॥ નારી ચરિત્રનો પાર નથી, ખોડિદાસ કહે મૂઢ પાસ પડે છે ॥૭॥

માનનિ મોહનવેલ વધી વધી, ત્રણ જગતમાંહી પથરાણી ॥ વીંટીયા છેલ છંછાળ છોગાળાને, મર્દ મૂછાળાનું ઉતરિયું પાણી ॥

ઋદ્ધિવંતા મદવંતા હતા, ખત્તા ખાઈને તેહુ થયા ધૂળધાણી॥ બચ્યો નહી બળવંત કોઇ, ખોડિદાસ કહે અચરીજની કહાણી ॥૮॥

દોરડું દેખીને દોટ દિયે, મહા પન્નગને પકડે નિજ હાથે ॥ શીયાળ શબ્દ સુણી ડરપે, લડવા ધરે હિમ્મત સિંહની સાથે ॥ નિ:સત્વની નીસરણી ચડતાં, નિરભીક ચડે ગિરિશિખર માથે ॥ ખરેખરૂં ખોડિદાસ કહે, અબળા સબળા નરને પણ નાથે ॥૯॥

વાત કરીને ખસે ક્ષણમાં, અનરથ કરી વળી થાય અજાણી ॥ અંતર વિષ હળાહળ સારિખી, મીષ્ટ મધુર વદે મુખ વાણી ॥ જાણી સમયને શાણી શયાણી, ભળી જાય સર્વમાં લીંબુનું પાણી ॥ સ્વારથ સાધી રહે અળગી, ખોડિદાસ કહે એ વાત પુરાણી ॥૧૦॥

કલ્પિત ક્રોડ કરે ન ડરે, અણહુતાં અનેકને આળ દીયે છે ॥ નાથને હાથ તાળી દઈને, વહી જાય અવરની ઓટ લીયે છે ॥ સોગન જૂઠ લવી જુવતિ, સમજુ નરને ચઢી ચોટ લીયે છે ॥ પ્રાક્રમ પાર નહી ખોડિદાસ, કથી કહું વાત હજી ઘણીએ છે ॥૧૧॥

સાયર ભુજ તરે તરુણી, વળી છીલર નીર દેખી ડરપે છે ॥ રેન તમસ્વી દેખી મરે, જેમ ગેહ સમાન તેમાં અડપે છે ॥ ફુલની માળ હરે મૂર છે, ઝટ લોહની સાંકળને ઝડપે છે ॥ ખાડની ખૂબ ઠરે કરી બુંબ, કહે ખોડિદાસ કૂવા તળપે છે ॥૧૨॥

मनहर छंद.

વાંકડી મૂછડીવાળ, રંગીલા જે રઢીયાળા ॥ છયલ છોગાળા ભાળ્યા, નારીએ નમાડિયા ॥ માની મચ્છરાળા જ્ઞાની, ધ્યાની વળી ગુણવાળા ॥ દૂદાળા ફુંદાળા ચોર, ચંડાળને ચાડિયા ॥ વૃદ્ધ જુવાન બાળા, જોગી ભોગીને દયાળા ॥ વરણે ઉજવળ કાળા, ભામાયે ભમાડિયા ॥ દેવતાના દિગપાળા, જળ થળ વ્યોમવાળા ॥ ખોડીદાસ સ્વાર પાળા, રામાએ રમાડિયા ॥ ૧ ॥

अथ श्री चंदराजा अने गुणावली राणीना कागल.

તત્ર પ્રથમ ચંદરાજા લિખિત પત્ર પ્રારંભ.

॥ ढाल १ ली. ॥

(મેતારજ મુનિવર, ધન ધન તુમ અવતાર એ દેશી).

સ્વસ્તિ શ્રી મરુદેવિના જી, પુત્રને કરૂં રે પ્રણામ ॥ જેહથી મનવંછિત ફળ્યાં જી, ઉપગારી ગુણધામ ॥ગુણવંતી રાણી, વાંચજ્યો લેખ ઉદાર ॥૧॥ એ આંકણી॥ સ્વસ્તિ શ્રી આભાપુરે જી, સર્વે ઉ-પમા ધીર ॥પટરાણી ય ગુણાવળીજી, સજ્જન ગુણે ગંભીર ॥ ગુ-ણ૦॥૨॥ શ્રી વિમળાપુર નયરથી જી, લખિતંગ ચંદ નરિંદ ॥ હિત આશિર્વાદ વાંચજો જી, મનમાં ધરી ય આનંદ ॥ ગુ૦ ॥૩॥ આંહી કૂશળ એમ છે જી, નાભીનંદન સુપસાય ॥જગમાં જશ કીર્તી ઘણી જી, સુર નર સેવે છે પાય ॥ ગુ૦ ॥૪॥ તુમચા એમ કુશળ તણા જી, કાગળ લખજો સદાય ॥ મળવું જે પરદેશમાં જી, તે તો કાગળથી રે થાય ॥ ગુ૦ ॥ ૫ ॥ સમાચાર એક પ્રીછજો જી, મોહન ગુણ મણિ માળ ॥ ઇહાં તો સૂરજકુંડથી જી, પ્રગટી છે મંગળ માળ ॥ ગુ૦ ॥૬॥ તેહની હર્ષ વધાઈનો જી, રાણી એ જાણજો લેખ ॥ જો મનમાં પ્રેમજ હુવે તો, હર્ષજયો કાગળ દેખ ॥ ગુ૦ ॥૭॥ તુમ સજ્જન ગુણ સાંભરે જી, ક્ષણ ક્ષણમાં સો વાર ॥ પણ તે દિન નવિ વીસરે જી, કણેરની કાંબ બે ચાર ॥ ગુ૦ ॥ ૮ ॥ જાણી નહી મુજ પ્રીતડી જી, થઈ તું સાસુને આધીન ॥ તે વાતો સંભારતાં જી, મન પામ્યું છે રે દીન ॥ ગુ૦ ॥૯॥ પણ તું શું કરે કામિની જી, શું કહીએ તુજ નાર ॥ સ્ત્રી હોવે નહી કેહની જી, ઈમ બોલે છે સંસાર ॥ગુ૦॥૧૦॥ સુતા વેચે કંતને જી, હણે વાઘને ચોર ॥ બીહે બિલાડીની આંખથી જી, એહવી નારી નિઠોર ॥ગુ૦॥૧૧॥ ચાલે વાંકી દ્રષ્ટિથી જી, મનમાં નવ નવા સંચ ॥ એ લક્ષણ વ્યભિચારિનાં જી, પંડિત બોલે પ્રપંચ ॥ ગુ૦ ॥૧૨॥ એક સમજાવે નયણથી જી, એક સમજાવે રે હાથ ॥ એહ ચરિત્ર નારીતણાં જી, જાણે છે શ્રી જગનાથ ॥ ગુ૦ ॥૧૩॥ આ-કાશે તારા ગણે જી, તોળે સાયર નીર ॥પણ સ્ત્રી ચરિત્ર ન કહી શ-કે જી, સુરગુરુ સરિખો રે ધીર ॥ગુ૦॥ ૧૪ ॥ કપટી નિસ્નેહી કહી જી, વળી તે નારી સર્વ ॥ ઇંદ્ર ચંદ્રને ભોળવ્યા જી, આપણ કરીએ શો ગર્વ ॥ગુ૦॥ ૧૫ ॥ નદી નીર ભુજબળે તરે જી, કહેવાય છે રે અનાથ ॥ એક વિષયને કારણે જી, હણે કંતને નિજ હાથ ॥ ગુ૦ ॥ ૧૬ ॥ ગામમાં બીહે શ્વાનથી જી, વનમાં ઝાલે છે વાઘ ॥ નાસે દો-રડું દેખિને જી, પકડે ફણિધર નાગ ॥ ગુ૦ ॥ ૧૭ ॥ ભર્તૃહરી રાજા વળી જી, વિક્રમરાય મહાભાગ ॥ તે સરખા નારી તણા જી, કદિય ન પામ્યા તાગ ॥ ગુ૦॥૧૮॥ તો રાણી તુજ શું કહું જી, એ છે સંસા-

રની રીત ॥ પણ હું એમ નવિ જાણતો જી, તુજને એવી અવિનીત ॥ગુ૦॥૧૯॥ તુજને ન ઘટે કામિની જી, કરવો અંતર એમ ॥ માહરી પ્રીત ખરી હતી જી, તું પલટાણી કેમ ॥ ગુ૦ ॥૨૦॥ મુજથી છાની ગોઠડી જી, સાસુથી કરી જેહ ॥ જિમ વાવ્યાં તિમ તેં લણ્યાં જી, ફળ પામી તું એહ ॥ ગુ૦ ॥ ૨૧ ॥ હું વ્હાલો નહી તાહરે જી, વ્હાલી સાસુ છે એક ॥ તો વહુને સાસુ મળી જી, મોકળે મ્હાલજ્યો છેક ॥ ગુ૦ ॥ ૨૨ ॥ દોષ કીશો તુજ દીજિયે જી, જોતાં હઇડે વિમાસ ॥ ભાવી ભાવ મટે નહી જી, લખિયા જે કર્મ તમાસ ॥ ગુ૦ ॥ ૨૩ ॥ તુજ અવગુણ સંભારતાં જી, મનમાં આવે છે રોષ ॥ પ્રીતિદશા સંભારતાં જી, બહુ ઉપજે છે સંતોષ ॥ ગુ૦ ॥ ૨૪ ॥ કાગળ થોડો ને હિત ઘણું જી, મુજથી લખ્યું નવિ જાય ॥ સાગરમાં પાણી ઘણું જી, ગાગરમાં ન સમાય ॥ ગુ૦ ॥ ૨૫ ॥ અથ સમશ્યાઃ ॥ [1]ધણીની પહેલાં નીપજે જી, પીળું તરુવર તાસ ॥ પહેલે ચોથી માતરા જી, તે છે તુમારી પાસ ॥ ગુ૦ ॥૨૬॥ [2]દો નારી અતિ સામળી જી, પાણી માંહે વસંત ॥તે તુમ સજ્જન દેખવા જી, અળજો અતિય થરંત ॥ ગુ૦ ॥૨૭ ॥ [3]મઠમાંહે તાપસ વસે જી, વિચે દીજે જીકાર ॥ તુમ અમ એવી પ્રીતડી જી, જાણે છે કિરતાર ॥ ગુ૦ ॥૨૮॥ [4]સાત પાંચ ને તેરમાં જી, મેળવજ્યો દોઇ ચાર ॥ તેહના પાસે તુમે વશાં જી, સ્નેહ નહી ય લગાર ॥ ગુ૦ ॥૨૯॥ એ ચારે સમસ્યા તણો જી, કરજ્યો અર્થ વિચાર ॥પ્રીતિદશા જિમ ઉલ્લસે જી, પ્રગટે હર્ષ અપાર ॥ગુ૦॥૩૦॥ કાગળ વાંચી એહનો જી, લખજો તુરત જવાબ ॥ સાસુને ન જણાવશો જી, જો હોય ડાહાપણ આપ ॥ ગુ૦ ॥ ૩૧ ॥ વળી હલકારા મુખથકી જી, સહુ જાણજો અવદાત ॥ કાગળથી અધિકી ઘણી જી, કહેશે મુખથી વાત ॥ ગુ૦ ॥ ૩૨ ॥ ઇણિપરે ચંદ નરેસરે જી, લખિયો લેખ શ્રીકાર ॥ દીપવિજય કહે સાંભળો જી, આગળ વાત રસાળ ॥ ગુ૦ ॥ ૩૩ ॥

अथ द्वितीय गुणावली राणी लिखित पत्र.

(દોહા.)

શ્રી વરદા જગદંબિકા, શારદા માત દયાળ॥ સુર નર જસ સેવા કરે, વાણી જાસ રસાળ ॥ ૧ ॥ ત્રિભુવનમેં કીરતિ સદા, વાહન હંસ

૧ જીવ. ૨ આંખની કીકી. ૩ મજીઠ. ૪ એકત્રીશ આગણ.

સુહાય ॥ જડબુદ્ધિ પલ્લવ કિયા, બહુ પંડિત કવિરાય ॥૨॥ પુસ્તક વીણા કર ધરે, શ્રી અંજારી ખાસ ॥ કાસમીર ભરૂ અચ્ચમે તેહનો ઠામ નિવાસ ॥૩॥ એ જગદંબા પદ નમી, વરણવું બીજો લેખ ॥શ્રો તાને સુણતાં થકાં, પ્રગટે હર્ષ વિશેષ ॥૪॥ ચંદ લેખ વાંચી કરી, ગુણાવળી નિજ નાર ॥ ઉત્તર પાછો કંથને, લેખ લખે શ્રીકાર ॥૫॥

॥ ઢાલ ૨ જી. ॥

(ધવળ શેઠ લેઇ ભેટણું. એ દેશી.)

સ્વસ્તિ શ્રી વિમળાપુરે, વીરસેન કુળ ચંદરે ॥રાજ રાજેશ્વર રાજિયા, સાહિબ ચંદ નરંદરે ॥ વાંચજો લેખ મુજ વાલહા ॥ ૧ ॥ એ આંકણી ॥ શ્રી આભાપુર નયરથી, હુકમી દાસી સકામ રે ॥ લખિતંગ રાણી ગુણાવળી, વાંચજો મ્હારી સલામરે ॥ વાં૦ ॥૨॥ સાહિબ પુણ્ય પસાયથી, ઇહાં છે કુશળ કલ્યાણ રે ॥ વ્હાલાના ખેમ કુશળ તણા, કાગળ લખજો સુજાણ રે ॥ વાં૦ ॥૩॥ સમાચાર એક પ્રીછજો, ક્ષત્રીવંશ વજીર રે ॥ મુજ દાસીની ઉપરે, કૃપા કરી વડધીર રે ॥ વાં૦ ॥૪॥ વ્હાલાએ લેખ જે મોકલ્યો, સેવક ગિરધર સાથેરે ॥ ખેમે કુશળે આવીયો, પહોત્યો છે હાથો હાથ રે ॥ વાં૦ ॥૫॥ વ્હાલાનો કાગળ દેખિને, ટળિયા દુઃખના વૃંદરે ॥ પિયુને મળવા જેટલો, ઉપન્યો છે રે આણંદ રે ॥ વાં૦ ॥ ૬ ॥ સુરજ કુંડની મહેરથી, સફળ થયો અવતારરે ॥ તે સહુ કુશળ કલ્યાણના, આવ્યા છે સમાચાર રે ॥ વાં૦ ॥૭॥ સોળ વરસના વિયોગનું, પ્રગટ્યું દુઃખ અપાર રે ॥ કાગળ વાંચતાં વાંચતાં, ચાલી છે આંસુની ધાર રે ॥ વાં૦ ॥૮॥ જે વ્હાલાએ લેખમાં, લાખયા ઓલંભા જેહ રે ॥ મુજ અવગુણ જોતાં થકાં, થોડા લખિયા છે એહરે ॥ વાં૦ ॥ ૯ ॥ સાહિબ લખવા જોગ છો, હું સાંભળવા જોગ રે ॥ જેહવા દેવ તેવી પાતરી, સાચી કહેવત લોગ રે ॥ વાં૦ ॥૧૦॥ સમસ્યા ચાર લખી તુમે, તે સમજી હું સ્વામ રે ॥ મનમાં અર્થ વિચારતાં, હરખે છે આતમરામ રે ॥ વાં૦ ॥૧૧॥ હું તો અવગુણની ભરી, અવગુણ ગાડાં લાખ રે ॥ જિમ કોઇ વાયુના જોગથી, બગડી આંબા સાખ રે ॥ વાં૦ ॥૧૨॥ મુજ અવગુણ જોતાં થકાં, નાવે તમને મહેર રે ॥ પણ ગિરૂઆ ગંભીર છો, જેહવી સાયર લહેર રે ॥ વાં૦ ॥ ૧૩ ॥ ગિરૂઆ સહજે ગુણ કરે, કંત મ કારણ બ્યુરે ॥ જળ સીંચી સરોવર ભરે, મેઘ ન માગે દાણુરે ॥

વાં૦ ॥ ૧૪ ॥ પત્થર મારે છે તેહને, ફળ આપે છે અંબરે ॥ તિમ તુમ સરિખા સાહિબા, ગિરૂઆ ગુણની લુંબરે ॥ વાં૦ ॥ ૧૫ ॥ કાપે ચંદન તેહને, આપે છે સુગંધ અપાર રે॥ મુજ અવગુણ નાણ્યા હિયે, ધન્ય ધન્ય તુમ અવતાર રે ॥ વાં૦ ॥ ૧૬ ॥ મુજ સરિખી કોઇ પાપિણી, દીસે નહી સંસાર રે ॥ માન્યું સાસૂનું કહ્યું, છેતરિયો ભરથાર રે ॥ વાં૦ ॥૧૭॥ મેં જાણ્યું નહી એહવું, હું તો ભોળી નાર રે ॥ સાસૂને કાને ચઢી, સમજી નહી લગાર રે ॥ વાં૦ ॥૧૮॥ મેં આગળથી લેહી નહી, સાસૂ એહવી નાથ રે ॥ખાવી ગાંઠની ખીચડી, જાવું ઘેલાની સાથ રે ॥ વાં૦ ॥ ૧૯॥ કાંઇક કાચા પુણ્યથી, સદ્દબુદ્ધિ પણ પલટાય રે ॥જિમ રાણીને ખોળનું, ખાધાનું મન થાયરે ॥વાં૦ ॥૨૦॥ કરી પ્રપંચ ઇણ સાસૂએ, ઘણો દેખાડયો રાગ રે ॥ પછે તો વાત વધી ગઇ, થયો પીંછનો કાગ રે ॥ વાં૦ ॥૨૧॥ કિહાં આભા વિમળાપુરી, જોયા જેહ તમાસ રે ॥ હાંસીથી ખાંસી થઇ, કરવા પડિયા વિમાસ રે ॥ વાં૦ ॥૨૨॥ પરણ્યાની સહુ વાતડી, મુજને કહી પ્રભાત રે ॥ જો તે ઠેકાણે દાટતી તો એવડું નવિ થાત રે ॥ વાં૦ ॥૨૩॥ સિંહળની સહુ વાતડી, મેં કહી સાસૂને કાન રે ॥ પછે તો ઝાલ્યું નવિ રહ્યું, પ્રગટયું ત્રીજું તાન રે ॥ વાં૦ ॥૨૪॥ મ્હારૂં કર્યું મુજને નડયું, આડું ન આવ્યું કોઇ રે॥ ચોરની માતા કોઠીમાં, મુખ ઘાલી જિમ રોય રે ॥ વાં૦ ॥૨૫॥ પસ્તાવો શો કરવો હવે, કહ્યું કાંઇ ન જાય રે ॥ પાણી પી ઘર પૂછતાં, લોકમાં હાંશી થાય રે ॥ વાં૦ ॥૨૬॥ જે કાંઇ ભાવી ભાવમાં, જે વિધિ લખિયા લેખ રે ॥ તે સવિ ભોગવવા પડે, તિહાં નહી મીન ને મેખ રે ॥ વાં૦ ॥ ૨૭ ॥ સાસૂના જાયા વિના સોળ વરસ ગયાં જેહ રે ॥ મુજ અવગુણની વાતડી, જાણે કેવળી તેહ રે ॥ વાં૦ ॥ ૨૮ ॥ પણ કૂકૂટથી જે નર થયા, તે વિસ્તરશે વાત રે ॥ સાસુ સાંભળશે કદા, વળી કરશે ઉતપાત રે ॥ વાં૦ ॥ ૨૯ ॥ તે માટે સાવધાનથી, રહેજો ધરિય ઉલ્લાસ રે ॥ જેહવા તેહવા લોકનો, કરશો નહી વિસવાસ રે॥ વાં૦ ॥ ૩૦ ॥ સાસૂને કહેવરાવજો, ઇહાં આવ્યાનો ભાવ રે ॥ પછે જેહવા પાસા પડે. તેવા ખેલજો દાવ રે ॥ વાં૦ ॥ ૩૧ ॥ મુજ અવગુણની ગાંઠડી, નાખજો ખારે નીર રે ॥ નિજ દાસી કરી જાણજો, મુજ નણદીના વીર રે ॥ વાં૦ ॥ ૩૩ ॥ કાગળ લખજો ફરી ફરી, કૃપા કરી એક મન રે ॥ વ્હેલાં દરિસણ આપજો, શરીરનાં કરજો જતન

રે ॥વાં૦॥ ૩૩ ॥ મુજ બહેની વ્હાલી ઘણું, પ્રેમલાલચ્છી જેહરે ॥ તેહને બહુ હેતે કરી, બોલાવજો ધરી નેહ રે ॥વાં૦॥૩૪॥ સમસ્યા:॥ [1]રાધાપતિકે કર વસે, પંચજ અક્ષર લેજો રે ॥ પ્રથમ અક્ષર દૂરે કરી, વધે તે મુજને દેજોરે ॥વાં॥ ૩૫ ॥ જો હવે સૂરજ કુંડથી, વિઘન થયાં વિશરાળરે ॥ તો સહુ પુણ્ય પસાયથી, ફળશે મંગળ માળ રે ॥વાં૦॥૩૬॥ ઇમ લખી લેખ ગુણાવળી, પેષ્યો પ્રીતમ પાસ રે ॥ દીપવિજય કહે ચંદની, હવે ફળશે સહુ આશરે॥વાં૦॥ ૩૭ ॥ ઇતિ.॥

अथ श्री नेमनाथनो सलोको.

સિદ્ધિ બુદ્ધિ દાતા બ્રહ્માની બેટી, બાળ કુમારી વિદ્યાની પેટી ॥ હંસવાહના જગમાં વિખ્યાતા, અક્ષર આપોને સરસતી માતા ॥૧॥ નેમજી કેરો કહેશું સલોકો, એક મનેથી સાંભળજો લોકો ॥ જંબુદ્વીપના ભરતમાં જાણું, નગર સૌરીપુર સરગ સમાણું ॥૨॥ચઊટાં ચોરાશી બારે દરવાજા, રાજ્ય કરે તિહાં યદુવંશી રાજા ॥સમુદ્રવિજય ઘર શિવાદેવી રાણી, શીળે સીતાને રૂપે ઇંદ્રાણી ॥૩॥ તેહ તણી જે કૂખે અવતરીયા, સહસ અઠ્ઠોત્તર લક્ષણે ભરિયા ॥ ખારો ખાટો ને મીઠો જે આહાર, ગર્ભને હેતે કીધો પરિહાર ॥૪॥ ઘોર ઘટાયે જળ ધર ગાજે, સજળ લીલાંબર પુહવી બિરાજે॥ વાદળ દરમાંહે વીજઝબૂકે, ક્ષણ ક્ષણ અંતર મેહ ટબૂકે ॥૫॥ પૂરણ નદીએ આવ્યાં છે પૂર, પૂરણ પુહવી પસરિયો અંકૂર ॥ ઋતુ મનોહર દાદૂર ડહકે, ભર્યાં સરોવર લહેરે તે લહકે ॥૬॥ છબી હરિયાંની અજબ છબીલી, નીલે આભરણે ધરતી રંગીલી ॥ રાગ મલ્હારની ઋતુ ભરેલી,અજુઆળી પાંચમ શ્રાવણ કેરી ॥૭॥ પૂરણ પસરયો પાવસ કાળ, પૂરણ પુહવી પસરયા સુગાળ ॥ મધ્યરાતને પૂરણ માસે, નેમજી જનમ્યા રાજ અવાસે ॥૮॥ ચોસઠ ઇંદ્ર ને છપ્પન કુમારી, ઓચ્છવ કરીને ગયા નિજ ઠારી ॥ થયો પરભાત રાત વિહાઇ, દાસીએ જઇને દીધી વધાઈ ॥૯॥ દૂર તે કીધું દાસી આચરણ, અનેક આપ્યાં વસ્ત્ર આભરણ ॥ સોવન થાળની માંહે રૂપૈયા, સવાલાખ તે આપ્યા સોનૈયા ॥૧૦॥ અતિ આનંદ પામ્યો નરેશ, રાજસભામાં કીધો પ્રવેશ ॥ પુત્ર જનમ્યાની નોબત વાજી, નાદે તે રહ્યું અંબર ગાજી ॥૧૧॥ બત્રીશ

[1] દરશન.

બદ્ધ તિહાં નાટક થાય, ઘેર ઘેર કુંકુમ હાથા દેવાય ॥ દાન યાચકને દીધાં અછેહ, જાણે કે વુઠયો ઉત્તર મેહ ॥ ૧૨ ॥ તોરણ બાંધ્યા ઘર ઘર બાર, ઘર ઘર ગાયે મંગળ ચાર ॥ બાર દિવસ લગેં ઓચ્છવ કીધો, લખમી તણો ત્યાં લાહોજ લીધો ॥૧૩॥ અરથ ગરથના ખરચ્યા ભંડાર, નામ તે ઠવ્યું નેમકુમાર ॥ દિન દિન વાધે ચંદ્ર વદિતો, કેહને લંકે કેસરી જીત્યો ॥૧૪॥ ત્રિવળી દેખીને ત્રિભુવન મોહે, ગંગા જમુનાને સરસતિ સોહે ॥ નાસા નિરૂપમ દીપશિખાશી, નયણ પંકજ પત્ર પ્રકાશી ॥૧૫॥ મુખથી બોલે અમીરસ વાણી, મનમાંહે હરખે શિવાદેવી રાણી ॥ બાળલીલામાં બુદ્ધિ ભંડાર, દેખીને મોહે સુર નર નાર ॥૧૬॥ એક દિન નેમજી બજાર માંહે, નગરીના ખ્યાલ જુએ ઉચ્છાંહે ॥ કૃષ્ણતણી જિહાં આયુદ્ધશાળા, તિહાં કહે પોહોત્યા દીન દયાળા ॥૧૭॥ શંખ ચક્ર ને ધનુષ ઉદાર, કોદંડ તાણીને કીધો ટંકાર ॥ વળતા સેવક ઇણિ પરે બોલે, ગોવિંદ વિના એ ચક્ર ન ડોલે ॥૧૮॥ ટચી આંગુળિયે ચક્ર ઉપાડયું, ચાકતણી પરે ભલું ભમાડયું ॥ અર્ચક ઉભા ઇણિ પરે ભાંખે, શંખ ન વાજે કૃષ્ણજી પાખે ॥ ૧૯ ॥ હળવેશું લેઇ શંખ બજાયો, સાતે પાતાળે સરગે સુણાયો ॥ શેષ સળસળિયા ધરા તિહાં ધમકી, ઝરૂખે બેઠી કામિની ઝબકી ॥૨૦॥ હબક લાગીને હાર તિહાં ટયા, કંચુક તણા બંધ વિછુટયા ॥ સમુદ્રજળ હળિયાં ચઢિઆં કલ્લોલે, કાયર કંપે ને ડુંગરા ડોલે ॥૨૧॥ હાથી હબકયા ઝબકયા ઝુજાર, તેજી ત્રાઠાને ડરિયા દિગપાળ ॥ પવન થંભ્યો ને ધરતી ઘેરાઇ, કૃષ્ણજી કહે સુણો બળભદ્ર ભાઇ ॥૨૨॥ કોઇક નવો તે વૈરી અવતરીયો, મ્હોટો બળવંત મચ્છર ભરીયો ॥ નાદે અનહદ અંબર ગાજે, એહવો શંખ તે કેણે ન વાજે ॥૨૩॥ ત્રિભુવન માંહે તો કોઇ ન સૂજે, ચક્રી બારે ન ઇંદ્રિ અલુજે ॥ જદુનાથને થઈ તે જાણ, વાત સુણીને થયા હેરાણ ॥૨૪॥ ધ્રુજે ભુધર ચિંતે મનમાંય, રાજકાજ તે મેલ્ય કહેવાય ॥ સુગુણ સોભાગી સાહસિક શુરો, એકે વાતે એ નહી અધુરો ॥ ૧૫ ॥ ભુજથી બળિયો એ મહાબળ ધારી, મ્હોટે સાંસે તે પડયો મોરારી॥ વળી વળી મનમાં ચિંતે વનમાળી, રાજ્ય અમારૂં લેશે ઉલાળી ॥૨૬॥ ઇણે અવસરે નેમ કુમાર, મલપતાં આવ્યા સભા મોઝાર ॥ આધા આવો જી આદર દીધો, સભા સહુ કોઈ પરણામ કીધો ॥૨૭॥ પાણી પસારી સારંગપાણી, મુખથી બોલ્યા તે એહવી વાણી॥ આજ

પરખીયે બળ તુમારો, નેમ નમાવો હાથ અમારો ॥૨૮॥ કાચી કાંબ જિમ કણુયર કેરી, કમળ તણી પરે વાળ્યો કર ફેરી ॥ નેમજી રહ્યા બાંહ પસારી, જાણે હીંડોળે હીંચે ગિરિધારી ॥૨૯॥ વિઠ્ઠલ મનમાં જુએ વિચારી, એહ કુંવારો બાળ બ્રહ્મચારી ॥ ઇમ ચિંતીને નારી હકારી, છાંટે નેમને બાંહે પસારી ॥૩૦॥ ભરી ખંડોખળી કેસર કુંકુમે, ગોપી દીયરશું રમત રમે ॥ સત્યભામાને રૂકિમણી રાણી, કહે નેમને એહવી તે વાણી ॥૩૧॥ પરણો રાજુલરૂપે રઢીયાળી, નારી વિના તે નર કહિયે હાળી ॥ નારીનો રસ તે મ્હોટો સંસાર, નારી તે અછે નરનો આધાર ॥૩૨॥ પુરૂષની પાસે જો ન હોય નારી, વસ્તુ ન ધીરે કોઈ વ્યાપારી ॥ નારી તે અછે રત્નની ખાણ, ઘરણી વડે તે ઘરનું મંડાણ ॥૩૩॥ મુસકીશું બોલે ગોવિંદ રાણી, બત્રીશ સહસમાં વડી જેઠાણી ॥ પાયે પડવું તે દોહલું જાણી, તે માટે તમે ન્હાની દેરાણી ॥૩૪॥ જેહશું અપૂરવ પ્રીત બંધાણી, આજ તે હવે કેમ રહિયે તાણી ॥ ફરી ઉત્તર નેમે ન દીધો, માન્યો માન્યો જી સહુ કોણે કીધો ॥૩૬॥ બોલ બોલ્યાને કીધી સગાઇ, લીધાં લગન ને કરી સગાઇ ॥ છપ્પન કુળ કોટી જાદવ મળિયા, તૂરને નાદે સમુદ્ર જળ હળિયા ॥ ૩૬ ॥ ચઢી જાન ને વાજિંત્ર વાજે, જાણે અષાઢો જળધર ગાજે ॥ જુગતે કરીને જાદવ ચઢીયા, પ્રથમ ધાવતો નગારે પડીયા ॥૩૭॥ મયગળ માતાને પરવત કાળા, લાખ બેતાળી સબળ સુંઢાળા ॥ છાકે છકયાને મદે ઝરંતા, મૂકે સારસી ચાલે મલપંતા ॥૩૮॥ લાખ બેતાળીશ તેજી પાખરીયા, ઉપર અસવાર સોહે કેસરીયા ॥ અચ્છી કચ્છી ને પંચ કલ્યાણા, પૂંઠે પોઢાને પુરૂષ સમાણા ॥ ૩૯ ॥ સમગતે ચાલે ચક્ર રહંતા, ચંચળ ચપળને ચરણે નાચંતા ॥ સાજ સોનેરી સોહે કેકાણ, લાખ બેતાળીશ વાજે નિશાણ ॥૪૦॥ લાખ બેતાળીશ રથ જોતરીયા, કોડી અડતાળીશ પાળા પડવરીયા ॥ નેજા પચરંગી પંચકોડ જાણું, અઢીલાખ તે દીવીધર વખાણું ॥૪૧॥ સોહે રાજેંદ્ર સોળહજાર, એકસો એંશી વળી સાથે સુહાર ॥ સાથે સેજવાળા પંચલાખ વારૂ, માંહે સુંદરી બેઠી દીદારૂ ॥૪૨॥ શેઠ સેનાપતિ સાથે પરધાન, ભલી ભાતશું ચાલી હવે જાન ॥ બંધુકની ધૂમે સૂર છિપાયો, રજ ડંબરે અંબર છાયો ॥૪૩॥ ધવળ મંગળ ગાએ જાનરણી, જાણે સરસતિની વીણા રણજણી ॥ વાઘે કેશરીયે વરઘોડે ચઢિયા, કાને કુંડળ હીરે તે જડીયા ॥૪૪॥ છત્ર ચામર મુગટ બિરા-

જે, રૂપ દેખીને રતિપતિ લાજે ॥ જાન લેઇને જાદવ સધાવ્યા, ઉગ્રસેનને તોરણે આવ્યા ॥૪૫॥ દેખી રાજુલ મનમાં ઉલ્લસે, ચંદ્ર દેખી જેમ સમુદ્ર ઉલ્લશે ॥ ઘણા દીવસની રાજુલ તરસી, સજી શણગાર જુએ આરસી ॥૪૬॥ અંજન અંજીત આંખ અણીઆળી, વેણી સરળીને સાપણ કાળી ॥ શીશ ફુલને સેંથે સિંદુર, મયણરાજાનું પસર્યું છે પૂર ॥૪૭॥ ગાલે ગોરીને ઝાલ ઝબુકે, મદભર માતીને નજર ન ચૂકે ॥ નાસા નિર્મળ અધર પરવાળી, કેડે થોડીને ઘણું સુકુમાળી ॥૪૮॥ ભૂષણ ભૂષિત સુંદર રૂપ, મુખ પૂનમ ચંદ અનૂપ ॥ રૂડાં રૂપાળાં કુચ ઉત્તંગ, કસણે કસીને કીધા છે તંગ ॥૪૯॥ હૈયે લાખીણો નવસર હાર, ચરણે ઝાંઝર રણઝણકાર ॥ સજી શણગાર ઉભી ઝરૂખે, નિરખી નેમને મનમાંહે હરખે ॥૫૦॥ મ્હોટા મંડપની રચના અતિ રૂડી, ગાજે વાજિંત્ર ઉછળે ગૂડી ॥ ભુંગળ ભેરીને વાજે નફેરી, જુએ રાજુલ નેમને હેરી ॥૫૧॥ ગોખે ચઢીને રાજુલ ભાંખે, દીવસ દોહલા ગયા તુમ પાખે ॥ કંત તે કાંઈ કામણ કીધું, મન માહરૂં ઉલાળી લીધું ॥૫૨॥ આજ ફરકે છે જમણું રે અંગ, સહી એ થાશે રંગમાં ભંગ ॥ કહે રાજુલ સુણો સાહેલી, રખે જાદવ જાય મુજને મહેલી ॥૫૩॥ પશુ પેખીને પાયો વૈરાગ, મુગતિ રમણી શું કીધો છે રાગ ॥ નેમજી પૂરવની પ્રીત પાળીજે, એમ છટકીને છેહ ન દીજે ॥૫૫॥ મુગતિ મંદીરમાં આવજો મળશું, સદા સર્વદા રમત રમશું ॥ દાન સંવચ્છરી જિનવરે દીધું, નેમ રાજુલે સંજમ લીધું ॥૫૫॥ પૂરવની પ્રીત અવિહડ પાળી, મુગતિમાં કરમ પોત્યા પ્રજાળી ॥ વેગે વિરહની વેદના ટાળી, શિવમંદીરમાં જોજ્યો સંભાળી ॥૫૬॥ શીળ પાળે જે ચતુર સુજાણ, નામે તેહને કોડ કલ્યાણ ॥ ઉદય રત્ન કવિ ઇણી પરે બોલે, કોઈ ન આવે શ્રી નેમને તોલે ॥૫૭॥ ઇતિ ॥

अथ श्री विजयकुमर अने विजयाकुमरीनी लावणी.

શ્રી વીતરાગ જિન દેવ નમું શિર નામી, કહું શીળતણો અધિકાર મુક્તિ જિણ પામી ॥ જિહાં વચ્છદેશમેં કોશંબિ નગરી જાણી, તે દક્ષિણ દેશમેં પ્રગટપણે વખાણી ॥ તિહાં શેઠ તણો સુત વિજયકુમાર વૈરાગી, સૂણિ શીળતણો મહીમા મનમેં લય લાગી ॥ તબ હાથ જોડકર મુનિપેં સોગન માગી, હુઆ એક માસમેં કૃષ્ણપક્ષકા ત્યાં

ગી ॥૧॥ ધન વિજયકુમરકી કરી કમી કછુનાં જી, ચિત્ત ચોખે શીળ આદર્યું ભરજોવનમાં જી ॥ એ આંકણી ॥ શુદ્ધ પાળે શ્રાવક ધર્મ જ્ઞાન સુખ ઉચરે, પોસહ પડિક્કમણાં સંયમ કરતા વિચરે ॥ કરિ દયા દાન સંતોષ શીળ શુદ્ધ પાળે, ધરિ ધર્મ ધ્યાન ઓર આતમકુ અજુઆળે ॥ દૃઢ સમકિતધારી શંકા કંખા નવિ આણે, પર પાખંડીકો પરચો નહી વખાણે ॥ દેવાદિકનાં દુઃખ દેખિ ધર્મ નવિ છંડે, ચડતે પરિણામે કરણી અધિકી મંડે ॥ ધન૦ ॥ ૨ ॥ પુણ્યયોગે વિજયાકુમરી મળી ગુણવંતી, શુદ્ધ ચોસઠ કળાની જાણુ મહા બુદ્ધિવંતિ ॥ ગજગમણી રમણી બોલે કોકિલ વાણી, તનુ કંચન સોહે બદન ભાળ ભલકાણી ॥ અતિ અધર લાલ કોમળ કપોળ બહુ સોહે, કર ચરણ ઉદર નયનકમળ જોઈ મન મોહે ॥ બહુ હર્ષ ભાવશું વિજય કુમરજી બ્યાહ્યા, પુણ્ય યોગે જોડ મળી પરણી ઘર આયા ॥ ધન૦ ॥૩ ॥ હવે વિજયકુમરજીકી સોહે સુંદરતાઈ, ઇણ અવસર સુંદર દેવરૂપ છબિ છાઇ ॥ બિહુ કાને કુંડળ રત્ને જડિયાં સોહે, શિર લાલ મુકુટ મુક્તાફળ સુરનર મોહે ॥ ગળે હાર રત્ને જડિયા સોહે બહુ ભારી, કરકંકણ ચમકણ મુદ્રડીયાં છબિ ન્યારી ॥ અરુબદન ભાલ નિર્મળ શશિ નેત્રે સોહે, ઈત્યાદિક ગુણે કરિ વિજયકુમર મન મોહે ॥ ધન૦ ॥૪॥ તબ રંગ મહેલમેં બેઠા પલંગ બિછાઇ, પ્રીતમકી સેજાં સુંદર તન સજ આઇ ॥ અણિયાળાં કજ્જળ વીજળીયાં ચમકંતી, કરજોડી ઉભી પિયુ આગળ મલપંતી ॥ ચમકે ચુડિયાં સાર મણિયે ચમકંતી, નકવેસર વેણી ઝુમરીયાં ઝમકંતી ॥ કર કડિયાં જડિયાં મુદ્રડિયાં દમકંતી, અરુ ને ઉર પગમેં ઘૂઘરીયાં ધમકંતી ॥ ધન૦ ॥૫॥ જબ બદન દિખાવે કામ જગાવે બાળા, ઇંદ્રાણી સરખી ઉભી રૂપ રસાળા ॥ પ્રીતમકો આદર માગે સુંદરિ ઉમાઇ, તન મન ઉલસંતી ઉભી આશા લાઇ ॥ કહે વિજય કુમરજી, અહો સુંદરિ ભલે આઈ, પણ હમણા તુમશું કામ નહી મુજ કાંઇ ॥ દિન તીન લગેં તો નહી મદનકી છાંહી, ફીર તુમ હમ પીછે સુખે સુખે દિન જાઇ ॥ ધન૦ ॥ ૬ ॥ કહે કુમરિ કુમરકું કહો કારણ છે કાંઈ, હું સુંદર તન સજકર આઇ હું ઉમાઇ ॥ અબ અવસર ભરિયાં કેમ તજો પ્રીતમજી, મેં નિયમ લિયા છે તું સુંદરી નહિ સમજી ॥ તબ કુમરી પૂછે કહો પ્રીતમજી હમકુ, અબ કિસી ભાંતકા નિયમ લિયા હે તુમકું ॥ મુજ બાળપણાથી શીળ રૂચ્યો મનમાંહી, કિયા કૃષ્ણ પક્ષકા નિયમ મુનિપેં જાઇ ॥ ધન૦ ॥ ૭ ॥ તબ વિજયા

કુમરી ઉભી મુખ કુળમાંઇ, મુજ મનકી આશા ભરી રહી મનમાંઇ ॥ કહે વિજયકુમર સુણ સુંદરી કયું કુમળાઇ, પણ જિમ છે તિમ મુજ વેગ કહો ફુરમાઈ ॥ તબ વિજયાકુમરી ધીરજપણું મન લાઈ, નીચાં નેત્રે કરી વાત કરે સુરજાઇ ॥ મુજ બાળપણાથી શીળ રૂચ્યો મન માંહી, પહિલા પરણેકા પરિણામ હુતા નહિ કાંહી ॥ ધન૦ ॥ ૮ ॥ ગુરૂણિપેં કિયા મેં શુકલ પક્ષકા સોગન, અબ તો હમારે હુઆ દોનુ પક્ષકા આગન ॥ પ્રીતમજી તુમ તો પરણો નારી અનેરી, પણ પહેલી ઇચ્છા શીળતણી હુઇ મેરી ॥ કહે વિજયકુમરજી અહો વલ્લભ ગુણવંતી, અબ તુમ હમ જોડી મળી બહુ દીપંતી ॥ હવે રત્ન છોડ કોણ કાચ ગ્રહે સુણ પ્યારી, શુદ્ધ શીળ પાળશું મુક્તિ રમણિ છે નારી ॥ ધન૦ ॥૯॥ બહુ દેવલોકનાં સુખ વિલશાં વાર અનેરી, પણ મનઇચ્છા પુરણ ભઇ નહી કુણ કેરી ॥ જીવ નરક નિગોદ ભમ્યો ભવસાયર માંહી, બહુ કાળ ગમાયો ગરજ સરી નહી કાંહી ॥ અબ ઉત્તમ કુળ અવતાર લીયો છે આઇ, પુણ્યયોગે મુનિવરનિ યોગવાઈ પાઇ ॥ અબ માત તાત સબ ભ્રાત મિલે સ્વારથકા, ચડતે પરિણામે શિયળ પાળશું નિત્યકા ॥ ધન૦ ॥ ૧૦ ॥ અબ અલ્પ સંપદા દેખી કહો કિમ ખોઇએ, પણ બાટી સાટે ખેત ખોયા દુઃખ હોઇએ ॥ અબ એહ બાત અપને નહી કરની કિસિકુ, જો હમ દોનુંને નિયમ લિયાહે ખુસીકુ ॥ કરજોડી કુમરી કહે કુમરશું અરજી, પણ વાત એ છાની કિમ રહેશે કુમરજી ॥ સુણી સસરો સાસુ ઘણા ખીજશે તુમશું, પણ કિસી શરમસેં રહ્યો જાયશે હમશું ॥ ધન૦ ॥૧૧॥ સુણ પ્રીતમ પ્યારી એહ આપણી શિક્ષા, યહ બાત પ્રગટી તબ નિશ્ચે લેવી દીક્ષા ॥ એકણ સેજે સોવે દોય સુંદરિ અરુ સાંઈ, સૂતે સૂતે બાત કરે જયું બહિન ને ભાઇ ॥ દો બેર કરે પડિક્કમંણ સામાયિક આઇ, કરે દાન શીળ તપ ભલી ભાવના ભાઇ ॥ તિહાં બાર વરસ વહિ ગયાં એમ કરંતાં, પણ વાત વિસ્તરી શીળપણે વિચરંતાં ॥ ધન૦ ॥ ૧૨ ॥ તબ દક્ષિણ દેશ મેં વિજયા વિજયજી કેરાં, શ્રી વિમળકેવળી કિયાં વખાણ ઘણેરાં ॥ બેહુ ચરમ શરીરી છે મહા ઉત્તમ પ્રાણી, સહુ અચરિજ પામ્યા સુણિ કેવળિ મુખ વાણી ॥ સુણી જિનદાસ શ્રાવક હુઓ બહુત પ્રસન્ન ॥ હું જાઇ કરૂં તિહાં હર્ષ ધરી દરશન ॥ બહુ હર્ષ ભાવ શું આવ્યો નગરિ કોસંબી, શ્રી વિજયકુમરની વાત સુણી અચંભી ॥ ધન૦ ॥૧૩॥ બહુ હર્ષ ભાવથી મળિયો કુમર કુમરિયાં, પરિવાર જિમાયા બ-

હુત હર્ષ મન ધરિયા ॥ તબ માત તાત કુમરકા ધણું ઉમાહ્યા, તુમ કહો શેઠજી કુણુ સગપણસેં આયા ॥ શ્રી જૈનધર્મસ્નેહ હોંશે કરી આયો, શીળવંત કુમર કુમરીકો દરિશન પાયો ॥ ધન્ય તુમચે કુળમેં ઉપન્યા ઉત્તમ પ્રાણી, શ્રી વિમળકેવળી શોભા ઘણી વખાણી ॥ ધન ॥૧૪॥ એક સેજે સોવે સીળ નિર્મળું પાળે, બિહુ બાળ બ્રહ્મચારી આતમને અજુવાળે ॥ બહુ અચરીજ સરખી વાત સુણી હું આયો, પણ ભાવમુનિકો દરશન નિર્મળ પાયો ॥ તબ માત તાત કહે કહોજી હમકુ ન્હાના, તુમ કિસી ભાંતકા નીયમ લીયા હે દાના ॥ તબ નેત્ર નિચાં કરી બાત કહે વિસ્તારી, અબ સંયમ લેવા ઇચ્છા ભઈ હમારી ॥ ધન૦ ॥૧૫॥ જબ માત તાતપેં માગે કુમરજી આગ્યા, તબ નાત જાત સબ કુમરકુ કહને લાગ્યા ॥ તબ બહુત હઠ નશું લહી કુમરજી શિક્ષા, ચડતે પરિણામે દોનુ લીનિ શુદ્ધ દીક્ષા ॥ બહુ કઠિન હોઇને તપસ્યાશું લય લાઈ, ભવિ જીવ સુધાર્યા શુદ્ધ સમકિત પદ પાઇ ॥ અરે જીવ અબ છતી વાંછે કિમ છટકાઇ, ધન્ય વિજય વિજયા (કુમરી)ને અધિક કરી અધિકાઇ ॥ ધન૦ ॥૧૬॥ ચડતે પરિણામે કરણી કીધી નિર્મળ, મુનિ મુગતે પહોત્યા દોનું પામ્યા કેવળ ॥ શ્રી દોલતરામજી અને જીવાજીસ્વામી, ઋષિ લાલચંદ ગુણ ગ્રામ કિયા શિર નામી ॥ સય સંવત અઢાર અડસઠે અવસર પાયા, શેહેર કોટા કેરા રામપુરે ગુણ ગાયા ॥ જિહાં શ્રાવક વસે બહુ શ્રદ્ધાળા ગુણવંતા, જિહાં સાધુ સાધ્વી આવે વિહાર કરંતા ॥ ધન૦ ॥ ૧૭ ॥ ઇતિ.

अथ श्री द्वारकानगरीनी सज्झाय.

(દોહા.)

દોનુ બંધન આરડે, દુઃખ ધરતા મનમાંય ॥ બળતી દેખી દ્વારીકા, કીજે કવણ ઉપાય ॥ ૧ ॥ રતન ભીંત સોવણતણી, તેહ બળે તતકાળ ॥ સોવન થંભા કાંગરા, જાણે બળે પરાળ ॥ ૨ ॥

॥ ढाल ॥

બળતી દ્વારકા દેખીને રે ભાઇ, ઘણા થયા દીલગીર ॥ હૈડું તે લાગ્યું ફાટવા રે ભાઇ, નયણે વછુટયાં નીર રે ॥ માધવ ઈમ બોલે ॥ ૧ ॥ એ આંકણી ॥ એ બંધવ મળીને તિહાં રે ભાઈ, વાત કરે કરુણાય ॥ દુઃખ સાલે દ્વારકાતણું રે ભાઇ, અમ કીજે કવણ ઉપાય રે

॥ મા૦ ॥૨॥ કિહાંરે દ્વારકાની સાહબી રે ભાઇ, કિહાં ગજદળનો ઠાઠ ॥ સજ્જનનો મેળો કિહાં રે ભાઇ, ક્ષણમાં હુવા ઘણઘાટ રે ॥ ॥ મા૦ ॥૩॥ હાથી ઘોડા રથ બળે રે ભાઈ, બેતાળી બેતાળી લાખ ॥ ॥ અડતાળી ક્રોડ પાળા હુતા રે ભાઇ, ક્ષણમાં હુઇ ગયા રાખરે ॥મા૦ ॥૪॥ હળદરને હરજી કહે રે ભાઇ, ધિક કાયરપણું મોય ॥ નગરી બળે મુજ દેખતાં રે ભાઇ, મુજ જોર ન ચાલે કોય રે ॥ મા૦ ॥૫॥ નગરી બળે મુજ દેખતાં રે ભાઇ, રાખી ન શકું રે જેમ ॥ ઇંદ્રધનુષ મેં ચડાવિયું રે ભાઈ, એ બળ ભાગ્યું કેમ રે ॥ મા૦ ॥૬॥ જેણિ દિશે જોતા તેણિ દિશે રે ભાઈ, સેવક સહસ અનેક ॥ હાથ જોડી ઊભા ખડા રે ભાઇ, આજ ન દીસે એક રે ॥ મા૦ ॥૭॥ મ્હોટા મ્હોટા રાજવી રે ભાઈ, શરણે રહેતા આય ॥ ઉવટો શરણો તાકીયો રે ભાઈ, વેરણ વેળા આય રે ॥ મા૦ ॥૮॥ વાદળ વીજતણી પરે રે ભાઇ, ઋદ્ધિ બદલાય એ સોય ॥ ઈણ દોહિલીમેં આપણો રે ભાઈ, સગોય ન દીસે કોય રે ॥ મા૦ ॥૯॥ મહેલ ઉપગરણ આયુધ બળેરે ભાઇ, બળે સહુ પરિવાર ॥ આ આપદા પૂરી પડી રે ભાઇ, કીજે કવણ વિચાર રે ॥ મા૦ ॥૧૦॥ વળતા હળધર ઇમ કહે રે ભાઈ, પ્રગટયાં પુરવનાં પાપ ॥ બીજું તો સઘળું રહ્યું રે ભાઇ, માંહી બળે માય બાપ રે ॥ મા૦ ॥૧૧॥ દોનું બાંધવ માંહે ધસ્યા રે ભાઇ, નગરીમાં ચાલ્યા જાય ॥ રથ જોડી તેણે સમે રે ભાઇ, માંહી વાલ્યાં માય તાત રે ॥ મા૦ ॥૧૨॥ દોનુ બાંધવ જુતિયા રે ભાઇ, આવ્યા પોળની માંય ॥ દોનુ બાંધવ બહાર નીકળ્યારે ભાઈ, દરવાજે પડીયો આયરે ॥મા૦ ॥૧૩॥ પાછું વાળી જુએ તિહાં રે ભાઇ, ઘણા થયા દિલગીર ॥ છાતી તે લાગી ફાટવા રે ભાઈ, નયને વછુટયાં નીર રે ॥ મા૦ ॥૧૪॥ હળધરને હરજી કહે રે ભાઇ, સાંભળ બંધવ વાય ॥ કિણી દિસે આપણ જાયશું રે ભાઇ, તે દિશ મોય બતાય રે ॥ મા૦ ॥૧૫॥ વચન સુણી માધવતણાં રે ભાઇ, હળધર બોલે એહ ॥ પાંડવ ભાઈ કુંતા તણા રે ભાઈ, અબ ચાલો તેહને ગેહ રે ॥ મા૦ ॥ ૧૬ ॥ વયણ સુણી હળધરતણાં રે ભાઇ, માધવ બોલે એમ ॥ દેશવટો દેઈ કાઢિયા રે ભાઈ, તે ઘેર જાઊં કેમ રે ॥ મા૦ ॥૧૭॥ વળતા હળધર ઈમ કહે રે ભાઈ, દેખી હોશે દિલગીર ॥ તે કેમ અવગુણ આણશેરે ભાઇ, ગિરુઆ ગુણ ગંભીર રે ॥ મા૦ ॥૧૮॥ તે તેહનાં કારજ કિયાં રે ભાઈ, ધાતકીખંડમે જાય ॥ દ્રોપદી સોંપી આણિને રે

ભાઈ, તે કેમ ભુલશે ભાય રે ॥ મા૦ ॥ ૧૯ ॥ અહંકારી શિર શેહરા રે ભાઇ, એહવી સંપદા પાય ॥ તે નર પાળા ચાલીયા રે ભાઈ, આપદા પડી બહુ આય રે ॥ મા૦ ॥ ૨૦ ॥ પાંડવ મથુરા પ્રગટી જિહાં રે ભાઇ, અગ્નિ ખૂણ સમુદ્ર તીર ॥ તે નગરી ભણી ચાલીયા રે ભાઈ, બંધવ બેહુ સંધીર રે ॥ મા૦ ॥ ૨૧ ॥ ઇતિ. ॥

अथ श्री गर्वनी सज्झाय.

ગર્વ ન કરશો રે ગાત્રનો, આખર એ છે અસાર રે ॥ રાખ્યું કેહનું નવિ રહે, કર્મ ન ફરે કિરતાર રે ॥ ગર્વ ન કરશો રે ગાત્રનો ॥ ૧ ॥ એ આંકણી ॥ સડણ પડણ વિધ્વંસણ, જેહવું માટીનું ભંડરે ॥ ક્ષણમાં વાગે રે ખોખરૂં, તે કેમ રહેશે અખંડ રે ગર્વ૦ ॥ ૨ ॥ મુખને પુછીને જે જમે, પાન ખાય ચૂંટી ચૂંટી બીંટ રે ॥ તે મુખ બંધાણા ઝાંઝુવે, કાગ ચરકતા વિષ્ટ રે ॥ ગર્વ૦ ॥ ૩ ॥ મુખ મરડને મોજો કરે, કામિનીશું કરે કેળિ રે ॥ તે જઈ સુતા મશાણમાં, મોહે મમતાને મેલિ રે ॥ગર્વ૦॥૪॥ દિશો દિશી ઓલતા હેજમાં, નર નારી લખ કોડ રે ॥ તે પરભવ ન જઇ પોઢીયા, ધન કણ કંચન છોડ રે ॥ ગ૦ ॥ ૫ ॥ ક્રોડ ઉપાય જો કીજિયે, તો પણ નવિ રહે નેટ રે ॥ સજ્જન મિળિ સહુ તેહને, કરે અગનીને ભેટ રે ॥ ગ૦ ॥ ૬ ॥ કૃષ્ણ સરિખો રે રાજવી, બળભદ્ર સરિખો છે વીર રે ॥ જંગલમાં જુઓ તેહને, તાકી માર્યું છે તીર રે ॥ ગ૦ ॥ ૭ ॥ બત્રીશ સહસ અંતેઉરી, ગોવાળણી સોળ હજાર રે ॥ તરશે તરફડે ત્રીકમો, નહિ કોઇ પાણી પાનાર રે ॥ ગ૦ ॥ ૮ ॥ કોટીશિલા કરમેં ધરી, ગિરધારી થયા નામ રે ॥ બેઠા ન થવાણું તે બળે, જુઓ કર્મનાં કામ રે ॥ ગ૦ ॥ ૯ ॥ જન્મતાં કેણે નવિ જાણિયા, મરતાં નહિ કોઇ રોનાર રે ॥ મહા અટવીમાંહી એકલા, પડયા કરે પોકાર રે ॥ ગ૦ ॥ ૧૦ ॥ છબીલો છત્ર ધરાવતો, ફેરવતો ચોદિશિ ફોજ રે ॥ વનમાં વાસુદેવ જઈ વસ્યા, બેસે જિહાં વનચર રોજ રે ॥ ગ૦ ॥ ૧૧ ॥ ગજે બેસીને જે ગાજતો, થતી જિહાં નગારાંની ઠોર રે ॥ ધુડ હોલા તિહાં ધુધવે, સાવજ કરતા તિહાં શોર રે ॥ ગ૦ ॥ ૧૨ ॥ જરા કુમર જંગલ વસે, ખેલે છે તિહાં શીકાર રે ॥ હરિ પગે પદ્મ તે દેખિયો, મૃગની ભ્રાંતે તેણિવાર રે ॥ ગ૦ ॥ ૧૩ ॥ તીર માર્યો તેણે તાણિને, પગ તળે બળ પૂર રે ॥ પગ ભેદીને તે નીસર્યો, તીર પડયો જઈ દૂર રે ॥ ગ૦ ॥ ૧૪ ॥ આપ બળે ઉઠીને કહે,

રે રે હું તો છું કૃષ્ણ રે ॥ બાણે કેણે મને વીંધીયો, એવો કોણ છે દુર્જન રે ॥ ગ૦ ॥ ૧૫ ॥ શબ્દ તે કૃષ્ણનો સાંભળી, વૃક્ષ તળે જરાકુમારરે, ॥ કાં હું વસુદેવ પુત્ર છું, રહું છું આ વન મોઝાર રે ॥ ગ૦ ॥ ૧૬ ॥ કૃષ્ણ રખોપાને કારણે, વર્ષ થયાં મુજ બાર રે ॥ પણ નવિ દીઠો કોઇ માનવી, આજ લગે તે નિરધાર રે ॥ ગ૦ ॥ ૧૭ ॥ દુષ્ટ કર્મતણે ઉદય, આંહી આવ્યા તુમે આજ રે ॥ મુજને હત્યા રે આપવા, વળી લગાડવા લાજ રે ॥ ગ૦ ॥ ૧૮ ॥ કૃષ્ણ કહે આવો બંધવા, જિણ કાજ સેવો છો વન રે ॥ તે હું કૃષ્ણ તેં મારિયો, ન મટે શ્રી નેમનાં વચન રે ॥ ગ૦ ॥ ૧૯ ॥ ઇમ સુણી આંસુડે વરસવા, આવ્યો કૃષ્ણની પાસ રે ॥ મોરારી તવ બોલીયા, લેઆ કૌસ્તુભ ઉલ્લાસ રે ॥ ગ૦ ॥ ૨૦ ॥ એ નીશાની પાંડવને આપજે, જા તું ઇહાંથી વેગ રે ॥ નહીં તો બળભદ્ર મારશે, ઉપજશે ઉદવેગરે ॥ ગ૦ ॥ ૨૧ ॥ આ સમે કીમ જાઊં વેગળો; જો તુમે મોકલો મોરારી રે ॥ ફરી ફરી પાછું જોતો થકો, વરસત આંસુ જળ ધાર રે ॥ ગ૦ ॥ ૨૨ ॥ દૃષ્ટિ અગોચર જે થયો, તેવીશમી ઢાળ રે ॥ ઉદયરતન કહે એ થઇ, સહુ સુણજો ઉજમાળ રે ॥ ગ૦ ॥ ૨૩ ॥ ઇતિ. ॥

अथ श्री साधुने शीखामणनी सज्झाय.

નારીને સંગે મુનિવરને નવિ રહેવું, નારીને સંગે મુનિવરને નવી રહેવું ॥ કળાહાગારી કાળી નાગણ, મન વિચારી એવું રે ॥ નારીને૦ ॥૧॥ એ આંકણી ॥ સંયમની લુંટારી નારી, લટપટ કરશે ભારી ॥ સંગ કરવાથી નંગ શિયળનો, રંગ દેશે ઉતારીરે ॥ ના૦ ॥૨॥ હાવ ભાવ દેખાડી પ્યારી, વાત કહે બહુ સારી ॥ સાંભળવાના સ્વાદી થાશો, જાશો સંયમ હારી રે ॥ ના૦ ॥૩॥ વાણી મીઠી દિલની દીઠી, શીળ દહન અંગીઠી ॥ સાધુ થઇને સંગત કરશે, લાજજ તેહની નીઠી રે ॥ ના૦ ॥૪॥ આંખડીયો ઉલાળી ત્હારૂં, ચિત્તડું લેશુ ચોરી ॥ પ્રેમ પ્યાલો પાસે તુજને, દુર્ગતિ જાશે દોરી રે ॥ના૦ ॥૫॥ મુખને મટકે કરને લટકે, ચાલમાં ચિત્ત રહ્યું અટકી ॥ હાવ ભાવ દેખાડી નારી, પાડી દેશે પટકી રે ॥ ના૦ ॥૬॥ કામ કુતુહળ ક્રીડાકારી, ગીત ગાવે લલકારી ॥ રાગ રંગમાં જે લુબ્ધાણા, જાણો ભ્રષ્ટાચારી રે ॥ના૦ ॥૭॥ રમઝમ કરતી આવે જાવે, વંદન કરે બહુ ભાવે ॥ ભરજોબનમાં

જે ભણાવે, તે ઝાઝા ખત્તા ખાવે રે ॥ ના૦ ॥૮॥ એકાંતે અબળા સંગાથે, કરે વાતોના કિલોલ ॥ નાક વિહુણા જે નિરોગા, જાણો ફુટલ ઢોલ રે ॥ ના૦ ॥ ૯ ॥ અગ્નિ આગળ દારૂ રહેવે, નિશ્ચે જાવે ઊડી ॥ નારીને સંગેથી જાશો, ભવસાગરમાં બુડી રે ॥ ના૦ ॥૧૦॥ વાટે જાતાં વનિતા સાથે, વાતડિયો નવિ કરિયે ॥ દૂર રહો જાણી સાપણિયો, પાપણીયો પરિહરિએ રે ॥ ના૦ ॥૧૧॥ જાણો કુડ કપટની કૂંડી, ભામા ભાવઠ ભંડી ॥ ભવમાં કેઇ ભટકાવ્યાને, કેઈ ગયા છે ઉડી રે ॥ ના૦ ॥૧૨॥ છતા ભોગને છટકાવીને, લીધો સંયમભાર ॥ વમ્યા વિષની વાંછા કરતાં, સહુ દેશે ધિક્કારરે ॥ ના૦ ॥૧૩॥ આંખ કાન ને નાર વિહુણી, વિણઠયાં સરવે અંગ ॥ સો વરસની ડોસીનો પણ, કરવો નહી તસ સંગ રે ॥ ના૦ ॥૧૪॥ દેવાંગનાના ચળાવ્યા તો, નવિ ચળે મુનિરાય ॥ દૃઢ શિયળ વ્રતધારી તેહના, ઇંદ્રાદિક ગુણ ગાય રે ॥ ના૦ ॥ ૧૫ ॥ નવવાડે વિશુદ્ધ વ્રત પાળો, નારીથી રહો ન્યારા ॥ મૂળ ઉત્તર ગુણ આરાધો તો, પરમેશ્વરના પ્યારારે ॥ ના૦ ॥ ૧૬ ॥ ઓગણીશે સત્તરની સાલે, નોતનપુર ચોમાસો ॥ આશ્વિન પંચમી શુકલ પક્ષે, વાર સ્થીર છે ખાસો રે ॥ ના૦ ॥ ૧૭ ॥ ખોડાજી કહે છોડો પ્રાણી, અબળાનો આસંગો ॥ મોહ ભરમ છોડીને આતમ, ધર્મને રંગે રંગો રે ॥ ના૦ ॥૧૮॥ ઇતિ.

अथ श्री शीयळवंती सतीने शीखामण.

(જનક સુતા હું નામ ધરાવું, રામ છે અંતરજામી. એ દેશી.)

નિસુણો સકળ સોહાગણ નારી, શિક્ષા અતિ સુખકારી ॥ મનડું વારી વિષય વિસારી, સજો શીયળ શિણગારી ॥ સુણજ્યો સતીયાં ॥ દૂર કરી કુમતિયાં, સુણજ્યો સતિયાં, જ્યું હોવે શુભ ગતિયાં, સુણ જ્યો સતીયાં ॥૧॥ એ આંકણી ॥ પંચ સાખે પરણ્યો તે પ્રીતમ, આતમનો અધિકારી ॥ એહ ટાળી અવર નર ગણીએ, લાલ ફકીર ભીખારી ॥ સુ૦ ॥૨॥ પ્રગટ પુરંદર રૂપે સુંદર, નળ કુબેર અનુહારી ॥ તૃણતણે તોલે ત્રેવડિયે, હોય જો સુર અવતારી ॥ સુ૦ ॥૩॥ નટ વિટ નર લંપટ લુચ્ચાથી, પગલાં પાછાં ભરીએ ॥ બગલા સરિખા દુષ્ટને દેખી, દૂરથી વેગળાં તરીએ ॥ સુ૦ ॥૪॥ તાળી પાડી દાંત દેખાડી, ખડખડ લોક હસાડી ॥ કામ કુતૂહળ ક્રીડાકારી, વાત ન કરીએ ઉઘાડી ॥ સુ૦ ॥૫॥ શીળવંતીને નિત્ય નવિ ન્હાવું, પટરસ સ્વાદે ન ખા-

વું ॥ નિત્ય શૃંગાર શરીરે ન સજવા, પર ઘર ઘણું નહી જાવું ॥ સુ૦ ॥૬॥ તાત ભ્રાત સરીખા નરશું, વાટે વાત ન કરીએ ॥ દુષ્ટજ દુર્જન દોષ ચઢાવે, અપજશથી અતિ ડરીએ ॥ સુ૦ ॥ ૭ ॥ આવળ ફુલ સરીખા ફોકટ, શીયળ રહિત નરનારી ॥ નકટીને આભૂષણ અંગે શોભા ન દીસે સારી ॥ સુ૦ ॥૮॥ ચીર પટંબર અંબર ઓઢયાં, સજીયા સોળ શણગારા ॥ શીયળ વિના જાણો તે સઘળા, આગતણા અંગારા ॥ સુ૦ ॥૯॥ કુલટા નારી ભ્રષ્ટાચારી, પ્યારી શીખ ન લાગે ॥ બાળપણે રંડાપા પામે, વ્રત લેઇને જે ભાગે ॥ સુ૦ ॥૧૦॥ ઘર ઘર ભટકે વાટે અટકે, વાત કરે કર લટકે ॥ ચંચળ ગતિયે ચાલે ચટકે, સજ્જન સહુને ઘણું ખટકે ॥ સુ૦ ॥૧૧॥ કેઇક કુળખંપણ કામનિયો, શ્વસુર બાપનું બોળે ॥ બેહુ લોકનું કાજ બગાડે, વ્રતને રણમાં રોળે ॥ સુ૦ ॥ ૧૨ ॥ કુસતીયો કલંક લગાડે, ગુણ આરામ ઉજાડે ॥ સજ્જનને સંતાપ પમાડે, સૂતા શત્રુ જગાડે ॥ સુ૦ ॥૧૩॥ નિર્લજ નિર્ગુણ નાક વિહુણી, વાટે ઘાટે વિગોવાશે ॥ શીયળથકી સંપૂરણ થાશે, સુર નર તસ ગુણ ગાશે ॥ સુ૦ ॥૧૪॥ કાચ તે સાચ કદી નવિ હોવે, રત્ન જ્યોતિ નહિ ઝાંખી ॥ સત્યવંતીના અવગુણ દાખી, જીવતી ગળે કોણ માખી ॥ સુ૦ ॥૧૫॥ સોને શ્યામ ન લાગે સજની, પરમેશ્વર છે સાખી ॥ મુક્તિતણા અભિલાષી થઇને, શીયળ રસ લ્યો ચાખી ॥ સુ૦ ॥૧૬॥ જ્ઞાતાધ્યયનને ષોડશ વાસે, ફત્તેપુર ઉલ્લાસે ॥ પૂજ્ય પૂંજાજી સ્વામી પસાયે, જોડી ઋષિ ખોડીદાસે ॥ સુ૦ ॥૧૭॥ ઇતિ. ॥

अथ श्री जंबूस्वामीनुं चोढालियुं.

(દોહા.)

શ્રી ગુરુ પદપંકજ નમી, સમરી શારદ નામ ॥ જંબુકુમર ગુણ ગાવતાં, સીઝે વંછિત કામ ॥૧॥ બાળપણેથી જંબુએ, શીળ ધર્યો શિરદાર ॥ સાધુ અને શ્રાવક પ્રતે, શીળ વડો આચાર ॥૨॥ ચરમ કેવળી જાણીએ, સુધર્મ ગણધર શીષ ॥ તેહ તણા ગુણ જંપીયે, ભાવે નમો નિશ દિશ. ॥૩॥

॥ ढाल १ ली ॥

(અનુમતિ દીધી માયે રોવંતા. એ દેશી.)

જંબુદ્વીપ સુ જાણીએ, એ તો જોયણ લાખ વિસ્તારો રે ॥ ષટ ખંડ વૈતાઢયે કિયા, તેમાં ભરત લઘુ સુખકારો રે ॥ જય જય

જંબુકુમારજી ॥૧॥ એ આંકણી ॥ એતો બાળપણે બ્રહ્મચારી રે ॥ વિષય વિલાસે ન રાચીયો, જિનશાસનનો હિતકારીરે ॥ જય૦ ॥૨॥ નગરી રાજગૃહી દીપતી, તિહાં શ્રેણિક નૃપ સુખકારી રે ॥ વારો રામ તણો વહે, પ્રજાને તિમ હિતકારી રે ॥ જય૦॥ ૩ ॥ લોક સહૂ સુખીયા વસે, કાંઈ કોટિધ્વજ કરુણાળો રે ॥ તિણે નગરે વ્યવહારિયો, ઋષભદત્ત નામે રસાળો રે ॥ જય૦ ॥ ૪ ॥ ધારણી કુખે અવતરિયો, જીવ સ્વર્ગ થકી શિરદારો રે ॥ માસ સવાનવે જનમિયો, એ તો પૂરણ પૂણ્ય ભંડારો રે ॥ જય૦ ॥ ૫ ॥ બાળપણો દૂરે ગયો, થયો જોવનવય તવ જાણી રે ॥ આઠે રમણિશું એકણ દીને, વિવાહ મેળયો હિત આણી રે ॥ જય૦ ॥૬॥ તિણ વનમાંહે સમોસરયા, શ્રી વીરતણા પટધારી રે ॥ ચઉનાણી ચૌદ પુરવી, નામે સુધર્મ અણગારી રે ॥ જય૦ ॥૭॥ લોક સહુ વંદણ ચલ્યા,તવ જંબુ પણ તિહાં આવે રે ॥ દેશના સુણિ સુખ પામીયો, જિમ અતિ તરશો જળ પાવે રે ॥ જય૦ ॥ ૮ ॥ વંદન કરી પાછો વળયો, જવ પોળે પ્રવેશ કરંત રે ॥ નાળ વછૂટી કોટની, લોહગોળો તે અગ્નિ ઝરંત રે ॥ જય૦ ॥૯॥ જંબુકુમારના શીશથી, ચાર અંગૂળ છેહ પુલાયો રે ॥ જંબુએ મનમાં વિમાસીયો, ઇહાં ધર્મ સખાઇ થાયો રે ॥ જય૦ ॥૧૦॥ પાછા વળી તેણે પગે, જઈ સુધર્મને શીશ નામે રે ॥ વ્રત ચોથો વિધિશું લીયો, નિજ પુરવ ભવને કામે રે ॥ જય૦ ॥૧૧॥

॥ ढाल २ जी. ॥

(ઊંબરીયો તે ગાજે હો, ભટીઆણી રાણી વડ ચૂએ એ દેશી.)

ઘેર પધાર્યા હો વિનવે નિજ માતા પ્રતે, બે કરજોડી રે બાળ ॥ અનુમતિ દીજે હો સંયમ લેશું માતજી, અમચો મનોરથ પાળ ॥ સહજ સોભાગી હો, રાગી નંદન સાંભળો ॥ ૧ ॥ એ આંકણી ॥ લઘુવય કેહેવો રે જોગ ॥ ઘરની દોલત હો વિલસો જંબુ આપણી, પાયા છે બહોળા રે ભોગ ॥સહજ૦॥૨॥ આઠે રમણીશું હો વિવાહ મેળયો નંદ જી, પૂરો તેહની આશ ॥ તુજ પરિવાર હો દેખું નિજ નયણે કરી, વાધે કુળની સુવાસ ॥ સ૦ ॥ ૩ ॥ જંબુ જપે હો માતા વાત સુણો હવે, મ્હારૂં વિષયે ન રાચે રે મન ॥ વિષયના ભોગી હો નરકે પહોંત્યા સાતમી, તે સુણી ધ્રુજે મ્હારૂં તન ॥ સ૦ ॥ ૪ ॥ ષટ ખંડ નાયક હો ચક્રી કહીએ, બારમો બ્રહ્મદત્ત જેહનું નામ ॥ વિષ-

યના સ્વાદથી હો નરકે પહોત્યો સાતમી, એહ વિષયનાંરે કામ ॥સ૦ ॥૫॥ સંયમ વિષમ હો જાયા દુક્કર પાળવો, મેરૂ તોળવો હાથ ॥ ખડગની ધારા હો ઉપર બેટા ચાલવું, ભરવી આભશું બાથ ॥સ૦॥૬॥ બાવીશ પરિસહ હો સહેવા બેટા સાધુને, રહેવું તે મન નિરધાર ॥ સુખના સવાદી હો દુઃખ સહસો કેણી પરે, કહીએ છે વાત વિચાર ॥સ૦॥૭॥ કુમર તે બોલે હો સંયમ તોલે કો નહી, જેથી દુઃખનો રે છેહ ॥ વિષયના સુખથી હો આગળ દુઃખ હોવે ઘણું, સાચો ધર્મ નેહ ॥ સ૦ ॥૮॥ આઠે તે રમણી હો પરણું એકજ વાર તો, પછે જિમ આવે રે દાય ॥ વયણ ન લોપું હો માતા મોરી તાહરૂં, મેં ધરિયું શીળવ્રત કાય ॥સ૦॥૯॥ ધવળ મંગળ હો વાજાં વાજે બહુ પરે, પરણ્યા તે આઠે નાર ॥ મહોલે પધારિયા હો જંબુ તેહિજ રાતમાં, પણ મન ધરિયો વ્રત ભાર ॥ સ૦ ॥ ૧૦ ॥ ધ્યાન ધરીને હો બેઠા મુખે અણબોલતા, રાખી વ્રતશું રંગ ॥ આવીને રમણી હો આઠે મળીને એકઠી, પહેરી અંગ સુરંગ ॥ સ૦ ॥ ૧૧ ॥

॥ ढाल २ जी. ॥

(તિણ અવસર એક આવી જંબુકી રે એ રાગ.)

આઠે તે રમણી નમણી વીનવે રે, પિયુજી બોલો નહિ કિણ કાજ રે ॥ અમે તો પ્રભુજી કરિને ઓળખ્યા રે, અમચી તુમારે હાથે લાજ રે ॥ પરમ વૈરાગી પ્રીતમ સાંભળો રે ॥ ૧ ॥ એ આંકણી ॥ ભોગસમય નવિ હોવે જોગ રે॥ પુરણ પુણ્યને જોગે પામીયા રે,પાંચ જાતિના તુમે ભોગરે ॥પરમ૦॥૨॥ મુગતિના ઉપર કોઈ છે માળવોરે, જેહને કાજે ચહો છો દાખ રે ॥ મુખને આગળ ભોજન જે મળ્યું રે, નવિ તજીએ ઘરડા કેરી શીખ રે ॥પરમ૦॥૩॥ ભોગ છતાને છંડી જાયશો રે, તે તો જિમ તુમને સુખ થાય રે ॥ પણ જિમ મરૂધરનો કુણબી કહ્યોરે, મૂરખ પહેલો તેહ ગણાય રે ॥ પરમ૦ ॥ ૪ ॥ ઇક્ષુ ગોધુમકેરી લાલચે રે, કાપ્યાં પાકાં અન્ન તૈયાર રે ॥ મનની હામ ન પહોતી કર્ષણી રે, તિમ તુમે પ્રીછો એહ વિચાર રે ॥ પરમ૦ ॥૫॥ વળતા તે બોલ્યા જંબુસ્વામિજી રે, અમે નહી કાગ સરીખા નાર રે ॥ આમિષની લાલચ લાગી બુડિયો રે, પણ અમે ભોગ કરૂં પરિહાર રે ॥પરમ૦॥૬॥ લોભ ન કીજે પ્રભુજી અતિ ઘણો રે, વનચરની જિમ ગ્રંથે વાત રે ॥ તિર્યંચ ફીટી નરભવ પામિયો રે, ફરી લોભે

પામ્યો તેહિજ જાત રે ॥ પરમ૦ ॥૭॥ ગ્રંથે વાત કહી છે અતિ ઘણી રે, કહેતાં પાર ન આવે તેહ રે ॥ આઠ કથા તે ભાંખી જંબુએ રે, આઠે કહી સુંદરિયે ધરિ નેહ રે ॥ પરમ૦ ॥૮॥ તે માટે પ્રભુજી તમને વીનવું રે, વિલસો નરભવ કેરી લીલ રે ॥ કુંજર કાને ઝાલ્યા નવિ રહે રે, પછી તુમે લેજો સંયમ શીળ રે ॥ પરમ૦ ॥૯॥ મન દૃઢ કરવા આઠે નારિનાં રે, કહે છે જંબુ તવ દૃષ્ટાંત રે ॥ લલિતાંગ કુમર હુઓ જિમ આગળે રે, સુણજો થિર રાખીને મન રે ॥ પરમ ॥૧૦॥

॥ ઢાલ ૪ થી ॥

ચાલ–કહે જંબુત્રિયાને, સુણજો થિર મન રાખી ॥ એક નગરી નિરૂપમ, પરિઘળ ઋદ્ધિ સુખી આખી ॥ ૧ ॥ વ્યવહારી નંદન વદન મદન કિયો વાસ ॥ નગરિમાં સંચરિયો, લઘુવય લીલ વિલાસ ॥૨॥ ઉ૦–લઘુ વયે સુંદર તેમ વિચક્ષણ, ચડતે જોવન ચતુર જિશો ॥ ગોખે રાણી નગર વિલોકે, નજરે પડિયો મયણ જિશો ॥ ૩ ॥ તુરત તેડાયો તતક્ષણ આયો, અકસ્માત તવ નૃપતિ ગયો ॥ દુર્ગંધ કેરી કોટડીમાં, માસ ષટ ઇણિપરે રહ્યો ॥૪॥ ચાલ–ઇણ અવસર જળધર, વુઠે ખાળને ધોવે ॥ જળ જોરે લલીતાંગ, બહાર વહીને આવે ॥૫॥ દાસી તવ દેખી, તુરત તેડી ઘર લાવે ॥ શ્રીમંત સુખી નર, તતક્ષણ રોગ ગમાવે ॥૬॥ ઉ૦–સકળ રોગ અંગથી ટળિયા, વળીયા તેહજ દીન ॥ શોભ શણગાર સજી લલિતાંગ ચાલે જેમ મયંદ ॥૭॥ રાણી તેજ ઝરૂખે દીઠી, ॥ દીઠો લલિતાંગ કુમાર ॥ વળી તે વખતે તેડાવણને મૂકી દાસી તે વાર ॥૮॥ ચાલ–કહે જંબુ ત્રિયાને, કહો તુમે આઠે નારી ॥ ફરિ જાવે કે ન જાવે, બોલો બોલ વિચારી ॥ ૯ ॥ તવ કરજોડીને, બોલી બાળા આઠ ॥ તે ન રહે નગરિમાં, ન કરે અંગ ઉચ્ચાટ ॥ ૧૦ ॥ ઉ૦–અંગ ઉચ્ચાટ તે કરવો હાથે, મૂરખ તે કિમ પાસ પડે ॥ તે તો ઉદર નવમાસ વસીને, કિમ રતિ પતિશું ચિત્ત ચડે ॥૧૧॥ દુર્ગંધ કેરી કોટડી કામિની, સુર નર મુનિ જેણે વશ્ય કિયા ॥ મુજ મન સંયમની લય લાગી, પાપ તાપ સહુ પરહરિયા ॥૧૨॥ ચાલ–સહુ શીખ દીયે તવ, જિમ સ્વામી મન ભાવે ॥ પ્રભવો તવ પાંચશે, જંબુ તસ સમજાવે ॥૧૩॥ જંબુનાં માય તાય, આઠ જંબુતણી નારી ॥ તેહનાં વળી માય તાય, તે સર્વે સુખકારી ॥૧૪॥ ઉ૦–સરવાળે પાંચશેંને અઠ્ઠાવીશ, સકળ ગુણ ભંડાર ॥ ચારિત્ર

લેઉ કર્મ વિદારી, ચરમ કેવળી સાર ॥૧૫॥ વીરતણા ત્રીજા પટધારી, જુઓ આગમમેં વાત ॥ જંબુ ગુણ ગાયા અમે હરખે, પરમ સદા ગુણપાત્ર ॥૧૬॥ ચાલ-સત્તરશે પાંસઠે, માસ શ્રાવણ શુદિ બીજ ॥ ॥ ગુણ ગાયા રાણપુરમાં, મીઠા જાણે અમીજ ॥૧૭॥ ગચ્છલોંકે ગાજે, શ્રી તેજસિંહ પ્રતાપી ॥ તેહના પટધારી, કાહાન કીર્તિ જગ વ્યાપી ॥ ૧૮ ॥ ઉ૦-કીર્તિકારક વંછિત દાયક, લાયક ધ્યાન સહાય ધરે ॥ પાવે સકળ પદારથ પ્રાણી, જે નિશ્ચળ મુનિ ધ્યાન ધરે ॥ ૧૯ ॥ ગુરૂ લક્ષ્મીચંદ ચરણ પસાયે, ગંગમુનિ કરજોડ કહે ॥ ભાવે ભણશે અથવા સુણશે, મનવંછિત તે સુખ લહે ॥ ૨૦ ॥ ઇતિ ॥

अथ श्री चंदनबालानुं त्रीढालियुं.

॥ ढाल १ ली ॥

(અરણિક મુનિવર ચાલ્યા ગોચરી. એ દેશી.)

શ્રી સરસતિના રે પય પ્રણમી કરી, થુણશું ચંદનબાળાજી ॥ જેણે વીરનો રે અભિગ્રહ પુરીયો, લાધી મંગળ માળા જી ॥ દાન ઉલટ ધરી ભવિયણ દીજીએ ॥૧॥ એ આંકણી ॥ જેમ લહિયે જગ માનો જી ॥ સ્વર્ગ તણાં સુખ સહેજે પામીયે, નાસે દુર્ગતિ થાનો જી ॥ દાન૦ ॥ ૨ ॥ નયરી કોસંબી રે રાજ્ય કરે તિહાં, નામે સંતાનિક જાણું જી ॥ મૃગાવતી રાણી રે સહિયર તેહની, નંદી નામે વખાણું જી ॥ દાન૦ ॥ ૩ ॥ શેઠ ધનાવો રે તિણ નગરી વસે, ધનવંતમાં શિરદારો જી ॥ મુળા નામે રે ઘરણી જાણીએ, રૂપે રતિ અવતારો જી ॥ દાન૦ ॥ ૪ ॥ એણે અવસર શ્રી વીર જિણેસરૂ, કરતા ઉગ્ર વિહારો જી ॥ પોસ વદ પડવે રે અભિગ્રહે મન ધરી, આવ્યા તિણ પુર સારો જી ॥ દાન૦ ॥ ૫ ॥ રાજસુતા હોય મસ્તક ક્ષુર કરી, કીધા ત્રણ ઉપવાસો જી ॥ પગમાં બેડી રે રોતી દુઃખ ભરે, રહેતી પર ઘર વાસો જી ॥ દાન૦ ॥ ૬ ॥ ખરે રે બપોરે રે બેઠી ઉમરે, એક પગ બાહિર એક માંહે જી ॥ સુપડાને ખુણે રે અડદના બાકળા, મુજને આપે ઉચ્છાહેજી ॥ દાન૦ ॥ ૭ ॥ એહવું ધારી રે મન માંહે પ્રભુ, ફરતા આહારને કાજે જી ॥ એક દિન આવ્યા રે નંદીના ઘરે, ઇર્યાસમિતિ બિરાજેજી ॥ દાન૦ ॥ ૮ ॥ તવ સા દેખી રે મન હર્ષિત થઈ, મોદક લેઈ સારો જી ॥ વોહરાવે પણ પ્રભુજી નવિ લીયે, ફીરી ગયા તેણીવારો જી

દાન૦ ॥૯॥ નંદી જઈને રે સહિયરને કહે, વીર જિનેસર આવ્યા જી ॥ ભિક્ષા કાજે રે પણ લેતા નથી, મનમાં અભિગ્રહ લાવ્યા જી ॥ દાન૦ ॥૧૦॥ તેહનાં વચણ સુણી નિજ નિયરમાં, ઘણા રે ઉપાય કરાવે જી ॥ એક નારિ તિહાં મોદક લેઈ કરી, એક જણી ગીતજ ગાવે જી ॥ દાન૦ ॥૧૧॥ એક નારી શૃંગાર સોહામણા, એક જણી બાળક લેઇ જી ॥ એક જણી મુકે રે વેણુજ મોકળી, નાટક એક કરેઈ જી ॥ દાન૦ ॥૧૨॥ એણિપરે રામા રે રમણી રંગ ભરી, આણી હરખ અપારો જી ॥ વોહરાવે બહુ ભાવ ભક્તિ કરી, તો હિ ન લીયે આહારો જી ॥ દાન૦ ॥ ૧૩ ॥ ધન્ય ધન્ય પ્રભુજી વીર જિનેસરૂ, તુમ ગુણનો નહી પારો જી ॥ દુક્કર પરિસહ ચિત્તમાં આદરિયો, એહ અભિગ્રહ સારો જી ॥ દાન૦ ॥ ૧૪॥ એણીપરે ફિરતાં રે માસ પંચજ થયા, ઉપર દિન પચવીસો જી ॥ અભિગ્રહ સરિખો રે જોગ મળે નહી, વિચરે શ્રી જગદીશો જી ॥ દાન૦ ॥ ૧૫ ॥

॥ ढाल २ जी. ॥

(નમો નમો મનક મહામુનિ એ દેશી).

તેણે અવસર તિહાં જાણિયે, રાય સંતાનિક આવ્યો રે ॥ ચંપા નગરીની ઉપરે, સેના ચતુરંગ દળ લાવ્યો રે ॥ તેણે અવસર તિહાં જાણિયે ॥૧॥ એ આંકણી ॥ દધિવાહન નબળો થયો, સેના સઘળી નાઠી રે ॥ ધારણી ધુઆ વસુમતી, બાંધ પડયા થઇ આઠી રે ॥ તેણે૦ ॥ ૨ ॥ મારગમાં જાતાં થકાં સુભટને પુછે રાણી રે ॥ શું કરશો અમને તમે, કરશું ઘરણી ગુણખાણી રે ॥ તેણે૦ ॥ ૩ ॥ તેહ વચન શ્રવણે સુણી, સતીય શિરોમણિ તામ રે ॥ તતક્ષણ પ્રાણ તજ્યા સહી, જોજયો કર્મનાં કામ રે ॥ તેણે૦ ॥ ૪ ॥ વસુમતી કુમરી લેઇ કરી, આવ્યો નિજ ઘર માંહી રે ॥ કોપ કરી ઘરણી તિહાં, દેખી કુમરી ઉત્સાહી રે ॥ તેણે૦ ॥ ૫ ॥ પ્રાંતઃ સમય ગયો વેચવા, કુમરીને નિરધારો રે ॥ વેશ્યા પુછે મુલ તેહનો, કહે શત પંચ દિનારો રે ॥ તેણે૦ ॥ ૬ ॥ એહવે તિહાં કણે આવિયો, શેઠ ધનાવો નામ રે ॥ તે કહે કુમરી લેશું અમે, ખાસાં આપીશ દામ રે ॥ તેણે૦ ॥ ૭॥ શેઠ વેશ્યા ઝગડે તિહાં, માંહો માંહે વિવાદો રે ॥ ચક્રેસરી સાંન્નિધ કરી, વેશ્યા ઉતાર્યો નાદો રે ॥ તેણે૦ ॥ ૮ ॥ વેશ્યાથી મુકાવીને, શેઠ તેડી ઘર આવે રે ॥ મનમાં અતિ હર્ષિત

થકો, પુત્રી કહીને બોલાવે રે ॥ તેણે૦ ॥ ૯ ॥ કુમરી રૂપે રૂયડી, શેઠ તણું મન મોહેરે ॥ અભિનવ જાણે સરસ્વતી, કળા ચોસઠ સોહે રે ॥ તેણે૦ ॥ ૧૦ ॥ કામકાજ ઘરનાં કરે, બોલે અમૃત વાણી રે ॥ ચંદનબાળા તેહનું, નામ દીધું ગુણ જાણી રે ॥ તેણે૦ ॥ ૧૧ ॥ ચંદનબાળા એક દિને શેઠ તણા પગ ધોવેરે ॥ વેણી ઉપાડી શેઠજી, મુળા બેઠી જોવે રે ॥ તેણે૦ ॥ ૧૨ ॥ તે દેખીને ચિંતવે, મુળા મન સંદેહ રે ॥ શેઠજી રૂપે મોહિયા, કરશે ઘરણી એહ રે ॥તેણે૦॥ ૧૩॥ મનમાં ક્રોધ કરી ઘણો, નાવીને તેડાવી રે ॥ મસ્તક ભદ્ર કરાવ્યું, પગમાં બેડી જડાવી રે ॥ તેણે૦ ॥ ૧૪॥ ઓરડા માંહિ ઘાલીને, તાળું દઈને જાવે રે ॥ મુળા મન હર્ષિત થઇ, બીજે દિને શેઠ આવે રે ॥ તેણે૦ ॥૧૫॥ શેઠ પુછે કુમરી કિહાં, ઘરણિને તિણ કાળે રે ॥ તે કહે હું જાણું નહી, એમ તે ઉત્તર આલે રે ॥તેણે૦॥ ૧૬ ॥ એમ કરતાં દિન ત્રણ થયા, તો હી ન જાણે વાત રે ॥ પાડોસણ એક ડોકરી, સઘળી કહી તેણે વાત રે ॥ તેણે૦ ॥ ૧૭ ॥ કાઢી બહાર ઉઘાડીને, ઉમરા વચ્ચે બેસારી રે ॥ આપ્યા અડદના બાકળા, સુપડા માંહે તિણ વારી રે ॥ તેણે૦ ॥ ૧૮ ॥ શેઠ લુહાર તેડણ ગયો, કુમરી ભાવના ભાવે રે ॥ ઇણ અવસર વોહરાવિયે, જો કોઈ સાધુ જી આવે રે ॥ તેણે૦ ॥ ૧૯ ॥

॥ ढाल २ जी. ॥

(બેડલે ભાર ઘણો છે રાજ, વાતાં કેમ કરો છો એ દેશી).

એણે અવસર શ્રી વીર જિનેસર, જંગમ સુરતરૂ આયા ॥ અતિ ભાવે તે ચંદનબાળા, વંદે જિન સુખકાયા ॥ આધા આમ પધારો પુજ્ય, અમ ઘર વોહરણ વેળા ॥ ૧ ॥ એ આંકણી ॥ આજ અકાળે આંબો મોરયો, મેહ અમીરસ વુઠયા ॥ કર્મતણા ભય સર્વે નાઠા, અમને જિનવર તુઠયા ॥ આધા આમ પધારો વીર, મુજને પાવન કીજે ॥ ૨ ॥ એમ કહીને અડદના બાકળા, જિનજીને વોહરાવે ॥ યોગ્ય જાણીને પ્રભુજી વોહરે, અભિગ્રહ પુરણ થાવે ॥ આધા૦ ॥ ॥ ૩ ॥ બેડી ટળીને ઝાંઝર હુઆ, મસ્તક વેણી રૂડી ॥ દેવ કરે તિહાં વૃષ્ટિ સોવનની, સાડી બારહ કોડી ॥ આધા૦ ॥ ૪ ॥ વાત નગરમાં સઘળે વ્યાપી, ધન લેવા નૃપ આવે ॥ મુળાને પણ ખબર થઇ છે, તે પણ તિહાં કણે જાવે ॥ આધા૦ ॥ ૫ ॥ સાસનદેવી સાન્નિધ્ય કરવા, બોલે અમૃત વાણી ॥ ચંદનબાળાનું છે એ ધન,

સાંભળ ગુણમણિ ખાણી ॥ આધા૦ ॥ ૬ ॥ ચંદનબાળા સંયમ લેશે, તવ એ ધન ખરચાશે ॥ રાજાને એણી પરે સમજાવે, મનમાં ધરી ઉલ્લાસે ॥ આધા૦ ॥૭॥ શેઠ ધનાવો કુમરી તેડી, ધન લેઇ ઘર આવે ॥ સુખે સમાધે તિહાં કણે રહેતાં, મનમાં હર્ષ ન માવે ॥ આધા૦ ॥૮॥ હવે તેણે કાળે વીર જિણંદજી, હુઆ કેવળ નાણી ॥ ચંદનબાળા વાત સુણીને, હૈડામાં હરખાણી ॥ આધા૦ ॥૯॥ વીર કને જઇ દીક્ષા લીધી, તતક્ષણ કર્મ ખપાવ્યાં ॥ ચંદનબાળા ગુણહ વિશાળા, શિવમંદિર સિધાયા ॥ આધા૦ ॥૧૦॥ એહવું જાણી રૂડા પ્રાણી, કરજો શિયળ જતન ॥ શિયળ થકી શિવસંપદ લહીએ, શિયળે રૂપ રતન ॥ આધા૦ ॥૧૧॥ નયન વસુ સંજમને (૨૮૧૭) ભેદે, સંવત સુરત મઝારે ॥ વદિ આષાઢ તણી છઠ દિવસે, ગુણ ગાયા રવિવારે ॥ આધા૦ ॥૧૨॥ શ્રી વિદ્યાસાગર સુરિ શિરોમણી, અચળગચ્છ સોહાયા ॥ મહિયલ મહિમા અધિક બિરાજે, દિન દિન તેજ સવાયા ॥આધા૦॥ ॥ ૧૩ ॥ વાચક સહજસુંદરનો સેવક, હરખ ધરી ચિત્ત આણી ॥ શીળ ભલીપરે પાળો ભવિયણ, કહે નિત્યલાભ એ વાણી ॥ આધા૦ ॥૧૪॥ ઈતિ ॥

अथ श्री शांतिसुधारसनी सज्झाय.

શાંતિ સુધારસ કુંડમાં, તું રમે મુનિવર હંસ રે ॥ ગારવ રેણુ શું મમ રમે, મૂકજે શિથિલ મુનિ સંગરે ॥ શાંતિ૦ ॥૧॥ સ્વહિત કર મ કર ભવપૂરણા , મ કર તું ધર્મમાં કુડ રે ॥ લોકરંજન ઘણું મમ કરે, જાણતો કયું હોયે મુઢરે ॥ શાંતિ૦ ॥૨॥ જો યતિવર થયો જીવડા, પ્રથમ તું આપને તાર રે ॥ આપ સાખે મુનિ જો તરયો, તો પછી લોકને તાર રે ॥ શાંતિ૦ ॥૩॥ તુજ ગુણવંત જાણી કરી, લોકદિયે આપણા પુત્તરે ॥ અસન વસનાદિક ભરી દીયે, ખોટડું મ ધર મુનિ સુત રે ॥ શાંતિ૦ ॥૪॥ નાણ દંસણ ચરણ ગુણ વિના, તું કેમ હોય સુપાત્રરે ॥ પાત્ર જાણી તુજ લોક દ્યે, મ ભર તું પાપે નિજ ગાત્ર રે ॥ શાંતિ૦ ॥૫॥ સુધીય સુમતિ ગુપતિ નહી, નહી તપ એષણા શુદ્ધિરે ॥ મુનિ ગુણવંતમાં મૂળગો, કેમ હોયે લબ્ધિની સિદ્ધિ રે ॥ શાંતિ૦ ॥૬॥ વ્યાપ માંડયો ઘણો ગુણ વિના, ભરિ આડંબર ઇચ્છિ રે ॥ ઘર તજી માન માયા પડયો, કેમ હોયે સિંહગતિ રીંછ રે ॥ શાંતિ૦ ॥૭॥ ઉપશમ અંતરંગે નહી, નહી તુજ ચારુ નિર્વેદરે ॥ નતિ શુતિ પૂજ્ય તું અભિલપે, મ કર અણુમાનીયો ખેદ રે ॥ શાંતિ૦ ॥૮॥ ઉ

દરભરણાદિ ચિંતા નહી, સજ્જન સુત કલત્ર ઘર ભારરે ॥ રાજ ચોરાદિ ભય તુજ નહિ, તોહી તુજ શિથિલ આચારરે ॥ શાંતિ૦॥૯॥ વિવિધ દુઃખ દેખી તું લોકના, તુજ કિસિ ચિંત મુનિરાજ રે ॥ તું જના વર્જ્જનાદિક પડચો, ચુક મ આપણું કાજ રે ॥ શાંતિ૦ ॥૧૦॥ આપણું પારકુ મ મ કરે, મુક મમતા પરિવાર રે ॥ ચિત્ત સમતા રસે ભાવજે, મ કર બહુ બાહ્ય વિસ્તાર રે ॥ શાંતિ૦ ॥૧૧॥ લોક સત્કારે પૂજે સ્તવે, મુજ મળ્યાં લોકના વૃંદ રે ॥ મુજ યશ નામ જગ વિસ્તર્યું, ઇશ્યો અભિમાન મુણિંદ રે ॥ શાંતિ૦ ॥૧૨॥ પૂરવ મુનિ સારિખી નહી કિશિ, આપણી લબ્ધિને સિદ્ધિ રે ॥ અતિશય ગુણ કિશ્યો તુજ નહિ, તોહી તુજ માનની બુદ્ધિ રે ॥ શાંતિ. ॥૧૩॥ પૂર્વે પ્રભાવક મુનિ હુઆ, તેહને તું નહી તોલ રે ॥ આપ હીણું ઘણું ભાવજે, મુખ વાહું ઘણું અમ બોલ રે ॥ શાંતિ૦ ॥૧૪॥ નિ- યડિ કરી જે જન રંજીયા, વશ કર્યા જેહ બહુ લોક રે ॥ પૂંઠ દીધે ન તે તાહરા, ગૃહિ મુનિના તરુ ફોક રે ॥ શાંતિ૦ ॥ ૧૫ ॥ ગુરુ પ્રસાદે ગુણ હીનને, હોવે છે તું ગુણ ઋદ્ધિ રે ॥ તું ગુણ મત્સરી મત હોયે, કર નિજ જીવની શુદ્ધિ રે ॥ શાંતિ૦ ॥૧૬॥ સંયમ યોગ મૂકી કરી, વશ કરયા જેહ બહુ લોક રે ॥ શિષ્ય ગુરુ ભક્ત પુસ્તક ભર્યાં, અંતે દીયે સમ વિણુ શોક રે ॥ શાંતિ૦ ॥૧૭॥ પ્રશમ સમતા સુખ જળધિમાં, સુર નર સુખ એક બિંદ રે ॥ તેણે તું સિંચ સમ વેલડી, મૂકી દે અવર સમ દંદ રે ॥ શાંતિ૦ ॥ ૧૮ ॥ એક ક્ષણ વિશ્વ જંતુ પરે, તું વસી જીવ સમભાવે રે ॥ સર્વ મૈત્રી સુધાપાનપે, સકળ સુખ સન્મુખ લાવે રે ॥ શાંતિ૦ ॥ ૧૯ ॥ આપ ગુણવંત ગુણ રંજીયો, દીન દુઃખી દેખી દુઃખ ચૂરરે ॥ નિર્ગુણી દેશવિરતિ રહી, સકળમુનિ સુખ શુચિ પૂર રે ॥ શાંતિ૦ ॥ ૨૦ ॥ ઈતિ. ॥

अथ श्री सुदर्शनशेठनी सज्झाय.

(ઈણ સરોવરિયાંરી પાળ, આંબા દોય નાગરી મારા લાલ. એ દેશી.)

જંબૂદ્વીપે ભરત, ક્ષેત્ર સોહામણું ॥ મારા લાલ ॥ વલ્લભપુરી નગરીમાં, નૃપ જન મંડણો ॥ મા૦ ॥ અભયા રાણી તાસ, સુવાસ રહે સદા ॥મા૦॥ શેઠ સુદર્શન રતનની, જામ છે સંપદા ॥ મા૦ ॥ ૧ ॥ ગુણવંતી નામે રમણી, ઘરણી છે તેહને ॥ મા૦ ॥ શુદ્ધ છે જિનવર ધ- ર્મે, તણી મતિ જેહને ॥ મા૦ ॥ શેઠજી વ્રત ઉચ્ચાર, કીધો ગુરૂ સા-

જિધ્યે ॥ મા૦ ॥ નિજ દારા સંતોષ, પૌષધ વ્રત શુભ બુદ્ધે ॥ મા૦ ॥ ૨ ॥ એક દિન શેઠજી રાજ, મારગ જાય એકલા ॥ મા૦ ॥ જોબન જોતે, વદનની છે ચઢતી કળા ॥ મા૦ ॥ રાણી અભયાએ તામ, શેઠને દેખીયા ॥ મા૦ ॥ વ્યામોહ પામી ચિત્ત, વ્યાકુળ થઈ પેખીયા ॥ મા૦ ॥૩॥ ચેટી તેડવા કાજ, મૂકી તિહાં રાણીએ ॥ મા૦ ॥ આવ્યા તિહાંકણે શેઠ, ચેટી મીઠી વાણીયે ॥ મા૦ ॥ કીધા સોળ શણગાર, ઉદાર રામાતણા ॥ મા૦ ॥ હળફળતી થઇ વેગ, આવે તિહાં નહિં મણા ॥ મા૦ ॥૪॥ થરહરે એહવું રૂપ, દેખી શેઠ ધ્રુજીયો ॥ મા૦ ॥ પુરુષ વિકારે વર્જિત, જાણી રાણી મૂકીયો ॥મા૦॥ પામ્યા શેઠ આ-ણંદ, ગયો નિજઘર ભણી ॥ મા૦ ॥ સદા રહે વ્રતમાંહ, બ્રહ્મચારીમાં મણી ॥ મા૦ ॥ ૫ ॥ ગુણવંતી ચતુરા ચાલે, પુત્ર ચારે લેઇ કરી ॥ મા૦ ॥ ભાંખે અભયા તામ, દેખી નયણાં ભરી ॥ મા૦ ॥ કોણ પુણ્યવંત ઘર નારી, એ રંભા પૂતળી ॥ મા૦ ॥ શેઠ સુદર્શન નારી, અપચ્છરા જીતલી ॥ મા૦ ॥૬॥ ચિંતવે રાણી એમ, છયલ છેતરી ગયો ॥ મા૦ ॥ દીઠો દૂરથી શેઠ, રાણી મન ગહગહ્યો ॥મા૦॥ તેડી લાવો સુજાણ, એ જાય રખે કહે ॥ મા૦ ॥ વિરતણો હુતાશન, મુજ અંગને દહે ॥ મા૦ ॥ ફરિ ચેટી તેણી વાર, બોલાવી આવીયો ॥ મા૦ ॥ શેઠ તમારો ચરિત્ર તે, મેં સહુ જાણીયો ॥ મા૦ ॥ ભોગવો ભોગ સંયોગ, વિયોગ ન રાખીયે ॥ મા૦ ॥ નરભવ દોહિલો હોય, અમૃતરસ ચાખીયે ॥ મા૦ ॥ ૮ ॥ તવ બોલ્યો શેઠ સુદર્શન, માતાજી સાંભળો ॥ મા૦ ॥ વિષયારસ વિષ તુલ્ય, જાણવો મનમાં ભલો ॥ મા૦ ॥ રાણીયે કીધાં ચરિત્ર, વિચિત્ર પ્રકારનાં ॥મા૦॥ મૂકી કુળની લાજ, વિષય વિકારમાં ॥ મા૦ ॥ ૯ ॥ જવનવિ માન્યો શેઠ, રાણી ક્રૂર થઈ તદા ॥ મા૦ ॥ કરી વિકરાળ પોકાર, માણસ મિળિયા તદા ॥ મા૦ ॥ રાજાદિક સવિ આવી, જુએ શેઠને તિહાં ॥ મા૦ ॥ આરોપો લેઈ પાપીને, વધ શુળી જિહાં ॥ મા૦ ॥૧૦॥ સહુ-સંગમે જનવૃંદ, સાથે લેઇ ચાલીયા ॥ મા૦ ॥ હાહાકાર ઘરોઘર, વાજાં વાજીયાં ॥મા૦॥ સુણી તેહ ગુણવંતી, નારીએ કાઉસ્સગ ધર્યો ॥મા૦॥ શેઠ સુદર્શન, શીળ ગુણે કરીને ભર્યો ॥ મા૦ ॥૧૧॥ એહવે શુળી પાસે, સહુ કોઇ આવીયા ॥ મા૦ ॥ દેખીને સહુ થરથર, મનમાં કંપીયા ॥ મા૦ ॥ વધક નરે ઉપાડી, શેઠને શૂળીદિયા ॥મા૦॥ શાસનદેવે આવી, તિહાં મહિમા કિયા ॥ મા૦ ॥૧૨॥ સિંહાસન સુ-

વર્ણનું, થયું શૂળીતણું ॥મા૦॥ હુઇ પુષ્પની વૃષ્ટિ, દુંદુભી વાજી ઘણું ॥મા૦॥ ચરણે લાગ્યો રાય, શ્રેષ્ટિપદ થાપીયો ॥ મા૦ ॥ ઘરઘર નગર નગરમાં, જશ ડંકો વાજીયો ॥ મા૦ ॥૧૩॥ શીયળ પ્રભાવે મંગળ, માળા સંપજે ॥મા૦॥ શીયળે શેઠ માહેંદ્ર, સુરલોકે ઉપજે ॥ મા૦ ॥ એકાવતરી જન્મ, જરા દુઃખ ભય નહી ॥મા૦॥ મુનિ મયાચંદ વાણીએ, ઇણીપરે કહી ॥ મા૦ ॥૧૪॥ સંવત ઇક્ષુ શશી નાગ, મહીમાને કરી ॥ મા૦ ॥ નિર્મળ શ્રાવણ માસ, નગર ચોમાસુ કરી ॥મા૦ ॥ પભણ્યો શીયળ સંબંધ, ભાવે કરી દીપતા ॥ મા૦ ॥ ધન્ય ધન્ય તે નર નારી, વિષય રસ જીપતા ॥ મા૦ ॥૧૫॥ ઇતિ ॥

अथ श्री तस्करपच्चीशी.

(રઘુપતિરામ હૃદયમાં રહેજો રે. એ દેશી.)

ચોરી ચિત્ત ના ધરો નર નારી રે, પંચમે પરતીત તુમારીરે ॥ચોરની ચોટે ચરચા થાય રે, ફિટફિટ લોકોમાં નિંદાય રે ॥ કલંકે કુળ લજવાઈ જાય, ચોરી ચિત્ત ના ધરો નર નારી રે ॥૧॥ એ આંકણી ॥ ચોરનો કોઇ ન થાય સખાઇ રે ॥ માત તાત સજ્જન સુત ભાઇરે ॥ હુડછડ થાય વિગોવાઇ ॥ ચોરી. ॥ ૨ ॥ તસ્કર નર તણા તોલે રે, આદર દેઈ કોઇ ન બોલે રે ॥ ઘેર આવે દ્વાર ન ખોલે ॥ ચોરી. ॥૩॥ તિરસકાર તેને સહુ ઠામે રે, કોઇ તેડે નહી શુભ કામે રે ॥ માલ ધીરે નહી વિણ દામે ॥ ચોરી. ॥ ૪ ॥ સહુ લોક છંડે વિશ્વાસ રે, કોઇ બેસારે નહી પાસ રે ॥ જેની સારી નહી સુવાસ ॥ ચોરી. ॥ ૫ ॥ જેને તસ્કરની પડી ટેવ રે, અણદત્ત ગ્રહે અહમેવ રે ॥ ગણે નહી ગુરુ ધર્મ ને દેવ ॥ ચોરી. ॥૬॥ સાત વ્યસન વશે જડબુદ્ધિ રે, કરે કેફ ન કાંઈ શુદ્ધિ રે ॥ કપટી કુટીલની મતિ ઊંધી ॥ ચોરી. ॥ ૭ ॥ મુખે બોલે તે મીઠું મીઠું રે, મેલે નહી નજરે દીઠું રે ॥ દયા રહિતનું દિલડું દીઠું ॥ ચોરી. ॥ ૮ ॥ નિશાચારી યારી મળી ભેળા રે, શુકનાવળી સાધી વેળા રે ॥ જઇ રાજભંડાર ઉખેળા ॥ ચોરી. ॥ ૯ ॥ મળી માણસ મારે ગામ રે, વાટ પાડે વિણાસે ન્હામ રે ॥ સંગ્રામમાં આવે કામ ॥ ચોરી. ॥ ૧૯ ॥ સંધી છેદીને ખાતર પાડી રે, લીધા માલ અમુલ્ય ઉપાડી રે ॥ જામે જુઠ અનય કરે દહાડી ॥ ચોરી. ॥ ૧૧ ॥ પગી પંડિત પગલાં જોતા રે, પાપિષ્ટની પાસે પહોંચ્યોરે ॥ પકડ્યો પ્રપંચી રોતો રે ॥ ચોરી. ॥ ૧૨ ॥ કર કેશ બાંધ્યા કશી તાણી

રે, પાંપણુથી પડે પૂર પાણી રે ॥ આવી આપ કીધી જે કમાણી ॥ ચોરી૦॥૧૩॥ પગ બેડી ગળામાં તોક રે, જોવા મળ્યા હજારો લોક રે ॥ મળ્યા માનવી થોકે થોક ॥ચોરી૦॥૧૪॥ સહુ મુખથી ઉચ્ચરે એમ રે, જનેતાયે જણ્યો તુને કેમ રે ॥ ન્હાનો કાં ન મૂઓ રહ્યો ક્ષેમ ॥ચોરી૦॥૧૫॥ બોલે કુવચન કડવા બોલ રે, ફિટ ફિટ રે ફુટલ ઢોલ રે ॥ નિર્દયી નિગુણ નિટોલ ॥ ચોરી૦ ॥ ૧૬ ॥ કોટવાળ સેનાપતિ દાસ રે, છેદી છરપલે કર્ણને નાસ રે ॥ લેઇ ચાલ્યા એહને ઉદાસ ॥ ચોરી૦॥૧૭॥ મારતા કોરડા છડી દંડ રે, ઢીંચણ કોંણી પાટુ પ્રચંડરે ॥ મારે લાત ઈટિયોના ખંડ ॥ ચોરી૦ ॥૧૮॥ શ્રવે શ્રોણિત ત્રોડે માંસ રે, હેળે નિંદ હણે કરે હાંસ રે ॥ દીન હીન પીડયો ભૂખ પ્યાસ ॥ ચોરી૦॥૧૯॥ કોપે નૃપ લિયે ઘર લુંટી રે, જીભ નેત્રને કાઢે ખૂંટી રે ॥ બાંધે તોયે તે ન શકે છૂટી ॥ચોરી૦॥૨૦॥ મારે શૂળ મુસળ કુહાડે રે, મુદ્દગર મુષ્ટિથી તાડે રે ॥ નેત્ર નરકનાં દુઃખ દેખાડે ॥ ચોરી૦ ॥૨૧॥ શીશ મૂડીને ચુનો લગાવે રે, અવળે ગરધવ ચડાવે રે ॥ કુસુમ કરેણાની માળ પહેરાવે રે ॥ચો૦॥૨૨॥ વાજે વાજાં ને ફેરવે ચોરરે, પૂંઠે ન્હાના માણસનો નોર રે ॥ ઉડે ખેહને સોરબકોર ॥ ચો૦ ॥ ૨૩॥ તેને દીયે શૂળી ગળે પાસ રે, મરીને જાવે તે જમ પાસરે ॥ છંડો ચોરી કહે ખોડીદાસ ॥ ચો૦ ॥૨૪॥ ચોરી અવગુણ કહેતાં પ્રકાસુરે, ઓગણીશે સોળનો આસુ રે ॥ જોડી પુરફત્તે ચોમાસુ ॥ ચોરી૦ ॥૨૫॥ ઇતિ ॥

अथ श्री सत्यबावीशी.

(માળા ક્યાં છે રે, એ દેશી.)

ટેક મ મૂકો રે, ધરિયે ધર્મ વિવેક કે સત્ય ન ચૂકો રે ॥ સત્ય થકી સહુ જન સનમાને, પ્યારા મારા ॥ ધ્યાન ધરે ધરણિંદો ॥ શોમ વદન સૂધારસ વરસે, હિમ કરણ જિમ ચંદોરે ॥ટેક૦॥૧॥ એ આંકણી.॥ સત્ય વાયક લાયક નર જગમાં, પ્યારા૦॥ દાયક બુદ્ધિ નિધાન ॥ પદ પદ સંપદ નવનિધિ પામે, મહિમા મેરૂ સમાન રે ॥ ટેક૦ ॥ ૨ ॥ દૂધ સરીખી કીરતિ પ્રસરે, પ્યારા૦॥ જગમાહી જશનો ડંકો ॥ વૈરી તો વતવાસે નાસે, વાળ ન હોવે વંકો રે ॥ ટેક૦ ॥૩॥ સત્ય થકી સહુ જગ વશ્ય થાવે, પ્યારા૦॥ અહો નિશિ એહને ધ્યાવે ॥ સુર નર પંડિત શીશ નમાવે, ઇંદ્રિ આપે ગુણ ગાવે રે ॥ ટેક૦ ॥૪॥ સત્ય પુરૂષે પ્રતિજ્ઞા પકડી, પ્યારા૦ ॥ પ્રાણ છતાં નવિ મુકે ॥ ચાતુર ટેક

ધરી ધન જળશું, અન્ય ઉદકથી ન ઢૂંકે રે ॥ ટેક. ॥૫॥ મીન મરાળ સરોવર મેલી, પ્યારા. ॥ છિલર દિલમાં ન આણો ॥ સત્યવાદી તેમ ટેકને થેકી, મૃષાવાદ ન ટાણે રે ॥ ટેક ॥ ૬ ॥ શૂર સુભટ સંગ્રામે સનમુખ, પ્યારા. ॥ આયુદ્ધ યુદ્ધ મચાવે ॥ પ્રાણની હાણ ગણે નહી મનમાં, ચરણ પાછા નવિ ઠાવે રે ॥ ટેક. ॥૭॥ રણમાં શૂર સંસારે ઘણા છે, પ્યારા. ॥ કોઇ ન સત્યને તોલે ॥ કષ્ટ પડે કાયરતા નાણે, બોલી વચન નવિ ડોલે રે ॥ ટેક. ॥ ૮ ॥ સીતા માતા જગત વિખ્યાતા, પ્યારા. ॥ શિયળ રયણ ગુણ ખાણી ॥ સત્ય રાખણને પાવક પેઠાં, અગ્નિથી પ્રસર્યો પાણી રે ॥ ટેક. ॥૯॥ ગજસુકુમાળમુનીસર મ્હોટા, પ્યારા. ॥ ટેકથી ધ્યાનજ ધરીયા ॥ અગ્નિ દહન સહન કરીને, શિવ રમણીને વરીયા રે ॥ ટેક. ॥ ૧૦ ॥ ઉદધિમાં અરણિક શ્રાવકને, પ્યારા. ॥ દેવે પરિસહ દીધો ॥ પોતે ઉઠાઇ ઊંચો લીધો, તન મન નિશ્ચય કીધો રે ॥ ટેક. ॥ ૧૧ ॥ હરખ ધરી હરિચંદ નરેસર, પ્યારા. ॥ કષ્ટ સહ્યાં સત્ય માટે ॥ તાત ટેક રાખણ રઘુરાયા, પરવરિયા વનવાટે રે ॥ ટેક. ॥ ૧૨ ॥ દળ બળ લેઈ દશારણ ભદ્રે, પ્યારા. ॥ વાંદ્યાં શ્રી વર્દ્ધમાન ॥ ઈંદ્રિ સંગાથે અહિંગો કીધો, લીધો સંયમ ધરી માન રે ॥ ટેક. ॥ ૧૩ ॥ એમ અનેક નર ટેક ગ્રહીને, પ્યારા. ॥ ગ્રાહક ધર્મ સધીર ॥ સત્ય સુધારસ સ્વાદમાં લીના, જ્યું વન કોયલ કીર રે ॥ ટેક. ॥૧૪॥ કુંજનમેં કરિ કેળિ કરંતા, પ્યારા. ॥ આરામે અયનીશ ॥ જળામાંહી મીન મરાળ સરોવર, મુક્તિ ધ્યાને મુનીશરે ॥ટેક. ॥ ૧૫ ॥ તિમહિજ સત્ય સુગંધે રસીયા, પ્યારા. ॥ કસિયા શીળ કછોટા ॥ મનમથ મથન કરી મન જીત્યો, મહિમંડળમાં મોટા રે ॥ ટેક. ॥૧૬॥ વસુ વસુધાપતિ વસુધા વદિતો, પ્યારા. ॥ સત્યવાદી તે સમેનો ॥ અસત્ય વચન ઉચ્ચાર કર્યાથી, સાતમી પુઢવિયે પહોત્યો રે ॥ ટેક ॥ ૧૭ ॥ કમળપ્રભગણિ ગુણનો દરિયો, પ્યારા. ॥ મન માતંગે ચઢિયો ॥ વિપરીત વચન પ્રરૂપ્યો ભારી, ભવ અટવી રડવડિયો રે ॥ ટેક. ॥ ૧૮ ॥ અસત્યથી અવગુણ અનંતા, પ્યારા. ॥ ગુણ સરવે જાય ઊડી ॥ સત્ય વિવેકના ટેકને થેકી, ગયા દુઃખ દરિયે બુડી રે ॥ ટેક. ॥ ૧૯ ॥ સત્ય સરોવર સમતા જળમાં, પ્યારા. ॥ કેળિ કરો મન ભાવે ॥ આતમ અંતર નિર્મળ થાવે, કર્મ મલીન મળ જાવે રે ॥ ટેક. ॥ ૨૦ ॥ લેશ્યા સોમ શુભ પુણ્યના ભાગી, પ્યારા. ॥ અસંજમસ વિષ ત્યાગી ॥ પૂજ્ય પુંજાજી સ્વામી સોભાગી,

તસ ચરણે લય લાગી રે ॥ ટેક. ॥ ૨૧ ॥ તેહ ગુરૂ ગુણ ગેહ પસાયે, પ્યારા. ॥ સત્યબાવીશી બનાવી ॥ ખોડાજી કહે ખાંત ધરીને, ભવ્ય જીવોને સમજાવી રે ॥ ટેક. ॥ ૨૨ ॥ ઇતિ ॥

अथ श्री श्रावकना एकवीशगुणनी सज्झाय.

(ચોપાઈની દેશી.)

સદ્ગુરૂ કહે નિસુણો ભવિલોક, ધર્મ વિના ભવ હોયે ફોક ॥ ગુણ વિણ ધર્મ કિયો પણ તથા, આંક વિના મીડાં હોય યથા ॥૧॥ ધર્મરયણને તેહ જ યોગ, જેહને અંગે ગુણ અભોગ ॥ શ્રાવકના ગુણ તે એકવીશ, સુત્રે ભાંખ્યા શ્રી જગદીશ ॥ ૨ ॥ પહેલે છળછળિયો નવિ હોય, બીજે ઇંદ્રિય પટુતા હોય ॥ ત્રીજે સોમસ્વભાવી જાણ, ચોથે લોક પ્રિય શુભ વાણ ॥૩॥ ચિત્ત સંકલેશ તજે પાંચમે, છઠ્ઠે અપજશથી વીરમે ॥ પરને વંચક નહિ સાતમે, દાક્ષિણ્યવંત હોયે આઠમે ॥૪॥ લજ્જાવંત નર નવમે કહ્યો, કરૂણાકારી દશમે લહ્યો ॥ એકાદશમે હોયે મધ્યસ્થ, દ્વાદશમે ગુણરાગી પ્રશસ્ત ॥૫॥ ધર્મકથા વલ્લભ તેરમે, શુભ પરિવાર સહિત ચૌદમે ॥ ઉત્તરકાળે નિજ હિતકાર, કરે કાજ પંદરમે વીચાર ॥ ૬ ॥ ષોડશમે ગુણ દોષ વિશેષ, જાણે નિજ પર સમ વડલેખ ॥ સદાચાર જ્ઞાનાદિક વૃદ્ધ, સત્તરમે સેવે તે સિદ્ધ ॥ ૭ ॥ અડદશમે ગુણવંત મહંત, તેહનો વિનય કરે મન ખંત ॥ ન વીસારે કીધો ઉપગાર, શ્રાવક ગુણ ઓગણીશમો સાર ॥ ૮ ॥ ગીતારથ સાધે પરમત્થ, વીશમા ગુણનો ધારે અત્થ ॥ ધર્મકાર્ય કરવે હોય દક્ષ, એકવીશમો ગુણ એ પ્રત્યક્ષ ॥ ૯ ॥ એ માંહેલા ઓગણીશ વિરહાત, શ્રાવક ધર્મની નહિ પ્રતિપત્તિ ॥ ચોથા ચૌદશમા ગુણ વિના, અંગીકર્યો પણ હારે જના ॥૧૦॥ તે માટે ગુણ અંગે ધરો, જિમ શ્રાવકપણું સુધુ વરો ॥ પંડિત શાંતિવિજયનો શિષ્ય, માનવિજય કહે ધરી જગીશ ॥ ૧૧ ॥ ઇતિ ॥

अथ श्री घडपणनी सज्झाय.

ઘડપણ કાં તું આવીયો રે, તુજ કોણ જોવે છે વાટ ॥ તું સહુને અળખામણો રે, જેમ માકણ ભરી ખાટ રે ॥ઘડપણ.॥ ૧ ॥ એ આંકણી ॥ ગતી ભાગે તું આવતાં રે, ઉદ્યમ ઊઠી રે જાય ॥ દાંતડલા પણ ખશી પડે રે, લાળ પડે મુખમાંયરે ॥ ઘ. ॥ ૨ ॥ બળ

ભાગે આંખોતણું રે, શ્રવણે સુણ્યું નવિ જાય ॥ તુજ આવે અવગુણ ઘણા રે, વળી ધોળી હોવે રોમરાય રે ॥ ઘ૦ ૩ ॥ કેડ દુઃખે ગૂડા રહે રે, મુખમાં શ્વાસ ન માય ॥ ગાલે પડે કરોચલી રે, રૂપ શરીરનું જાય રે ॥ ઘ. ॥ ૪ ॥ જીભલડી પણ લડથડે રે, આણ ન માને કોય ॥ ઘેર સહુને અળખામણો રે, સાર ન પૂછે કોય રે ॥ ઘ. ॥૫॥ દીકરા તો નાસી ગયા રે, વહુઅર દે છે ગાળ ॥ દીકરી નાવે ઢુકડી રે, સબળ પડયો છે જંજાળ રે ॥ ઘ. ॥ ૬ ॥ કાને તો ધાકો પડી રે, સાંભળે નહીય લગાર ॥ આંખે તો છાયા વળીરે, એતો દેખી ન શકે લગાર રે ॥ ઘ. ॥ ૭ ॥ ઉમરો તો ડુંગર થયો રે, પોળ થઈ પરદેશ ॥ ગોળી તો ગંગા થઇ રે, તમે જુઓ જરાના વેશ રે ॥ ઘ. ॥ ૮ ॥ ઘડપણ વહાલી લાપશી રે, ઘડપણ વહાલી ભીંત ॥ ઘડપણ વહાલી લાકડી રે, તમે જુઓ ઘડપણની રીત રે ॥ ઘ. ॥૯॥ ઘડપણ તું અકહ્યાગરો રે, અણ તેડયો મ આવેશ ॥ જોવનિયું જગવાહલું રે, જતન હું તાસ કરેશ રે ॥ ઘ. ॥ ૧૦ ॥ ફટફટ તું અભાગીયા રે, જોવનનો તું કાળ ॥ રૂપ રંગને ભાગતો રે, તું તો મ્હોટો ચંડાળ રે ॥ ઘ. ॥ ૧૧ ॥ નીસાસે ઉસ્સસમેં રે, દૈવને દીજીયે ગાળ ॥ ઘડપણ કાં તું સરજીયો રે, લાગ્યો માહરે નિલાડ રે ॥ ઘ. ॥ ૧૨ ॥ ઘડપણ તું સદા વડો રે, હું તુજ કરૂં રે જીુહાર ॥ જે મેં કહી છે વાતડી રે, જાણજે તાસ વીચાર રે ॥ ઘ. ॥૧૪॥ કોઈ ન વંછે તુજને રે, તું તો દૂર વસાય ॥ વિનયવિજય ઉવઝાયનો રે, રૂપવિજય ગુણ ગાય રે ॥ ઘ. ॥૧૪॥ ઇતિ. ॥

अथ श्री नवकारवालीनी सज्झाय.

કહેજો ચતુર નર એ કોણ નારી, ધરમી જનને પ્યારી રે ॥ જેણે જાયા બેટા સુખકારી, પણ છે બાળકુમારી રે ॥ કહેજો. ॥ ૧ ॥ એ આંકણી ॥ કોઇ ઘેર રાતી ને કોઈ ઘેર લીલી, કોઈ ઘેર દીસે પીળી રે ॥પંચ રૂપી છે બાળકુમારી, મનરંજન મતવાળીરે ॥ક. ॥૨॥ હૈડા આગળ ઊભી રાખી, નયણીશું બંધાણી રે ॥ નારી નહી પણ મોહનગારી, જોગીશ્વરને પ્યારા રે ॥ ક. ॥૩॥ એક પુરૂષ તસ ઉપર ઠાડે, ચાર સખીશું ખેલે રે ॥ એક બેર છે તેહને માથે, તે તસ કેડ ન મેલે રે ॥ ક. ॥૪॥ નવ નવ નામે સહુ કોઇ માને, કહેજો અર્થ વિચારી રે ॥ વિનયવિજય ઉવઝાયનો સેવક, રૂપવિજય બુદ્ધિ સારીરે ક. ॥૫॥

अथ श्री जिनरक्षित अने जिनपालितनुं चोढालियुं.

॥ દોહા. ॥

અનંત સિદ્ધ આગે હુવા, વળિ હોવંતા જેહ ॥ અનાગતે જે હોયશે, હું પ્રણમું ધરિ નેહ ॥૧॥ પાપ અઢારે અતિ બુરાં, પરિગ્રહ મહા વિકરાળ ॥ પ્રીતિ મિત્રાઇ ગણે નહી, સહુ ગણને દિયે બાળ ॥૨॥ દુઃખદાતા છે પરિગ્રહો, મ્હોટી માયા જાળ ॥ દોનું ભાઇ એ દુઃખ સહ્યાં, જિનરક્ષિત જિનપાળ ॥૩॥ ઘરમાં ધન છે અતિ ઘણું, તોય ન પહોચી હામ ॥ પચી રહ્યા છે પ્રાણીયા, કિમ પામે તે ઠામ ॥૪॥ કોણ નગરી વસતા હુતા, કિમ દુઃખ સહ્યાં અપાર ॥ સાવધાન થઈ સાંભળો, તેહનો કહું વિસ્તાર ॥ ૫ ॥

॥ ढाल १ ली ॥

ચંપા નગરી સોહામણી, દીઠે હરખિત થાય રે, લોક વ્યાપારી અતિ ભલા, વળિ શેઠ ઘણા તિણ માંય રે ॥ ધનના લોભી વાણીયા ॥૧॥ એ આંકણી ॥ શેઠ માકંદીના દીકરા, દોનું વડા વ્યાપારી રે ॥ નાવા લેઈને સમુદ્રમાં, ઉતરયા વાર અગીયારી રે ॥ ધ૦ ॥૨॥ લાભ કમાઇ આવીયા, મેળવી માયા ભારીરે ॥ લોભ મટયો નહી માંહલો, બારમી વાર હુઆ તૈયારી રે ॥ધ૦॥૩॥ આવી માબાપને ઇમ કહે, અમે જાશું સમુદ્ર વ્યાપારે રે ॥ માતાપિતા તવ ઈમ કહે, ભલી નહી બારમી વારે રે ॥ ધ૦ ॥૪॥ ઘરમાં ધન છે અતિ ઘણું, તેહને લગાડો લેખે રે ॥ સાત પેઢી લગે નહિ ટળે, અણઘટતાં દુઃખ કોણ દેખે રે ॥ ધ૦ ॥૫॥ માબાપે વચન કહ્યાં ઘણાં, પણ તે નહિ કાંઇ પાળે રે ॥ કરિયાણા લેઇ તિહાં થકી, સમુદ્ર માંહે તે ચાલે રે ॥ ધ૦ ॥૬॥ અનેક જોજન ગયા પછી, ઊઠીયો ઉલ્કાપાતો રે ॥ દેખીને મન ચમકીયા, એ તો બગડી દીસે છે વાતો રે॥ ધ૦ ॥૭॥ અકાળે વીજ ગાજીયો, નાવા કંપણ લાગી રે ॥ વાયરે ચળી હેઠી પડી, કાંઇક નાંગર ભાંગી રે ॥ ધ૦ ॥ ૮ ॥ વિદ્યાધરની દીકરી, વિદ્યા વિસરીયાં પસ્તાવે રે ॥ ગરૂડ દેખી સરપણ છીપે, દર બાહિર જિમ નાવે રે ॥ ધ૦ ॥ ૯ ॥ ભરતારરે ફુટી નાર તે, કાંઇ કોળાહળ શબ્દ પોકારે રે ॥ નાવા સમુદ્રમાં બુડતાં, રોવંતા રીવ પાડે રે ॥ ધ૦ ॥ ૧૦ ॥ હાહાકાર હુઓ ઘણો, તિહાં પાટીયું હાથજ આય રે ॥ બીજા તો ભ્રસકી પડયા, બે ભાઇ તરંતા જાય રે ॥ ધ૦ ॥ ૧૧ ॥

રત્નદ્વીપે તે આવીયા, તિહાં મનમાન્યાં ફળ ખાય રે ॥ નાળીયેર ફોડી તેલ કાઢીને, ચોપડે બેઠા છાય રે ॥ ૫૦ ॥ ૧૨ ॥

॥ દોહા. ॥

રયણાદેવી તેણે અવસરે, વસતી દ્વિપ મઝાર ॥ પાપ કરિ હર્ષિત હુવે, અધરમ સેવણહાર ॥૧॥ નિત્ય નવાં સુખ ભોગવે, રહે વિષય રસ લાગ ॥ મહેલ અતિ રળિયામણો, તસ ઘર ચોદિશ બાગ ॥૨॥ બે ભાઈ ચિંતા કરે, પુરવ વાત વિચાર ॥ આર્ત્તધ્યાન કરતાં થકાં, દેવી આવી તિણિવાર ॥૩॥ ખડગ છે તેહના હાથમાં, કીધું રૂપ કુરૂપ ॥ નયણાં દોય ફાટી થકી, ભુંડી દીસે વિરૂપ ॥ ૪ ॥ અહો માકંદીના દીકરા, માનો વચન નીરધાર ॥ તુમે મુજશું સુખ ભોગવો, નહીતો કરીશ નિહાર ॥ ૫ ॥ માન્યું વચન એ બેહુ જણે, લેઈ ચાલી આવાસ ॥ અશુભ પુદ્ગળ સહુ કાઢીને, ભોગવે ભોગ વિલાસ ॥૬॥ નિત્ય અમૃત ફળ ભોગવે, નિત્ય નિત્ય નવલા વેશ ॥ કાળ કેતો એક નિર્ગમ્યો. આવ્યો ઇંદ્ર આદેશ ॥ ૭ ॥

॥ ढाल २ जी. ॥

(હું તુજ આગળ શી કહેયા લાલ એ દેશી.)

હાથ જોડીને એમ કહે રે લાલ, સાંભળો મેરી વાત રે ॥ વાલમ મોરા ॥ ઇંદ્રે હુકમ ફરમાવિયો રે લાલ, સમુદ્ર વારણ જાય રે ॥ વા૦॥ મુજ વિનતડી અવધારજોરે લાલ ॥૧॥ એ આંકણી ॥ જોઇહાં અરતિ ઉપજે રે લાલ, તો જાજો પૂરવ બાગરે ॥વા૦॥ [1]દોય ઋતુનાં ફળ ખાયજો રે લાલ, કરજો મનમાન્યા રંગ રે ॥વા૦॥ મુ૦ ॥ ૨ ॥ એ ફળને ખાધાં થકાંરે લાલ, જાગશે વિષય વિકાર રે ॥ વા૦ ॥ કામ દીપાવણ એહ છે રે લાલ, મનઇચ્છા પુરણ હાર રે ॥ વા૦ ॥ મુ૦ ॥ ॥૩॥ વાવ્ય ઘણી છે એ બાગમાંરે લાલ, સરોવર ઘણાં તિણ ઠાણ રે ॥ વા૦ ॥ મોર બપૈયા કોયલ લવે રે લાલ, જેહની મીઠી વાણ રે ॥ વા૦ ॥ મુ૦ ॥ ૪ ॥ તિહાં કદી અરતિ ઉપજે રે લાલ, તો બાગ ઉત્તરમાં જાય રે ॥ વા૦ ॥ [2]દોય ઋતુનાં સુખ ભોગવો રે લાલ, જિ

---

૧ પાઉસ ઋતુ તે, અસાડ અને શ્રાવણ માસ, તથા વર્ષા ઋતુ તે ભાદરવો અને આસો માસ એ બે ઋતુનાં.

૨ શરદ ઋતુ તે, કારતક અને માગશર માસ, તથા હેમંત ઋતુ તે, પોસ અને માહા માસ. એ બે ઋતુનાં.

હાં ચકવા ચકવી શબ્દ થાય રે ॥ વા૦ ॥ મુ૦ ॥૫॥ તિમહિમ પશ્ચિમ બાગમાં રે લાલ, [1]દોય ઋતુનાં ફળ ખાઓ રે ॥ વા૦ ॥ ક્રીડા કરજો મનગમી રે લાલ, પણ દક્ષિણબાગ મ જાઓ રે ॥ વા૦ ॥મુ૦ ૬॥ તેહમાં સર્પ છે મોટકો રે લાલ, ચંડરેંદ્ર કાળિનાગ રે ॥ વા૦ ॥ રખે પીડા તુમને કરે રે લાલ, મુજ તુમ ઉપર રાગ રે ॥ વા૦ ॥ મુ૦ ॥૭॥ દાંત છે લોહજ સરિખા રે લાલ, જીભ તડઅહુ જાણ રે ॥ વા૦ ॥ તિણ કારણ વરજ્યુ અછું રે લાલ, રખે લીયે તુમ પ્રાણ રે ॥ વા૦ ॥ મુ૦ ॥ ૮ ॥ એમ ત્રણયે બાગમાં રે લાલ, સર્વ કાળ ગહઘાટ રે ॥ વા૦ ॥ સુખશાતા ઘણી પામશો રે લાલ, જો જયો માહરી વાટ રે ॥ વા૦ ॥ મુ૦ ॥ ૯ ॥ એમ શીખામણ દેઇ કરી રે લાલ, કહીને વારંવાર રે ॥ વા૦ ॥ રયણાદેવી ચાલી સહી રે લાલ, વાંસે એકલડા નિરધાર રે ॥ વા૦ ॥ મુ૦ ॥ ૧૦ ॥

॥ દોહા. ॥

દોનું ભાઇ ચિત્ત ચિંતવે, આરતિ મનમાં થાય ॥ સુખ પામે જેમ આત્મા, પૂરવ બાગમેં જાય ॥ ૧ ॥ તિમહિજ પશ્ચિમ ઉત્તરે, પણ સુખ ન લહે લગાર ॥ તવ મનમાંહે ચિંતવે, બેહુ ભાઇ તેણિવાર ॥ ૨ ॥ દક્ષિણ દિશિના બાગમાં, જતાં વારયા બહુ વાર ॥ તેહનું કારણ શું હશે, ઇમ કહી ચાલ્યા તિવાર ॥ ૩ ॥ તેહમાં દુર્ગંધ અતિ ઘણી, હાડ ઘણાં તિણ માંય ॥ શૂળીએ પુરૂષ દેખીને, સાંધા ઢીલા થાય ॥ ૪ ॥ કોણ નગરી વસતા હતા, કિમ વશ્ય પડિયા આય ॥ કોણ અન્યાય તુમે કર્યો, શુળીએ દીધા ચડાય ॥ ૫ ॥ હું કાકંદીનો વાણિયો, કિરિયાણાં વેચણ કાજ ॥ વહાણ ભાગ્યું આંહિ આવિયો, રયણા વશ્ય પડયો આજ ॥ ૭ ॥ સંસારનાં સુખ ભોગવ્યાં, કાળ કેતો એક જાય ॥ થોડે વાંક પડે થકે, મને શુળીયે દીધો ચડાય ॥ ૭ ॥ જો વંછો ચંપા ભણી, તો પૂરવ બાગમાં જાઇ॥ શેલક યક્ષને પૂજશો, તો ઘર દેશે પહોચાઈ ॥ ૮॥.

॥ ઢાલ ૨ જી. ॥

(હાંરે લાલા નેમ વંદણને જાયશું. એ દેશી.)

હાં રે લાલા દોનું ભાઇ રોવે ઘણા, એ તો ભુંડી દીસે છે નારરે

---

૧ વસંત ઋતુ તે ફાગણ અને ચૈતર માસ, તથા ગ્રિષ્મ ઋતુ તે, વૈશાખ અને જેઠ માસ, એ બે ઋતુનાં.

લાલા ॥ જો એ પાપિણી જાણશે, તો દેશે આપણને માર રે લાલા ॥ નારીનો નેહ નિવારજો ॥૧॥ એ આંકણી ॥ હાં૦ ॥ પૂરવ ભાગમાં આવીયા, કાંઇ યક્ષ આવ્યો તેણી વાર રે લાલા ॥ કેહને ઉતારૂં ઇહાં થકી, કેહને ઉતારૂં પાર રે લાલા ॥ના૦॥૨॥ હાં૦ હાથ જોડીને એમ કહે, અમે હોનું દુઃખીયા અપાર રે લાલા ॥ કૃપા કરી અમ ઉપરે, દુઃખમાંથી પાર ઉતાર રે લાલા ॥ ના૦ ॥ ૩ ॥ હાં૦ દેવીનો મોહ મત આણજો, મ્હારી પીઠે બેસો આય રે લાલા ॥ જો મન ડોલ્યું જાણશું, તો દેશું તમને ઢાળિ રે લાલા ॥ ના. ॥ ૪ ॥ હાં૦ ધીર જ ધરી પીઠે ચઢયો, દેવી આવી તેણિવાર રે લાલા ॥ હાથમાં ખડગ બીહામણું, મુખથી બોલે માર માર રે લાલા ॥ના૦॥૫॥ હાં૦ કરડાં વચન કહ્યાં ઘણાં, પણ ડરિયા નહીંય લગાર રે લાલા ॥ તવ શણગાર સોળે સજી, ઘુંઘટ કાઢયો તેણીવાર રે લાલા ॥ ના. ॥ ૬ ॥ હાં૦॥ મીઠાં વચન કહ્યાં ઘણાં, મને કાંઇ મેલી નિરધાર રે કંતા ॥ ઇણ અટવી ઉજાડમાં, મને કોણ દેશે આધાર રે કંતા ॥ અબળા સાહમું જોઇએ ॥૭॥ હાં૦ સુખ ભોગવો સંસારનાં, એમ કેમ દીયો છો છેહરે કંતા ॥ પ્રિત વિચારો પાછલી, મ્હારી દુઃખણી દેખો દેહ રે કંતા ॥અ૦॥૮॥ હાં૦ ॥ અવધિજ્ઞાને જોઇયું, જિનરક્ષિત ડગીયો જાણ રે લાલા ॥ ચળાવવાને કારણે તે ઇણ વિધ બોલે વાણરે લાલા ॥ના૦॥૯॥ હાં૦ જિનપાલિત કઠોર છે, એને દયા નહિ દિલમાંયરે કંતા ॥ જિન રક્ષિત તું માહરે, પ્રાણઆધારજ થાય રે કંતા ॥ અ૦ ॥ ૧૦ ॥ હાં૦ અંતર દ્વેષ રૂદન કરે, વળિ કરે આક્રંદ પોકાર રે કંતા ॥ આડી નજરે જગાવતી, હું દેખું તુજ અણુહાર રે કંતા ॥ અ૦ ॥ ૧૧ ॥ હાં૦ ફુલતણી વૃષ્ટિ કરે, વળિ ગંધ ચૂરણનો મેકરે કંતા ॥ તીન ઘંટા વજડાવતી, એતો બોલ વચન સનેહ રે કંતા ॥અ૦॥ ૧૨ ॥ હાં૦ મેં ઉપગાર કિયા ઘણા, તુમે વિસરી મત જાઓ રે કંતા ॥ જે ચૂકી તે બતલાય દ્યો, એવા નિર્લજ તુમે ન થાઓ રે કંતા ॥અ૦॥૧૩॥ હાં૦ ॥ કિમ મુજથી લુખા થયા, મ્હારૂં હૈડું ફાટી જાય રે કંતા ॥ તુમારૂં દરિશણ દેખીને, હુંતો પમ પુજું ચિત્ત લાય રે કંતા ॥ અ૦ ॥૧૪॥હાં૦॥ ભરસમુદ્રમાં કાં મુકો, મને એકલડી નિરધાર રે કંતા ॥ પ્રાણ તજું તુમ ઉપરે, મ્હારે બીજો કવણ આધાર રે કંતા ॥અ૦॥૧૫॥ હાં૦ મુજને ન મેલો એકલી, તમે દયા કરો મહારાજ રે કંતા ॥ તુમ વિણ જીવાશે નહી, મ્હારાં સફળ કરોને કાજ રે કંતા

॥અં૦॥૧૬॥ હાં૦ એમ ગુણગ્રામ કિયા ઘણા, એક વાર તું નયણે નિહાળ રે કંતા ॥ વચન વિષયનાં સાંભળી, જિનરક્ષિત જુએ ભાળિ રે લાલા ॥ ના૦ ॥ ૧૭ ॥ હાં૦ દેવી સામું જોતાં થકાં, તિહાં જાગ્યો મોહ વિકાર રે લાલા ॥ દુ:ખ પડયાં તે સાંભળો, કહે કવિજન વારંવાર રે લાલા ॥ ના૦ ॥ ૧૮ ॥

॥ દોહા. ॥

યક્ષે ઠગીયો જાણિને, ઢાળિ દીધો તેણિવાર ॥ દેવી આવી ઉતાવળી, વચન કહે નિરધાર ॥ ૧ ॥ ક્રોધ કરી ત્રીશુળ વડે, ખંડોખંડ કરી ધાર ॥ દશ દિશી ઉછાળતી, હર્ષિત હુએ તેણિવાર ॥ ૨ ॥ જિનરક્ષિત દુ:ખીયો થયો, જોયાનાં ફળ જાણ, ચંપા પણ પહોત્યો નહી, વચમાં છોડયા પ્રાણ ॥ ૩ ॥ વૈરાગ્યે ઘર નવિ તજ્યું, હુઇ શરમ નહિ ભાલ ॥ શિવનગરી પહોત્યો નહી, નરકે ગયો તતકાળ ॥૪॥ રયણા દેવી કામિની, શેલક યક્ષ તે સાધ ॥ ચંપા તે મુક્તિ ભલી, સંસાર સમુદ્ર અગાધ ॥ ૫ ॥

॥ ઢાલ ૪ થી. ॥

જિનપાલિતે મનને ધારી, એતો કપટી દીસે છે નારી ॥ પૂરવનો મોહ નવિ આણ્યો, એ તો કાચો સગપણ જાણ્યો ॥ ૧ ॥ યક્ષ ઉપર નિશ્ચય ધારયો, તેણે ચંપાબાગ ઉતારયો ॥ યક્ષ કહે ચંપાયે જાઓ, હોશે તુમને સવાયો ॥૨॥ જિનપાલતે નિજ ઘર આવી, સઘળાને વાત સુણાવી ॥ જિનરક્ષિતનો શોક કીધો, કેતા કાળ લગે પરસિદ્ધો ॥૩॥ એહવે વીર ચંપાયે આવ્યા, તે તો સઘળાને મન ભાવ્યા ॥ જિનપાલિત (દેશના) સુણવા લાગ્યો, ઘરવાસ થકી મન ભાગ્યો ॥૪॥ મન શિવરમણીશું લાગો, સંયમ લઈ થયો વૈરાગ્યો ॥ અંગ અગીયારે તે ભણિયો, પહેલે દેવલોકે અવતરીયો ॥ ૫ ॥ એણે તપ કરી કાયા ગાળી, મહાવિદેહે મનુષ્ય હોશે મ્હાલી ॥ તિહાં દીક્ષા લેઇ કેવળ પાસે, સહુ દોષ ટાળી મોક્ષ જાશે ॥ ૬ ॥ ઈતિ. ॥

અથ શ્રી અર્હન્નકમુનિનું અષ્ટઢાલિયું.

॥ ઢાલ ૧ લી. ॥

(ઈડર આંબા આંબલી રે. એ દેશી.)

સરસતી સામિણી વીનવું રે, પ્રણમું શ્રી ઋષિરાજ ॥ સાધુ સિરોમણી ગુણનીલો રે, અર્હન્નક ઋષિરાજ ॥ મુનીસર ॥ ગાયશું

ગુણ ગંભીર ॥ મેરૂ તણી પરે ધીર ॥મુની૦॥ગા૦॥ ૧ ॥ એ આંકણી॥ તુંગીયા નગરી સુંદર રે, જિતશત્રુ નામે રાય ॥ રાજ રીતી ચાલે સદા રે, આણ ન લોપી જાય ॥મુ૦॥૨॥ તિણ નગરી વ્યવહારિયો રે, દત્ત વશે શુભ અંગ ॥ દત્તા નારી તેહની રે, પીયુશું રાતી રંગ ॥મુની૦॥૩॥ અર્હંનક સુત વાલહોરે, ચંદ્ર વંદન સુકુમાળ ॥ લક્ષણ બત્રીશે શોભતોરે, લીલા લચ્છ ભૂપાળ ॥મુની૦॥ ૪ ॥ ઇણ અવસર તિહાં આવીયો રે, અર્હંનક મિત્ર સરીશ ॥ દત્તશે વંદન ચાલ્યો રે, ધર્મ સુણે મન હિંસ ॥મુની૦॥૫॥ વૈરાગ્યે મન વાળિયું રે, દોહિલે એ અવતાર ॥ આર્ય દેશ કુળ મોટકે રે, દોહિલો જન્મ વિચાર ॥મુ૦॥૬॥ જૈન ધર્મ તે દોહિલોરે, દોહિલો સાધુ સંયોગ ॥ રાજ ઋદ્ધિ પામી ઘણી રે, ભવ ભવ ભામિની ભોગ ॥મુની૦॥૭॥ દત્ત સુણી તે દેશના રે, મન ભીન્યો વૈરાગ ॥ ઘર આવી ઘરણી ભણી રે, તેહ સુણાવે લાગ ॥મુની૦॥૮॥ વળતી બોલી વાલહી રે, સાંભળો જીવન પ્રાણ ॥ પિયુ પાખે કોણ માહરે રે, સુખ દુઃખ કેરો જાણ ॥મુની૦॥૯॥ બાળક સુત માથે કરી રે, લીધો સંયમ ભાર ॥ પંખ વિના શી પંખણી રે, કંથ વિના શી નાર ॥મુની૦॥૧૦॥ખાંડા ધાર તણી પરે રે, સંયમ સુધો પંથ ॥ આરાધે જિન આણશું રે, દત્ત નામે નિર્ગંથ ॥મુની૦॥૧૧॥ કોમળ કાયા ન્હાનડો રે, અર્હંનક ઋષિરાય ॥ પ્રેમ ધરી પાળે પિતારે, આપ ગોચરીયે જાય ॥મુની૦ ॥૧૨॥ બાળક સુત બેઠો રહે રે, તાવડ ન ક્ષણ ખમાય ॥ વેયાવચ્ચ કરે તાતની રે, મોહ ન જીત્યો જાય ॥મુની૦॥૧૩॥ ઇણ અવસર દત્ત સાધુજી રે, પાળી નિરતિચાર ॥ પરલોકે પહોત્યા સહી રે, બાળક કોણ આધાર ॥ મુની૦ ॥ ૧૪ ॥

॥ દોહા. ॥

અર્હંનક છાનો રડે, હાથ થકી મુખ ભીડ ॥ પણ જે નયણાં નીંગળે, તેહ જણાવે પીડ ॥૧॥

॥ ઢાલ ૨ જી, ॥

(પ્રવહણ તિહાંથી પૂરીયાં રે લોલ. એ દેશી.)

અર્હંનક ચિત્ત ચિંતવે રે લા૦ ॥ કોણ કરશે મુજ સાર રે હો તાત જી॥ ધણી ટળી રણીયો થયો રે લા૦॥ અવર ન કોઇ આધારરે હો તાતજી ॥અ૦॥૧॥એ આંકણી॥ પૂર્વ પરે સઘળુ ટળ્યું રે લાલ, બેઠો રહો તો જેહરે હો તાતજી ॥ મુનિવર વોહરણ પાંગરયા રે લાલ, સાધુ

સંઘાથે તેહરે હો તાતજી ॥અર્હ૦॥૨॥ ખરે બપોરે ગોચરી રે લાલ, નગર તણા પંથ દુર રે હો તાતજી ॥ તડતડતા તડકા પડે રે લાલ, શ્વેદ તણા વહેપુરરે હો૦॥ અર્હ.॥૩॥ શ્વાસ ભરાણો સાધુ જી રે લાલ, ધગધગ ધગતે પાયરે હો. ॥ તડકે તન રાતું થયું રે લાલ, જોવન શોવન કાય રે હો.॥અ૦॥૪॥ પાછું ફરી જોવે નહી રે લાલ, આગળનો અણગાર રે હો૦॥ આજ પિતા હોય માહરો રે લાલ, તો પડખે એણીવાર રે હો.॥ અ. ॥ ૫ ॥ અર્હનક થાકયો ઘણો રે લાલ, બેઠો હેઠ અવાસરે હો. ॥ ગોખે ધનવંત સુંદરી રે લાલ, દીઠો પ્રેમ વિલાસ રે હો. ॥ અ. ॥ ૬ ॥

॥ દોહા. ॥

તિણ અવસર તેણે ગોખને, બેઠો દીઠી નાર ॥ તરૂણી તન મન ઉલ્લશું, નયણે ઝળકયું રે ॥ ૧ ॥

॥ ढाल २ जी. ॥

(જંબુદ્વીપના ભરતમાં. એ દેશી.)

તે તરુણી ચિત્ત ચિંતવે, પિયુ ચાલ્યો પરદેશેરે ॥ વિરહ દહે નવજોવના, પ્રાણી પ્રાણ શું લેશે રે॥ મુનિવર દેખી મન ચળ્યો ॥૧॥ ॥ એ આંકણી ॥ રૂપે દીઠો રૂયડો, ચડતી જોવન વારો રે, નયણ વયણે કરી નિર્મળો, મયણ તણે અનુસારો રે ॥ મુનિ૦ ॥ ૨ ॥ ભરજોવન ઘર એકલાં, લક્ષ્મી તણો નહી પારો રે॥ ચતુર ત્રિયા ચિત્ત ચિંતવે, રહેવું સ્વેચ્છાચારો રે ॥ મુનિ૦ ॥૪॥ આઠ ગણો નરથી કહ્યો, નારી વિષય વિકારો રે ॥ લાજ ચઉગુણી ચિત્ત ધરે, સાહસનો ભંડારો ॥ મુનિ૦ ॥ ૪ ॥ કાજ કરે કુંજ રસમાં, કીડી દેખી ડરપે રે ॥ કુલે નારી બીહી પડે, સાપ સિરાયે ઝડપે રે ॥ મુનિ૦ ॥ ૫ ॥ મન મધુકર ભમતો થકો, રાખી ન શકે કોઈ રે ॥ પણ માલતી ક્ષણ ભોગને, વન વન ભમતો જોઇ રે ॥ મુનિ૦ ॥૬॥ બાળ સાહેલી મોકલી, તેડાવ્યો ઋષિરાયો રે ॥ તતક્ષણ તે ઊભી થઇ, પ્રમદા લાગે પાયો રે ॥ મુનિ૦ ॥૭॥ શું માગો સ્વામી તુમે, કવણ તુમારો દેશો રે ॥ રૂપવંત રળિયામણા, દીસો જોબન વેશો રે ॥ મુનિ૦ ॥૮॥ તાંત ન કીજે સાધુની, અમને ભિક્ષા કાજે રે ॥ ભમર તણી પરે આચરૂં, દેશ વિદેશનાં રાજે રે ॥ મુનિ૦ ॥ ૯ ॥ તવ ઘરણી ઘરમાં ગઈ, હીયડે હેજ ન માવે રે ॥ સિંહકેસરીયા સાધુને, મોદક લેઇ વહોરા-

વે રે ॥ મુનિ૦ ॥૧૦॥ નેહ દ્રષ્ટે સન્મુખ જુવે, આળસ મોડે અંગો રે ॥ અબળા તે આતુર થઇ, પ્રગટ કીયો મન રંગો રે ॥મુનિ૦॥ ૧૧ ॥ હે ગુણવંતા સાધુજી, ભમવું ઘર ઘર બારો રે॥દીક્ષા દુષ્કર પાળવી, વિષમો તુમ આચારો રે ॥ મુનિ૦ ॥૧૨॥ મ્હોટાં મંદિર માળીયાં, અવટી માંહે વાસો રે ॥ સુખે રહો મેલી કરી, પર ઘર કેરી આશોરે ॥ મુનિ૦ ॥૧૩॥ કિહાં હિંડોળા સોહામણા, ફુલતણા મહકારો રે ॥ કિહાં ધરણીતળ પોઢવું, કાંકરાશું વ્યવહારો રે ॥ મુનિ૦ ॥ ૧૪ ॥

॥ દોહા. ॥

સુગુણ સલુણા સાધુજી, ભમવું દેશ વિદેશ ॥રમતો મંદિર માળિયે, જોવન લાહો લેશ ॥૧॥ બોલ સુણી અબળા તણા, જિશ્યા મોર કિંગાર ॥ ડાહ્યો પણ ભૂલ્યો ઘણું, અર્હન્નક અણગાર ॥ ૨ ॥

॥ ढाल ४ थी. ॥

(થાકો વીરો ચારિત્ર લીયે. એ દેશી.)

મહોલ પધારો મન રળી, બલિહારી તુમ વેશ ॥ મુનિવર ॥ ગોદ બિછાઊં પાયે પડું, ચલહો તો ચલણ ન દેશ ॥ મુનિ૦ ॥ મહોલ૦ ॥૧॥ એ આંકણી ॥ લાજ ન કીજે હો લાડલા, સરખો લહ્યો સંયોગ ॥ મુનિ૦ ॥ બાળાપણ છે દોહિલું, કેમ છીજે વિણ ભોગ ॥ મુનિ૦ ॥ મહો૦ ॥૨॥ એ મંદિર એ માળીયાં, એ હિંડોળાખાટ ॥ મુ૦ ॥ એ મોતીનાં ઝુમખાં, રયણ જડયા એ ખાટ ॥મુ૦॥ મહો૦॥૩॥ એ સોવનનાં સાંકળાં, રૂપેરી રંગરોળ ॥ મુ૦ ॥ એ ચોબારે ચિહું દિશે, હેમ જડિયા હિંડોળ ॥ મુ૦ ॥મહો૦ ॥૪॥ એ લાખીણા ઓરડા, રયણ જડયાં પડસાળ ॥ મુ૦ ॥ એ ધન જોવન તુમ વશુ, આણંદ લીલ ભુપાળ ॥ મુ૦ ॥ મહો૦ ॥ ૫ ॥ મુનિવર ચઢીયા માળીયે, ચાલી ગયા અણગાર ॥ મુ૦ ॥ ભામિનીશું ભીનો રહે, વિરુઓ વિષય વિકાર ॥ મુનિ૦ ॥મહો૦॥ ૬ ॥ ક્ષણ ચોબારે માળીયે, ચણ હિંડોળાખાટ ॥ મુ૦ ॥ ક્ષણ લાખીણે ઓરડે, પૂરે મનની આશ ॥ મુ૦ ॥ મહો૦ ॥ ૭ ॥ ક્ષણ ચાખડીયે ચાલતો, ઠમકે ઠવતો પાય ॥ મુ૦ ॥ મુખ મરકલડા મેલતો, માનિનિ મોહ ઉપાય ॥ મુ૦ ॥ મહો૦ ॥ ૮ ॥ અબળા આસંગે ચડી, ક્ષણ વિરહો ન ખમાય ॥ મુ૦ ॥ જે જેહને મન માનીયા, તે તેહને મન રાય ॥ મુ૦ ॥ મહો૦ ॥ ૯ ॥ ખેલે ફુલ તળાઇયે, મેલી સરવે રીત ॥ મુ૦ ॥ આસંગા આધા થયા, છાંડી ગુરુસું પ્રીત ॥ મુ૦ ॥ મહો૦

॥ ૧૦ ॥ ગોચરીયે ચાલ્યો હુતો, જે આગળ અણગાર ॥ મુ૦ ॥ તેણે પાછું જોયું જિસે, તિસે ન દીઠો લાર ॥ મુ૦ ॥ મહો૦ ॥ ૧૧ ॥ ઊંચું ન જોયું આગળે, પાછળ જોયું ને જોય ॥ મુ૦ ॥ અર્હન્નક દીસે કિહાં, નારી ભોળવ્યો સોય ॥ મુ૦ ॥ મહો૦ ॥ ૧૨ ॥

॥ દોહા. ॥

નારી નયણે ભોળવ્યા, ભૂલા પડયા અછેહ ॥ હરિ હર બ્રહ્મા સારિખા, હજીય ન લાધ્યા તેહ ॥ ૧ ॥

॥ ઢાલ ૫ મી. ॥

(બે બે મુનિવર વિહરણ પાગરિયાં જી. એ દેશી.)

તેણે રે અણગારે ઋષિ જોયું ઘણું રે, નયણે ન દીઠો કિણહી ઠામરે॥ આચારજ આગળ આવી કહેરે, હું અપરાધી હુઓ સ્વામ રે ॥ માહરો અર્હન્નક કિણે દિઠો નહી રે ॥૧॥ એ આંકણી ॥ ભગવન અર્હન્નો ભૂલો પડયો રે, વાત સુણી તે મુનિની માયરે ॥ દાતા દુઃખ ભરી છાતી ફાટતી રે, જીવન સુતને જોવા જાય રે, ॥ માહરો૦ ॥ ૨ ॥ મોહતણી ગતિ દીસે દોહિલી રે, રોતી ને જોતી હીંડે ગામ રે ॥ ભાદ્રવ લાગ્યો નયણાં નીગળે રે, મુખથી ન મૂકે સુતનું નામ રે ॥ માહ૦ ॥ ૩ ॥ ભૂખ ન લાગે તૃષા ભાગી ગઈ રે, ક્ષણ ક્ષણ ખટકે હૃદય મઝાર રે ॥ વિરહ વિલુદ્ધા પીડ ન કો લહે રે, જેહમાં દુઃખ વહે નિર્ધાર રે ॥ માહ૦॥ ૪ ॥ ઘર ઘર પૂછે વિલખાણી થઈ રે, દીઠો કોઇ નાનડીયો વેશ રે ॥ ખાંધે તસ લાખીણી લોબડી રે, મુનિવર રૂપ તણો સન્નિવેશ રે ॥ માહ૦ ॥૫॥ શેરીયે શેરીયે જોયો સાધવી રે, ફરિ ફરિ ફરિને સો વાર રે ॥ હેરી હેરી ઘર ઘર માળીયે રે, ઘેરી ઘેરી પુછે નાર રે ॥ માહ૦ ॥ ૬ ॥ બાળ વિછોહી હરિણી જેહવી રે, દુઃખભર સેતી ઘેલી થાય રે ॥ મોહ વિછોહ્યા એણી પરે દોહિલા રે, રયણી દિન ટળવળતાં જાય રે ॥ મા૦ ॥૭॥

॥ દોહા. ॥

અર્હન્નક એકણ સમય, પ્રમદા પાસે લેઇ ॥ ગોખ ઝરૂખે મ્હાલતો, પાસા રમણ કરેઈ ॥ ૧ ॥

॥ ઢાલ ૬ ઠી. ॥

(જયતસિરિ પારધીયાની દેશી).

નાંખે દાવ સોહામણા રે, પાસા રણઝણ કાર રે, રંગ રાતો ॥

તેહવે તિહાં ગઈ સાધવી રે, સુતની લેતી સાર રે, રંગ રાતો ॥૨॥ કોળાહળ સુણી સામટો રે, હેઠ નિહાળો જામ રે, રંગ રાતો ॥ રડતી પડતી સાધવી રે, માતા દીઠી તામરે. રંગ રાતો ॥ ૨ ॥ જોવે જાતાં આવતાં રે, લોક મળ્યા લખકોડ રે, રંગ રાતો ॥ અર્હન્નક ચિત્ત ચિંતવે રે, રમત રમણી છોડ રે, રંગ રાતો ॥૩॥ હા! હા!! ધિક મુજને પડો રે, મેં કીધું કોણ કામ રે, રંગ રાતો ॥ ગુરુ છંડી ગોખે રમું રે, માતા ટળવળે આમરે, રંગ રાતો ॥૪॥ કેહનાં મંદિર માળિયાં રે, કેહનાં રમણી રંગ રે, રંગ રાતો ॥ જાવું દુર વિદેશડે રે, ચાર દિવસનો સંગ રે, રંગ રાતો ॥૫॥ વાલેશર પણ આપણા રે, ઉઠી આધા જાય રે, રંગ રાતો ॥ કો કો કેહને પડખે નહીરે, શીખ ન માગે કાંયરે, રંગ રાતો ॥૬॥ ક્ષણ દિસે વ્યવહારીયો રે, તે ક્ષણ માંડે નિરાશ રે, રંગ રાતો ॥ ક્ષણ હિંડોળે ખેલવું રે, ક્ષણ શમશાને વાસરે, રંગ રાતો ॥૭॥ તન ધન જોવન કારિમા રે, મૂઢ કરે અહંકાર રે, રંગ રાતો ॥ આઠે મદશું ચાલતા રે, તે પણ ગયા નિરહ કાર રે, રંગ રાતો ॥૮॥ રાવણ સરિખા રાજવી રે, લંકા સરિખો કોટ રે, રંગ રાતો ॥ રૂઠે કર્મે રોળવ્યા રે, રામચંદ્રકી ચોટ રે, રંગ રાતો ॥ ૯ ॥ જે મૂછે વળ ઘાલતા રે, કરતા મોડા મોડ રે, રંગ રાતો ॥ તેહ મસાણે સંચરયા રે, માન અધુરાં છોડ રે, રંગ રાતો ॥ ૧૦ ॥ હું ભુલ્યો ભલ આપથી રે, એહ ન જાણી રીત રે, રંગ રાતો ॥ આતમ હિત છાંડી કરી રે, પર શું માંડી પ્રીત રે, રંગ રાતો ॥ ૧૧ ॥

॥ દોહા. ॥

અર્હન્નક ઉઠી ગયો, ખેલ અધુરો છોડ ॥ કામિની ટળવળતી રહી, માય નમે કરજોડ ॥૧॥ હું અપરાધી તુમ તણો, માય ખમાવું તેહ ॥ મોહ તણે વશ માળીયે, ભમતો નવલે નેહ ॥૨॥

॥ ઢાલ ૭ મી. ॥

(કપૂર હોવે અતિ ઉજળો રે, એ દેશી.)

વચ્છતણાં સુણી વયણલાં રે, રોમાંચિત થઈ દેહ ॥ વિકળપણું વેગે ગયું રે, દુધે વુઠયા મેહ રે ॥ નંદન, શું કીધું તેં એહ ॥૧॥એ આંકણી ॥ સ્વારથ સહુને વાલહો રે, સ્વારથ સુધો સંગ ॥ સો હી સ્વારથ અણપુગતેરે, સહુ આપણડે રંગ રે ॥નંદન૦॥૨॥ નિઃસ્નેહા સુખ ચીડડારે, નાપે મનનો હેત ॥ કાચી કળી કણેયર તણી રે, તન રાતો

મન શ્વેત રે ॥ નંદન૦ ॥ ૩ ॥ કાજ કરયાં દુઃખ વીસરયાં રે, એ પ્રેમદાની પ્રિત ॥ જનમ જીવિત જેહને દહે રે, તે વિરલાની નીત રે, ॥ નંદન૦ ॥૪॥ પ્રેમતણાં ફળ પાડુઆં રે, પ્રત્યક્ષ દીસે દાહ ॥ પ્રાણ તપે નિદ્રા ખપે રે, નિત્ય નવો ઊમાહ રે ॥ નંદન૦ ॥ ૫ ॥ રૂપે ન રાચો રૂયડા રે, ગુણે રાચો ગુણવંત ॥ ઇંદ્રવારણી ફળ ફુટડાં રે, ઝેર ભરયાં એકંત રે ॥ નંદન૦ ॥ ૬ ॥ અંતરજામી આપણા રે, જીવ સમાણા જોય ॥ તે પણ વોળાવી વળે રે, સાથ ન આવે કોય રે ॥ નંદન૦ ॥ ૭ ॥ સાથ ન આવે સુંદરી રે, સાથ ન આવે આથ ॥ ઊઠી જાવું એકલું રે, ઠાલા લેઇ હાથ રે, ॥ નંદન૦ ॥ ૮ ॥ કરકંડૂ જે જેહને રે, બ્રહ્મદત્ત ચક્રવર્તિ જોય ॥ ચિત્ત વચન માન્યું નહી રે, સાતમી પહોત્યો સોય રે ॥ નંદન૦॥ ૯ ॥ જે આરાધે જિનતણો રે, સુરતરુ ધર્મ સુજાણ ॥ ફળ અજરામર તે લહે રે, મીઠાં અમીય સમાન રે ॥ નંદન૦ ॥ ૧૦ ॥

॥ દોહા. ॥

સંવેગી શિર સેહરો, વૈરાગે મન વાળી ॥ છોડી મંદીર નવ લખાં, ઊઠિ ચાલ્યો તતકાળ ॥ ૧ ॥ તે તરૂણી તરશી રહી, મેલી ગયો મુણિંદ ॥ મેહ વિના જેમ વેલડી, જેમ ચકોરી ચંદ ॥ ૨ ॥

॥ ढाल ८ मी. ॥

(વરસાળાની દેશી.)

અર્હંનક ઊતાવળો, જઈ ભેટયો ગુરૂરાય વિચાર ॥ દીક્ષા શિક્ષા ફરી ગ્રહી, ફરી લીધો રે મારગ નિરતિચાર કે ॥ ભેટયો રે ગુરુ રાજ, તેણે સારયાં રે, આપણડાં કાજ કે ॥ભેટયો૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ ગુરુ દીયે શિક્ષા સાધુને રે, પાળે નિરતિચાર ॥ પ્રેમ બંધન છે પાડુઆં, તેણે કીજે રે ઉદ્યમ વિચાર કે ॥ભે૦ ॥ ૨॥ કે ગિરિ વન ખંડ સાધુજી, સાધીયે સંયમ યોગ ॥ ગાળીયે જોવન આપણું, નહિ ધરીયે રે ચિંતા ને શોક કે ॥ ભે૦ ૩ ॥ ભોળપણે ભોગીસર થયો, આતમ વાર અનંત ॥ ભામિનીશું ભીનો રહ્યો, નવિ આવ્યો રે આજ લગે અંત કે ॥ભે૦॥૪॥ પ્રણમીને પ્રભુશું કહે, સ્વામી સુણો અરદાસ ॥ કાયા કાયર માહરી, મુજ દીજે રે અણસણની આશ કે ॥ભે૦॥૫॥ લાખ ચોરાશી ખામીને, તેને લીધો અણસણ સાર ॥ અનુક્રમે પાળી આઉખું, અવતરીયો રે સુવિમાન મઝાર કે ॥ભે૦

॥૬॥ જિનતણી શીખ સોહામણી, જે કરે કુળ અવતંસ ॥ તે લહે લીલા આણંદશુ, જેમ વિલશે રે ગંગાજળ હંસ કે ॥બે૦॥૭॥ સંવત સત્તર ચિડોત્તરે, વડ ખરતર ગચ્છ વાસ ॥ ગણિ મહિમાસાગર હિત વડે, આણંદે રે કહ્યો રાસ વિલાસ કે ॥ બે૦ ॥ ૮ ॥ ઇતિ. ॥

अथ श्री सनत्कुमार चक्रवर्तिनी सज्झाय.

સરસતિ સરસ વચન રસ માગું, તોરે પાયે લાગું ॥સનતકુમાર ચક્રી ગુણ ગાઊં, જિમ હું નિર્મળ થાઉં ॥ રંગીલા રાણા રહો જીવન રહો રહો ॥ મેરે સનંત કુમાર, વિનવે સવિ પરિવાર ॥૧॥ એ આંકણી ॥ રૂપ અનોપમ ઇંદ્રે વખાણ્યું, સુર સુણી ઇમ વાયા ॥ બ્રાહ્મણ રૂપ કરીહાય આયા, ફરિફરિ નિરખત કાયા ॥ રં૦ ॥ જી૦ ॥ મે ॥ ૨ ॥ જેહવો વખાણ્યો તેહવો દીઠો, રૂપ અનોપમ ભારી ॥સ્તવના સાંભળી મનમાં હરખ્યો, આણ્યો ગર્વ અપારી ॥ રં૦ ॥ જી૦ ॥ મે૦ ॥૩॥ અબ શું નિરખો લાલ રંગીલે, ખેળ ભરી મુજ કાયા ॥ નહિ ધોઇ જબ છત્ર ધરાવું, તબ જોજ્યો મોરી કાયા ॥ રં૦ ॥જી૦॥ મે૦॥૪॥ મુગટ કુંડળ હાર મોતીના, કરિ શણગાર બનાયા ॥ છત્ર ધરાવિ સિંહાસન બેઠા, તવ ફરિ બ્રાહ્મણ આયા ॥ રં૦ ॥ જી૦ ॥ મે૦ ॥ ૫ ॥ દેખી જોતાં રૂપ પલટાણું, સુણ હો ચક્રી રાયા ॥૧૬॥ સોળ રોગ તેરી દેહમેં ઉપન્યા, ગર્વ મ કર કાચી કાયા ॥ રં૦ ॥ જી૦ ॥ મે૦ ॥ ૬ ॥ કળમળિયો ઘણું ચક્રી મનમાં, સાંભળી દેવની વાણી ॥ તુરત તંબોળ નાંખીને જોવે, રંગભરી કાયા પલટાણી ॥ રં૦ ॥ જી૦ ॥ મે૦ ॥ ૭ ॥ ગઢ મઢ મંદિર માળિયાં મેલ્યાં, મેલી તે સવિ ઠકુરાઇ ॥ નવનિધિ ચૌદ રતન સવિ મેલ્યાં, મેલી તે સયળ સજાઇ ॥ રં૦ ॥ જી૦ ॥ મે૦ ॥૮॥ હય ગય રથ અંતેઉરિ મેલી, મેલી તે મમતા માયા ॥ એકલડા સંયમ લેઇ વિચરે, કેડ ન મેલે રાણા રાયા ॥ રં૦ ॥ જી૦ ॥ મે૦ ॥ ૯ ॥ પાયે ઘુઘરી ઘમઘમ વાજે, ઠમઠમ કરતી આવે ॥ દશ આંગુળિયે બે કર જોડી, વીનતી ઘણીય કરાવે ॥ રં૦ ॥ જી૦ ॥મે૦॥ ૧૦ ॥ તુમ પાખે મોરૂં દિલડું દાઝે, દિન કેહાપરે લીજે ॥ એક લાખને બાણું સહસને, નયણે કરી નિરખીજે ॥ રં૦ ॥ જી૦ ॥ મે૦ ॥ ૧૧ ॥ માત પિતા હેતે કરી ઝુરે, અંતે ઉર સવિ રોવે ॥ એકવાર સન્મુખ જુઓ ચક્રી, સનંતકુમાર નવિ જોવે ॥ રં૦ ॥ જી૦ ॥ મે૦ ॥ ૧૨ ॥ ચામર

ધરાવો છત્ર ધરાવો, રાજ્યમેં પ્રતપો રૂઠા ॥ છખંડ પૃથ્વી આણ મનાવો, તે કિમ જાણ્યા કુડાં ॥ રં૦ ॥ જી૦ ॥ મે૦ ॥૧૩॥ છત્રધરે શિર ચામર ઢાળે, રાજન પ્રતપો રૂડે ॥ છખંડ પૃથ્વી રાજ્ય ભોગવો, છમાસ લગેં ફરે કેડે ॥ રં૦ ॥ જી૦ ॥ મે૦ ॥ ૧૪ ॥ તવફરી દેવ છળવા તે કારણ, વૈદ્ય રૂપ લહી આવે ॥ તપ શક્તિયે કરી લબ્ધિ ઉપની, થુંકે કરી રોગ સમાવે ॥ રં૦ ॥ જી૦ ॥ મે૦ ॥ ૧૫ ॥ બે લાખ વરસ મંડળિક ચક્રી, લાખ વરસની દીક્ષા ॥ પંદરમા જિનવરને વારે, નરદેવ કરે જીવરક્ષા ॥ રં૦ ॥ જી૦ ॥ મે૦ ॥ ૧૬ ॥ શ્રી વિજયસેન સુરીશ્વર વાણી, તપગચ્છ રાજે જાણી ॥ વિનયકુશળ પંડિત વર ખાણી, તસ ચરણે ચિત્ત આણી ॥ રં૦ ॥ જી૦ ॥ મે૦ ॥૧૭॥ સાતસેં વરશે રોગ સમાયો, કંચન સરખી કાયા ॥ શાંતિકુશળમુનિ એમ પય પે, દેવ લોક ત્રીજા પાયા ॥ રં૦ ॥ જી૦ ॥ મે૦ ॥ ૧૮ ॥ ઈતિ. ॥

अथ श्री भरतचक्रवर्तिनी सज्झाय.

આભરણ અલંકાર સઘળા ઉતારી, મસ્તકસેંતી પીગી ॥ આપો આપ થઇને બેઠા, તવ દેહ દીસે છે નાગી ભરતેશ્વર, ભુપતિ ભયો રે વૈરાગી ॥૧॥ એ આંકણી ॥ અનિત્ય ભાવના એસી રે ભાવી, ચાર કરમ ગયાં ભાગી ॥ દેવતાએ દીધો આેઘો મુહપત્તિ, જિન શાસન રાગી ॥ ભ૦ ॥૨॥ સ્વાંગ દેખી ભરતેશ્વર કેરો, સહિયરો હસવાને લાગી ॥ હસવાની અબ ખબર પડેગી, રહેજો અમશું આગી ॥ ભ૦ ॥૩॥ ચોરાશી લાખ હયવર ગયવર, છન્નુક્રોડ હે પાગી॥ ॥ ચોરાશી લાખ રથ સંગ્રામી, તતક્ષણ દીધા છે ત્યાગી ॥ ભ૦ ॥૪॥ ચારક્રોડ મણ અન્ન નિત્ય સીઝે, દશલાખ મણ લુણ લાગી ॥ચોશઠ સહસ અંતેઉરી ત્યાગી, સુરતા મોક્ષસેં લાગી ॥ ભ૦ ॥ ૫ ॥ અડતાળીસ કોસમાં લશ્કર પડે છે, દુશ્મન જાય છે ભાગી ॥ ચૌદરતન તો અનુમતિ માગે, મમતા સહુશું ભાગા ॥ ભ૦ ॥૬॥ તીન ક્રોડ ગોકુળ ધણ દુઝે, એક ક્રોડ હળ ત્યાગી ॥ ચોસઠ સહસ અંતે ઉરી ત્યાગી, મમતા સહુશું ભાગી ॥ ભ૦ ॥૭॥ ભરી સભામાં ભરતેશ્વર બોલ્યા, ઉઠો ખડા રહો જાગી ॥ આ લોક ઉપર નજર ન દેશો, નજર દેજો તુમે આઘી ॥ ભ૦ ॥ ૮ ॥ વચન સુણી ભરતેશ્વર કેરાં, દશસહસ ઉઠયા છે જાગી ॥ કુટુંબ કબીલો હાટ હવેલી, તતક્ષણ દીધાં છે ત્યાગી

॥ ભ૦ ॥ ૯ ॥ એક લાખ પુરવલગે, સંયમ કેવળ સાર ॥ શેષ અઘાતી કર્મ ખપાવી, પહોત્યા મોક્ષ મોઝાર ॥ ૧૦ ॥ ઇતિ. ॥

अथ श्री संवरनी सज्झाय.

ચાલ-વીર જિણેસર ગૌતમને કહે, સંવર ધરતાં રે સહુ જન સુખ લહે ॥ ઉ૦-સુખ લહે સંવર કહે જિનવર, જીવ હિંસા ટાળિયે ॥ સુક્ષ્મ બાદર ત્રસ થાવર, સર્વ પ્રાણી પાળિયે ॥ મન વચન કાયા ધરી સમતા, મમતા કશુ નવિ આણિયે ॥ સુણ વચ્છ ગોયમ, વીર જંપે પ્રથમ સવંર જાણીયે ॥ ૧ ॥

ચાલ-બીજે સંવર જિનવર ઇમ કહે, સાચુ બોલ્યા રે સહુ જન સુખ લહે ॥ ઉ૦-સુખ લહે સાચું સુજસ સઘળે, સત્ય વચન સંભારિયે ॥ જિણે હોય હિંસા જીવકેરી, તેહ ભાષા ટાળિયે ॥ અસત્ય ટાળી સત્ય આગમ, નવકાર મંત્ર ભાંખીયે ॥ વચ્છ ગોયમ વીર જંપે, જિભા જતન કરી રાખિએ ॥ ૨ ॥

ચાલ-ત્રીજે સંવર ઘર બાહેર સહી, અદત્ત પરાયોરે લેતાં ગુણ નહી ॥ ઉ૦-ગુણ નહી લેતાં અદત જોતાં, દુર પરાયો પરિહરો ॥ જિણે રાય દંડે લોક ભંડે, તેહ ભંડણ કાંઈ કરો ॥ ઇમ જાણી મન વિવેક આણો, સંચોજ લાભે આપણો ॥ સુણ વચ્છ ગોયમ વીર જંપે, નવિ લીજે પર થાપણો ॥ ૩ ॥

ચાલ-ચોથે સંવર ચોથું વ્રત ધરો, શીયળ સઘળે રે અંગે અલંકરો ॥ ઉ૦ અલંકરો અંગે શિયળે સઘળે, રંગે રાચો તે સહી ॥ જગમાંહિ જોતાં એહ જાલમ, ઓર ઉપમા કો નહિ ॥ ઇમ જાણિ તુંમે નારી પરાઈ, રખેજ નિરખો નયણશું ॥ સુણ વચ્છ ગોયમ વીર જંપે, કશુ ન કહાએ વયણશું ॥ ૪ ॥

ચાલ-પાંચમે સંવર પરિગ્રહ પરિહરો, મુરખ માયા મમતા રે મત કરો ॥ ઉ૦-મત કરો મમતા દિન રયણિ રૂળતાં, જુઓ તમાસો એવડો ॥ મણિ રયણ કંચન કોડિ હુવે પણ, તૃપ્તિ ન પામે જીવડો ॥ જિમ લાભ હોવે અતિ બહુળો, તિમ લોભ વાધે અતિ ઘણો ॥ સુણ વચ્છ ગોયમ વીર જંપે, તૃષ્ણા વેલીને દહો ॥ ૫ ॥

ચાલ-છઠ્ઠે સંવર છઠ્ઠું વ્રત ધરો, રયણીભોજન ભવિ જન પરિહરો ॥ ઉ૦-પરિહરો ભોજન રયણિકેરાં, પ્રત્યક્ષ પાતક એહનો ॥ સંસાર રૂળશો દુઃખ સહશો, સુખ ટળશો દેહનો ॥ ઇમ જાણી

મન સંવેગ આણી, મૂળ ગુણ વ્રત આદરો ॥ સુણ વચ્છ ગોયમ વીર જંપે, શિવરમણી વેગે વરો ॥ ૬ ॥ ઇતિ.

अथ श्री जीवने उपदेश.

॥ દોહા. ॥

શ્રી જિનવર પ્રણમી કરી, કરિ ગુરુને પરણામ ॥ કરજોડી વિનવું અહીં, શુભ મતિ દેજો સ્વામ ॥ ૧ ॥

(લલિતછંદ.)

પરમ દેવનો દેવ તું ખરો, ધરમ તાહરો મેં નથી કરયો ॥ ભર મમાં ભમ્યો તું નવિ ગમ્યો, કરમ પાસમાં હું અતિ દમ્યો ॥ ૧ ॥ ગરિબ પ્રાણિના પ્રાણ મેં હણ્યા, ત્રસ થાવરો જીવ ના ગણ્યાં॥ થરર! ધ્રુજતા મોતથી ડરી, અરર ! એહની ઘાત મેં કરી ॥૨॥ સદસભા જઈ જુઠ બોલિયો, ધરમિ જીવનો મર્મ ખોલિયો ॥સદગુણી શિરે આ ળ આપિયાં, અરર ! પાપના પંથ થાપિયા ॥ ૩ ॥ અદત્તદાનથી હું નવિ ડરયો, પરધનો હરી કેર મેં કરયો ॥ તસ્કરો તણા તાનમાં ચડયો, અરર! પાપના પુંજમાં પડયો ॥ ૪ ॥ રમણિ રંગમાં અંગ ઉલ્લશું, વિષય સુખમાં ચિત્તડું વશું ॥ શિયળ ભંગનો દોષ ના ગ- ણ્યો, અરર! હાય રે!! બાહુરો બન્યો ॥ ૫ ॥ અથિર દામમાં હું રહ્યો અડી, ધરમ વાત તો ચિત્ત ના ચડી ॥ ઉદ્ધત મોહમાં હું થયો અતિ, અરર! માહરી શી થશે ગતિ ॥ ૬ ॥ ક્રૂર ભાવથી ક્રોધ મેં ગ્રહ્યો, સજ્જન દૂહવી રોશમાં રહ્યો ॥ સરવ જન્નથી સંપ છોડિયો, તૃણના તોલથી તુચ્છ હું થયો ॥૭॥ મચ્છર મન્નથી મેં બહુ કરયો, મમતભાવથી હું અતિ ભરયો ॥ મદ છકે ચડયો માનમાં અડયો, વિનય ના કર્યો ગર્વમાં પડયો ॥ ૮ ॥ દગલબાજિયે હું બહુ રમ્યો, કપટ કુડમાં કાળ નિર્ગમ્યો ॥ સુખ દીઠું લવી સૃષ્ટિ ભોળવી, અરર! કેમ રે! ભૂલશે ભવી ॥ ૯ ॥ ધન હીરાકણી મોતિને મણી, અણુર આથનો હું થયો ધણી ॥ અધિક આશ તો અંતરે ઘણી, અરર ! લોભને ના શકયો હણી ॥ ૧૦ ॥ મગન મન્નથી સાજનો પરે, હિત ઘણું ધરી પોંખીહાખરે ॥ તરકટી તણા ફંદમાં ફરયો, અરર ! રાગથી ન લહ્યો કરયો ॥૧૧॥ દિલ ડુબી રહ્યું દ્વેષ દર્દમાં, ગુણ નવિ ગણ્યા એહરી અર્દમાં ॥ અરૂણ આંખડી રોષથી ભરી, અરર ! સર્વનો હું થયો અરી ॥ ૧૨ ॥ નિજ કુટુંબને નાત જાતમાં, વઢિ પડયો હું તો

વાત વાતમાં ॥ અણુજ આતમા ઘાતમાં ઘડયો, અરર ! કલેશથી કૂપમાં પડયો ॥૧૩॥ અણહુતાં દિયાં આળ અન્યને, અલિક ઓચરી મેળવ્યું ધનને ॥ સદ્દગુરૂ તણો સંગ ના કરયો, અરર ! પાપથી પિંડ મેં ભરયો ॥ ૧૪ ॥ પરની ચોવટે ચૂગલી કરી, નૃપ સભા જૂઠી સાહેદી ભરી ॥ પિશુન ધૂર્ત હું લાંચ લાલચી, પશુ પણે રહ્યો પાપમાં પચી ॥૧૫॥ પરપૂંઠે પરા દોષ દાખવા, જશતણો ઘણો સ્વાદ ચાખવા ॥ રહસ્ય વાત તો મેં કરી છતી, ભવ અરણ્યમાં હું રૂળ્યો અતિ ॥ ૧૬ ॥ અધમ કામમાં હર્ષ મેં ધર્યો, ધરમ ધ્યાનમાં અમૃષે ભર્યો ॥ દુરગુણે રચ્યો મોહમા મચ્યો, અરર ! કર્મના નૃત્યમા નચ્યો ॥૧૭॥ છળ વિદ્યા કરી અર્થ સંચિયા, જૂઠ ઘણું લવી લોક વંચિયા ॥ પતિત રાંકને છેતર્યા બહુ, અરર ! પાપ હું કેટલાં કહું ॥૧૮॥ શરિર શોધતો મેં નવિ કર્યો, જડ પ્રસંગથી યોનિમાં ફર્યો ॥ શુદ્ધ વિચાર તો ચિત્ત ના ચડયો, મિચ્છત્ત શલ્ય તો મુજને નડયો ॥ ૧૯ ॥ કરમ વેરિએ વીંટિયો મને, કરગરી કરૂં અર્જ જિનને ॥ કર ગ્રહો પ્રભુ રાંક જાણિને, દિલ દયા ધરો મહેર આણિને ॥ ૨૦ ॥ તકશિરો ઘણી કો શકે ગણી, બખશિશો ગુના જગતના ધણી ॥ રિઝ કરી ખરી ત્રોડી ત્રાસને, શરણ રાખજો ખોડિદાસને ॥૨૧॥ નભ ભુજા અહીં ચંદ્રમા ગ્રહી, પટણ પ્રાચિથી પશ્ચિમે સહી ॥ ચતુરમાસમાં બંદરે રહી, લલિતછંદની જોડ એ કહી ॥૨૨॥ ઇતિ. ॥

अथ श्री कुंडरिक पुंडरिकनुं चोढालियुं.

॥ દોહા ॥

તેણે કાળે તેણે સમે, નયરી પુંડરગિણી સાર ॥ મહાપદ્મ નામે રાજા ભલો, પદ્માવતિ તસ નાર ॥ ૧ ॥ તેહનાં દોય કુમાર છે, રૂપે અદ્દભુત જાણ ॥ કુંડરિકને પુંડરિક ભલાં, તેહના નામ વખાણ ॥૨॥ એહવે તિહાં કણે આવિયા, શ્રી ધર્મઘોષ થવીર ॥ તેહની દેશના સાંભળી, બૂઝયો કુંડરિક વીર ॥૩॥ કુંડરિક ધન તજી નીકળ્યો,જાણી અથિર સંસાર ॥ વૈરાગ્યશું ઋદ્ધિ છાંડને, લીધો સંયમ ભાર ॥ ૪ ॥ વિહાર કિયો તિણ ગામથી, જનપદ દેશ મઝાર ॥ ચારિત્ર પાળતાં નિર્મળું, વહિ ગયાં વર્ષ હજાર ॥૫॥ એહવે કુંડરિક મુનિવરૂ, આવ્યા તિણહિજ ગામ ॥ અનુમતિ માગી ઉતર્યા, ખબર થઇ ઠામ ઠામ ॥૬॥ પુંડરિક સુણી વધામણી, હૈડે હરખીત થાય ॥ સજ્જ થઈ સવિ સયણશું, ભાઇ વંદણને જાય ॥૭॥ કર્મગતિ છે વંકડી, લોપી કિનશું ન જાય ॥ કિણ વિધ અનરથ ઊપજે, તે સુણજો ચિત્ત લાય ॥૮॥

॥ ઢાલ ૧ લી. ॥

(તપ સરિખો જગ કોઈ નહીં. એ દેશી)

હાથ જોડી વંદન કરે, નીચો શીશ નમાય હો ॥ મુનિવર ॥ તુમે ઋદ્ધિ તજી નીકળ્યા, હું ખુત્યો કાદવ માંય હો ॥ મુનિવર ॥ તુમે ઋદ્ધિ તજી નીકળ્યા ॥ ૧ ॥ એ આંકણી ॥ પુણ્યાઇ તાહરી અતિ ઘણી, ધન ધન તુમ અવતાર હો ॥ મુ૦ ॥ હું પડીયો ઇણ રાજ્યમેં, તુમે પામ્યા ભવપાર હો ॥ મુ૦ ॥ તુ૦ ॥ ૨ ॥ લોક વંદન આવ્યા અતિ ઘણા, વાણી સુણી ઘર જાય હો ॥ મુ૦ ॥ ભાઇ તણી ઋદ્ધિ દેખીને, મૂર્છાણા મન માંય હો૦ ॥ મુ૦ ॥ તુ૦ ॥ ૩ ॥ કર્મતણી ગતિ વંકડી, કર્મે કરે તે હોય હો૦ ॥ મુ૦ ॥ કર્મ નચાવે જીવને, કુંડરિકની પરે જોય હો ॥ મુ૦ ॥ કર્મતણી ગતિ વંકડી ॥ ૪ ॥ પુંડરિકે મનમાં જાણિયું, એનું ચિત્ત ન દીસે ઠામ હો ॥ મુ૦ ॥ વિહાર કરાયો તિણે અવસરે, જાઓ અનેરે ગામ હો૦ ॥ મુ૦ ॥ ક૦ ॥ ૫ ॥ જેહનું મન ઠામજ નહિ, તેથી કિમ પળે સંયમ ભાર હો ॥ મુ૦ ॥ પાછા આયા બીજે દીને, પુંડરિક સોચે અપાર હો ॥ મુ૦ ॥ ક૦ ॥૬॥ પુંડરિક ડરીયો અતિ ઘણો, રખે વેષ લીયે ઉતાર હો ॥ મુ૦ ॥ પુંડરિક મન ચિંતા વસી, જાણી મહાવ્રત ધાર હો ॥ મુ૦ ॥ક૦॥૭॥ થિર કરવાને કારણે, ઋદ્ધિ શણગારી જાય હો ॥ મુ૦ ॥ ત્રણ્ય પ્રદક્ષિણા દેયને, વંદન કરે તિહાં રાય હો ॥ મુ૦ ॥ તુ૦ ॥ ૮ ॥ હાથ જોડીને વીનવે, ભોગ થકી મન વાળ હો ॥ મુ૦ ॥ પણ કુંડરિક બોલે નહી, રહ્યો નીચું માથું ઘાલ હો ॥ મુ૦ ॥ તુ૦ ॥૯॥ એ તાહરે જુગતો નહી, ભોગ અશુચી ભંડાર હો ॥મુ૦॥ ધીરજ મનમેં આદરો, એ સંસાર અસાર હો ॥ મુ૦ ॥ તુ૦ ॥ ૧૦ ॥ ધન ધન જગમાં મુનિવરુ, ઉપગારી કહેવાય હો ॥ મુ૦ ॥ કુંડરિકને પુંડરિક કહે, ધન મુનિરાય કહાય હો ॥મુ૦॥તુ૦॥૧૧॥ જો તાહરૂં મન રાજ્યમેં, તો મન પાછું ઘેર હો ॥ મુ૦ ॥ પછે તુમે પસ્તાવશો, જેહમાં ફાર ન ફેર હો ॥મુ૦॥તુ૦ ॥ ૧૨ ॥ કુળ મ્હોટો છે આપણો, માતપિતાની લાજ હો ॥ મુ૦ ॥ વૈરાગ્યે ઘર છોડીયો, હવે મત થાઓ રાંક હો ॥ મુ૦ ॥ તુ૦ ॥ ૧૩ ॥ લજ્જા ન છોડો લોકની, મત છોડો જિનધર્મ હો ॥ મુ૦ ॥ પરભવ સામું જોઇને, રાખો અમારા શર્મ હો ॥ મુ૦ ॥ તુ૦ ॥ ૧૪ ॥ તુમે લોકમાં ડાહ્યા ઘણા, તુમે અવસરના જાણ હો ॥ મુ૦ ॥ કહ્યો અમારો માન લ્યો, મત કરો ખેંચતાણ હો ॥ મુ૦ ॥ તુ૦ ॥ ૧૫ ॥

॥ દોહા. ॥

રાયે વયણ કહ્યાં ઘણાં, કુંડરિક સુણિયાં કાન ॥ ઉત્તર પાછો નવ દીયે, નીચું કરીને ધ્યાન ॥ ૧ ॥ રાજ્ય લેવા ઈચ્છા કરી, મૂકી સંયમ તાન ॥ વિષય મારગે મન ગયું, ભોગ ઉપર હુઓ ધ્યાન ॥૨॥ ઘર ઘર ભિક્ષા દોહિલી, દોહીલો મુનિ આચાર ॥ દુક્કર સંયમ પાળતાં, વહિ ગયાં વર્ષ હજાર ॥૩॥ છોડું સંયમ હું ખરો, પાળું રાજ્ય પડૂર ॥ વશ્ય કરૂં સવિ ભોમિયા, દિન દિન ચઢતે શૂર ॥૪॥

॥ ઢાલ ૨ જી. ॥

(શિયળ કહે જગ હું વડો. એ દેશી.)

કર્મથી બળીયો કોઈ નહી, કર્મ કરે તે હોય રે ॥ વિણ ભોગવ્યાં છૂટે નહી, નામ કહું હવે જોય રે ॥ સુગુણ સ્નેહી સાંભળો ॥૧॥ એ આંકણી ॥ કીધાં કરમ વિણ ભોગવે, છૂટયા નહી નર કોય રે ॥ કર્મ ઉદય આવે થકે, વિષયગૃદ્ધ મુનિ હોય રે ॥ સુ૦ ॥ ૩ ॥ કર્મે ઇંદ્ર વિગોપ્યો, કર્મે જુઓ મોરારી રે ॥ પાંચ પાંડવ નળ બાથડયા, કર્મથી સહુ ગયા હારી રે ॥ સુ૦ ॥ ૩ ॥ કર્મે આર્દ્રકુમર મુનિ, ભોગ ઉદયે પાછા આયા રે ॥ વર્ષ ચોવીસ ઘરમાં રહ્યા, કર્મતણાં ફળ પાયા રે ॥સુ૦॥ ૪ ॥ નંદિષેણ મ્હોટા યતિ, થૂળિભદ્ર અણગારો રે ॥ કર્મ ઉદય આવે થકે, વેશ્યા ઘરે વર્ષ બારો રે ॥સુ૦॥૫॥ અરણિક મુનિવર મોટકા, દુક્કર સંયમ છોડીરે ॥ વિલુદ્ધા ભોગ વિલાસમે, પછી મુગતિ ગયા કર્મ તોડી રે ॥સુ૦॥૬॥ એમ અનેક મ્હોટા યતિ, ભોગ વિલુદ્ધા જાણી રે ॥ કુંડરિક ચુકયો યોગથી, ભોગવ્યા ભોગ મન આણી રે ॥સુ૦॥૭॥ પુંડરિકે વચન કહ્યાં ઘણાં, ઉત્તર દિયો નવિ જાય રે ॥ જિણ ગતિયે જવું જીવને, તેહવી મતિ આવે દાય રે ॥ સુ૦ ॥ ૮ ॥ એટલા દિન યોગ પાળીયો, ઉપન્યું નહિ મુજ નાણ રે ॥ ચંદન ઘશી બાળ્યા વિના, દુક્કર સંયમ જાણ રે ॥ સુ૦ ॥ ૯ ॥ તવ પુંડરિક ઈમ બોલીયો, તેં તો છોડી લાજ રે ॥ હવે હું ઘર જાઊં નહી, મને અવસર મિળ્યો આજ રે ॥સુ૦॥૧૦॥

॥ દોહા. ॥

પુંડરિક મનમાં ચિંતવે, એ સંસાર અસાર ॥ રાજ્ય સોંપું બંધવ ભણી, કરવા ખેવો પાર ॥૧॥ ઈણ વિધ મન નિશ્ચય કરી, ભાઇને દિયે ધિક્કાર ॥ વમ્યા ભોગની વાંછા કરે, ધિગ તાહરો અવ-

તાર ॥૨॥ વેષ લીધો ભાઈ તણો, રાખી કુળની લાજ ॥ કુંડરિક વિષયમાંહી પડયો, આવી બેઠો રાજ ॥૩॥

॥ ढाल २ जी. ॥

(હાં રે લાલા, સુમતિ સખી એમ વીનવે, એ દેશી.)

હાં રે લાલા મુનિવર વિષય વાહ્યો થકો, એણે છોડી શરમ ને લાજ રે લાલા ॥ અતિ ધીઠ્ઠાઇપણો આદર્યો, ઘર આયો સંયમ ભાજ રે લાલા ॥ ધિગ ધિગ વિષય વિકારને ॥ ૧ ॥ એ આંકણી ॥ ધિગ ધિગ હુઓ મોહજંજાળ રે લાલા ॥ કર્મ ઉદય આવ્યાં ભોગવે, કુંડરિક થયો ખુશાલ રે લાલા ॥ ધિ૦ ॥૨॥ હાં૦ ઇણ વિષયને કારણે, એણે ભારે કીધો આહાર રે લાલા ॥ રોગે આવીને ઘેરીયો, તેથી ઝુરે વારંવાર રે લાલા ॥ધિ૦॥ ૩ ॥ હાં૦ દેહ થઈ હવે જાજરી, મદ્ય માંસ ખાયા મન ભાવ રે લાલા ॥ પીડા ઉઠી અતિ આકરી, કારી લાગી નહી કાંય રે લાલા ॥ ધિ૦ ॥ ૪ ॥ હાં૦ વૈદ્ય તેડાવ્યા મોટકા, કાંઈ કીધા અનેક ઉપાય રે લાલા ॥ દેહ વિણસી ઇણ કારણે, કારજ સરિયો નહી કાંય રે લાલા ॥ ધિ૦ ॥ ૫ ॥ હાં૦ ખટખટ વૈદ્દકીધી ઘણી, કાંઇ ટાંકી ન લાગી કોય રે લાલા ॥ હાથ ઝટકીને ઉઠી ગયા, આયા તિણિ દિશે જાયરે લાલા ॥ ધિ૦ ॥ ૬ ॥ હાં૦ તવ કુંડરિક વિલખો થયો, કાંઇ મુખ દિયો કમળાયરે લાલા ॥ જિણ ગતિએ જાવું જીવને, તેવી બુદ્ધિ આવે દિલમાંય રે લાલા ॥ ધિ૦ ॥ ૭ ॥ હાં સુખ નવિ વિલસ્યાં રાજ્યનાં, નવિ વિલસ્યા રાણી શું ભોગ રે લાલા ॥ મનની ઇચ્છા મનમેં રહી, સીઝયા નહી જોગ ને ભોગ રે લાલા ॥ધિ૦॥ ૮ ॥ હાં૦ ક્રોધ કષાયને વશ પડયો, કુંડરીકે કીધો કાળરે લાલા ॥ આયુષ્ય પૂર્ણ કરી ગયો, કાંઈ સાતમી નરક મઝાર રે લાલા ॥ ધિ૦ ॥ ૯ ॥ હાં૦ દોય દિવસને આંતરે, કાંઈ દુઃખ તણો નહી પાર રે લાલા ॥ સંયમનાં સુખ છોડને, એતો ગયો જન્મારો હાર રે લાલા ॥ ધિ૦ ॥ ૧૦ ॥ હાં૦ કામભોગની આશા થકી, ફળ લાગ્યાં વિષ સમાન રે લાલા ॥ સહુ ગતિ કેરો પ્રાહુણો, પિછે લગ રહી તાણા તાણ રે લાલા ॥ ધિ૦ ॥ ૧૧ ॥ હાં૦ એવું જાણી ઉત્તમ નરા, કામભોગ જાણો દુઃખદાઇ રે લાલા ॥ સંયમ પાળો ભાવશું, પુંડરિક તણી પરે ભાઈ રે લાલા ॥ ધિ૦ ॥ ૧૨ ॥

॥ દોહા. ॥

ચાર મહાવ્રત આદર્યાં, લીધો સંયમ ભાર ॥ રાજ્ય ભોગ છાંડી

કરી, કીધો ઉગ્ર વિહાર ॥ ૧ ॥ પુંડરિક મનમાં ચિંતવે, દર્શન કરૂં ગુરુ રાય ॥ એલો મનમાં ધારિયો, સંયમશું ચિત્ત લાય ॥ ૨ ॥

॥ ઢાલ ૪ થી. ॥

(જી હો મથુરા નગરીનો રાજીયો. એ દેશી.)

જી હો પુંડરિક મનમાં ચિંતવે, જીહો એ સંસાર અસાર ॥ જી૦ સંયમથી સુખીયા થયા, જી૦ ધન ધન તે અણગાર ॥ ચતુર નર, પાળો સંયમ સુખકાર ॥ ૧ ॥ એ આંકણી ॥ જી૦ વૈરાગ્ય મનમાં આણીયો, જી૦ સંયમરસ આણ્યો પૂર ॥ જી૦ કામ પડે ચીડા રહ્યા, જી૦ તે જાણો સાચા શૂર ॥ ચ૦ ॥ ૨ ॥ જી૦ ક્ષુધા પીડી આયને, જી૦ ભિક્ષા લેવણ મુનિ જાય ॥ જી૦ ઘર ઘર બારે ગૌચરી, જી૦ અંત પ્રાંત આહાર લાય ॥ ચ૦ ॥ ૩ ॥ જી૦ અરસ નિરસ અહાર ભોગવ્યો, જી૦ આહાર કર્યો સમભાવ ॥ જી૦ શરીરે વેદના ઉપની, લુખા આહાર ને પ્રભાવ ॥ ચ૦ ॥ ૪ ॥ જી૦ મરણ તણા સન્મુખ થયા, જી૦ ડરિયા નહીં મન માંય ॥ જી૦ સડણ પડણ એ દેહ છે, જી૦ ચિત્ત ન બિગડયો ત્યાંય ॥ ચ૦ ॥ ૫ ॥ જી૦ શરીરે વેદના ઉપની, જી૦ માનું ખડગની ધાર, જી૦ જળ વિણ માછલી ટળવળે, જી૦ તેહવી વેદન અપાર ॥ ચ૦ ॥ ૬ ॥ જી૦ સમતાભાવ મુનિ ભાવતા, જી૦ પુંડરિકે કીધો કાળ ॥ જી૦ દેવલોકે થયા દેવતા, જી૦ સ્વાર્થ સિદ્ધ તત્કાળ ॥ ચ૦ ॥૭॥ જી૦ સર્વાર્થસિદ્ધમાં ઉપન્યા, જી૦ પામ્યા સુખ અપાર ॥ જી૦ એકજ અવતારી થયા, જી૦ લહી માનવ અવતાર ॥ ચ૦ ॥ ૮ ॥ જી૦ મહાવિદેહમાં હોયશે, જી૦ ઉંચ કુળે ઋદ્ધિ અપાર ॥ જી૦ દૃઢપ્રતિજ્ઞા તણી પર, જી૦ પામશે ભવનો પાર ॥ ચ૦ ॥ ૯ ॥ જી૦ જ્ઞાતાસુત્ર માંહે કહ્યો, જી૦ કુંડરિક પુંડરિક અધિકાર ॥ જી૦ કુંડરિક નરકે સાતમી, જી૦ પુંડરિક ખેવો પાર ॥ ચ૦ ॥ ૧૦ ॥ જી૦ એવું જાણીને ચેતજો, જી૦ પાપતણાં ફળ એહ ॥ જી૦ પુણ્યથી પુંડરિક સુખ લહે, જી૦ સદ્દગુરુ કહે મુખે તેહ ॥ ચ૦ ॥ ૧૧ ॥ જી૦ એહ સંબંધ પૂરો થયો, જી૦ સંયમ સુખ નિર્વાણ ॥ જી૦ રાય વયણ ઇણિપરે કહે, જી૦ આગમ વયણ પ્રમાણ ॥ ચ૦ ॥ ૧૩ ॥ ઇતિ. ॥

અથ શ્રી શલ્યછત્રીશી.

(શિયળ કહે જગ હું વડો. એ દેશી.)

અરિહંત સિદ્ધ છે આયરિયા, ઉવજ્ઝાય સઘળા સાધો રે ॥ એ

પાંચે પ્રણમી કરી, સમકિત ખરો આરાધો રે ॥ શલ્ય કોઈ મતિ રાખજો ॥ ૧ ॥ એ આંકણી ॥ શલ્ય રાખ્યાં દુઃખ થાય રે ॥ ઈણ ભવ પરભવ દુઃખ લહે, બુદ્ધિ અક્કલ મતિ જાય રે ॥ શ૦ ॥ ૨ ॥ દ્રવ્યશલ્ય ને ભાવશલ્ય બેહુ, માંહી રહ્યા નહીં રૂડા રે ॥ ભાવશલ્ય કોઈ કાઢશે, પરમેશ્વરના પૂરારે ॥ શ૦ ॥ ૩ ॥ દ્રવ્યશલ્ય માંહી રહ્યાં, એક ભવે દુઃખદાય રે ॥ ભાવશલ્ય રાખ્યાં થકાં, ભવ ભવમેં દુઃખ થાયરે ॥ શ૦ ॥ ૪ ॥ કોઇ વૈરાગી આળોવશે, નહી આળોવે લપટી રે ॥ આઠ બોલ ઠાણાંગે કહ્યા, માયાવી હોય કપટી રે ॥ શ૦ ॥ ૫ ॥ જાતિ કુળાદિક ઊજળો, અધિકી જેહની બુદ્ધ રે ॥ સરળ થઇ આળોયને, પ્રાયશ્ચિત લેઇ હોય શુદ્ધ રે ॥ શ૦ ॥ ૬ ॥ આચારવંતને આગળે, શુદ્ધ આળોયણ લીજે રે ॥ ભોળા બાળકની પરે, સરળ થઇને વંદીજે રે ॥ શ૦ ॥ ૭ ॥ પ્રાયશ્ચિત દશ પ્રકારનાં, લેઇને શલ્ય કાઢીજેરે ॥ લોક બતાવે આંગળી, એહવો કામ ન કીજે રે ॥ શ૦ ॥ ૮ ॥ સુકુમાળિકા સાધવી ભણી, ગુરૂણીએ દોષ બતાયા રે ॥ શલ્ય સહિત હુઇ દ્રોપદી, પાંચ પતિ તેણે પાયા રે ॥ શ૦ ॥ ૯ ॥ પારસનાથની સાધવી, દોયસેને પડ જાણીરે ॥ શલ્ય સહિત મરીને હુઈ, ઇંદ્રતણી ઇંદ્રાણી રે ॥શ૦॥૧૦॥ શ્રાવક શ્રી વર્દ્ધમાનનો, જુઓ નંદમણિહારો રે ॥ શલ્ય સહિત હુઓ દેડકો, આપણી વાવ્ય મઝારો રે ॥ શ૦ ॥ ૧૧ ॥ જમાળી ભગવંતનો, શિષ્ય હુઓ અંતેવાસી રે ॥ વચન ઉત્થાપી શલ્ય રાખીયો, કિલ્વષી થઈ દુઃખ પાયો રે ॥ શ૦ ॥૧૨॥ રાય ઉદાઇનો દીકરો, હુઓ અભિચકુમારો રે ॥ સિદ્ધ ઉદાઇનો શલ્ય રહ્યો, મરી ગયો અસુર મઝારો રે ॥ શ૦ ॥ ૧૩ ॥ નવ નિયાણાં ચાલીયાં, દશાશ્રુતસ્કંધ માંય રે ॥ આળોયા વિણ એહનાં, ફળ રૂયડાં નવિ થાય રે ॥ શ૦ ॥ ૧૪ ॥ સોમિલ કષ્ટ ઘણો કીયો, વમિયો સમકિત સારો રે ॥ આળોયા વિણ તે મુઓ, હુઓ શુક્રનો તારો રે ॥શ૦॥ ૧૫ ॥ હુઇ સુભદ્રા સાધવી, બાળક મૂર્ચ્છા સેવી રે ॥ ગુરુણી વયણ ન માનીયો, હુઇ બહુ પુત્તિયા દેવી રે ॥ શ૦ ॥ ૧૬ ॥ અંગસુ પૃષ્ટ ગાથાપતિ, જિનધર્મ પાયો રૂડો રે ॥ ધુરસેં વિરાધિને હુઓ, ચંદ્ર વિમાને શૂરો રે ॥ શ૦ ॥ ૧૭ ॥ હોશે સોમિલ બ્રાહ્મણી, કામ ભોગ તણી કેલા રે ॥ સોળ વરસમેં બેટડા, જણશે સોળે બેલારે ॥ શ૦ ॥ ૧૮ ॥ મહાબળ મુનિવર તપ કિયો, રાખી મિત્રશું માયા રે ॥ સ્ત્રીગોત્ર ઉપરાજીયો, મલ્લિ માયાનાં ફળ પાયા રે ॥ શ૦ ॥ ૧૯ ॥

કમળપ્રભ આચારજે, વયણ પ્રરૂપ્યો ભારી રે ॥ મરતાં શલ્ય ન કાઢીયો, હુઆ અનંત સંસારી રે ॥ શ૦ ॥ ૨૦ ॥ ઈત્યાદિક બહુળા હુઆ, સમકિતવંત વિરાધી રે ॥ મરી મરી નરકે ગયા, કેઇ નીચી ગતિ લાધી રે ॥ શ૦ ॥ ૨૧ ॥ રૂળ્યા રૂળે છે રૂળશે ઘણા, શલ્ય દૂષણ મન રાખી રે ॥ શંકા મૂળ મ લાવજો, ઈહાં સૂત્ર બોલે છે સાખી રે ॥શ૦॥૨૨॥ દેખી શ્રેણિકને ચેલણા, સાધુ નિયાણા કીધાં રે ॥ સમવસરણ બેઠાં થકાં, વીરે ચોખ્ખા કરી લીધા રે ॥ શ૦ ॥ ૨૩ ॥ ચિત્ત ચળ્યો રહનેમિનો, વચન લગાયો દોષો રે ॥ રાજીમતી પ્રતિ બોધિયો, નિશ્ચળ થઇ ગયા મોક્ષો રે ॥ શ૦ ॥ ૨૪ ॥ મેઘમુનિ દુઃખ પાઈયો, વીર મળ્યા ગુરૂ ભારી રે ॥ ધીરજ દેઇ થિર થાપીયો, હુઓ એક અવતારી રે ॥ શ૦ ॥ ૨૫ ॥ ગૌતમસ્વામી જ્ઞાની વડા, વચન માંહે ખળાયા રે ॥ આણંદને રે ખમાવીયા, પાતક દૂર પલાયા રે ॥શ૦॥ ૨૬ ॥ મહાશતક નિજ નારને, ક્રોધ કરી બોલ્યો કોપી રે॥ વીરે પ્રાયશ્ચિત દેઇ શુદ્ધ કિયો, ગૌતમને ઘેર મૂકી રે ॥શ૦॥૨૭॥ દશ માંહિલા શ્રાવક ભણી, દેવે આઈ દુઃખ દીધાં રે ॥ કેઇક કષ્ટે ચળી ગયા, માત ત્રિયાએ શુદ્ધ કીધા રે ॥શ૦॥૨૮॥ શંખે પોસે કીયો કોલ દેઇ, પુષ્કળી પ્રમુખ દુઃખ પાયા રે ॥ વીર ફળ કહ્યાં ક્રોધનાં, શંખજીને સહુએ ખમાયા રે ॥શ૦॥૨૯॥ કહ્યાં ન માન્યો ચિત્તતણો, શંભૂતી નિયાણો કીધો રે ॥ શલ્ય સહિત બ્રહ્મદત્ત હુઓ, નરક તણો દુઃખ લીધો રે ॥શ૦॥૩૦॥ ચારણ શ્રમણ જાયતે પર્વતે, વિચમેં કરી જાય કાળ રે ॥ વિરાધક વિણ આળોઇયાં, ચતુર લેજો સંભાળ રે ॥શ૦॥ ૩૧ ॥ ચારે સંઘના ચાલીયા, ભાંતિ ભાંતિ સંથારા રે ॥ આળોઇ નિશ્ચળ હુઆ, પામ્યા ભવજળ પારો રે ॥ શલ્ય કાઢી સૂધો હુઓ, સાર્યો આતમ કામો રે ॥શ૦॥૩૩॥ રૂડાં વ્રત પચ્ચખાણમેં, લાગી જાવે કોઈ દોષો રે ॥ સુગુરૂ પાસે આળોયને, શુદ્ધ હુઆ મળે મોક્ષો રે ॥ શ૦ ॥ ૩૪ ॥ ઇહલોકને અરથે કરી, પૂરો કદિય ન પડશે રે ॥ આતમ દોષ જે કાઢશે, તે પરભવથી ડરશે રે ॥ શ૦ ॥ ૩૫ ॥ આળોઇ ઉજ્જવળ હુઓ, છંડો માયા દ્વેષો રે ॥ ઋષિ જેમલજી ઇમ કહે, તુમે સિદ્ધતણાં સુખ દેખોરે ॥શ૦॥૩૬॥ ઇતિ.

अथ श्री मेघकुमारनुं चोढालियुं.

॥ ढाल १ ली. ॥

પ્રથમ ગણધર ગુણ નીલો રે, શ્રી ગૌતમ ગણધાર ॥ મન સ-

મરી હું ગાયશું રે, શ્રેણિક સુત સુખકાર રે ॥ વીર સમોસર્યા ॥૧॥ એ આંકણી ॥ રાજગૃહી ઉદ્યાન ॥ સકળ ગુણે કરીને ભર્યા રે, સુંદર સોવનવાન રે ॥ વીર. ॥૨॥ વેગે તે આવી વધામણી રે, આવી પર્ષદા બાર ॥ મેઘકુમર પણ આવીયો રે, વાંદે જગત આધાર રે ॥ વીર. ॥૩॥ મેઘકુમર વૈરાગીયો રે, વાણી સુણીય વિશાળ ॥ સાર સંયમ સંસારમાં રે, બાકી માયા જાળ રે ॥ વીર. ॥૪॥ ઘેર આવી કહે માતને રે, આપો અનુમતિ સાર ॥ વચન કથન કહ્યાં ઘણાં રે, તે છે સૂત્રે વિસ્તાર રે ॥ વીર. ॥ ૫ ॥ ધીરજ ચિત્ત કરી ધારણી રે, આપે અનુમતિ હેવ ॥ મહા મહોચ્છવે દિક્ષા દિયે રે, શ્રી દેવાધિદેવ રે ॥ વીર. ॥ ૬ ॥ પ્રથમ પોરશીએ ભણયોરે, જિનશાસન આચાર ॥ સાધુ રીતિ તિહાં સાચવે રે, છેડે મેઘકુમાર રે ॥ વીર. ॥૭॥

॥ ढाल २ जी. ॥

કોઈક ચાંપે સાથરો રે હાં, કોઇક સંઘટે અણગાર ॥ મેઘ મુનીસરૂ ॥ કોઈક છાંટે રેણુકા રે હાં, ચિંતે મેઘકુમાર ॥ મેઘ મુનીસરૂ ॥ ૧ ॥ છોડી રાજ્ય ભંડારને રે હાં, લીધો સંયમ ભાર ॥ મેઘ૦ ॥ તો પણ દુઃખ એહવું પડે રે હાં, કહેતાં ન આવે પાર ॥ મેઘ૦ ॥ ૨ ॥ કિહાં કંચન કિહાં કાચલો રે હાં, કિહાં સંથારો કિહાં સેજ ॥મેઘ૦॥ કિહાં સજ્જન કિહાં સાધુજી રે, કિહાં માતાનાં હેજ ॥ મેઘ૦ ॥ ૩ ॥ કિહાં મંદિર કિહાં માળિયાં રે હાં, કિહાં ગોરીનાં ગીત ॥ મેઘ૦ ॥ કિહાં પ્રમદાની પ્રીતડી રે હાં, કિહાં સાધુની રીત ॥ મેઘ૦ ॥ ૪ ॥ કિહાં ફુલ કિહાં કાંકરા રે હાં, કિહાં ચંદન કિહાં લોચ ॥ મેઘ૦ ॥ પૂરવ ભોગ સંભારતો રે હાં, મેઘમુનિ કરે સોચ ॥ મેઘ૦ ॥ ૫ ॥ મેઘમુનિ કોપે ચઢયો રે હાં, ચિંતે મનમાં એમ ॥ મેઘ૦ ॥ હાવભાવ કરિ દીક્ષા દિયે રે હાં, હવે કરે આમ કેમ ॥ મેઘ૦ ॥ કાંઈ નવિ લીધું એહનું રે હાં, નવિ કીધો વળિ આહાર ॥ મેઘ૦ ॥ મન માન્યું કરૂં માહરૂં રે હાં, આ તો છે વ્યવહાર ॥ મેઘ૦ ॥ ૭ ॥

॥ ढाल ३ जी. ॥

પ્રાતઃસમય ઉતાવળો રે લાલ, આવ્યો વીરજીની પાસ હો ॥ મુનીસર ॥ પડિકમણું પણ નવિ કરયું રે લાલ, ઊભો મન ઉલ્હાસ હો ॥ મુનીસર ॥ વીર જિણેસર એમ ભણે રે લાલ ॥ ૧ ॥ એ આંકણી ॥ તું તો ઉત્તમ જાત હો ॥ મુની૦ ॥ શ્રેણિક સુત જગ

જાણિયે રે લાલ, તાહરે મન એ શી વાત હો ॥ મુની૦ ॥ વીર૦ ॥ ૨ ॥ રાજ ઋદ્ધિ મુનિ તેં તજી રે લાલ, તજ્યા ભોગ વિલાસ હો ॥ મુની૦ ॥ ચિંતામણી પામ્યા પછી રે લાલ, કેમ નિર્ગમિયે તાસ હો ॥ મુની૦ ॥ વીર૦ ॥ ૩ ॥ ચક્રીથી અધિકો કહ્યો રે લાલ, સંયમ સુખ સંસાર હો મુની૦ ॥ એ દુઃખ મુનિ તું શું ગણે રે લાલ, પૂરવ ભવ સંભાર હો મુની૦ ॥ વીર૦ ॥ ૪ ॥ પૂરવ ભવ તવ સાંભળ્યો રે લાલ, હસ્તીનો અવતાર હો ॥ મુની૦ ॥ શરિર શુશ્રુષા નવિ કરે રે લાલ, કરે હોય નયણાંની સાર હો ॥ મુની૦ ॥ વીર૦ ॥ ૫ ॥

॥ ઢાલ ૪ થી.॥

(સીમંધર જિન સાહેબા. એ દેશી.)

પંચ સમિતિ સમિતો સદા, નિત્ય પાળે રે પાળે પંચ આચાર કે ॥ દીક્ષા પાળે દીપતી, મુખ ભણિયા રે ભણ્યા અંગ ઇગ્યાર કે ॥ ધન ધન મેઘ મુનીસરૂ ॥ ૧ ॥ એ આંકણી ॥ કોઈ ધન ધન રે એ ચતુર સુજાણ કે ॥ થીર કરીને થાપીયો, વીર વાણી રે વાણી અમિય સમાણ કે ॥ ધન૦ ॥ ૨ ॥ દુક્કરકારક તપ તપે, અંતકાળે રે કરી અણસણ સાર કે ॥ અનુત્તર વિમાને સુખ ભોગવે, વળી સીઝશે રે મહાવિદેહ મઝાર કે ॥ ધન૦ ॥ ૩ ॥ શ્રીપુજ્ય શિષ્ય ગણેશજી, પસાયેરે કીધી એહ સજ્ઝાય કે ॥ જાદવ કહે જુગતે કરી, નિત્ય ભણતાં રે ભણતાં સુખ થાય કે ॥ ધન૦ ॥ ૪ ॥ ઇતિ. ॥

अथ श्री आषाढ भुतिनुं पंचढालियुं.

॥ દોહા. ॥

દર્શન પરીસહ બાવીશમો, કાઢો તેહનો કામ ॥ શંકા દૂષણ પરિહરો, પાકા રાખો પ્રણામ ॥ ૧ ॥ ઉત્તરાધ્યયન કથા મધે, આષાઢ ભૂતિસુરીશ ॥ પહેલા પ્રણામ પોચા પડયા, પછે શ્રેષ્ઠ કરાયા શિષ્ય ॥ ૨ ॥

॥ ઢાલ ૧ લી. ॥

(દેશી ત્રીપદીની.)

આષાઢભુતિ અણગાર, બહુ શિષ્યને પરિવાર ॥ મન મોહન સ્વામી ॥ આચારજ ચઢતી કળા એ ॥ ૧ ॥ આગમ અર્થ અપાર, હેતુ દૃષ્ટાંત વિચાર ॥ મ૦ ॥ ચેલા ભણાયા ચોંપશું એ ॥ ૨ ॥ એક શિષ્ય કિયો રે સંથાર, ગુરૂ બોલ્યા તેણિવાર ॥ સુણ ચેલા મોરા ॥

જો તું હોવે દેવતા એ ॥૩॥ મુજને કહેજે આય, ઢીલ મ કરજે કાંય ॥ સુ૦ ॥ ગુરૂ સમ જગમાં કો નહી એ ॥ ૪ ॥ કહે દોઇ તિન વાર, કિણુહિ ન કીધી સાર ॥ સુ૦ ॥ કિણુહિ આય કહ્યો નહી એ ॥૫॥ તૂં ચેલો ચોથો હોય, તુજ સમ અવર ન કોઇ ॥ સુ૦ ॥ મેં તુને પાર ઉતારીયો એ ॥ ૬ ॥ તું મ્હારે શિષ્ય સુવિનીત, પૂરી છે પરતીત ॥સુ૦॥ તું અંતર ભક્ત છે માહરો એ ॥૭॥ તું મત જાજે ભૂલ, કહ્યો મુજ કરજે કબુલ ॥ સુ૦ ॥ તું તો વહેલો આવજે એ ॥ ૮ ॥ ચેલે છંડયા પ્રાણ, ઉપન્યો દેવ વિમાન ॥ સુ૦ ॥ ઋદ્ધિ વૃદ્ધિ પામ્યો ઘણી એ ॥ ૯ ॥ ઝગમગ મહેલની જ્યોત, જાણે સૂરજ ઉદ્યોત ॥સુ૦॥ જાળી ઝરૂખાં ઝીલ રહ્યાં એ ॥ ૧૦ ॥ થાંભા પૂતળી સાર, મહેલને માંહી અપાર ॥ સુ૦ ॥ રત્નજડીત છે આંગણાં એ ॥ ૧૧ ॥ પાંજેઠ રતનમય જોય, ઈશ પગલાં સોવનમય હોય ॥ સુ૦ ॥ વહાણુ પંચ રંગી રત્નનાં એ ॥ ૧૨ ॥ ફુલે પાથરી સેજ, દીઠાં ઉપજે હેજ ॥ સુ૦ ॥ સુંવાળી માખણ સારિખી એ ॥ ૧૩ ॥ ચુઆ ચંદન ચંબેલ, મહેકે સુગંધી તેલ ॥સુ૦॥ ગુલાબ ચંબેલી ખુલ રહ્યાં એ ॥ ૧૪ ॥ મહેલની ચોદિશિ બાગ, વળિ છત્રીશે રાગ ॥ સુ૦ ॥ નાટક વિધ બત્રીશનાં એ ॥ ૧૫ ॥ કપડાં માંહી ગુલતાન, ઘરાણાં તણું નહીં માન ॥ સુ૦ ॥ દેખંતાં લોચન ઠરે એ ॥ ૧૬ ॥ દીપતી દેવની દેહ, લાગ્યો નવલ સનેહ ॥ સુ૦ ॥ દેવીયો શું મોહ્યા દેવના એ ॥ ૧૭ ॥ એક નાટક ધમકાર, વર્ષ જાય દોય હજાર ॥ સુ૦ ॥ ગુરુ તો યાદ આવે કદે એ ॥ ૧૮ ॥ લાગ્યો સુખનો ઠાઠ, ગુરુ જુએ ચેલાની વાટ ॥ સુ૦ ॥ દેવતા તો આયો નહી એ ॥ ૧૯ ॥ ચેલો તો ભૂલ ગયો એહ, ગુરૂને ઉપન્યો સંદેહ ॥ સુ૦ ॥ સમકિતમાં સાંસો પડયો એ ॥ ૨૦ ॥ એ થઇ પહેલી ઢાળ, ઋષિ રાયચંદ રસાળ ॥ સુ૦ ॥ આગે નિર્ણય સાંભળો એ ॥ ૨૧ ॥

॥ દોહા. ॥

આષાઢભૂતિ ચિત્ત ચિંતવે, નહી સરગ નહીં મોક્ષ ॥ નિશ્ચે કો કેહનો નહી, સઘળી વાનો ફોક ॥ ૧ ॥ ચોથા ચેલાશું હતો, પુરો માહરે પ્રેમ ॥ સુત્ર વચન સાચાં હુવે, તો પાછો ના આવે કેમ ॥૨॥

॥ ढाल २ जी. ॥

(નિદ્રડી વેરણ હુઈ રહી. એ દેશી.)

આષાઢભૂતિ ઈમ ચિંતવે પાછો જાઊં હો માહરે ઘરવાસ કે

॥ સુંદરિશું સુખ ભોગવું, વિલસીજે હો વળિ લીલ વિલાસ કે ॥ ચારિત્રથી મન ચળ ગયે ॥ ૧ ॥ એ આંકણી ॥ ઘર ચાલ્યો હો થઇ સરધા ભ્રષ્ટ કે ॥ અરિહંત વચન ઉત્થાપને, ખાલી હુવો હો ખોઈ સમકિત દૃષ્ટિ કે ॥ ચા૦ ॥૨॥ તિણે સમે આસન કંપીયો, દેવે દીધો હો તિહાં અવધિજ્ઞાન કે ॥ ગુરુને દીઠા ઘેર જાવતા, નાટક માંડયા હો મારગ માંહે પ્રધાન કે ॥ચા૦॥ ૩ ॥ માસ છ નાટક નિરખીયો, આચારજ હો હુઓ મન ઉલ્લાસ કે ॥ પુરો હુઓ નાટક પાંગર્યો, વિહાર કરતાં હો આથો વનવાસ કે ॥ ચા૦ ॥ ૪ ॥ દયાતણી પરીક્ષા ભણી, દેવે કીધાં હો નાનડિયાં બાળ કે ॥ ઘરાણાં બહુ પહેરાવીયાં, રમઝમ કરતાં હો આયાં સુકુમાળ કે ॥ ચા૦ ॥ ૫ ॥ છએ છોકરાં બોલ્યાં તિણે સમે, પાયે લાગી હો જોડી દોનું હાથ કે ॥ ॥ શાતા છે પૂજ્ય આપને, ખમાવું છું હો સ્વામી કૃપાનાથ કે ॥ ચા૦ ॥ ૬ ॥ પૃથ્વી પ્રાણી તેઉ વાયરો, વનસ્પતિ હો છઠું ત્રસ સ્વામ કે ॥ ગુરુને કહે છએ છોકરાં, માત તાત હો દીવાં મુજ નામ કે ॥ ચા૦ ॥૭॥ દયા પાળી છકાયની, નહીં કાંઇ હો દયામાં ભલીવાર કે ॥ પુણ્ય ને પાપમાં ફળ નહીં, છોકરાનાં હો લેઉં ઘરાણાં ઉતાર કે ॥ ચા૦ ॥૮॥ ગૃહસ્થને ધન વિણ નવિ સરે, પાને પડીયો હો મ્હારે મોકળો માલ કે ॥ પાતરાં ધનશું પૂરણ ભરી, મલકંતો હો ચાલ્યો મન ખુશીયાળ કે ॥ ચા૦ ॥ ૯ ॥ દયા વિણ દિલશું ગઇ, દેવે દીઠો હો ગુરૂયે કીધો અકાજ કે ॥ હું આજ મારગ આણશું, જો એહને હો હુશે આંખમાં લાજ કે ॥ ચા૦ ॥ ૧૦ ॥ એ બીજી ઢાળ પૂરી થઇ, ઋષિ રાયચંદ હો વળિ ભાંખે એમ કે ॥ ચતુરાઇ જુઓ ચેલા તણી, નિજ ગુરૂને હો ઠામ આણે છે કેમ કે ॥ ચા૦ ॥ ૧૧ ॥

॥ ढाल ३ जी. ॥

(ધર્મ આરાધીએ એ દેશી.)

રાય પડાવ વિકુર્વિયો એ, કિયા ઘણા નર નાર કે ॥ હાથી ઘોડા ઘણાએ, રથ પાળાનો નહી પાર કે ॥ પૂજ્ય પધારીયા એ ॥૧॥ એ આંકણી. ॥ ભૂપતિ વંદણ આવતા એ, સાથે નિજ પરિવાર કે ॥ પ્રદક્ષિણા દેઇ કરી એ, વંદે વારંવાર કે ॥ પૂજ્ય૦ ॥ ૨ ॥ મેંતો સામા વંદણ આવતા એ, મ્હારે પૂજ્યશું છે બહુ રાગ કે ॥

આપ આવી મિળ્યા એ, માહરાં મ્હોટાં ભાગ્ય કે ॥ પૂજ્ય૦ ॥ ૩ ॥ મેં દરશન દીઠો આપનો એ, મ્હારે હૂધડે વૂઠીયા મેહ કે ॥ મનવંછિત ફળ્યાં એ, આજ પાવન હુઇ દેહ કે ॥ પૂજ્ય૦ ॥૪॥ ઇણ દરશનને હું વારણે એ, વારંવાર હજાર કે ॥ સૂઝતો લીજીએ, વિવિધ પ્રકારનો આહારકે ॥ પૂજ્ય૦ ॥ ૫ ॥ ગુરુ કહે રાજન સુણો એ, તાહરે ધર્મશું રાગ કે ॥ આહાર વોહરણ તણો એ, માહરે નહીં તિલ ભાવ કે ॥ પૂજ્ય૦ ॥૬॥ ભાવ નહીં વોહરણ તણા એ, કયું કરો ખેંચતાણ કે ॥ હઠ નવિ કીજીએ એ, તુમે અવસર ના જાણકે ॥ પુજ્ય ॥૭॥ વળતા ભૂપતિ ઇમ કહે એ, જોડી દોનું હાથ કે ॥ હઠ લીધો ઘણો એ, કિમ ખેંચો એ વાત કે ॥ પૂજ્ય૦ ॥ ૮ ॥ દેવે ચરિત્ર દેખાડીયો એ, ત્હારે હુવો ભિક્ષાનો કાળ કે ॥ મધ્યાન હુઇ ગયો એ, રૂચતાં લીજે રોટી દાળ કે ॥ પૂજ્ય૦ ॥૯॥ આ દ્રાક્ષનો ધોવણ ભલો એ, પૂરો ભરી લ્યો પાત્ર કે ॥ મીઠાઇ લીજીએ એ, પીવા લ્યો મિસરી જાત કે ॥ પૂજ્ય૦ ॥ ૧૦ ॥ ગુરૂને વિણ વહોરાવીયાં એ, મ્હારે જમણનો છે નેમ કે ॥ કાઢો પાતરાં એ, તુમો ઝોળી ન ખોલો કેમકે ॥ પૂજ્ય૦ ॥ ૧૧॥ તુમે મુજ ઝોળી પકડ રહ્યા એ, એ નહિ જોરાવરનો કામ કે ॥ કિમ વહોરાવશો એ, મ્હારે નિશ્ચે નહીં પ્રણામ કે ॥ પૂજ્ય૦ ॥૧૨॥ તુમે તો શ્રાવક મોટકા એ, મુજને લીધો ઘેર કે ॥ જાવણ દિયો નહીં એ, હું હુઇ ગયો મણનો શેર કે ॥ પૂજ્ય૦ ॥૧૩॥ મેં શ્રાવક ઘણા દેખીયા એ, ઉત્તમ ક્ષેત્ર મઝાર કે ॥ હઠ દીઠી નહીં એ, એહવી ઇણહિજ ઠાર કે ॥ પૂજ્ય૦ ॥૧૪॥ પૂજ્ય સુણો તુમે પાથરા એ, માંડો પાત્રજ એહ કે ॥ ઢિલ નવિ કીજીએ એ, ઉલ્લશે માહરો દેહ કે ॥ પૂજ્ય૦ ॥૧૫॥ પ્રશ્ન ૫ ઉત્તર એટલા એ, ત્રીજી ઢાળ મઝાર કે ॥ ઋષિ રાયચંદ કહે એ, આગેં સુણો અધિકાર કે ॥ પૂજ્ય૦ ૧૬ ॥

॥ ઢાલ ૪ થી. ॥

(આદિ જિણંદ મયા કરો એ દેશી.)

સામા સામી રે ખેંચતાં, ઝોળી ખુલ્લ ગઈ નીક ॥ ગુરાં જી ॥ પાત્રાં માંહે ઘરાણાં ભરયાં, તતક્ષણ રાયે દીઠ ॥ ગુરાંજી ॥ થેં ઘરાણાં કઠેસું લાવીયા ॥૧॥ એ આંકણી. ॥ કહો થારા મનરા વાત ॥ ગુ૦ ॥ થેં વેષ લજાયો લોકમાં, કહો કિહાં લગેં જાત ॥ ગુ૦ ॥ થેં૦ ॥૨॥ વળતાં

રાય રાણી કહે, અમે પુત્રનાં માય તાય ॥ ગૂ૦ ॥ ઘરાણાં જાવે તો આ ઘડી, પિણ બાળક દ્યોને બતાય ॥ ગૂ૦ ॥૩॥ રાય રાણી કહે રોવતાં, મ્હારા સુતના કાંઇ હવાલ ॥ ગૂ૦ ॥ જળિ જાવે મુજ કાળજું, દેખું નહી જો બાળ ॥ ગૂ૦ ॥૪॥ વેગે મુજને બતાય દ્યો, હૈડું મ્હારૂં કુમળાય ॥ ગૂ૦ ॥ થેં છાના કડે ગોપવ્યા, જીવ મ્હારો બળી જાય ॥ ગૂ૦ ॥૫॥ જીવતા હોય તો જોઇ લેઊં, મુઆ હોય તો દેઉં દાગ ॥ ગૂ૦ ॥ ગુરુ આંખો મીચી રહ્યા, આવી લાજ અથાગ ॥ ગૂ૦ ॥૬॥ જો ધરતી ફાટી પડે, તો પેસી જાઊં પાતાળ ગૂ૦ ॥ મ્હોટો અકારજ મેં કીયો, મારયાં નાનડિયાં બાળ ॥ ગૂ૦ ॥૭॥ દેવે મનમાં વિચારીયો, હજુ ગુરૂમાં છે લાજ ॥ગૂ૦॥ લાજથી મારગ આવશે, લાજે સુધરશે કાજ ॥ ગૂ૦ ॥૮॥ અરિહંત સિદ્ધ મુનિ ધર્મનાં, ચિંતવે શરણાં ચાર ॥ ગૂ૦॥ અબ ઇણિ વેળાને વિષે, આપ તણો આધાર ॥ ગૂ૦ ॥૯॥ સમજાવણને કારણે, ચોથી ઢાળે ચરિત્ર અનેક ॥ ગૂ૦ ॥ ઋષિ રાયચંદ કહે સાંભળો, આગેં ચેલા તણો વિવેક ॥ ગૂ૦ ॥૧૦॥

॥ દોહો ॥

વાડી ફુલી જયું બાગમેં, ગુરુ હુઆ ભય ભ્રાંત ॥ દેવે મનમાં જાણીયો, આવો મિળ્યો અબ તાંત ॥૧॥ તવ શહુ માયા સમેટને, સાધુરૂપ બનાય ॥ મત્થેણવંદામિ મુખ કહી, ઊભો સન્મુખ આય ॥૨॥ આપ એતા કિહાં અટકિયા, કાંઈ દીઠો મારગ માંય ॥ ગુરૂ કહે નાટક નિરખિયો, એક પલક પગ ઠાય ॥ ૩ ॥ પલક કહો કિણ કારણે, નાટક પડયો છ માસ ॥ દેખો સૂરજનો માંડલો, જોવો હ્રદય વિમાસ ॥૪॥ ઇમ કહી દેવ અદૃષ્ય થયો, ગુરૂ ચિંતે તેણિ વાર ॥ અહો કોઇક છળ ઊપન્યો, કહેતાં વાત વિચાર ॥ ૫ ॥

॥ ઢાલ ૫ મી. ॥

(કોય લો પરવત ધુંધલો રે લાલ. એ દેશી.)

રૂપ કિયો દેવતા તણો રે લાલ, કરી ઋદ્ધિ વિસ્તાર હો ॥ ગૂરાં જી ॥ ધર્મ તણાં ફળ એ સહી રે લાલ, શંકા મ કરો લગાર હો ॥ ગૂ૦ ॥ સમકિતમાં સેંઠા રહો રે લાલ ॥૧॥ એ આંકણી ॥ હું ચિત્ત વલ્લભ ચેલો પુજ્યનો રે લાલ, ઉપન્યો સરગ મઝાર હો ॥ ગૂ૦ ॥ જઘન્ય પદ દેવતાતણો રે લાલ, ઉત્કૃષ્ટો મોક્ષ સાર હો ॥ ગૂ૦ ॥ સ૦ ॥૨॥ રાખો અરિહંત વચણની આસતા રે લાલ, ટાળો સમ-

કિત દોષ હો ॥ ગૂ૦ ॥ સરગ નરક સત્ય જાણજો રે લાલ, કર્મ ખપાયાં હુવે મોક્ષ હો ॥ ગૂ૦ ॥ સ૦ ॥૩॥ હું સંયમ પાળી હુઓ દેવતા રે લાલ, રત્નજડીત વિમાન હો ॥ ગૂ૦ ॥ દોય હજાર વરસાં લગેં રે લાલ, એક નાટકનો પ્રમાણ હો ॥ ગૂ૦ ॥ સ૦ ॥ ૪ ॥ થેં નાટકમેં મોહી રહ્યો રે લાલ, હું મોહી રહ્યો તેમ હો ॥ ગૂ૦ ॥ હું તુમને ભૂલી ગયો રે લાલ, લાગ્યો નવલ સનેહ હો ॥ ગૂ૦ ॥ સ૦ ॥ ૫ ॥ સમકિતમેં સેઠા કિયા રે લાલ, કાઢ દિયો મિથ્યા સાલ હો ॥ ગૂ૦ ॥ ગુરૂશું ઓશિંગણ હુવો રે લાલ, હુવો જિનધર્મમેં લાલ હો ॥ ગૂ૦॥ સ૦ ॥૬॥ દેવપ્રતિબોધી ગયો રે લાલ, ગુરુએ લીધો સંયમ ભાર હો ॥ ગૂ૦ ॥ ચારિત્ર પાળી નિર્મળો રે લાલ, અવરને કિયો ઉપગાર હો ॥ ગ૦ ॥ સ૦ ॥૭॥ આષાઢભૂતિયે ભલીપરે રે લાલ, જિન મારગ દિયો દીપાય હો ॥ ગૂ૦ ॥ અંત સમય અણસણ કરી રે લાલ, મોક્ષ ગયા કર્મ ખપાય હો ॥ ગૂ૦॥ સ૦ ॥ ૮ ॥ આષાઢભૂતિ જિમ દઢ હુવો રે લાલ, તિમ રહેજો ચતુરસુજાણ હો ॥ ભવિક જન ॥ દર્શન પરીસહ જીતજો રે લાલ, જિમ પહોંચો નિરવાણ હો ॥ ભ૦ ॥ સ૦ ॥૯॥ ઉત્તરાધ્યયન બીજે કહ્યા રે લાલ, કથા માંહી અધિકાર હો ॥ ભ૦ ॥ તિણ અનુસારે મેં કિયો રે લાલ, ઋષિ રાયચંદ પર ઉપગાર હો ॥ ભ૦ ॥ સ૦ ॥ ૧૦ ॥ સમકિત દઢ પંચઢાળીયો રે લાલ, કહ્યા કથામેં જોય હો ॥ ભ૦ ॥ અન્યથા કોઈ હુઇ ગયો રે લાલ, મિચ્છામિ દુક્કડં મોય હો ॥ ભ૦ ॥ સ૦ ॥ ૧૧ ॥ પૂજ્ય જેમલજી પસાયથી રે લાલ, નાગોર શહેર ચોમાસ હો ॥ ભ૦ ॥ પંચઢાળિયો જોડયો જુગતિશું રે લાલ, સમક્તિ જ્યોતિ પ્રકાશ હો ॥ ભ૦ ॥ સ૦ ॥ ૧૨ ॥ સંવત અઢાર છત્રીશમાં રે લાલ, આસો વદિ દશમને દીન હો ॥ ભ૦ ॥ રાખે સમકિત નિર્મળું રે લાલ, તે જગ જાણો ધાય હો ॥ ભ૦ ॥ સ૦ ॥ ૧૩ ॥ ઇતિ. ॥

अथ श्री क्षमानी सज्झाय.

(ચાલો સખી વંદનને જઇએ. એ દેશી)

ક્ષમા કરો ક્રોધ દુરે ટાળી, ધરો ગુણ ગર્વને ગાળી ॥ ક્ષમા૦ ॥ ॥ ૧ ॥ એ આંકણી ॥ ક્ષમા સમ સુખ અવર નાંઇ, વૈર વિરોધ સવિ જાઈ ॥ અરિ પ્રણમે આવી ધ્યાઇ ॥ ક્ષમા૦ ॥ ॥ ૨ ॥ ક્ષમાએ ધ્યાન શુક્લ ધ્યાઇ, ક્ષપકશ્રેણિ ઉપસમ રસ ન્હાઈ ॥ કે નિરમળ જ્ઞાન કેવળ

પાઇ ॥ ક્ષમા૦ ॥ ૩ ॥ વચન રૂપ વજ્ર કાને પડશે, તોહી શીશ રીસ નહી ચડશે ॥ કરમ શત્રુ સનમુખ લડશે ॥ ક્ષમા૦ ॥ ૪ ॥ ક્ષમા શૂર વીર અરિહંતા, કઠોર પરીસહ જેણે જીત્યા ॥ કે ભવદુઃખ ભંજન ભગવંતા ॥ ક્ષમા૦ ॥૫॥ ક્ષમા વિના તપ જપ જે કરશે, ફોગટ તે ભૂખ સહી મરશે ॥ ક્ષમા વિના કાજ નહી સરશે ॥ ક્ષમા૦ ॥ ૬ ॥ ક્ષમા કરે જે જગમાં શૂરા, ઉપગારી આર્જવ ગુણ પૂરા ॥ પ્રગટે તસ પુણ્યના અંકુરા ॥ ક્ષમા૦ ॥ ૭ ॥ પરદેશી ગજઋષી રાયા, મેતારજ ખંતિ દિલ આયા ॥ ખંધક શિષ્ય સુખ અનંત પાયા ॥ ક્ષમા૦ ॥૮॥ અયવંતી મેલી તનુ માયા, જંબુક વિદારી કાયા ॥ ઉપસર્ગ શુભ મને સહિયા ॥ ક્ષમા૦ ॥ ૯ ॥ ખમાવી આતમ શુદ્ધ કીજે, તો આ પણ કાજ સકળ સીઝે ॥ સજ્જન સહુ સમતા રસ પીજે ॥ ક્ષમા૦ ॥૧૦॥ ક્ષમા છે ભવ ભવ સુખકારી, સુણી જે ધરશે નરનારી ॥ તાસ વદનો પર જાઉં વારી ॥ ક્ષમા૦ ॥ ૧૧ ॥ ખોડીદાસ શીખ હૈયે ધરશે, ક્ષમાદિક ધર્મને આચરશે ॥ વેગે તે શિવરમણી વરશે ॥ ક્ષમા૦ ॥૧૨॥

अथ श्री दीवानुं ढीढालियुं

॥ ढाल १ ली. ॥

દશ ધારો દીવો કહ્યો એ, સુત ઠાણાંગની માંય ॥ ભવિક જન સાંભળો રે ॥ નામ કહું હવે તેહનાં એ, સાંભળો ચિત્ત રાખી ઠાય ॥ ભવિક૦ ॥ ૧ ॥ એ આંકણી. ॥ પુરવ પશ્ચિમ બે કહિએ, ઉત્તર દક્ષિણ તેમ ॥ ભ૦ ॥ ચાર ખુણા બીજા કહ્યા એ, ઉંચી નીચી દશ દિશિ એમ ॥ ભ૦ ॥ ૨ ॥ દીવે પડે રે પતંગિયાં એ, પાપ લગે બહુ નેઠ ॥ ભ૦ ॥ કોઇક ચોટે છે કોડીએ એ, કોઇક બળે દીવા હેઠ ॥ ભ૦ ॥ ૩ ॥ કોઈક દીવે પડવા ગયા એ, કોઈ ઝપલાય છે ઝાળ ॥ ભ૦ ॥ એવું જાણી દયા પાળજો એ, એ થઈ પહેલી ઢાળ ॥ ભ૦ ॥ ૪ ॥

॥ ढाल २ जी. ॥

એક ઇંદ્રિયને કારણે, મ્હોટો માંડયો દીવાનો પાસ ॥ અજ્ઞાની તો ઊંધી ગયો, માંહે જીવ બળે છે નિરાશ ॥ અજ્ઞાની, દીવો બળે સારી રાત ॥ ૧ ॥ એ આંકણી. ॥ એક અજ્ઞાની ઇમ કહે, મ્હારે પડયો દીવાનો અભ્યાસ ॥ સોડ ઢાંસી પોતે સુઈ રહ્યો, માંહિ જીવ બળે છે ભાય ॥ અ૦ ॥૨॥ એક અજ્ઞાની ઇમ કહે, મને નાવે અંધા

રે ઊંઘ ॥ પોતે તો સુખે સુઇ રહ્યો, માંહી ઘણા બળે છે પતંગ ॥ અ૦ ॥ ૩ ॥ જળચર થળચર ખેચર થયો, તિહાં તો હતી અંધારી રાત ॥ ઉંદર કુળે રહેતો રાફડે, એતો વિસરી ગઇ સવિ વાત ॥ અ૦ ॥૪॥ ન્હાના મચ્છર દીવે પડે, જિમ ધાણી તડતડ થાય ॥ મ્હોટા મચ્છરને ફુદિયાં, તેને પીડા બહોળી થાય ॥ અ૦ ॥૫॥ દીવે મચ્છર ફુદાં પડે, તેનાં બળે મુખ આંખ ને પ્રાણ ॥ કાં જીવ જાણે એહનો, કે કાં જાણે શ્રી જગભાણ ॥ અ૦ ॥૬॥ આંખો બળે પોતાતણી તે, તો ખટકે સરવે દેહ ॥ પર પીડાને જાણે નહી, અજ્ઞાનીનાં લક્ષણ એહ ॥ અ૦ ॥ ૭ ॥ દશ પ્રાણજ તાહરે કહ્યા, મચ્છર દાને ફુદાને પ્રાણ આઠ ॥ પ્રાણ વ્હાલા સહુ કોઇને, પ્રાણ જીવતણો આધાર ॥ અ૦ ॥ ૮ ॥ પારધીએ માંડયો વન પાસલો, ઘેર માંડયો દીવાનો પાસ ॥ એ હતો જીભનો લોલપી, એને ઇંદ્રિય તણો સવાદ ॥ અ૦ ॥ ૯ ॥ પાંચ ઇંદ્રિને કારણે, હમણાં કરે છે બહુજન પાપ ॥ પણ પછી કરશે ઓરતો, જ્યારે પડશે જમને હાથ ॥ અ૦ ॥૧૦॥ વીર કહે સુણ ગોયમા, ભારે કરમીને નવિ કરૂણાય ॥ હળુ કરમી હોય જીવડા, તેનાં હૈયાં તરત કુમળાય ॥ અ૦ ॥ ૧૧ જ્ઞાન રૂપી દીવા કરો, ધર્મ કરણીની કરો વાટ ॥ તપ રૂપી તેલ સીંચિયે, પછી અજવાળું આખી રાત ॥ અ૦ ॥ ૧૨ ॥ સંવત અઢાર પંચાશિયે, ગામ ગોંડળ કિયો રે ચોમાસ ॥ ઋષિ મૂળચંદજી ઇમ કહે, એતો દીવાતણી સજ્ઝાય ॥ અ૦ ॥ ૧૩ ॥ ઇતિ. ॥

॥ अथ श्री उपदेशी सज्झाय. ॥

(રાગ ઠુમરી.)

બિગરી કૌન સુધારે, નાથ બિન બિગરી કૌન સુધારે ॥ શાસન નાયક સબ ગુન લાયક, વીતરાગ જિનરાયા રે ॥ દાયક ખાયક સમ્મત સુહંકર, તારક બિરૂદ ધરાયા રે ॥ ભલા તારક૦ ॥ બિગરી કૌન સુધારે, નાથ બિન બિગરી કૌન સુધારે ॥૧॥ એ આંકણી ॥ સાધ સરોષી હુવો ચંડકોશી, પન્નગ પરમ દુઃખદાઇ રે ॥ ડંક દિયો તબ પ્રભુ પ્રતિબોધ્યો, દિયો સ્વર્ગ સુખદાઈ રે ॥ ભલા દિયો૦ ॥ બિગરી ॥૨॥ સતિ સુકુમાળા ચંદનબાળા, પગમેં જડ દિયા તાળા રે ॥ દીન દયાળા સંકટ ટાળ્યાં, કર દિયા ઝાકઝમાળા રે ॥ ભલા કરદિયા૦ ॥ બિગરી૦ ॥ ૩ ॥ ઇંદ્રભુતિ અન્ય મત મેલીને, જિન-

सें बाद मचाया रे ॥ मनके संशय मेट दिया तब, गणधर पदवी पाया रे ॥ भला गणधर० ॥ बिगरी० ॥ ४ ॥ मगधदेश नरनाथ नगीनो, नियम व्रत विहुीनो रे ॥ श्रेणीक नृपकुं निज पद दिनो, आप बरोबर कीनो रे ॥ भला आप० ॥ बिगरी० ॥ ५ ॥ अर्जुनमाळी करत संहारी, षट नरने एक नारी रे ॥ प्रभु उपगारी कर्म विदारी, कर दियो बेवो पारी रे ॥ भला कर दियो० ॥ बिगरी० ॥ ६ ॥ संयमसें चळ चित्त भयो तब, परभव बात सुनाई रे ॥ मेघकुमरको मन थिर कीनो, जातिस्मरण उपाइ रे ॥ भला जाति०॥ बिगरी० ॥ ७ ॥ आजीवक मतमें अधिकारी, कुंभकार सकडाळो रे ॥ स्वामी सान्निध्ये समकित पायो, त्याग दियो गोशाळो रे ॥ भला त्याग० ॥ बिगरी० ॥८॥ भयो दद्दूर दर्शनकुं वामी, निज पुष्करणी नंदा रे ॥ तिर्यंच भवमें तारयो प्रभुजी, सुर हुवो सुखकंदा रे ॥ भला सुर० ॥ बिगरी० ॥९॥ श्रेणिक नृप अरू चेलणा राणी, वीर वंदनकुं आयांरे ॥ अद्दभुत रूप दंपतिको देखी, संयम चित्त चळाया रे ॥ भला संयम० ॥ बिगरी० ॥ १० ॥ श्रमण श्रमणिये कियां नियाणां, तप संयम फळ हारी रे ॥ केवळ दिनकर सब जन सुखकर, दिया निदान निवारीरे ॥ भला दिया० ॥ बिगरी० ॥११ कया तारीफ करूं साहिबकी, सदगुण सायर भरिया रे ॥ खोडिदास करजोडी जंपे, जीव अनंत उद्धरिया रे ॥ भला जीव० ॥ बिगरी० ॥१२॥ ईति० ॥

॥ अथ श्री स्त्रीना अवगुणनी सज्झाय.

धन्य जे पुरूष नारी तजे, जाउं हुं तेहने बलिहारि रे ॥ शियळ गुणे रंगे रमे, तेहनी गति मोक्षदुवार रे ॥ धन्य० ॥१॥ ए आंकणी. नारी कुड कपटीनी कोथळी, नारी विषया ते सर्पनी भारि रे ॥ नारी मोहतणी छे वेलडी, नारी स्नेह तणी करनार रे ॥ धन्य० ॥२॥ वारे वारे कोणिकने कहे, एक हार हाथीनी वात रे ॥ दश बांधव नरके गया, ए तो नारीतणा अवदात रे ॥ धन्य० ॥३॥ एक हार हाथीने कारणे, मांडयो न्हानाथी जुद्ध रे ॥ जीव घणा नरके गया, ते तो नारी तणी ए बुद्ध रे ॥ धन्य० ॥४॥ एक पद्मावतीना वेणथी, मुआ एक क्रोड एंशीलाख रे ॥ पंचम अंगे तथा वळी, सूत्र निरयावळिकानी साख रे ॥ धन्य० ॥५॥ नारी नवनवा वेश बनावती, नारी पाडे नरकनो बंध रे ॥ नारी फळ देखाडे

દુર્ગતિ તણું, નારી પાપ પડળનો બંધ રે ॥ ધન્ય૦ ॥ ૬ ॥ લાખતણો નર અતિ ભલો, તે તો કોડી મુલ્ય વેચાય રે ॥ એક નારીના સંગથી, એ તો મરીને નરકે જાય રે ॥ ધન્ય૦ ॥ ૭ ॥ નારી એકણુને રીઝાવતી, એકણુશું કરતી સંગ રે ॥ નારી એકણુને લલચાવતી, નારી કરતી અતિ ઘણા રંગ રે ॥ ધન્ય૦ ॥૮॥ નારી રૂપતણી છે દીવડો, કામી નર તેહ પતંગ રે ॥ બ્રહ્મદત્ત ચક્રી નરકે ગયો, તે તો ભોગતણો કરિ સંગ રે ॥ ધન્ય૦ ॥ ૯ ॥ નારી અબળા નામ ધરાવતી, પણ સબળાને સમજાવે રે ॥ નારી હરિહર બ્રહ્મા સારિખા, તેને ધ્યાન થકી ચુકાવે રે ॥ ધન્ય૦ ॥૧૦॥ નારી મોહ તણી છે વેલડી, સુરીકંતા દેખો નામ રે ॥ જેણે ઝેર દિયો ભરતારને, નારી પાપ તણું છે ઠામ રે ॥ ધન્ય ॥ ૧૧ ॥ જુઓ શામારાણીના કેણુથી, ચારસેં નવાણું પરિવાર રે ॥ સિંહસેન રાજાએ બાળીયો, દુઃખ વિપાકે અધિકાર રે ॥ ધન્ય૦ ॥૧૨॥ રાણી કેકઇએ વર માગીયો, રાજા દશરથની પાસ રે ॥ ભરતને રાજ્ય અપાવિયું પછે રામ ગયા વનવાસ રે ॥ ધન્ય૦ ॥ ૧૩ ॥ સુરપનખા ચાડીયે ગઈ, રાજા રાવણની પાસ રે ॥ તેણે કરિ સીતા અપહરી, રાવણ લંકાતણો વિનાશ રે ॥ ધન્ય૦ ॥ ૧૪ ॥ જરાસંધની દીકરી, રાજા કંશતણે ઘર નાર રે ॥ જીવજસાના કેણુથી, થયો કુળતણો સંહાર રે ॥ ધન્ય૦ ॥૧૫॥ નારી સ્ત્રી રત્ન જાણીએ, ચોસઠ હજારમાં શિરદાર રે ॥ શાંતિ કુંથુ અરનાથે તજી, હું જાઊં તેહની બલિહારિ રે ॥ ધન્ય૦ ॥ ૧૬ ॥ નેમિનાથ જંબુએ તજી, તે તો ઉત્કૃષ્ટા બ્રહ્મચારિ રે ॥ ઇણ ભવમાં મુગતે ગયા, તેનો સુત્રે છે વિસ્તાર રે ॥ ધન્ય૦ ॥ ૧૭ ॥ જેવો રે રંગ પતંગનો, તેહવો નારીનો સંગ રે ॥ એવું જાણીને છોડજો, મુનિ માણેક કહે ઉચ્છરંગ રે ॥ ધન્ય૦ ॥૧૮॥ ઇતિ. ॥

॥ अथ श्री राजुलबावीशी. ॥

॥ દોહા. ॥

શાશન નાયક સમરિયે, ગણધર લાગું પાય ॥ રાજુલ બાવીશી કહું, તે સુણજો ચિત્ત લાય ॥૧॥ ચિત્ત ચળ્યો રહનેમિનો, દેખી રાજુલ રૂપ ॥ દૃષ્ટાંત દેઈ સમજાવિયો, પડતો દુર્ગતિ કૂપ ॥૨॥

॥ ઢાલ ૧ લી ॥

(પ્રહ ઉઠીને, સમરિયે, હો ભવિયણ મંગળિક શરણાં ચાર. એ દે.)

રાજીમતી ઇમ વીનવે હો મુનિવર મન ચળિયો તું ઘેર ॥ થોડા તે સુખને કારણે, હો મુ૦ કાંરે પડયો અંધ ઝેર ॥ સુણ સુણ સાધુજી, હો મુનિવર મન ચળિયો તું ઘેર ॥૧॥ એ આંકણી ॥ ચાર મહાવ્રત આદર્યાં હો મુ૦ મેરૂ જેટલો ભાર ॥ વમ્યાતણી વાંછા કરો, હો મુ૦ ધિક ત્હારો અવતાર ॥ સુણ૦ ॥૨॥ વૈરાગે મન વાળિને, હો મુ૦ લીધો સંયમ ભાર ॥ અબ કાયરપણું કાંઈ કરો, હો મુ૦ દેખિ પરાઇ નાર ॥ સુણ૦ ॥૩॥ રાજપંથને છોડીને હો મુ૦ ઉજડ પંથ મત જાય ॥ અમૃત ભોજન ત્યાગિને, હો મુ૦ કુક્ષા ખાય બલાય ॥ સુણ૦ ॥૪॥ ગજ સ્વારી છોડીને હો મુ૦ ખર ઉપર મત બેશ ॥ સ્વર્ગતણાં સુખ છાંડીને હો મુ૦ પાતાળે મત પેશ ॥ સુણ૦ ॥૫॥ ચંદન બાળી કોયલા કરે હો મુ૦ કાઠને અંબ બબુલ ॥ કુણ વાવે ઘર આંગણે, હો મુ૦ તાહરો કીશો મુલ ॥ સુણ૦ ॥ ૬ ॥ ઘેર ઘેર ફરતાં ગોચરી હો મુ૦ દેખશો સુંદર નાર ॥ હડનામા વૃક્ષની પરે હો મુ૦ ઘણો ઉઠાયો ભાર ॥ સુણ૦ ॥ ૭ ॥ વામ્યાતણી વાંછા કરે હો મુ૦ ગંધનકુળ મતિ હોય ॥ રત્નચિંતામણિ પાયને, હો મુ૦ કીચડમાં મત ખોય ॥ સુણ૦ ॥ ૮ અંધકવિશ્નુના પોતરા, હો મુ૦ સમુદ્રવિજયના પુત ॥ હું ભોજકવિશ્નુની પોતરી, હો મુ૦ ઉગ્રસેનની ધુય ॥ સુણ૦ ॥ ૯ ॥ કુળ મ્હોટો આપજ તણો હો મુ૦ જણ સામો તું જોય ॥ કામભોગને વાંછતાં, હો મુ૦ ભલો ન કહેશે કોય ॥ સુણ૦ ॥ ૧૦ ॥ ગોવાળ ભંડારી સારિખા હો મુ૦ હમાલ ઉઠાયો ભાર ॥ બોજ મજુરી અરથીયાં હો મુ૦ નહી માલ સરદાર ॥ સુણ૦ ॥ ૧૧ ॥ રૂપ ઘણાં નારી તણાં, હો મુ૦ વસ્ત્ર અને શણગાર ॥ દેખી દેખી સિદાવશોહો મુ૦ કોણ કહેશે અણગાર ॥ સુણ૦ ॥ ૧૨ ॥ મનગમતાં ઇંદ્રતણાં, હો મુ૦ સુખ વિલસાં ઘર આય ॥ તેહ થકી ન્યારા રહ્યા, હો મુ૦ ત્યાગી કહ્યા જિનરાય ॥ સુણ૦ ॥ ૧૩ ॥ આવે વૈશ્રમણ દેવતા હો મુ૦ નળ કુબેરની જાત ॥ સુપનામે વંછુ નહી, હો મુ૦ તાહરી કેટલી વાત ॥ સુણ૦ ॥ ૧૪ ॥ જિહાં તિહાં તુમે વિચરશો, હો મુ૦ નગરીને વળી ગામ ॥ સ્ત્રી દેખી ચિત્ત ડોલશો, હો મુ૦ નારી નરકનું ઠામ ॥ સુણ૦ ॥ ૧૫ ॥ સરવે સરખા નર

નહી, હો મુ૦ સરિખી નહિ સવિ નાર ॥ કેઇ ભુંડા ને કેઇ ભલા, હો મુ૦ ચાલ્યો જાય સંસાર ॥ સુણ૦ ॥ ૧૬ ॥ બ્રાહ્મી સુંદરી બેનડી હો મુ૦ સતિયોમાં શિરદાર ॥ કરણી કરી મુગતે ગઈ હો મુ૦ નામ લિયાં નિસ્તાર ॥ સુણ૦ ॥ ૧૭ ॥ તીર્થંકર બાવીસમા હો મુ૦ જે જગ મ્હોટા હોય ॥ બાળપણે તજી નીસર્યા હો મુ૦ બંધવ સામું જોય ॥ સુણ૦ ॥ ૧૮ ॥ નારી દુખની વેલડી હો મુ૦ નારી દુઃખની ખાણ ॥ કરણી કરો ચિત્ત નિર્મળી હો મુ૦ કહ્યું અમારૂં માન ॥ સુણ૦ ॥ ૧૯ ॥ વચન સુણી રાજુલ તણા હો મુ૦ મન દિયો ઠેકાણ આણ ॥ ધન ધન તું મ્હોટી સતી હો મુ૦ રાખ્યું મારૂં માન ॥ સુણ૦ ॥ ૨૦ ॥ એ દોય ઉત્તમ પ્રાણિયા, હો મુ૦ પામ્યા કેવળ જ્ઞાન ॥ કર્મ ખપાવી મુગતે ગયા હો, મુ૦ કીજે તેહનું ધ્યાન ॥ સુણ૦ ॥ ૨૧ ॥ સંવત અઢારસેં બાવને હો મુ૦ શ્રાવણ માસ મઝાર ॥ ઋષિ ચોથમલ પીંપાડમેં, હો મુ૦ શુદિ પંચમી મંગળવાર ॥ સુણ૦ ॥ ૨૨ ॥ ઈતિ૦ ॥

अथ श्री धर्मी अने पापीनी सज्झाय.

શ્રી જિનવરના પ્રણમે પાય, સઘળા પાતક દુર પલાય ॥ થિર સંપત થાએ સદા, દુઃખ દોહગ નવિ આવે કદા ॥ ૧ ॥ ધર્મી પરનિંદા પરિહરે, ધર્મી જીવદયા ચિત્ત ધરે ॥ ધર્મી તે પાળે જિન આણ, ધર્મી બોલે મીઠી વાણ ॥ ૨ ॥ ધર્મી તે જે કરે નિત ધર્મ, ધર્મી ન બોલે પરના મર્મ ॥ ધર્મી સહુને કરે ઉપગાર, ધર્મી કૂડ કપટ પરિહાર ॥ ૩ ॥ ધર્મી ન કરે ક્રોધ લગાર, ધર્મી ન ધરે મન અહંકાર ॥ ધર્મી માયા ન કરે કદા, ધર્મી ધર્મ કરે છે સદા ॥ ૪ ॥ ધર્મી સુણે સહગુરૂની વાણ, ધર્મી ગુરૂ મુખ કરે પચખાણ ॥ ધર્મી પાળે મન શુધ શીળ, ધર્મી લહે સદા સુખ લીલ ॥ ૫ ॥ ધર્મી જ્ઞાન અભ્યાસે સદા, ધર્મી પરને મુસે નવ કદા ॥ ધર્મી બોલે વિશ્વાવીશ, ધર્મી પૂરે સયળ જગીશ ॥ ૬ ॥ ધર્મી તે જે ઇંદ્રિય દમે, ધર્મી વચન સહુનાં ખમે ॥ ધર્મી પાળે સહુશું પ્રીત, ધર્મી બોલે કુળવટ રીત ॥ ૭ ॥ ધર્મી ન દિયે કોઇનો દોષ, ધર્મી ધરે સદા સંતોષ ॥ ધર્મી દિયે ભલો ઉપદેશ, ધર્મી મૂકે સયળ કલેશ ॥ ૮ ॥ ધર્મી ચાલે શુદ્ધ વ્યવહાર, ધર્મી કરે પાપનો પરિહાર ॥ ધર્મી રાગ દ્વેષ નવિ

ધરે, ધર્મી શુદ્ધ ક્રિયા અનુસરે ॥ ૯ ॥ ધર્મી જાણે અથિર સંસાર, ધર્મી મોહ કરે પરિહાર ॥ ધર્મી ન કરે કિણશું દ્રોહ, ધર્મી ધર્મ ચડાવે શોહ ॥ ૧૦ ॥ ધર્મી ષટદર્શનને દિયે, ધર્મી લખમી લાહો લિયે ॥ ધર્મી ધારે રૂડી બુદ્ધ, ધર્મી ચાલે મારગ શુદ્ધ ॥ ૧૧ ॥ ધર્મી રાત્રિ ભોજન તજે, ધર્મી તે ભગવંતને ભજે ॥ ધર્મી શત્રુ મિત્ર સમ ગણે, ધર્મી અષ્ટ કરમને હણે ॥ ૧૨ ॥—પાપીની હવે સુણજો વાત, પાપી કરે પરાઇ તાંત ॥ પાપી ભલું પરનું નવિ કહે, પાપી કૂટિલ સદા મન રહે ॥ ૧૩ ॥ પાપી પાંચ ઈંદ્રિય નવિ દમે, પાપી પાપમાંહી નિત રમે ॥ પાપી કરે સકળશું કૂડ, પાપી મુખ ઘાલે સહુ ધુડ ॥ ૧૪ ॥ પાપી ગુરૂનું ન માને કાર, પાપી કરે સદાય વિકાર ॥ પાપી ન દિયે કેહને દાન, પાપી પંચમાં ન દિયે માન ॥ ૧૫ ॥ પાપી પરછિદ્ર જોતો રહે, અણહુતીને હુતીજ કહે ॥ પાપીને નવિ હોવે લાજ, પાપી નાવે કેહને કાજ ॥ ૧૬ ॥ પાપી જાણે મનમાં ઈશો, જેહવો હું છું તેહવો તિશો ॥ પાપી જાણે હું છું જાણ, બીજાને નવિ જાણે જાણ ॥ ૧૭ ॥ પાપી ન જાણે સાધ અસાધ, પાપી કરે ઘણા અપરાધ ॥ પાપી માત પિતા નવિ ગણે, પાપી પંચેદ્રિંય જીવ હણે ॥ ૧૮ ॥ પાપી અધર્મ કરેય સદીવ, તેહ જાણીજે પાપી જીવ॥ પાપી દેવ ગુરૂ નિંદા કરે, પાપી દુર્ગતિમાં અવતરે ॥ ૧૯ ॥ પાપી અભક્ષ ન જાણે મુઢ, પાપી હૈયે સદા હોય દુષ્ટ ॥ પાપી પરસ્ત્રી રાતો દહે, પાપી નરક તણાં દુઃખ સહે ॥ ૨૦ ॥ પાપી ચાલે ભૂંડી ચાલ, પાપી હરે પરાયા માલ ॥ પાપી સાત વ્યસનમાં રમે, પાપી માન મહાતમ ગમે ॥ ૨૧ ॥ પાપીનાં એ લક્ષણ કહ્યાં, પંડિત જીભ સાચાં સદહ્યાં ॥ ઇમ જાણી ન કરો કોઇ પાપ, ભલી પરે જપો ભગવંતનો જાપ ॥ ૨૨ ॥ એ આતમશિક્ષા મન ધરે, પ્રાણી દુર્ગતિ નવિ અવતરે ॥ ચારુદત્ત વાચક ઇમ કહે, ધર્મ કરે તે શિવસુખ લહે ॥ ૨૩ ॥ ઇતિ. ॥

अथ श्री सात व्यसननी सज्झाय.

(કડખાની દેશી.)

વાર તું વાર તું વ્યસન સપ્તકભિદં, જીવ તું જોય મનમાં વિચારી ॥ દ્યુત માંસ સુરા વાર વનિતા વળી, ચોર મૃગયા પરકીય નારી

॥ વા૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ રૂપવંતી બહુ ગુણયુતા કુળવતી, સુત વતિ નિજ પતિ પ્રેમે લીધી ॥ એહ વાતના વ્યસનથી નિજ વસા, પરવશા તોય નળરાયે કીધી ॥ વા૦ ॥ ૨ ॥ માંસનાં વ્યસનથી વનમાંહિ હરિણલી, બાણે વેંધી પરાક્રમ વખાણે ॥ શ્રેણિક નરપતિ શ્રવણ પતિ ભક્તિ યુત, નરકે ગયો તે સહુ લોક જાણે ॥ વા૦ ॥ ૩ ॥ દ્વારકા દ્વારિકા સ્વર્ગ નગરી તણી, વાસિતા યાદવાપતિ મુરારી ॥ વિસ્તૃતા બાર જોયણ ધને પૂરતા, ચુરિતા તેહ દ્વૈપાયનારી ॥ વા૦ ॥ ૪ ॥ નયર વસંત વસંત બધવ સમો, વસતિ ધમ્મિલ જસ દ્રવિણ કોડી ॥ સકળ નિજ ગેહ સુખ છોડી વેશ્યાતણી, સંગતે પામિયો દુઃખ કોડી વા૦ ॥ ૫ ॥ ચોરિકા વ્યસનથી દુઃખ દુર્ગતિતણાં, ભાજન તેજના ભવનમાંહી, ॥ ચોર મંડુક હરી ચિત્રક પ્રમુખને, રાજદંડાદિ દુઃખ નરક પ્રાહીં ॥ વા૦ ॥ ૬ ॥ દુઃખનું ઘર થયો જેહ મૃગયા થકી, રાઘવો વનમાંહિ મેલી સીતા ॥ હરણને મારવા નિજ વસા હારવા, લંપટી રાવણે લીધી સીતા ॥ વા૦ ॥ ૭ ॥ વાસુદેવાર્દ્ધ સમ ઋદ્ધિસે નાયુતો, જાસ મહિ માંહી મહિમા વિરાજે ॥ પ્રબળ લંકાધિનાઠો પરસ્ત્રી થકી, નારકી તત્ર અદ્યાપિ ગાજે ॥ વા૦ ॥ ૮ ॥ એમ અનેક થયા એક વ્યસન થકી, દુઃખી થયા તે કહેવાય કેતું ॥ જેહને સાત વ્યસન હોય મોકળાં, તે લહે દુઃખ વળિ મેરુ જેતું ॥ વા૦ ॥ ૯ ॥ એમ જાણી કરી વ્યસનને વારિયે, ધારિયે ધર્મ વર વરિય નેહા ॥ સંયમે ધીર ગુરૂ ચરણ આરાધિયે, નય કહે જિમ લહિયે સુખ સમહી ॥ વા૦ ॥ ૧૦ ॥ ઇતિ૰ ॥

अथ श्री स्त्रीने शीखामणनी सज्झाय.

નાથ કહે તું સુણને નારી, શીખામણ છે સારી જી ॥ વચન તે સઘળાં વીંણી લેશે. તેહનાં કારજ સરશે ॥ શાણું થઇએ જી ॥૧॥ એ આંકણી॥ જાત્રા જોગરણ ને વિહવામાં, માતા સાથે રહીએ જી॥ સાસરીયામાં જળ ભરવાને, સાસુ સાથે જઇએ ॥શા૦ ॥૨॥ દિશા અંધારીને એકલડાં, મારગમાં નવિ જઇએ જી॥ એકલી જાણી આળ ચઢાવે, એવડં શાને કરીએ ॥શા૦ ॥૩॥ વહાણામાં વેલેરાં ઉઠી, ઘરનો ધંધો કરીએજી॥ નણંદ જેઠાણી પાસે જઇને, સુખ દુઃખ વાત ન કરીએ ॥ શા૦ ॥૪॥ ચોકામાં ચતુરાઇએ રહીએ, રાંધતા નવિ રમીએ જી ॥ સહુ કોને

પ્રસાદ કરાવી, પાછળ પોતે જમીએ ॥ શા૦ ૫ ॥ ગાંઠે પહેરી ઘરમાં રહીએ, બહાર પગ નવિ ભરીએ જી ॥ સસરા જેઠની લાજ કરીને, મોં આગળથી ટળીએ ॥ શા૦ ૬॥ છુટે કેશે શિર ઉઘાડે, આંગણામાં નવિ જઇએ જી ॥ પુરુષ તણો પડછાયો દેખી, મોં આગળ નવિ રહીએ ॥ શા૦ ૭ ॥ એકાંતે દીયરીયા સાથે, હાથે તાળી ન લઈએ જી ॥ પ્રેમ તણી જો વાત કરે તો, મોં આગળથી ખશીએ ॥ શા૦ ૮ ॥ આભરણ પહેરી અંગ શોભાવી, હાથે દર્પણ ન લઇએ જી ॥ પિયુડો જો પરદેશ સધાવે, તો કાજળ રેખ ન દઇએ ॥ શા૦ ॥૯॥ પીયુડા સાથે ક્રોધ ન કરીએ, રીસાઇ નવિ રહીએ જી ॥ છેયાં છારૂ છાકરડાંને, તાડન કદિય ન કરીએ ॥ શા૦ ॥૧૦॥ ઉજડ મંદિર માંહી કયારે, એકલડાં નવિ જઇએ જી ॥ એકલી જાણી આળ ચઢાવે, એવડું શાને સહીએ ॥ શા૦ ॥૧૧॥ ફિરિયલનારીનો સંગ ન કરીએ, તસ સંગે નવિ ફરીએ જી ॥ મારગ જાતાં વિચાર કરીને, ઉંડા પાવ ન ધરીએ ॥ શા૦ ॥૧૨॥ ઉદયરતન વાચક ઇમ બોલે, જે નર નારી ભણશે જી ॥ તેહનાં પાતક દુરે ટળશે, મુક્તિ પુરીમાં મળશે ॥ શા૦ ॥ ૧૩ ॥ ઇતિ. ॥

अथ श्री कुगुरुनी सज्झाय.

શુદ્ધ સંવેગી કીરિયા ધારી, પણ કુટિલાઇ ન મૂકે ॥ બાહ્ય પ્રકારે કિરિયા પાળે, અભ્યંતરથી ચૂકે ॥ જિણંદે કપટી કહિયા એહ, એહનું નામ ન લીજે ॥૧॥ એ આંકણી. ॥ રંગેલ કપડાં ખભે ધાબળી, કાખ દેખાડી બોલે ॥ તરુણી સુંદર દેખી વિશેષે, પુસ્તક વાંચવા બોલે ॥ જિ૦ ॥૨॥ પેંડા દેખી પડઘો કાઢે, પડઘા માન કરાવે, ॥ ખાજાં વહોરે ખાંત કરીને, પૂરીને વોશિરાવે ॥ જિ૦ ॥૩॥ જ્ઞાન વિષે ઉપદેશ દેઇને, સૂક્ષમ પરીગ્રહ રાખે ॥ એ કપટીનું નામ ન લીજે, ઇમ ઉત્સુત્ર જે ભાંખે ॥ જિ૦ ॥૪॥ તાળ કુટવા સાથે ચાલી, શ્રાવિકા છે દશ બાર ॥ યાત્રાને મિષ એણિપરે વિચરે, દુર રહ્યા આચાર ॥ જિ૦ ॥૫॥ પાશેર ઘીથી કરે પારણું, વળી ખાવે અધશેર ॥ તોહિ સાળા ઇણિપરે બોલે, ઉપવાસે આવે ફેર ॥ જિ૦ ॥૬॥ બગલાની પરે પગલાં માંડે, આડું ટેડું જુવે ॥ મહિલા સાથે બોલે મીઠું, સાધુ વેષ વિગોવે ॥ જિ૦ ॥૭॥ આચારાંગે વસ્ત્રનો ભાંખ્યો, શ્વેતને માનો પેતે ॥ તે તો મારગ દુરે મુક્યો, કપડાં રંગે હેતે॥ જિ૦

॥૮૬॥ બાજીગર જિમ બાજી ખેલે, ધીવરે માંડી જાળ ॥ સંવેગી સુધા મત જાણો, એ સહુ આળ જંજાળ ॥ જિ૦ ॥૯॥ ઊંચું ઘર અગોચર હોવે, માસકલ્પ તિહાં કીજે ॥ સુખશાતાયે પડિલેહણ ચાલે, સાધુ જન્મ ફળ લીજે ॥ જિ૦ ॥૧૦॥ રાત્રિ જગાવે મહિલા મળીને, ગાવે ગીત રસાળ ॥ ચાર કથાનાં કર્મજ બાંધે, મનમાં થઇ ઉજમાળ ॥ જિ૦ ॥૧૧॥ મધ્યાને મહિલાને તેડે, હસીને પુછે વાત ॥ અઠારમો ઉપધાન વહો તો, અમ તુમ મળશે ઘાત ॥ જિ૦ ॥૧૨॥ તવતે કામિની હસાને બોલે, સાચું કહો છો સ્વામ ॥ ગચ્છવાસી ગુરૂ આવી તે વઢશે, તવ તુમ જાશે મામ ॥ જિ૦ ॥૧૩॥ નીચું જોઇને ધણિ પરે ભાંખે, ભણવાનો ખપ કીજે ॥ ન્હાની વય છે હજીય તુમારી, એક એક ગાથા લીજે ॥ જિ૦ ॥૧૪॥ ચેટકની પરે પંથે ચાલે, શેહેરમાં નીચું જોવે ॥ ગડબડ ગાડાની પરે ચાલે, જિનશાસનને વિગોવે ॥ જિ૦ ॥૧૫॥ રૂમાલ પાઠાં રૂડાં વેચે, જુનાં હાથમાં ઝાલે ॥ તૃષ્ણા તોયે કિમહિ ન મુકે, વળિ જાણે કોઇ આલે ॥ જિ૦ ॥૧૬॥ છકાય જીવનો દાહ કરાવે, ઠામ ઠામ પાપ બંધાવે ॥ આંબિલ તપનું ઓઠું લેઇને, કાંઈ અમને વહોરાવે ॥ જિ૦ ॥૧૭॥ કદાગ્રહમાં પહેલાં વ્રતનો, એહને લાગે દોષ ॥ મૃષાવાદ તો પગ પગ બોલે, તેહનો ન કરો શોષ ॥ જિ૦ ॥૧૮॥ અદત્ત વસ્તુ અજાણ થઇને, સાધારણ સીરાવે ॥ ચોથા વ્રતની વાત મ્હોટી, તેહમાં કામ જગાવે ॥ જિ૦ ॥૧૯॥ વિધવા પાસે વિહવલ થઈને, કામ કુસંગી માગે ॥ વાયસની પરે મૈથુન સેવે, ચોથાવ્રતને ભાગે ॥ જિ૦ ॥૨૦॥ મૈથુન સેવે પરિગ્રહ માંહે, પ્રોઢાં પાતક બાંધે ॥ રાસભની પરે લોટયા હીંડે, વળી ઉધાડે ખાંધે ॥ જિ૦ ॥૨૧॥ છઠ અઠમાદી ને અઠાઇ, નામ ધરાવે તપશી ॥ મહિમા કારણ રાત્રે ખાવે, પ્રગટે તવ હોય હાંસી ॥ જિ૦ ॥ ૨૨ ॥ નગર પિંડોળિયા થઈને નિર્લજ, પાસત્થા થઇ બેસે ॥ ચોરાશી ગચ્છ વહોરી ખાવે, મ્હોટા ઘરમાં પેસે ॥ જિ૦ ॥ ૨૩ ॥ મુખે મુહપત્તિ રાખી બોલે, હાથે કરે છે ચાળા ॥ માંહો માંહે શાને સમજે, આંખે કરે છે ટાળા ॥ જિ૦ ॥ ૨૪ ॥ એ કપટીનો સંગ નિવારો, જેણે એ ભેખ વિગોયો ॥ ભેખ ઉત્થાપી મહા એ જુંડો, મનુષ્ય જન્મ ફળ ખોયો ॥ જિ૦ ॥ ૨૫ ॥ આદિ થકી અરિહંત આચારજ, ઉપાધ્યાય ને સાધુ ॥ ધોળે ભેખે સહુ ઇમ બોલે, વારૂને આરાધું ॥ જિ૦ ॥ ૨૬ ॥ મુળ પંથ મિથ્યાત્વે ચાલે, સમજતો

નહી લેશ ॥ જિનમતનો મારગ છાંડીને, કળહો કરે વિશેષ ॥ જિ૦ ॥ ૨૭ ॥ આપ મતીનો સંગ તજીને, સાધુ વચને રહીએ ॥ વાણી વાચક જસ ઇમ બોલે, જિન આજ્ઞા શીર ગહિયે ॥ જિ૦ ॥ ૨૮ ॥ ઇતિ. ॥

अथ श्री पांच पांडवनी सज्झाय.

હસ્તિનાપુર વર ભલું, જિહાં પાંડુરાજા સાર રે ॥ તસ ઘરણી કુંતા સતી, વળી માહેંદ્રી બીજી નાર રે ॥ વળિ૦ ॥ પાંડવ પાંચે વાંદતાં મન મોહેરે, મન મોહે મોહનવેલિ ॥ ત્રિજગમાંહે દીપતા અતિ સોહેરે ॥ ૧ ॥ એ આંકણી ॥ પાંચ પાંડવ કુંતાતણા, તેમાં જગત વિખ્યાત હોય રે ॥ પંચ સહોદર સારિખા, નળ કુબેર સરિખા હોય રે ॥ નળ૦ ॥ પાં ॥ ૨ ॥ એક દિન સ્થવિર પધારિયા, પાંચ બાંધવ વાંદવા જાય રે ॥ દેશના સુણી મન ગહગહ્યા, ભાઇ સમજ જાય છે આય રે ॥ ભાઇ૦ ॥ પાં૦ ॥ ૩ ॥ જિનવર ચક્રવતિ જે હુવા, સ્થિર ન રહ્યા કોઈ દેવ ભૂપ રે ॥ તન ધન જોવન કારમાં, સંસારનું વિષમ સ્વરૂપ રે ॥ સં૦ ॥ પાં૦ ॥ ૪ ॥ સંસાર માંહે પલેવડું, લાગ્યું તે કેમ ઓલાય રે ॥ જિનવર વાણી સીંચતાં, આપણાં ભવ ભવનાં દુઃખ જાય રે ॥ આ૦ ॥ પાં૦ ॥ ૫ ॥ પાંડવ પાંચે વિચારિયું આપણ લેશું સંયમ ભાર રે ॥ પુત્રને રાજ્ય સોંપી કરી, દ્રૌપદીશું કરે વિચાર રે ॥ દ્રૌ૦ ॥ પાં૦ ॥ ૬ ॥ દ્રૌપદી વળતું એમ કહે, અમે મેલશું સંસારનો પાસ રે ॥ કંથ વિના શી કામિની, મુજ ભલો નહી ઘરવાસ રે ॥ મુ૦ ॥ પાં૦ ॥ ૭ ॥ પાંચે આવી ગુરૂને કહે, અમે લેશું સંયમ ભાર રે ॥ માનવ ભવ અતિ દોહિલો, અમે પાળવો સંયમ સાર રે ॥ અ૦ ॥ પાં૦ ॥ ૮ ॥ ગુરૂ કહે પાંડવ સુણો, તુમે રાજપુત્ર સુકુમાર રે ॥ ચારિત્ર પંથ અતિ દોહિલો, તમે કેમ સહેશો ભૂપાળ રે ત૦ ॥ પાં૦ ॥ ૯ ॥ ઘર ઘર ભિક્ષા માગવી, વળિ હીંડવું ઘર ઘર બાર રે ॥ પાય અણવાણે ચાલવું, વાળ ચાલવું ખાંડાની ધાર રે ॥ વ૦ ॥ પાં૦ ॥ ૧૦ ॥ સંયમ મારગ આદરી, ઋષિ પાળે નિરતિચાર રે ॥ દોષ બેતાળીશ ટાળતા, સાધુ લે છે શુદ્ધ આહાર રે ॥ સા૦ ॥ પાં૦ ॥ ૧૧ ॥ તત તપે અતિ આકરા, માસખમણ મન રંગ રે ॥ જિહાં લગે નેમિને વાંદિયે, અભિગ્રહ કરિયો મન ચંગ રે ॥ અ૦ ॥ પાં૦ ॥ ૧૨ ॥

હસ્તિશીર્ષ પુર પધારિયા, પારણાનો દિવસ તે જાણ રે ॥ નગરમાં ફરતાં ગોચરી, સુણ્યું નેમિતણું નિર્વાણ રે ॥સુ૦॥પાં૦॥૧૩॥ આહાર વહોર્યો તે લેઈ વળ્યા, આવ્યા નિજ ગુરૂની પાસ રે ॥ ગુરૂને કહે અમે સાંભળ્યું, નેમી પહોંત્યા શિવપુર વાસ રે ॥ને૦॥પાં૦॥૧૪॥ અમ મનોરથ મનમાં રહ્યા, નવિ પહોંત્યા ગઢ ગિરનાર રે ॥ અહાર લેવો જુગતો નહિ, અમને અણસણ સાર રે ॥ અ૦ ॥ પાં૦ ॥ ૧૫ ॥ માસખમણનું પારણું, નવિ કીધું મુનિવર કોય રે ॥ અહાર પરઠવ્યો કુંભશાળીએ, પાંચે ચઢયા વિમળગિરિ હોય રે ॥ પાં૦ ॥ પાં૦ ॥૧૬॥ તિહાં જઈ અણસણ અનુસર્યું, પાદોપ ગમન સારરે ॥ શિલા ઉપર સંથારડો, ઋષિ પોઢયા જિમ વૃક્ષ ડાળરે ॥ઋ૦॥પાં૦॥૧૭॥ દોય માસની સંલેષણા, અંતે પામ્યા કેવળ સાર રે ॥ પાંડવ પાંચ મુગતે ગયા, તવ હુવો જય જયકાર રે ॥ત૦॥પાં૦॥૧૮॥ શ્રી હીરવિજયસુરી રાજીઓ, તપગચ્છ ઉદ્યોતકારરે ॥ કરજોડી કવિયણ ભણે, મુજ આવાગમન નિવાર રે ॥ મુ૦ ॥ પાં૦ ॥ ૧૯ ॥ ઇતિ. ॥

अथ श्री रावणने शीखामणनी सज्झाय.

(સિદ્ધચક્ર પદ વંદો, એ દેશી.)

સીતા હરિ રાવણ ઘર આણી, બોલે મંદોદરી વાણી ॥ અવર સતી જગ એહ સમાણી, નવિ દીઠિ નવિ જાણી રે ॥ રાવણ રામઘરણી કાં આણી ॥ એમ તુજ મતિ કાં મુઝાણી રે, રાવણ સીતા કાં ઘર આણી ॥ સીતા આણે થાશે ફજેતી, રહેશે જુગ જુગ વાણી રે ॥રા૦॥ રામ ઘરણી કાં આણી ॥ ૧ ॥ એ આંકણી ॥ સમકિત શુદ્ધ શિયળ ગુણખાણી, સિદ્ધ સમા મુખ વાણી ॥ સકળ સતી શિર મુકુટ કહાણી, દોહિલી એ દુહવાણીરે ॥રા૦॥સીતા૦॥૨॥ દશરથ નંદનની પટરાણી, માને ઇંદ્રિ ઇંદ્રાણી ॥ લંકાપતિ મૂકો ઉતાવળ, એહશું કરો મહેરબાની રે ॥રા૦॥સીતા૦॥૩॥ પરદારાશું પ્રીત પુરાણી, કરતાં ન રહે પાણી ॥ દુર્ગતિ આપે એહ કમાણી, બોલ્યા કેવળનાણી રે ॥ રા૦॥સીતા૦॥૪॥ શિયળ ગુણે સુરલોક ગવાણી, સમરે છે સુર વિમાની ॥ એહતણા ગુણ સૂત્ર સિદ્ધાંતે, કહો કિમ એહ હરાણી રે ॥રા૦॥સી૦॥ ૫॥ પાપ પરંપર પિશુશિળખાણી, રાધાવેધ વરાણી ॥ પતિવ્રતા વ્રત રંગે રંગાણી, કિમ તારયે નાવ કાણી રે ॥રા૦॥સી૦॥૬॥ તું છે પૂરણ

પુરૂષ પ્રમાણી, હું તુચ્છ મતિ તોલાણી ॥ પર રમણી લંપટ નહિ નિર્વાણી, કીર્તિ કમળા હલાણી રે ॥રા૦॥સી૦॥૭॥ કંથ કહો કુણ કુમતિ ઉપાઈ, સતી સીતા ન પીછાણી ॥ અથવા જે વિધિ લખિય લખાણી, તેહ કુણ ટાળે પ્રાણી રે ॥રા૦॥સી૦॥૮॥ અઠ્ઠોત્તરશો શોકયો વરાણી, એહ સમ કોઇ નવિ જાણી ॥ એમ આવે દુર્ગતિ ઉજાણી, એહ કોઇ નવિ પીછાણી રે ॥રા૦॥સી૦॥૯॥ શિયળ સબળ ગુણ, ગ્રંથ કહેવાણી, એહ વર ઉત્તમ વાણી ॥ જાઓ નિજ ઠામે મેલાણી, મીઠી સાકર ખાણીરે ॥રા૦॥સી૦॥૧૦॥ તું છે ન્યાયી વિભીષણ ભાઈ, જળનિધિ ખાઇ ભરાણી ॥ ધર્મે સખાઈયા ઠકુરાઇ, કાં હારે અભિમાનીરે ॥રા૦॥સી૦॥૧૧॥ ઠાર ભરાઇ જ્યોતિ ન થાઇ, શું ફૂંકે ઓલવાણી ॥ અંગ સકોમળ રામ વિયોગે, પોયણ જિમ કરમાણી રે ॥રા૦॥સી૦॥૧૨॥ આરાધો પરમારથ સાધો, એહ કમળા બ્રહ્માણી ॥ વિનયે કરીને વિઘ્ન ઓલાવે, જિમ હોય કુશળ કલ્યાણી રે ॥રા૦॥ સીતા૦॥૧૩॥ રાવણ કંત કહે સુણ કામીની, મુજ મન એહ ન સુહાણી ॥ કહે કેમ હારૂં બળ છે મ્હારૂં, પર દળ દેખી ડરાણી રે ॥ રાણી, તું કેમ મનમાં મુંઝાણી ॥૧૪॥ સતિય સીતાની નિરત ન જાણિ, કિમ લાભે સુપરાણી ॥ રામ લક્ષમણ છે મહાબળીઆ, સબળી ગોત ગોતાણી રે ॥ રાણી ॥ તું૦ ॥૧૫॥ રાવણ જીતી જગત્ર વદીતી, સાગર પાજ બંધાણી ॥ રામે ઘેર આણી ધણીયાણી, વિદ્યાચંદ વખાણી રે ॥રા૦॥સી૦॥૧૬॥ઇતિ.॥

अथ श्री देवानंदानी सज्झाय.

જિનવર રૂપ દેખી મન હરખી, સ્તનસે દુધ ઝરાયા ॥ ન ગૌતમકું ભયા અચંબા, પ્રશ્ન કરણકુ આયા ॥ ગૌતમ એ તો મેરી અમ્મા ॥૧॥ એ આંકણી ॥ તસ કુખે તુમ કાહુ ન વસિયા, કવણ કિયા ઇણ કમ્મા ॥ગૌ૦॥૨॥ ત્રિશલાદે દેરાણી હુતી, દેવાનંદા જેઠાણી ॥ વિષય લોભ કરી કાંઇ ન જાણ્યો, કપટ વાત મન આણી ॥ ગૌ૦॥૩॥ એસા શ્રાપ દિયા દેરાણી, તુમ સંતાન ન હોજ્યો ॥ કર્મ આગળ કોઇનું નહિ ચાલે, ઇંદ્ર ચક્રવર્તી જોજ્યો ॥ ગૌ૦ ॥ ૪ ॥ દેરાણીકી રત્ન ડાબલી, બહુળા રત્ન ચોરાયાં ॥ ઝઘડો કરતાં ન્યાય હુઓ તવ, તબ કછુ નાણાં પાયાં ॥ ગૌ૦ ॥ ૫ ॥ ભરતરાય જબ ઋષભને પુછે, એહસેં કોઇ જિણંદા ॥ મરિચી પુત્ર ત્રિદંડી તેરો, ચોવીશમો

જિણંદા ॥ ગૌ૦ ॥ ૬ ॥ કુળનો ગર્વ કિયો મેં ગૌતમ, ભરતરાય જબ વંદા ॥ મન વચન કાયાએ કરીને, હરખ્યો અતિ આણંદા ॥ગૌ૦॥ ૭॥ કર્મ સંયોગે ભિક્ષુકુળ પાયા, જનમ ન હોવે કબહુ ॥ ઇંદ્ર અવધિયે જોતાં અપહર્યો. દેવ ભુજંગમ બાંહે ॥ ગૌ૦ ॥ ૮॥ ત્રાશી દિન તિહાં કુણે વસિયો, હરણગમેષી જબ આયા ॥ સિદ્ધારથ ત્રિસલાદે રાણી, તસ કુખે છટકયા ॥ ગૌ૦ ॥ ૯॥ ઋષભદત્તને દેવાનંદા, લેશે સંયમ ભારા ॥ તવ ગૌતમ એ મુગતે જાશે, ભગવતી સુત્ર વિચારા ॥ ગૌ૦ ॥ ૧૦॥ સિદ્ધારથ ત્રિશલાદે રાણી, અચ્યુત દેવલોક જાશે ॥ બીજે ખંડે આચારાંગે, તે સુત્રે કહેવાશે ॥ ગૌ૦ ॥ ૧૧॥ તપગચ્છ શ્રી હીરવિજય સુરી, દિયો મનોરથ વાણી ॥ સકળચંદ પ્રભુ ગૌતમ પુછે, ઉલટ મનમાં આણી ॥ ગૌ૦ ॥ ૧૨ ॥ ઇતિ. ॥

अथ श्री नागेश्वरी ब्राह्मणीनी सज्झाय.

ચંપા નગરી સોહામણી રે લાલ, ભરત ક્ષેત્ર મોઝાર હો ॥ ભવિક જન ॥ સોમલ બ્રાહ્મણ તિહાં વસે રે લાલ, નાગેશ્વરી ઘરનાર હો ॥ ભ૦ ॥ સાધુને વહોરાવ્યું કડવું તુંબડું રે લાલ ॥ ૧ ॥ એ આંકણી ॥ કીધો ન મન વિચાર હો ॥ ભ૦ ॥ તેણે કાળે તેણે સમે રે લાલ, ધર્મઘોષ અણગાર હો ॥ ભ૦ ॥ સા૦ ॥ ૨ ॥ તેહના શિષ્ય અતિ દીપતારે લાલ, ધર્મરૂચી મુનિ રાય હો ॥ ભ૦ ॥ માસ માસ તપ આદરે રે લાલ, રહે ગુરૂની લાર હો ॥ ભ૦ ॥ સા૦ ॥૩॥ માસખમણને પારણે રે લાલ, લેઇ ગુરૂની આણ હો ॥ ભ૦ ॥ નાગેશ્વરી ઘર આવિયા રે લાલ, દીયો ઘણો સન્માન હો ॥ ભ૦ ॥ સા૦ ॥૪॥ તે તો ઘરમાં જઇને રે લાલ, હરખશું લાઇ ઉઠાઇ હો ॥ભ૦॥ કડવાં તુંબાંનો સાલણોરે લાલ, સવિ દીધો વહોરાય હો ॥ ભ૦ ॥ સા૦ ॥ ૫ ॥ અહાર પુરો જાણી કરી રે લાલ, આવ્યા ગુરૂજીની પાસ હો ॥ ભ૦ ॥ એહવો અહાર વચ્છ મત કરો રે લાલ, હોશે જીવ વિનાશ હો ॥ભ૦ ॥સા૦ ॥૬॥ અહાર લેઇ મુનિ ચાલિયારે લાલ, ગયા વહન મઝાર હો ॥ ભ૦ ॥ એક બિંદુ તિહાં પરઠવ્યો રે લાલ, હુવો જીવ સંહાર હો ॥ ભ૦ ॥ સા૦ ॥૭॥ એક બિંદુને નાંખવે રે લાલ, હુવો જીવનો વિનાશ હો ॥ ભ૦ ॥ જીવદયા મન ચિંતવીરે લાલ, કીધો સઘળો આહાર હો ॥ભ૦॥ સા૦ ॥૮॥ એક મુહુર્ત અંતરે

રે લાલ, પરિણમ્યો અહાર અસાર હો ॥ ભ૦॥ અતુલ વેદના ઉ-
પની રે લાલ, તુંબાતણો પ્રસાદ હો ॥ ભ૦ ॥સા૦ ॥૯॥ સંથારા
ગાથા પઢી કરી રે લાલ, ત્યાગ્યો સરવે અહાર હો ॥ભ૦॥ પાપ
અઢાર પચખી કરી રે લાલ, કાળ કિયો તેણિવાર હો ॥ભ૦ ॥સા૦॥
॥૧૦॥ સાધુ આણી મન ભાવના રે લાલ, ગયા અનુત્તર વિમાન
હો ॥ ભ૦ ॥ મહાવિદેહમાં જન્મશે રે લાલ, પામશે કેવળ જ્ઞાન
હો ॥ભ૦॥ સા૦॥ ॥૧૧॥ બ્રાહ્મણ સુણીને કોપીયો રે લાલ, નાગેશ્વ-
રીને દીધી કાઢ હો ॥ભ૦॥ સોળ જાતિના રોગ ઉપન્યા રે લાલ,
વેદના પીડી અપાર હો ॥ભ૦॥ સા૦॥ ૧૨ ॥ સાતે નરકમાં જઇ
કરી રે લાલ, રૂળી અસંખ્યાતો કાળ હો ॥ ભ૦ ॥ દુઃખ અનંતાં
પામિયાં રે લાલ, કર્મતણાં ફળ જાય હો ॥ભ૦॥ સા૦ ॥૧૩॥ શેઠ
તણે ઘેર અવતરી રે લાલ, ચંપા નગરી મઝાર હો ॥ભ૦॥ સુકુમા-
ળિકા નામે ભલી રે લાલ, રૂપે રંભા અવતાર હો ॥ ભ૦ ॥ સા૦ ॥
॥ ૧૪ ॥ શેઠ કુમરી પરણાવિયાં રે લાલ, કુમર અતિ સુકુમાળ
હો ॥ ભ૦॥ તત્કાળે છોડી ગયો રે લાલ, લાગી અગ્નિની ઝાળ
હો ॥ભ૦॥ સા૦ ॥ ૧૫ ॥ શેઠજી શેઠ ઘર આવીયા રે લાલ, ઓલં-
ભો દિયો તેણિવાર હો ॥ભ૦॥ વિણ અવગુણ કાંઈ પરી હરી રે
લાલ, તુમ મન કોણ વિચાર હો ॥ ભ૦ ॥ સા૦ ॥ ૧૬ ॥ શેઠજી પુત્રને
એમ કહે રે લાલ, તેં કીધું કાંઇ પુત હો ॥ભ૦॥ પાછા જાવો એ-
હને ઘરે રે લાલ, રાખો શેઠ ઘરસુત હો ॥ ભ૦ ॥ સા૦ ॥ ૧૭ ॥ પુત્ર
કહે પિતા સુણો રે લાલ, કહો તો બુડું જળમાંય હો ॥ભ૦॥ કહો
તો અગ્નિમાં બળી મરૂં રે લાલ, કહો તો પડું વૃક્ષ ચઢિ હો ॥ભ૦
॥સા૦॥૧૮॥ કહો તો ડુંગરથી પડી મરૂં રે લાલ, કહો તો હું
વિષ ખાઉં હો ॥ ભ૦ ॥ કહો તો ફાંસી દઈ મરૂં રે લાલ, કહો તો
પરદેશે જાઉં હો ॥ ભ૦ ॥ સા૦ ॥ ૧૯ ॥ કહો તો શસ્ત્ર ઘોચી મરૂં
રે લાલ, કહો તો લેઉં સંયમ ભાર હો ॥ભ૦॥ તાત વચન લોપું
નહી રે લાલ, પણ નહિ વંછું એ નાર હો ॥ભ૦॥ સા૦॥ ૨૦॥ શેઠ
સુણી ઘેર આવિયા રે લાલ, કુમરી ઉપર બહુ કોડ હો ॥ભ૦॥ દુમક
પુરૂષ અણાવિયો રે લાલ, તે પણ ગયો તેને છોડ હો ॥ ભ૦ ॥
સા૦ ૨૧ ॥ કુમરી મન ચિંતા થઇ રે લાલ, કાં સરજાઈ કિરતાર
હો ॥ભ૦॥ કીધાં પાપ મેં અતિ ઘણાં રે લાલ, ઉદય હુવાં ઇણિ-
વાર હો ॥ ભ૦ ॥ સા૦ ॥ ૨૨ ॥ દાન દેવા તિહાં માંડિયું રે લાલ,

દિન દિન પ્રત્યે પ્રભાત હો ॥ ભ૦॥ ગોવાળિકા સાધવી પધારિયાં રે લાલ, પુછે મનની વાત હો ॥ ભ૦ ॥ સા૦ ॥ ૨૩ ॥ કરજોડી વિનતી કરે રે લાલ, મુજશું કરો ઉપકાર હો ॥ ભ૦ ॥ મુજ ભરથાર વાંછે નહી રે લાલ, કાંઈ કરો ઉપચાર હો ॥ ભ૦ ॥ સા૦ ॥ ૨૪ ॥ એહ વચન તિહાં સાંભળી રે લાલ, સા કહે ધર્મ ઉપદેશ હો ॥ભ૦॥ ધર્મ સુણાવ્યો મોટકો રે લાલ, જેથી પામે સુખ અનંત હો ॥ભ૦॥ સા૦॥૨૫॥ ધર્મ કથા હેતશું સુણી રે લાલ, શ્રાવકનાં વ્રત બાર હો ॥ ભ૦ ॥ એ ધર્મ મુજને તારશે રે લાલ, એ સંસાર અસાર હો ॥ ભ૦ ॥ સા૦ ॥ ૨૬ ॥ અનુમતિ લેઇ પિતાતણી રે લાલ, લીધો સંયમ ભાર હો ॥ભ૦॥ ચાર મહાવ્રત ઉચર્યાં રે લાલ, રહે ગુરૂણીની લાર હો ॥ભ૦॥ સા૦॥ ૨૭॥ કરજોડી વિનંતી કરે રે લાલ, ઘો મુજને આદેશ હો ॥ભ૦॥ વનમાંહી કાઉસ્સગ કરૂં રે લાલ, લેશું આતાપના તેમ હો ॥ ભ૦ ॥ સા૦ ॥ ૨૮ ॥ ગુરૂણી વચન લોપી કરી રે લાલ, ગઇ બાગ મઝાર હો ॥ભ૦॥ છઠ છઠ તપ કાઉસ્સગ કરે રે લાલ, દીઠા છે ગણિકા નાર હો ॥ ભ૦ ॥ સા૦ ॥ ૨૯ ॥ ગણિકા દેખી નિયાણું કરે રે લાલ, પાંચે પુરૂષની નાર હો ॥ ભ૦ ॥ અધમાસની સંલેહણા કરી રે લાલ, બીજે સર્ગ અવતાર હો ॥ભ૦ ॥સા૦॥ ૩૦ ॥ નવ પળ આયુષ્ય ભોગવી રે લાલ, દેવા ગણિકા નાર હો ॥ ભ૦ ॥ દ્રુપદ રાજા ઘેર અવતરી રે લાલ, ચૂલણી કૂખે દ્રોપદી નાર હો ॥ભ૦ સા૦ ॥ ૩૧ ॥ પાંચ પાંડવ ઘેર ભારજા રે લાલ, હુઈ અતિ સુજાણ હો ॥ભ૦॥ સંયમ લેઈ સ્વર્ગે ગઇ રે લાલ. પછે જાશે નિર્વાણ હો ॥ ભ૦ ॥ સા૦ ॥ ૩૨ ॥ મહાવિદેહમાં સિદ્ધશે રે લાલ, પામશે કેવળજ્ઞાન હો ॥ ભ૦॥ પાંચે પાંડવ મુગતિ ગયા રે લાલ, પહોત્યા અવિચળ ઠાણ હો ॥ ભ૦ ॥ સા૦ ॥ ૩૩ ॥ ઇતિ. ॥

अथ श्री निंदावारकनी सज्झाय.

મ મ કર જીવડા રે નિંદા પારકી, મ મ કરજે વિપવાદ ॥ અવગુણ ઢાંકીરે ગુણ પ્રગટ કરે, મૃગમદ જિમ રે જવાપ ॥ મ મ ॥ ૧ ॥ એ આંકણી ॥ ગુણ છે પુરા રે શ્રી અરિહંતના, અવર દુજો રે કોય ॥ જગ સહુ ચાલે રે જિમ માદળ મઢ્યું, ગુણવંત વિરલો રે કોય ॥ ॥મ૦॥૨॥ પુંઠ ન સુઝે રે પ્રાણી આપણી, કિમ સુઝે પર પુંઠ ॥ મ-

રમને મોસો રે કહેનો ન બોલીએ, લાખ લહે બાંધી મુઠ ॥ મમ૦॥ ૩॥ રાગે દ્વેષે યે સ્વામી હું ભરચો, ભરિયો વિષય કષાય ॥ રીસ ઘણેરી ને મુજ મન ઉપજે, કિમ પામું ભવ પાર ॥મમ૦॥૪॥ સેવા કીજેરે સુધા સાધુની, વહિયે જિણવર આણ ॥ પરાણે જઇને રે તેહશું બોલીયે, જે હોય તત્વના જાણ ॥ મમ૦ ॥ ૫॥ જેહમાં જેટલા રે ગુણ હ્યો તેટલા, જિમ રાયણની રે કોળી ॥ સહજ કરો જીવ સુંદર આપણો, સહજ સુંદરના રે બોલ ॥ મમ૦ ॥ ૬ ॥

अथ श्री पांच इंद्रियोनी सज्झाय.

કાયા રૂપી બન્યો પાંજરો, તેમાં પાંચ ભુજંગનો વાસ ॥ તેહને છુટા મુકે થકે, કરે અતિશે વિનાશ ॥ હે મુરખો, ન મેલો ઇંદ્રિય મોકળી ॥ ૧ ॥ એ આંકણી ॥ જયોતે તે દીવો ઝળહરે, માંહી બળે રૂડાં ને પતંગ ॥ ચક્ષુતણો રસ લોલપી, બળે દીવા કેરે સંગ ॥ હે મુ૦ ॥ ૨ ॥ વીણા વજાવે વનમાં પારધી, જેની સુરતા વીણામાં જાય ॥ શ્રોતાતણો રસ લોલપી, મૃગનું બાણે શરીર વેંધાય ॥ હે મુ૦ ॥ ૩ ॥ જળમાં મ્હાલે રૂડી માછલી, તેની સુરતા તે લોટમાં જાય ॥ જિભ્યાતણો રસ લોલપી, તેનું ગળું કાંટે વેંધાય ॥હે મુ૦॥૪॥ સાંજ પડે ને રવિ આથમે, ભમરો જઇ બેઠો કમળને છોડ ॥ ઘ્રાણ તણો રસ લોલપી, ગજે લીધો કમળને તોડ ॥હે મુ૦ ॥૫॥ મયગળ માતો મદ ઝરે, તેની સુરતા હાથણીમાં જાય ॥ કામ તણો રસ લોલપી, પડે ખાડી માંય ॥ હે મુ૦ ॥ ૬ ॥ એક ઇંદ્રિય જેની વશ નાહ, તેહના એહ હવાલ ॥ પાંચ ઇંદ્રિયો જેની વશ નહિ, તેહના કવણ હવાલ ॥ હે મુ૦ ॥ ૭ ॥ પાંચ ઇંદ્રિય જેની વશ કરી, જાણી અથિર સંસાર ॥ તે પ્રાણી કર્મ ખપાયને, પહોત્યા કાંઇ મોક્ષ મોઝાર ॥ હે મુ૦ ॥ ૮ ॥ ઇતિ॰ ॥

अथ श्री अन्यत्व संबंधनी सज्झाय.

(ધન ધન સંપ્રતિ સાચો રાજા, એ દેશી.)

કેહનાંરે સગપણ કેહની માયા, કેહનાં સજ્જન સગાઇ રે ॥ સજ્જન વગર કોઇ સાથ ન આવે, આપે આપ કમાઇ રે ॥ કેહનાં૦

॥ ૧ ॥ એ આંકણી ॥ મ્હારૂં મ્હારૂં સૌ કહે પ્રાણી, ત્હારૂં કોણ સહાઇ રે ॥ આપ સવારથ સહુને વહાલો, કુણ સજ્જન કુણ માઇરે ॥ કેહનાં૦ ॥ ૨ ॥ ચુલણી ઉદરે બ્રહ્મદત્ત આયો, જુઓ માત સગાઇ રે ॥ પુત્ર મારણને અગ્નિજ કીધી, લાખનાં ઘર નિપજાઇ રે ॥ કે૦ ॥ ૩ ॥ કાષ્ટપંજર ઘાલીને મારે, શસ્ત્ર ગ્રહી દોડે ધાઇ રે ॥ કોણિકે નિજ તાતજ હણિયો, તો કિયાં રહી પુત્ર સગાઇ રે ॥ કે૦ ॥ ૪ ॥ ભરત બાહુબળ આપે લડીયા, આપ આપે સજ થઇ રે ॥ બાર વરસ સંગ્રામજ કીધો, તે કિહાં રહી ભ્રાત સગાઈ રે ॥ કે૦ ॥ ૫ ॥ ગુરુ ઉપદેશથી રાય પ્રદેશી, શુદ્ધ સમકિત પાઈ રે ॥ સ્વારથ વિણ સુરિકંતા નારી, માર્યો પિયુ વિષ પાઈ રે ॥ કે૦ ॥ ૬ ॥ નિજ અંગજનાં અંગજ છેદે, જુઓ રાહુકેતુ કમાઇ રે ॥ સહુ સહુને નિજ સ્વારથ વ્હાલો, કુણ ગુરૂ ને કુણ ભાઇ રે ॥ ૭ ॥ સુભુમ ફરસુ રામજ દોઈ, માંહે માંહે વેર બનાઇ રે ॥ ક્રોધ કરીને નરકે પહોત્યા, તો કિહાં રહી તાત સગાઇ રે ॥ કે૦ ॥ ૮ ॥ ચાણાકયે તો પર્વત સાથે, કીધી મિત્ર ઠગાઇ રે ॥ મરણ પામી તે મનમાં હરખ્યો, તો કિહાં રહી મિત્ર સગાઈ રે૦ ॥ ૯ ॥ આપ સ્વારથ સહુને વહાલો, કુણ સજ્જન કુણ માઇ રે ॥ જમરાજાનો તેડો આયો, ટગમગ જોવે ભાઇરે ॥ કે૦ ॥ ૧૦ ॥ સાચો શ્રી જિનધર્મ સખાઇ, આરાધો લય લાઇ રે ॥ દેવવિજયે કવિ શિષ્યનો ઇણિપરે, તત્વવિજય સુખદાઇ રે ॥ કે૦ ॥ ૧૧ ॥

अथ श्री विनंतीनी सज्झाय.

વીર સુણો મોરી વીનતી, વાત મનની હો કહું જોડી હાથ કે ॥ બાળકની પરે વીનવું મોરા સ્વામી હો, સુણો ત્રીભુવન નાથ કે॥ વીર૦ ॥૧॥ એ આંકણી ॥ તુમ દરશન વિણ હું ભમ્યો, મુજ સ્વામી હો ભવસમુદ્ર મઝાર કે ॥ દુઃખ અનંતાં મેં સહ્યાં, તે કહેતાં હો નવિ આવે પાર કે ॥ વીર૦ ॥ ૨ ॥ પર ઉપગારી તમે પ્રભુ, દુઃખ ભાગો હો જગ દીનદયાળ કે ॥ તેણે તુમ ચરણે આવીયો, સ્વામી મુજને હો નિજ નયણ નિહાળ કે ॥ વીર૦ ॥ ૩ ॥ અપરાધી પણ ઉદ્ધર્યો, કહું કેતા હો તોરા અવદાત કે ॥ સાર કરો હવે માહરી, મનમાંહીહો આણી મોરી વાત કે ॥ વીર૦ ॥ ૪ ॥ અવગુણી પણ ઉદ્ધર્યા, તે ઉપર હો કરિ કરૂણા સ્વામ કે ॥ પરમ ભગત હું તાહરો, તેને તારૂં હો

નહિ ઢીલનું કામ કે ॥ વીર૦ ॥ ૫ ॥ શુળપાણિ પ્રતિબુઝવ્યો, જેણે કીધો હો તુજને ઉપસર્ગ કે ॥ ડંક દિયો ચંડકોશીએ, તોયે દીધો હો તસ આઠમો સર્ગ કે ॥ વીર૦ ॥૬॥ ગોશાળે અવગુણ ઘણા, કીધા તોરા હો બોલ્યો અવરણવાદ કે ॥ તે બળતો તેં રાખીયો, શીતલેશ્યા હો મૂકી સુપ્રસાદ કે ॥વીર૦ ॥૭॥ એ કોણ છે ઇંદ્રજાળીયો, એમ કહેતો હો આયો તુમ તીર કે ॥ તે ગૌતમને તેં કીયો, પોતાનો હો કાંઇ તન વજીર કે ॥ વીર૦ ॥ ૮ ॥ વયણ ઉત્થાપી તાહરાં, જે જઘડયો હો તુજ સાથે જમાળિ કે ॥ તેહને પણ પંદરે ભવે, શિવગામી હો કીધો તેં કૃપાળ કે ॥ વીર૦ ॥૯॥ અઇમુત્તો ઋષિ જે રમ્યો, જળમાંહી હો બાંધી માટીની પાળ કે ॥ તરતી મેલી પાતરી તેં તાર્યો, હો તેહને તતકાળ કે ॥ વીર૦ ॥૧૦॥ બાર વરસ વેશ્યા ઘરે, રહ્યા મૂકી હો કાંઈ સંયમ ભાર કે ॥ તે નંદીષેણ ઉદ્ધર્યો, શિવપદવી હો દીધી તસ સાર કે ॥ વીર૦ ॥૧૧॥ પંચ મહાવ્રત પરિહરી, ઘરવાસે હો રહ્યો વર્ષ ચોવીશ કે ॥ તે પણ આર્દ્રકુમારને, તેં તાર્યો હો કાંઇ વીશવા વિશ કે ॥ વીર૦ ॥૧૨॥ રાય શ્રેણિક રાણી ચેલણા, રૂપ દેખી હો ચિત્ત ચુકયા જેહ કે ॥ સમવસરણ સાધુ સાધવી, તેં કીધા હો આરાધિક તેહ કે ॥ વીર૦ ॥૧૩॥ વ્રત નહી નહી આખડી, નહિ પોષધ હો વળિ નહી તસ દિખ્ખ કે ॥ તે પણ શ્રેણિક રાયને, તેં કીધો હો સ્વામી આપ સરીખ કે ॥ વીર૦ ॥૧૪॥ એમ અનેક છેં ઉદ્ધરયા, કહું કેતા હો તોરા અવદાત કે ॥ સાર કરો હવે માહરી, મનમાંહી હો આણી મોરી વાત કે ॥ વીર૦ ॥ ૧૫ ॥ સંયમ શુદ્ધ પળે નહી, નહી તેવું હો મુજ દર્શન જ્ઞાન કે ॥ પણ આધાર છે એટલો, એક તાહરો હો ધરૂં નિશ્ચય ધ્યાન કે ॥ વીર૦ ॥ ૧૬ ॥ મેહ મહીતળે વરસતો, નવિ જોવે હો તેહ ઠામકુઠામ કે ॥ ગિરુઆ સહજે ગુણ કરે, સ્વામી સારો હો મુજ વંછિત કામ કે ॥ વીર૦ ॥૧૭॥ તુમ નામે સુખ સંપદા, તુમ નામે હો જાવે દુઃખ દૂર કે ॥ તુમ નામે વંછિત ફળે, તુમ નામે હો નિત્ય આનંદ પૂર કે ॥ વીર૦ ॥ ॥ ૧૮ ॥ કળશ ॥ ઈમ નગર જેસલમેર મંડન, વીર જિન ચોવીશમો ॥ શાસન નાયક સિંહ લંછન, સેવતાં સુરતરૂ સમો ॥૧૯॥ જિનચંદ ત્રિશલા માત નંદન, સકળચંદ કળા નિલો ॥ વાંચનાર્યે સમય સુંદર, શુણ્યો ત્રિભુવન ગુણ તિલો ॥ ૨૦ ॥ ઇતિ ॥

શતાવધાની પંડિતશ્રી રત્નચંદ્રજી કૃત પદો વીર પ્રભુની સ્તુતિ વિષે.

રાગ માઢ—ગુણવંતી ગુજરાત એ લય.

જયવંતા પ્રભુવીર, હમારા જયવંતા પ્રભુવીર;
શાસન નાયક ધીર, હમારા જયવંતા પ્રભુવીર. એ ટેક,
શાસ્ત્ર સરોવર સરસ આપનું, તત્ત્વ રસે ભરપૂર;
તેમાં ન્હાતાં તરતાં નિત્યે, શુદ્ધ થાય અમ ઉર. હમારા૦ ૧
સાત્ત્વિક ભાવે જેહ પ્રકાશ્યું, વાસ્તવિક તત્ત્વ સ્વરૂપ;
આસ્તિકતામાં રમિયે તેથી, આનંદ થાય અનૂપ. હમારા૦ ૨
આપ પ્રકાશિત જ્ઞાન બગીચે, ખીલ્યાં છે બહુ ફૂલ;
સુગંધિવાયુની સરલ લહેરથી, અમે થઇએ મશગુલ. હમારા૦ ૩
આપ વિશાલ વિચાર ભૂમિયે, ઉછર્યાં કલ્પ અંકુર;
રસ ભર તેનાં ફલ ચાખીને, રહેશું આપ હજુર. હમારા૦ ૪
નામ આપનું નિશદિન પ્યારૂં, રમી રહ્યું અમઉર;
તેની ખાતર પ્રાણ અર્પવા, અમે છીયે મંજુર. હમારા૦ ૫
માર્ગ બતાવા અમ ઉપર જે, કર્યો મહા ઉપકાર;
અર્પણ કરિએ સર્વ તથાપિ, થાય ન પ્રત્યુપકાર. હમારા૦ ૬
ચરણ આપના શરણ હમારે, મરણ જન્મ જાય દૂર;
લોભી ચાતક રત્નચંદ્ર જયમ, તમ દર્શન આતૂર. હમારા૦ ૭

ધનની તૃષ્ણા ન રાખવા વિષે.

"અરે શું માનવનું અભિમાન એ રાગ."

ધરે શું ધનનું નિશદિન ધ્યાન, કલ્પના કરી કરીરે;
ધારણા ધરી ધરી રે. એ ટેક.
જાણે તું મુજ સાથ આવશે, આ આરે ખરે;
પણ આખર પસ્તાવો થાશે, આમાંરે ખરે. ધરે શું૦ ૧
હાથી રથો સાથી હવેલી સાહેબી જેની હતી;
કરતાં હજારો હાથ જોડી માનથી જેને નતિ,
દોલત દમામ તમામ હામો કામ જેને લાગતી;
અંતે ગયા તે હાથ ઘસતા ચાલી ના એકે રતિ. ધરે શું૦ ૨

સ્વચ્છતા મનની ગુમાવી કામ બદનામી કરી,
રે જીંદગી દુષિત બનાવી સત્યતાને પરહરી;
લાખો કદાપિ મેળવી તેમાં તું શું મલકાય છે,
જોતો નથી વિષ વૃક્ષ કેરા, મૂલિયા રોપાય છે. ધરે શું૦ ૩
ધનતરંગના રંગ ક્ષણિક આ જોતો શું નથી,
અનંત ભોગનો ભંગ પલકમાં જોતો શું નથી, ધરે શું૦ ૪
સંતોષ સુખનો લેશ પણ ધન કલેશમાં દીઠો નહીં,
તૃષ્ણા તણા તણખાથી શાન્તિ ભસ્મીભૂત બને સહી;
રે ! માનવી બહુ મૂલ્ય છે આ રત્ન તારા હાથમાં,
ફેંકીશ નહીં તેને કદી લોભીજનોના સાથમાં. ધરે શું૦ ૫

समय न गुमाववा विषे.

" મન તું ગમાર થામાં " એ રાગ.

ભૂલ તો હવે તું ખામાં, વીરને વિસારી જામાં, એ ટેક. પામી બહુ વાર વેલા, ખેલ તો ખેલ્યા અખેલા ॥ કામ તેં કર્યાં નકામાં, વીરને૦ ॥ ભૂલ॥ ॥ ૧ ॥ શાન્તિનો ભર્યો છે હોજ, મુકી તેની શાન્ત મોજ, ધૂમબાચકે મૂંઝામાં, વીરને૦ ॥ ભૂલ૦ ॥ ૨ ॥ દ્રાખ સ્વાદને વખોડી, લિમ્બોલીસું વૃત્તિ જોડી, કાક મેળમાં ગણામાં, વીરને૦ ॥ ભૂલ૦ ॥ ૩ ॥ વિષય વિલાસ વામી, કામનાને કાપ કામી, વાસના વશેં તણામાં, વીરને૦ ॥ ભૂલ૦ ॥ ૪ ॥ ધર્મ સાધનોને પામી, રંચ નહીં રાખ ખામી, ધમાધમમાંહિ ધામાં, વીરને૦ ॥ ભૂલ૦ ॥ ૫ ॥ સમય ચૂક જો કરી તેં, જાણ તું ડુબ્યો સરિતે, હવે બેવકુફ થામાં, વીરને૦ ॥ ભૂલ૦ ॥ ૬ ॥ લોભ લુંટારો ફરે છે, દીઠું દ્રવ્ય તે હરે છે, સાવધાન રહે ઠામાં, વીરને૦ ॥ ભૂલ૦ ॥ ૭ ॥ ધર્મ રત્નનો ખજાનો, રાખી સાથ તે મજાનો, મ્હાલ મોક્ષની મઝામાં, વીરને૦ ॥ ભૂલ૦ ॥ ૮ ॥

सत्संग करवा विषे.

" પહેરી ચોળી લટકો મટકો કરતાં આવ્યાં " એ રાહ.

ચેતી જોને ચાલ્યો સમય નહીં આવે, ગાફલ થઇને વેળા રખે તું ગમાવે, છે ભવાટવી આ મ્હોટી, ઉભા લુંટારા કોટી, લુંટી

લે જો ગાફલ થાવે ॥ ચેતી૦ ॥ ૧ ॥ સિંહ સાવજ મ્હોડાં ફાડી બેઠા છે પુંછ પછાડી, તેની મધ્યે ઉગરવા છે બહુ મુશ્કેલી, ગુરૂ ચરણે, શરણે જો બેઠો તું, તોજ ફાવે ॥ ચેતી૦ ॥ ૨ ॥ ગુરૂ શાસ્ત્રો શસ્ત્રો રાખે, નિર્ભય માર્ગ વલી દાખે, જ્યાં ચોરો નહીં કદિ બીવરાવે ॥ ચેતી૦ ॥ ૩ ॥ ત્રણ અમૂલ્ય રત્નો આપે, લાંબો રસ્તો ઝટ કાપે, તટ પ્હોંચાડી મોક્ષભૂમિયે થાપે, શીખ રત્ન, કરી યત્ન, માને જો, શુદ્ધ ભાવે ॥ ચેતી૦ ॥ ૪ ॥

वृद्धने शिखामण विषे.

" ઉર વાધે છે પરિતાપ, વચન તુઝ સાંભળીરે " એ રાગ.

થઈ આખર મૂરખ ચેત હવે અવસાનમાંરે, એ ટેક. જુવાનીની અંધ ચમકમાં, ગર્વની ટોંચે ચડયો તું ખલકમાં; પલક પલકમાં, રમિયો મદ મેદાનમાંરે ॥ થઇ૦ ॥ ૧ ॥ વનિતાને તું પરવશ પડિઓ, વિષયાતુર થઇને લડથડીઓ; સમય ખોઇ આથડિઓ વેશ્યા ગાનમાંરે ॥ થઈ૦ ॥ ૨ ॥ દોલત પામી દમામ ઘણેરો, રાખ્યો તેં કેવડા વા વડેરો; પાઇ ગણી તેં વેરો, સુકૃત દાનમાંરે ॥ થઇ૦ ॥ ૩ ॥ સળગાવ્યા હોકાને સગડી, ભાંગ ઘણી નિશદિન તેં રગડી; બુદ્ધિ તારી બગડી મદિરા પાનમાંરે ॥ થઈ૦ ॥ ૪ ॥ લટકે ચટકે પદ તું ધરતો, સત્ય વચન તો કદિ ન ઉચરતો; નર થઇ ફરતો જુગટીયાની જાનમાંરે ॥ થઇ૦ ॥ ૫ ॥ મારૂં મારૂં કરીને મરતો, નોકર પર બહુ રોષ તું ધરતો; ઉન્મત્ત થઇ વિચરતો, ધનના ધ્યાનમાંરે ॥ થઇ૦ ॥ ૬ ॥ હાટ હવેલી મહેલ બંધાવ્યો, અતિ ઉંડો પાયો નંખાવ્યો; નિજ પાયો ન વિચાર્યો, મદ મસ્તાનમાંરે ॥ થઇ૦ ॥ ૭ ॥ જુવાનીનો વખત ગુમાવ્યો, કેવલ અધ અંબાર કમાયો; ઘરડો તોય ગણાયો, છે સેતાનમાંરે ॥ થઇ૦ ॥ ૮ ॥ પહોર હવે પાછળનો આતો, અરધ ઘડી દિવસ છે જાતો; અસ્ત થતો દેખાતો, સ્હેજે ભાનમાંરે ॥ થઈ૦ ॥ ૯ ॥ અંત લગી માયા નવ છાંડી, ફુટ ફુટી કાચી તન હાંડી; મતિ થઇ ગાંડી રાંડી, પડયો નુકશાનમાંરે ॥ થઈ ॥ ૧૦ ॥ નરભવ ખોઈ નરકે પડશે, જમના હાથ સપાટે ચડશે; આંખ ઉઘડશે ત્યારે, સમજીસ શાનમાંરે ॥ થઇ૦ ॥ ૧૧ ॥ ઓગણીશ બાસઠ સાલ ઉલ્હાસે, આસ અષાઢે શુક્ર અમાસે, રત્ન પ્રકાશે પદ આ, રહીને થાનમાંરે ॥ થઇ૦ ॥ ૧૨ ॥

बार भावनायुक्त भावदीवाली.

"પુનમ ચાંદનીનો" રાગ.

ભવ્યો ભાવના ભાવીને ભવભય હરોરે, ઉત્તમ દિવાલી પરવ આવ્યું આજ. ભવ્યો. એ ટેક

સુખ સંપત ને સાહેબી ધન ધાન્ય અરૂ ધામ, છે ક્ષણભંગુર કારિમા, વનવાડી આરામ, એમ સૂચવે અનિત્યતા સરવે તણીરે, દીપશિખા વાયુ કંપી વારોવાર ॥ ભવ્યો૦ ॥ ૧ ॥ ફૂટાકિયો ફુટી જતાં, નહીં લાગે જેમ વાર, તેમ એક પલમાં છુટશે, સકલ સંબંધ વ્યવહાર, શરણ મરણ વેળાએ કોઇ નહીં થશેરે, રાખ્યો નહીં જો ધર્મ પર આધાર ॥ ભવ્યો૦ ॥ ૨ ॥ વ્યાપારી વહિવટ કરી, સરવૈયો કરે આજ, તેમ ભવમેળ તપાસીને, સાધી લ્યો નિજ કાજ, કાલ અનંતો કર્મને વશે થઇરે, ભમ્યા ભવાટવીમાં પામ્યા નહીં પાર ॥ ભવ્યો૦ ॥ ૩ ॥ જેમ બંદુકથી છુટતી, ગોલી એકલી જાય, તેમ અંતે આ જીવને, જવું ખરે બિન સ્હાય, ભવોભવમાંહિ અનંત સંબંધ કર્યારે, પણ થયો નહીં અંતે કોઈ સંઘાત ॥ ભવ્યો૦ ॥ ૪ ॥ ભાઇ ભગિનીને ભામની, માત તાત પરિવાર, નહિ તારા તું એહનો, મતલબના સૌ યાર, એમ જુદા થતા ભાગીદારો સૂચવેરે, ખરૂં અન્યત્વ ભાવનાનું સ્વરૂપ ॥ ભવ્યો૦ ॥ ૫ ॥ ક્ષણમાં જેના સંગથી, ઉત્તમ વિણશી જાય, સ્નાન વસ્ત્ર ધરણે કરી, તેહની શુદ્ધિ ન થાય, માંસ લોહીમય દેહમાં શું મોહી રહ્યારે, કરો યત્ન જેથી આત્મશુદ્ધિ થાય ॥ ભવ્યો૦ ॥ ૬ ॥ ભોજન નવનવલા જમે, પુણ્ય પ્રભાવિક શેઠ, રોગે પીડયો ભિક્ષુજન, કરે પેટની વેઠ, એહ આશ્રવના અધમફલ જાણી કરીરે, તમે રોકો આશ્રવ બેતાલીશ ભેદ ॥ ભવ્યો ॥ ૭ ॥ વીર પ્રભુ શાસન ધણી, પામ્યા પદ નિરવાણ, અતિ મંગલ દિન આજનો, કરો નિયમ પચ્ચખાણ, સંવર ભેદ સતાવન શાસ્ત્રમાં સમજાવિયોરે, જાણી પાલો આજે સંવર શુદ્ધ સ્વરૂપ ॥ ભવ્યો૦ ॥ ૮ ॥ બલતા દીપે તેલ જેમ, ક્ષણ ક્ષણ ઘટતું જાય, તેમ તપસ્યાના યોગથી, કર્મ નિર્જરા થાય, શુદ્ધ લેશ્યા શુદ્ધ પરિણામે ચઢિયા થકાંરે, સર્વ કર્મરજ બાળી મોક્ષ જવાય ॥ ભવ્યો૦ ॥ ૯ ॥ શરાવલાના યોગથી, લોક સ્વરૂપ નિરધાર, જોજન અસંખ્યાતનો પામે નહિ કોઈ પાર, એમાં સરસવ માત્ર શૂન્યસ્થાન રહ્યું નહીં રે,

જિહાં બાંધી હોય ન જન્મમરણની જાલ ॥ ભવ્યો૦ ॥ ૧૦ ॥ ભૂપતિ દેશ અઢારના આવ્યા પ્રભુજીની પાસ, વીરે ઉત્તમ બોધ જે, આપ્યો તેમને ખાસ, તેહ બોધ સુધારસ સ્વાદ તમે આજે લહોરે, જુવો તેથી કેવી ચિત્ત સમાધિ થાય ॥ ભવ્યો૦ ॥ ૧૧ ॥ સોલ પહોરના બોધમાં, ભાંખ્યું ધર્મ સ્વરૂપ, છોડી આલપંપાલને આરાધો તે અનૂપ, ધર્મ જહાજે બેસો તેહ તમોને તારશેરે, નક્કી માનો તેહ મંગલિક રૂપ ॥ ભવ્યો૦ ॥ ૧૨ ॥ સત્યશીલ રૂપ રંગથી, રંગો મનમંદીર, ધર્મ ધ્યાન રૂપ આસને, બેસો થઇને ધીર, જ્ઞાન દીપે કરી આતમને અજવાળજોરે, દયા ક્ષમા રૂપી હાંડી ઝુમર સાથ ॥ ભવ્યો૦ ॥ ૧૩ ॥ બાર ભાવના ભાવવા, મલી સામગ્રી આજ, ભાવો ભાવ દીવાલીને કરવા આતમ કાજ, ખેડાઇ ગામે ઓગણીશ એકસઠ દીવાલી દિનેરે, રચી રત્ન મુનિયે ભાવદીવાલી ખાસ ॥ ભવ્યો૦ ॥ ૧૪ ॥

पंडित महाराजश्री गुलाबचंदजी स्वामिकृत काव्यो अध्यात्म विषे.

" રાગ પીલુ. "

દેખો ખ્યાલ જગના એ અસ્થિર તમાસા, રહે પલ સ્થિર નહીં જ્યું પાણીમેં પતાસા, દેખો૦ ॥ એ ટેક ॥ દુઃખદાયી જાયા ધન રાચો નહીં તનવન, ચાલવું એકિલું અંતે છોડિ સબ આશા ॥ દેખો૦ ॥ ૧ ॥ સંધ્યા કેરો વાન જેમ આયુ છે અસ્થિર તેમ, તજી ક્રોધ સમતામાં કરલે નિવાસા ॥ દેખો૦ ॥ ૨ ॥ સિદ્ધાંતોને પઢી પઢી બાંધી છે કુમત મઢી, ચઢી ન સુમત વેલ્લી ગઢી વાદપાસા ॥ દેખો૦ ॥ ૩ ॥ ગણાયો ચતુરકથ બનાયો અનેક સથ્થ, તોહિ ન ટલત ભવ આવે મોયહાંસા ॥ દેખો૦ ॥ ૪ ॥ વ્યવહાર ખટપટ મોહ્યો દ્રવ્ય સુખ શઠ, શોધ્યું ન આતમમૂલ રાખી પરપ્યાસા ॥ દેખો૦ ॥ ૫ ॥ પરભાવપેખી બાજી થાય છે શું મન રાજી, ત્યાગી દે સત્વર ધર નિજઘર આશા ॥ દેખો૦ ॥ ૬ ॥ સંસારકો છોડી વાસ, પામે પદ અવિનાશ, ગુલાબકું એહિ બિન ઔર નહીં પ્યાસા ॥ દેખો. ॥ ૭ ॥

विनय विषे.

" જોબનીયાનો લટકો દહાડા ચારનો. " એ રાગ.

વિનય કરો મુનિ આતમ સુખને કારણે, વિનય ધર્મ જગ જિન શાસનનું મૂલ જો, વિનય થકી જીવ શિવલક્ષ્મી વેગે લહે, વિનય તજે તે થાય ધર્મ પ્રતિકૂલજો ॥ વિનય૦ ॥ ૧ ॥ શેલક રાજઋષિનો પંથકે પ્રેમથી, ત્રિવિધ યોગે સેવ્યો વિનય સુખ દાયજો, રાગ દ્વેષના તિક્ષણ બંધન છેદીને, થયા વેગે અક્ષય પુરિના રાયજો ॥ વિનય૦ ॥ ૨ ॥ ચક્રવર્તીનો દાસ પ્રથમ દિક્ષા લિયે, તો તેનો નવ ચૂકે વિનય નર દેવજો, સિંહાસને સ્થાપ્યો કદિ નૃપ વય નાનડો, તો પણ વૃદ્ધ પુરૂષ કરે તસ સેવજો ॥ વિનય૦ ॥ ૩ ॥ શિષ્યસ્વછંદી પાંચસો ગર્ગાચાર્યના, ગુરૂયે ત્યાગ્યા જાણ્યા ઘણા અવિનીતજો, સિંહગિરીના શિષ્યને નજરે જોઇને, શાનથી સમજી શિખ્યા રૂડી રીતજો ॥ વિનય. ॥ ૪ ॥ ઉત્તરાધ્યયનને દશવૈકાલિકે ભાંખિયો, વિનય ધર્મ બેહુ ધર્મ તણો આધારજો, વિનય આરાધ્યે આરાધિક પદવી લહે, વિરાધ્યે વિરાધક પદ નિરધારજો ॥ વિનય૦ ॥ ૫ ॥ અપરાધિ અવિનીત અજોગ આવિ મળે, શશી સમ શીતલ ગુરૂને પમાડે તાપ જો, ચંડગુરૂને શિષ્ય વિનિતજો સાંપડે, પામી પ્રસાદને ટાલે સર્વ સંતાપજો ॥ વિનય૦ ॥ ૬ વિનય થકી જપ તપ સંયમ વિદ્યા સવિ, વૃદ્ધિ પામે જેમ પશ્ચિમ રવિ છાંયજો, સર્વ ગુણોનું આદિ સ્થાનક વિનય છે, માટે ધરજો વિનયથી પ્રેમ સદાય જો ॥ વિનય૦ ॥ ૭ ॥ ઓગણીશે ચુમાલીશ સુંદર સાલમાં, વિનય પ્રશંસ્યો મુનિજનના હિતકાજજો, પૂજ્ય નથુજી સ્વામીના ગુલબાસની, શિક્ષા ધાર્યે થાય જગત શિરતાજજો ॥ વિનય૦ ॥ ૮ ॥

भावदीवाली.

" રાગ પીલુ. "

ભાવ ધરીને ધર્મ કરો નિત, દીવાલી પર્વ આવ્યું છે ઉછાંહી ભાવ ધ૦ ॥ એ ટેક ॥ રાય સિદ્ધાર્થ નંદન આયા, ઉદ્ધાર કરન પાવા પુરમાંહા, ॥ ભાવ ધ. ॥ ૧ ॥ હસ્તિપાલ રાજા અરજ ઉચારે, વિનતિ સ્વીકારો ચોમાસાની આંહી, ॥ ભાવ ધ૦ ॥ ૨ ॥ માની વીનતિ પ્રભુ રહ્યા ચોમાસુ, સદ્બોધ કરવા પ્રાણીને ત્યાંહી, ભાવ ધ૦ ॥૩॥ દેશ અ-

ઠારેના રાય સુણીને, પ્રભુ દર્શને આવ્યા છે ઉમાંહી, ॥ભાવ ધ૦॥૪॥ લશ્કર દેખી ગોધણ નાઠો, ધનતેરશ તિથી તેથી કહાઇ, ॥ ભાવ ધ૦ ॥ ૫ ॥ નર સુરવૃંદે નભ છવાયું, કાલીચઉદશ તિણ દિનથી ગવાઇ ॥ ભાવ ધ૦ ॥ ૬ ॥ ઠામ ઠામ દેવી દેવ પ્રભુતાઇ, વિસ્તર્યાથી દિવાલી શાસ્ત્રે લખાઇ, ॥ ભાવ ધ૦ ॥ ૭ ॥ સોલ પહોર લગે દેશના આપી, અંતે નિશ્ચલ ધ્યાન લગાઈ, ॥ ભાવ ધ૦ ॥ ૮ ॥ આશ્વિન્ અમાવાશ્યા પાછલી રાતે, મોક્ષ સિધાવ્યા શ્રીવીર જિનરાઇ, ॥ ભાવ ધ૦ ॥૯॥ નિર્વાણ મહોચ્છવ સુર નર કરીને, ગયા સૌ નિજ ઠામે મોં વિલખાઇ ભાવ ધ૦ ॥ ૧૦ ॥ માટે તિણ દિવસે ભાવ દિવાળી, કરવતા હોવે નિત્ય મંગલ ભાઇ ॥ ભાવ ધ૦ ॥ ૧૧ ॥ મનસ્વચ્છરૂપી વસ્ત્ર પહેરી, શીલ શણગારે શરીર શોભાઇ ॥ ભાવ ધ૦ ॥ ૧૨ ॥ જિન માર્ગરૂપ દેશમાં વિચરો, જ્ઞાનામૃત ભક્ષ્ય ભોજન ખાઇ ॥ ભાવ ધ૦ ॥ ૧૩ ॥ સમકિત દીવો કરમાં ધરીને, અજ્ઞાન તિમિર મુકો દૂર ઉડાઈ ॥ ભાવ ધ૦ ॥ ૧૪ ॥ લેશ માત્ર એ ભાવ દિવાલી, ગાઇ સંઘ હેતે દૃઢ મન ઠાઇ ॥ ભાવધ૦ ॥ ૧૫ ॥ કચ્છ અંજારે વીર ગુલાબે, દિવાલી જોડી પિલુ રાગ માંઇ ॥ ભાવ ધ૦ ॥ ૧૬ ॥

પ્રભુપ્રતિ સ્વદોષો પ્રકાશી અંતે વીર ન્હાવવા વિષે.

રાગ ગરબી "પ્રેમની પ્રેમની પ્રેમનીરે, મુને લાગી કટારી પ્રેમની" એ રાહ.

થાઉં છું થાઉં છું થાઉં છું રે, પ્રભુ તારો ગુન્હેગાર થાઉં છું ॥ એ ટેક ॥ શિવપદ દાતા તુંને વિસારી, મિથ્યા વિચારે તણાઉં છું રે ॥ પ્રભુ તા૦ ॥ ૧ ॥ આણા તારી કદિ શિર નવ ધારી, પ્યારી ગૌરીના ગુણ ગાઉં છું રે ॥ પ્રભુ તા૦ ॥ ૨ ॥ કાયા કનક અને કામની સંગના, ફંદમાં ફોકટ ફુલાઉં છું રે ॥ પ્રભુ તા૦ ॥૩॥ માત, ભગની સુત બંધુને માટે, અંધ થઈ કર્મે બંધાઉં છું રે ॥ પ્રભુ તા૦ ॥ ૪ ॥ દયા ધર્મ પંથ ઢોંગ ગણીને, ભ્રમની ભૂલમાં ભરમાઉં છું રે ॥ પ્રભુ તા૦ ॥ ૫ ॥ ડોલ ઉપરલો જગને દેખાડી, લાલચે હું લપટાઉં છું રે ॥ પ્રભુ તા૦ ॥ ૬ ॥ અજ્ઞાન પ્રેમમાં વાસ કરીને, ગોથા ખલકે ખોટા ખાઉં છું રે ॥ પ્રભુ તા૦ ॥ ૭ ॥ તારકદેવના નિયમને ત્રોડી, કર્મ કુહાડે કપાઉં છું રે ॥ પ્રભુ તા૦ ॥ ૮ ॥ અંતરજામિનું નામ વીસારી, જેના

તેના ગુણ ગાઉં હું રે ॥ પ્રભુ તા૦ ॥ ૯ ॥ જીવરાજ વીર ! ત્હારી હજુરે, આવવાને ઘણું ચ્હાઉં હું રે, વીર ? આવવાને ઘણું ચ્હાઉં હું રે ॥ પ્રભુ તા૦ ॥ ૧૦ ॥

विहार करती वखते श्रावकोने शिखामण आपवा विषे.

" ઓધવજી સંદેશો કેજો શામને " એ રાગ

શ્રાવકજી સહુ જૈનમાર્ગ અજવાલજો, વૈર વિરોધી કારણ કરીને દૂરજો, પ્રેમ ધરીને નિત્ય નિયમ વ્રત પાલજો, અરિહંતનું રાખી સમરણ ઉરજો ॥ શ્રા૦ ॥ ૧ ॥ શ્રવણ કરેલી શિખ સદા સંભાળજો, ગુણગ્રાહક ગુણવાન બની ગંભીરજો, અવગુણ અંતર ઘટડાના અલગા કરી, પવિત્ર થઇને પામો ભવજલ તીરજો, ॥ શ્રા૦ ॥ ૨ ॥ ઇંદ્રતણા સુખ અનેક વખતે પામિયા, ભારે પામ્યા રાજ્ય લક્ષ્મી ભંડારજો, પરમ પ્રકાશક પરમ પંથ નવ પામિયા, પામ્યા નહીં કદિ સમદૃષ્ટિ સુખકારજો, ॥ શ્રા૦ ॥ ૩ ॥ કાલ અનંતો આથડીયા અજ્ઞાનમાં, જન્મ મરણનાં ખમિયાં દુઃખ અપારજો, કોઇક સારા સુકૃતના સંયોગથી, આર્યકુલમાં પામ્યા નર અવતારજો ॥ શ્રા૦ ॥ ૪ ॥ પરિહરજો તમે પરિચય પાપી લોકનો, સદ્‌ગુણીયલ સજ્જનનો કરજો સંગજો, દોષ રોષ દુઃખદાયકને દૂરે કરી, ભવહર પ્રભુને ભજજો ધરી ઉમંગજો ॥ શ્રા૦ ॥ ૫ ॥ વિષયવાસના વિકથા વહેમ વિસારજો, અંતરઅરના વિષથી પામી વિરામજો, સત્ય શીલના સુંદર ધરી શિણગારને, પાપ તાપ તજી પામો અવિચલ ધામજો ॥ શ્રા૦ ॥ ૬ ॥ મરતાં સુધિ પણ મિથ્યા વચન ન બોલવું, ઉદાર બનીને કરજો પર ઉપકારજો, કજીયા કલેશ કુસંપ કદિ કરવા નહિં, સદ્‌ગુરૂની સંગતનો એ છે સારજો ॥ શ્રા૦ ॥ ૭ ॥ ધામ ધરા સંપત્તિ સ્વપ્ન સમાન છે, વિનાશ થાતાં ક્ષણ નવ લાગે વારજો, માટે મિથ્યા સ્વરૂપ તજી મનડા થકી, ભાવિક થઇને ભજજો ભય હરનારજો ॥ શ્રા૦ ॥ ૮ ॥ સદ્‌ગુરૂનો સદ્‌બોધ સ્મરણમાં રાખજો, પવિત્ર પંથે કરજો નિત્ય પ્રયાસજો, વિષમ દશા અંતરની સહુ અલગી કરી, ગુલાબચંદ્ર વૈરાગે કરી વાસજો ॥ શ્રા૦ ॥ ૯ ॥

अथ श्री गजसुकुमालनुं ढीढालियुं.

॥ ढाल १ ली ॥

સરસતિ સમરૂં શારદારે, પભણું સુગુરૂ પસાય ॥ ગજસુકુમાળ ગુણે ભર્યા રે, ઉલટ અંગ સવાય ॥ મોરા જીવન, ધર્મ હૈયામાં ધાર ॥૧॥ એ આંકણી ॥ દીપે નગરી દ્વારિકાં રે, વસુદેવ નરપતિ ચંદ ॥ શ્રી કૃષ્ણ રાજ્ય કરે તિહાં રે, પ્રગટયો પૂનમ ચંદ ॥ મો૦ ॥૨॥ ન્યાયવંત નગરી ધણી રે, બળિયો બળભદ્ર વીર ॥ કોઈ કળા ગુણે કરી રે, આપે અતિ મન ધીર ॥ મો૦ ॥ ૩ ॥ સ્વામી નેમિ સમોસર્યા રે, સહસા વન મોઝાર ॥ બહુ પરિવારે પરિવર્યા રે, ગુણ મણિના ભંડાર ॥ મો૦ ॥ ૪॥ વંદન આવ્યા વિવેકથી રે, કૃષ્ણાદિક નર નાર ॥ વાણી સુણાવે નેમિજી રે, બેઠી પર્ષદા બાર ॥ મો૦ ॥ ૫ ॥ ગજસુકુમાળ ગુણે ભર્યા રે, આવ્યા વંદન એહ ॥ વિનય કરીને વાંદીયારે, ત્રિકરણ કરીને તેહ ॥ મો૦ ॥૬॥ દે દેશના પ્રભુ નેમિ જી રે, આ છે અથિર સંસાર ॥ એક ઘડીમાં ઉઠ ચલે રે, કોઇ નહીં રાખણહાર ॥ મો૦ ॥ ૭ ॥ વિધ વિધ કરીને વીનવું રે, સાંભળો સહુ નર નાર ॥ ॥ અંતે કોઇ કેહનું નહીં રે, આખર ધર્મ આધાર ॥ મો૦ ॥ ૮ ॥ સ્વામીની વાણી સાંભળી રે, ગજસુકુમાળ ગુણવંત ॥ વૈરાગ્યે મન વાળિયું રે, આણવા ભવનો અંત ॥ મો૦ ॥ ॥૯॥ આવ્યા ઘેર ઉતાવળા રે, ન કર્યો વિલંબ લગાર ॥ માતા મુજ અનુમતિ દિયો રે, લેશું સંયમ ભાર ॥ મો૦ ॥ ૧૦ ॥

॥ ढाल २ जी ॥

કહે માતા કુમારને રે લાલ, સાંભળો ગજસુકુમાર રે ॥ પ્રવીણ પુત્ર ॥ દીક્ષા દુક્કર પાળવી રે લાલ, તું છે ન્હાનો બાળ રે ॥ પ્ર૦ ॥ અનુમતિ હું આપું નહિ રે લાલ ॥ ૧ ॥ એ આંકણી ॥ સાંભળો સુત સુખ ભોગવો રે લાલ, મણિ માણેક ભંડાર રે ॥ પ્ર૦॥ સુખ ઇહાં છે સુણો હાથમાં રે લાલ, તુમે પરિહરો કવણ પ્રકાર રે ॥ પ્ર૦ ॥ અ૦ ॥૨॥ ચાર મહાવ્રત કહ્યાં નેમિજી રે લાલ, મોંઘાં મૂલ્ય જેવાં હોય હો ॥ મોરી માત ॥ નાણું દિયે તે નહીં મળે રે લાલ, સુણ્યા અવલ મુજ એહ હો ॥ મો૦ ॥ દિયો અનુમતિ દીક્ષા લઉં રે લાલ ॥૩॥ સાંભળો સુત સંયમ ભણી રે લાલ, પંચ પારાધી

જેહરે ॥ પ્ર૦ ॥ આઠ કરમ આવી નડે રે લાલ, તેહને તું કેમ જીતેશ રે ॥ પ્ર૦ ॥ અ૦ ॥૪॥ મન નિર્મળ નાળે કરૂં રે લાલ, જ્ઞાનના ગોળા જેહ હો ॥ મો૦ ॥ ઉપસર્ગ અગ્નિ દારૂ દિયું રે લાલ, ઉડાડી દઉં એહ હો ॥ મો૦ ॥ દિ૦ ॥૫॥ ચાર ચોર અતિ આકરા રે લાલ, લોંઠા લૂંટી જાય રે ॥ પ્ર૦ ॥ દશ દુશ્મન વળી તાહરા રે લાલ, આડા દેવે ધાય રે ॥ પ્ર૦ ॥ અ૦ ॥ ૬ ॥ એમ ખજાનો માહરોરે લાલ, લૂટયો કેણે ન લુટાય હો ॥ મો૦ ॥ શિયળ સેના સુધી કરૂંરે લાલ, મ્હારા દુશ્મન દુરે જાય હો ॥ મો૦ ॥ દિયો૦ ॥ ૭ ॥ મોહ મહિપતિ જે મોટકો રે લાલ, ધીરજ કેમ ધરીશ રે ॥ પ્ર૦ ॥ જાલમ એ જુગને નડે રે લાલ, તેહને તું કેમ જીતીશ રે ॥ પ્ર૦ ॥ અ૦ ॥ ૮ ॥ કોમળ મન કબાનથીરે લાલ, ભાવ ભાથો ભરપૂર હો ॥ મો૦ ॥ ત્રિકરણ મન તીરજ કરૂંરે લાલ, મોહ મહિપતિ કરૂં દુર હો ॥ મો૦ ॥ દિયો૦ ॥ ૯ ॥ ભોજન ભલિ ભલિ ભાતનાં રે લાલ, સુખડી સાતે ભાતરે ॥ પ્ર૦ ॥ સરસ નિરસ આહાર આવશે રે લાલ, તે ખાશો કેમ કરી ખાંત રે ॥ પ્ર૦ ॥ અ૦ ॥ ૧૦ ॥ સમકિત સાતે સુખડી રે લાલ, મન થિર મોતીચુર હો ॥ મો૦ ॥ ગગનગાંઠીયા જ્ઞાનના રે લાલ, ભાવ ભલો ભરપૂર હો મો૦ ॥ દિયો૦ ॥ ૧૧ ॥ સોવન થાળ સોહામણો રે લાલ, શાળ દાળ ઘૃત ગોળ રે ॥ પ્ર૦ ॥ સરણે ભોજન મન માનતાં રે લાલ, ઉપર મુખ તંબોળરે ॥ પ્ર૦ ॥ અ૦ ॥ ૧૨ ॥ કંચન થાળી કાચલી રે લાલ, સમતા શાળ ઘૃત ગોળ હો ॥ મો૦ ॥ સરસ ભોજન સંતોષનાં રે લાલ, સ્થિર મન સુખ તંબોળ હો ॥ મો૦ ॥ દિયો૦ ॥ ૧૩ ॥ ઉપસર્ગ તુજને અતિ ઘણોરે લાલ, વળિ પરિસહ બાવીશ રે ॥ પ્ર૦ ॥ ખમી ન શકે તું ખરો રે લાલ, પછી પસ્તાવો કરીશરે ॥ પ્ર૦ ॥ અ૦ ॥ ૧૪ ॥ ઉપસર્ગ જે મુજ ઉપજે રે લાલ, તે ક્ષમાયે કરીને ખમાય હો ॥ મો૦ ॥ પ્રીતે કરી પરિસહ સહુ રે લાલ, બળિયા જે કોઈ બાવીશ હો ॥ મો૦ ॥ દિયો૦ ॥ ૧૫ ॥ વચન સુણી વૈરાગ્યનાં રે લાલ, મૂર્ચ્છાણી તવ માત રે ॥ પ્ર૦ ॥ નયણે તે આંસુ નીતરયાં રે લાલ, સાંભળ સુત સુજાત રે ॥ પ્ર૦ ॥ અ૦ ॥ ૧૬ ॥ માન વચન માતતણાં રે લાલ, તુજને કહું છું હું એહ રે ॥ સોભાગી સુંદર ॥ સુગુણ સુતા શામલ તણી રે લાલ, પરણો પનોતા એહ રે ॥ સો૦ ॥ ધર્મ હૈયામાં શું ધરોરે લાલ ॥ સો૦ ॥ ધ૦ ॥ ૧૭ ॥ માત મનોરથ પૂરવારે લાલ, ન કરશો મુખ નાકારરે ॥ સો૦ ॥ ઓચ્છવ મહો-

ચ્છવ કરી ઘણા રે લાલ, પરણાવું પુત્ર કુમાર રે ॥ સો૦ ॥ ધર્મ ॥ ૧૮ ॥ કહે કુમાર માતાભણી રે લાલ, સાંભળો મોરી માય હો ॥ મોરા માત ॥ મન મ્હારૂં વૈરાગ્યમાં રે લાલ, એક ક્ષણ લાખેણી જાય હો ॥ મો૦ ॥ દિયો૦ ॥૧૯॥ માતા વિચારે ચિત્તમાં રે લાલ, રાખ્યો ન રહે એહ રે ॥ પ્ર૦ ॥ આશિષ આપી અતિ ઘણી રે લાલ, લિયો દીક્ષા ધરી નેહ રે ॥ પ્ર૦ ॥ ધર્મ હૈયા માંહી ધરો રે લાલ ॥ સો૦ ॥ ધર્મ૦ ॥ ૨૦ ॥ બેસાર્યા સેવકે સુત ભણી રે લાલ, ઓચ્છવ કીધો અપાર રે ॥ સો૦ ॥ આવ્યા નેમિજી આગળે રે લાલ, ભાવે લે સંયમ ભાર રે ॥ સો૦ ॥ ધ૦ ॥ ૨૧ ॥ માતા કહે નિજ પુત્રને રે લાલ, સાંભળ સુત સુજાણ રે ॥ સો૦ ॥ સંયમ સુધો પાળજો રે લાલ, પામજો પદ નિર્વાણ રે ॥ સો૦ ॥ ધ૦ ॥ ૨૨ ॥ એમ આશિષ માતા દિયે રે લાલ, આવ્યાં સહુ ઘેર એહ રે ॥ સો૦ ॥ આવ્યા નેમિજી આગળે રે લાલ, ગજસુકુમાળ ગુણગેહ રે ॥ સો૦ ॥ ધ૦ ॥ ૨૩ ॥ આજ્ઞા આપો જો નેમિજીરે લાલ, કાઉસગ કરૂં સમશાન રે ॥ સો૦ ॥ મન થિર રાખીશ માહરૂં રે લાલ, પામું પદ નિરવાણ રે ॥ સો૦ ॥ ધ૦ ॥ ૨૪ ॥ આજ્ઞા આપી નેમિજી રે લાલ, આવ્યા જિહાં સમશાન રે ॥ સો૦ ॥ મન થિર રાખી આપણું રે લાલ, ધરવા લાગ્યા ધ્યાન રે ॥ સો૦ ॥ ધ૦ ॥ ૨૫ ॥ સોમલ સસરે દેખિયા રે લાલ, ઉપન્યું મનમાં પૂરવ વેર રે ॥ સો૦ ॥ કુમતિ સોમલ ક્રોધે ચડયો રે લાલ, મનમાં ન આણી મહેર રે ॥ સો૦ ॥ ધ૦ ॥ શિર ઉપર બાંધી સુણો રે લાલ, માટી કેરી પાળ રે ॥ સો૦ ॥ ખેર અંગારા ધખધખ્યા રે લાલ, તે મૂકયા તતકાળ રે ॥ સો૦ ॥ ધ૦ ॥ ૨૭॥ ફટફટ ફુટે હાડકાં રે લાલ, તટ તટ ત્રૂટે ચામ રે ॥ સો૦ ॥ સંતોષી સસરો મળ્યો રે લાલ, તુરત સાર્યું તેનું કામ રે ॥ સો૦ ॥ ધ૦ ॥ ૨૮ ॥ સોભાગી શુકલ ધ્યાને ચઢયા રે લાલ, ઉપન્યું કેવળ નાણ રે ॥ સો૦ ॥ ક્ષણમાં કર્મ ખપાવિને રે લાલ, મુનિ મુગતે ગયા જાણ રે ॥ સો૦॥ ॥ ૨૯ ॥ ગજસુકુમાળ મુગતે ગયા રે લાલ, વંદુ વારંવાર રે ॥ સો૦ ॥ મન થિર રાખ્યું આપણું રે લાલ, પામ્યા ભવનો પાર રે ॥ સો૦ ॥ ધ૦ ॥ ૩૦ ॥ શ્રી વિજયધર્મસુરી તણો રે લાલ, રાજવિજય ઉવઝાય રે ॥ સો૦ ॥ તસ શિષ્ય લક્ષણ ગુણે કરી રે લાલ, પભણું તે સુગુરૂ પસાય રે ॥ સો૦ ॥ ધ૦ ॥ ૩૧ ॥ સોળસેંને બાસઠ સમેરે લાલ, સાંગાનેર મઝાર રે ॥ સો૦ ॥ ગુણ ગાયા માસ ફાગુણે રે લાલ, શુકલ ૭ક સોમવાર રે ॥ સો૦ ॥ ધ૦ ॥ ૩૨ ॥ કહે મકન મોહનતણો રે

લાલ, સાધુ તણી સજ્ઝાય રે ॥ સો૦ ॥ ભણજો ગણજો ભલિ ભાતશું રે લાલ, પામજો ભવનો પાર રે ॥ સો૦ ॥ ધ૦ ॥ ૩૩ ॥ ઈતિ ॥

अथ श्री सोलसुपननी सज्झाय.

॥ દોહા. ॥

શ્રી ગુરૂ પદ પ્રણમી કરી, સોળ સુપન સુવિચાર ॥ દુસમ સમયતણા કહું, શાસ્ત્રતણે અનુસાર ॥ ૧ ॥

॥ ઢાલ ૧ લી ॥

(શારદ બુધદાઈ. એ દેશી.)

પાટલીપુર નયરે, ચંદ્રગુપ્ત રાજન ॥ ચાણાયક નામે, બુદ્ધિ નિધાન પ્રધાન ॥ એક દિન પોષધમાં, સૂતો રયણિ મઝાર ॥ તવ દેખે નરપતિ, સોળ સુપન સુખકાર ॥ ૧ ॥ ત્રોટક- સુખકારક વારક દુઃખકેરાં, નિરખે નૃપ વડ વખતે ॥ વાજિંત્ર તરે ઉગત સુરે, આવી બેઠો તખતે ॥ ચાણાયક નાયક મતિકેરો, આવી પ્રણમે પાય ॥ સોળ સુપન રયણાંતરે લાધ્યાં, તે બોલે નરરાય ॥ ૨ ॥ ચાલ— ધુર સુહણે દેખે, સુરતરૂ ભાંગી ડાળ ॥ બીજે આથમિયો, સૂરજ બિંબ અકાળ ॥ ત્રીજે ચંદ્ર ચાલણી, ચોથે નાચ્યાં ભૂત ॥ પાંચમે બાર ફણનો, દીઠો આહ અદ્ભૂત ॥ ૩ ॥ ત્રો૦- અતિ અદ્ભૂત વિમાન વળ્યું, તિમ છે સુહણે દેખે ॥ કમળ ઉકરડે સાતમે આઠમે, આગિયો અંધારે પેખે ॥ સુકો સરોવર નવમે દક્ષિણ, પાસે ભરિયો નીર ॥ દસમે સુહણે સોવન થાળે, કુતરો ખાયે ખીર ॥ ૪ ॥ ચાલ-ગજ ઉપર ચઢિયા, વાનર દેખે ઇગ્યાર ॥ મર્યાદા લોપે, સાગર સુપન એ બાર ॥ મ્હોટે રથે જુતા, વાછડા તેરમે દેખે ॥ ઝાંખાં તિમ રયણાં, ચૌદમે સુપને પેખે ॥ ૫ ॥ ત્રો૦—તિમ દેખે પન્નરમે વૃષભે, ચઢિયા રાજકુમાર ॥ કાળા ગજ બેહુ માંહો માંહે, વઢતા સોળ એ સાર ॥ એહવાં સોળ સુપન જે લાધ્યાં, સંભારે નૃપ જામ ॥ એહવે આવી દિયે વધાઇ, વનપાળક અભિરામ ॥૬॥ ચાલ-સ્વામી તુમ વનમાં, શ્રુતસાગર ગુણખાણી ॥ ભદ્રબાહુ મુનીસર, ચૌદ પુર્વધર જાણી ॥ આવ્યા નિસુણીને વંદન કાજે જાય ॥ ચાણાયક સાથે, નરપતિ પ્રણમે પાય ॥ ૭ ॥ ત્રો૦—પાય નમીને નૃપતિ પુછે,

સોળ સુપન સુવિચાર ॥ કૃપા કરી ભગવન મુજ દાખો, એહ કરો ઉપકાર ॥ તવ ગિરૂઆ ગણધર શ્રૂતસાગર, બોલ્યા નરપતિ આગે ॥ દુસમ આરે એહ સુપનનો, હોશે બહુળો લાગ ॥૮॥ ચાલ—સુરતરૂ કરી શાખા ભાંગી, તેહનું એ ફળ સારજી ॥ આજ પછી કોઇ રાજા ભાવે, નહિ લિયે સંયમ ભાર જી ॥ આથમ્યો સુરજ બિંબ અકાળે, તે આથમ્યું કેવળ નાણ જી ॥ જાતિસમરણ નિર્મળ ઓહિ, નહિ મણપજ્જવ નાણ જી ॥૯॥ ત્રીજે ચાલણી ચંદ્ર થયો જે, જિનમત એણિપેરે હોશે જી ॥ થાપ ઉત્થાપ તે કરશે બહુળા, કપટી કુગુરૂ વિગોશે જી ॥ ભૂત નાચ્યાં જે ભૂતળે ચોથે, તે કુગુરૂ કુદેવ માનશે જી ॥ દ્રષ્ટિરાગે વ્યામોહ્યા શ્રાવક, તેહના ભક્તા થાશે જી ॥૧૦॥ બારફણો વિષધર જે દીઠો, તેહનું એહ ફળ જાણો જી ॥ બાર વરસ દુર્લિક્ષ તે પડશે, હોશે ધર્મની હાણો જી ॥ વળ્યું વિમાન જે આવતું પાછું, તે ચારણ મુનિ નવિ હોશે જી ॥ સાતિચારિ આચારી થોડા, ધર્મે અધર્મે જાશે જી ॥૧૧॥ કમળ ઉકરડાનું ફળ એહી, નીચ ઉંચ કરિ ગણિયે જી ॥ ક્ષત્રિય કુળ શુરા તેહિ પણ, વિશ્વાસીને હણિયે જી ॥ આગીયા સુહણાનું ફળ જાણો, જિનધર્મે દઢ થોડા જી ॥ મિથ્યાકરણી કરતા દીસે, શ્રાવક વાંકા ઘોડાજી ॥ ૧૨ ॥ સુકા સરોવર દક્ષિણ પાસે, નિર ભરિયું સુવિલાસેજી ॥ આપ ઉગારણ કાજે મુનિવર, દક્ષિણ દિશામાં જાશેજી ॥ જિહાં જિહાં જિનકલ્યાણક તિહાં તિહાં, ધર્મનો વિચ્છેદ થાશેજી ॥ સંત અસંતની પેરે મનાશે, ધરમી જન સીદાશે જી ॥ સોવન થાળે ખીર ભખે જે, કુતરો દશમે સુહણે જી ॥ ઉત્તમની ઉપરાજી લક્ષ્મી, મધ્યમ બહુ પરિમાણે જી ॥ ગજ ઉપર જે વાનર ચઢિયા, તે હોશે મિથ્યાત્વી રાજા જી ॥ જિનધર્મે વળિ સંશય કરતા, મિથ્યા મતમાં તાજા જી ॥ ૧૪ ॥ મર્યાદા લોપે જે સાગર, તે ઠાકુર મુકશે ન્યાય જી ॥ જૂઠા સાચા સાચા જૂઠા, કરશે લાંચ પસાય જી ॥ જેહ વડેરા ન્યાય ચલાવે, તેહ કરે અન્યાય જી ॥ કુડ કપટ છળ છદ્મ ઘણેરાં, કરતા જૂઠા ઉપાયજી ॥૧૫॥ મ્હોટે રથે જે વાછડા જુત્યા, તેરમે સુપને નરેશ જી ॥ વડ પણે સંયમ નહિ લેવે કોઇ, લઘુપણે કોઇક લેશે જી ॥ ભૂખે પીડ્યા દુઃખે ભીડ્યા, પણ વૈરાગ ન ધરશે જી ॥ ગુરૂવાદિક મુકીને શિષ્યો, આપમતિ થઇ ફરશે જી ॥૧૬॥ ઝાંખાં રત્ન તે ચૌદમે દીઠાં, તે મુનીવર ગુણ હીણા જી ॥ આગમમત વ્યવહારને છંડી, ફ-

ધ્યની વૃત્તિયે લીણા જી ॥ કહેણી રહેણી એક ન દીસે, હોશે ચિત્ત અનાચારજી ॥ શુદ્ધ પરંપર વૃત્તિ ઉવેખે, ન વહે વ્રતનો ભારજી ॥૧૭॥ રાજકુમાર જે વૃષભે ચઢિયા, છે માંહો માંહિ નવિ મિળશે જી ॥ વિરૂઆં વેર સગાં સંગાથે, પરશું નેહ છે ધરશે જી ॥ કાળા ગજ બેહુ વઢતા દીઠા, તે માગ્યા મેહ ન વરસે જી ॥ વિણજ વ્યાપારે કપટ ઘણેરાં, તોહી પેટ ન ભરશે જી ॥ ૧૮ ॥ સોળ સુપનનો અર્થ સુણીને, ભદ્રબાહુ ગુરૂ પાસે જી ॥ દુસમ સમયતણાં ફળ નિસુણી, રાજા હૈયે વિમાસે જી ॥ પુત્ર રાજ્ય ઠવી વ્રત લેઇ, સારે આ તમ કાજજી ॥ ભવિક જીવ બહુળા પ્રતિબોધ્યા, ભદ્રબાહુ ગુરૂરાજ જી ॥ ૧૯ ॥ ગુણ રાગી ઉપશમ ગુણ રંગી, વરતી પ્રસંગી પ્રાણી જી॥ સાચી સદહણાશું પાળે, મહાવ્રત પંચ સહિનાણી જી ॥ નિંદા ન કરે વદને કેહની, બોલે અમૃતવાણી જી ॥ અપરંપાર ભવજળધિ તરેવા, સમતા નાવ સમાણી જી ॥ ૨૦ ॥ શ્રી જિનશાસન ભાસન સુંદર, બોધિબીજ સુખકાર જી ॥ જીવદયા મન માંહે ધારો, કરૂણારસ ભંડાર જી ॥ એ સજ્ઝાય ભણીને સમજો, દુસમ સમય વિચાર જી ॥ ધીરવિમળ કવિરાય પસાયે, નયવિજય જયકાર જી ॥ ૨૧ ॥ ઇતિ.

अथ श्री मुनिगुणनी सज्झाय.

(અરણિક મુનિવર ચાલ્યા ગૌચરી. એ દેશી.)

નિત નિત વંદુ રે મુનિવર એહવા, જસ મુખ પંકજ પેખોજી ॥ તનુ રોમાંચિત હિયડો ઉલ્લસે, વિકસે નયણ વિશેષો જી ॥ નિત૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ પંચ મહાવ્રત સુધાં જે ધરે, પાળે પંચ આચારો જી ॥ સુમતિ ગુપતિની બહુળી ખપ કરે, ગુણ છત્રીશ ભંડારો જી ॥ નિત૦ ॥ ૨ ॥ પાંચે ઇંદ્રિય અહનિશ વશ કરે, પાળે નવવિધ શીળો જી ॥ ચાર કષાય ન સેવે સંજતી, લક્ષણ સોહે શરીરો જી ॥ નિત૦ ॥ ૩ ॥ માસ શીયાળે રે બહુળો શિત પડે, વાજે શીતળ વાયો જી ॥ તપ ધરિ પોઢયા રે સમતા સેજડી, સંયમ સરિસો ભાવો જી ॥ નિત૦ ॥ ૪ ॥ ગ્રીષમ કાળે રે તરૂણો રવિ તપે જીવ સહુ વાંછે છાંહો જી ॥ સુરજ સામી રે લે આતાપના, ઊંચી કરિ બેહુ બાંહો જી ॥ નિત૦ ॥ ૫ ॥ પાઉસ કાળે રે મેલાં કપડાં, ગરૂ-

મર વરસે મેહોજી ॥ ડાંસ મસાના રે પરિસહ આકરા, અહિયાં સહે મુનિ તેહો જી ॥ નિત૦ ॥ ૬ ॥ બાવીસ પરિસહે મુનિ અંગે ધરે, મહિયલ કરે વિહારો જી ॥ ક્ષમા ખડગ લેઈ મુનિવર કર ગ્રહી, ઉપસમ રસ ભંડારો જી ॥ નિત૦ ॥ ૭ ॥ સમકિત માન સરોવર ઝીલતા, ચારિત્ર વનખંડ વાસો જી ॥ તપ જપ સંયમ પાળે નિરમળાં, પાળે મનને ઉલ્લાસો જી ॥ નિત૦ ॥ ૮ ॥ મધુકરની પરે મુનિવર ગૌચરી, વહોરે શુદ્ધજ આહારો જી ॥ તે વળિ નીરસને વળિ થોડલો, ॥ દે નિજ દેહ આધારો જી ॥ નિત૦ ॥ ૯ ॥ બે કર જોડી રે વીનવશું વળી, સ્વામી શરણે રાખો જી ॥ હેડે સાલે રે પાપજ જે કિયાં, આળોઇશ ગુરૂ સાખો જી ॥ નિત૦ ॥ ૧૦ ॥ તીન પ્રદક્ષિણા દેઈ વાંદશું, હેડે આનંદ પુરો જી ॥ શ્રવણે સુણશું વાણી તસતણી, કઠિણ કરમ દર ચુરો જી ॥ નિત૦ ॥ ૧૧ ॥ વીર જિણેસર નીરતો ભાંખીયો, તહાં લગે જિનની આણો જી ॥ દુપસહાચારજ સામ વખાણીયો, મહાનિશિથ સુઠાણો જી ॥ નિત૦ ॥ ૧૨ ॥ તપ પડિ વજશું રે વરતે નિરમળા, દુરિત કરે શું દુરો જી ॥ મનના મનોરથ સહુએ પુરશું, ભણે વિજયદેવ સુરો જી ॥ નિત૦ ॥ ૧૩ ॥ ઇતિ. ॥

अथ श्री देवलोकनी सज्झाय.

સુધરમા દેવલોકમાં રે, વૈમાન બત્રીશ લાખ ॥ કેઇ ભોળા શંકા કરે રે, એ તો સૂત્ર ભગવતીની સાખ રે ॥ પુણ્યનાં ફળ જોજ્યો ॥ ૧ ॥ એ આંકણી ॥ સુધરમા દેવલોકમાં રે, પાંચસે જોજન મેહેલ ॥ સત્તાવીશે જોજન ભૂંઈતળાં રે ભાઇ, એ સુખ તો નહિ સેહેલરે ॥ પુ૦ ॥ ૨ ॥ વેગ ગતિ ચાલે દેવતા રે, લાખ જોજન કરે દેહ ॥ એકેકા વિમાનનો રે ભાઇ, નાવે છડે મહિને છેહ રે ॥ પુ૦ ॥૩॥ હાવ ભાવ કરતી થકી રે, દેવીયો આવે હજુર ॥ આ ઠામે આવી ઉપન્યા, સ્વામિ શાં કીધાં પુણ્ય પુર રે ॥ પુ૦ ॥ ૪ ॥ નામ બતાવો ગુરૂતણું રે, નિર્લોભી ઋષિરાય ॥ ભવસાગરમાં બુડતાં રે, તુમ હાથ લિયો સંબાય રે ॥ પુ૦ ॥ ૫ ॥ નિરલોભી લાલચીરે, માગી બદામ ન એક ॥ દુર્ગતિ પડતાં રાખીયોરે મને મોકલીયો દેવલોકરે ॥ પુ૦ ॥ ૬ ॥ દેવ પ્રતે દેવીયો કહેરે, સુણો વલ્લભ મોરા નાથ ॥ નાટક જુઓ એક અમતણું રે, પછિ જઇ કહેજો સગાંને વાત રે ॥ પુ૦ ॥ ૭ ॥ એક ના-

ટક કરતાં થકી રે, ગયાં વર્ષ હોય હજાર ॥ દેવતા મનમાં ચિંતવે રે, હવે કરવો કવણ વિચાર રે ॥ પુ૦ ॥૮॥ સઘળું કુટુંબ પુરૂં થયું રે, હવે કહેશું કેહેને જાય ॥ દુર્ગંધ ઉડે મનુષ્ય લોકની રે, હવે જાય અમારી બલાય રે ॥ પુ૦ ॥૯॥ ઉદયરતન વાચક કહે રે, દેવલોકની સજ્ઝાય ॥ ભણે ગણેને સાંભળે રે, તેનાં પાતક દૂર પલાયરે ॥પુ૦॥૧૦॥

अथ श्री दश पच्चखाणना फलनी सज्झाय.

પ્રહ ઉઠી દશવિધ પચખાણ, સુગુરૂ સમીપ કરો નિત જાણ ॥ તેહતણાં ફળ જે છે સાર, એક મના થઇ સુણો વિચાર ॥ સો વરસ છૂટે નારકી, કામ આકામા નરકે થકી ॥ નવકારશી તણે પચખાણ, એટલું ફળ ભવિયણ સહિનાણ ॥ ૨ ॥ બીજું પોરશીનું પચખાણ, વરસ સહસ એક તેહનું માન ॥ સાદ્પોરિશી દસ સહસ્ર વરીસ, એકલાખ પુરિમઢ જાણીશ ॥ ૩ ॥ એકાસણે દશલાખ પ્રમાણ, ઇમ જાણી કરવું પચખાણ ॥ નીવિયે એક કોડી જાણ, દશકોડી વળિ એ-કલઠાણ ॥૪॥ વરસ કોડિ સો એકલદત્ત, જે ઉત્તમ નર કરે એક ચિ-ત્ત ॥ આંબિલ કરતાં કોડી સહસ્સ, કર્મ ખપાવે સાહુ અવસ્સ ॥૫॥ વરસ સહસ દશકોડી જાણ, દસમું ઉપવાસનું પચખાણ ॥ છઠ્ઠતણે પચખાણે વળી, કોડિ લાખ ફળ કહે કેવળી ॥ ૬ ॥ અઠ્ઠમ કરતાં કોડિ દશલાખ, શ્રી જિનવરની એહજ ભાખા દશ કોડાકોડી વરસ, જે કરશે ફળ હોશે તસ ॥૭॥ શાસ્ત્રે કહ્યા છે એ ફળ સાર, તેહનો બોલ્યો ટબો વિચાર ॥ ઇમ જાણી કરવું પચખાણ, જિમ પામો નિશ્ચય નિરવાણ ॥૮॥

अथ श्री तेर काठीयानी तेर सज्झाय.

॥ દોહા. ॥

પાસ જિનેશ્વર પાય નમિ, સમરી સરસતિ માય ॥ સાન્નિધ્ય કરજે આહરી, દેવી કરિ સુપસાય ॥ ૧ ॥ ભવિ પ્રાણી ભલે ભા-વશું, સુણજો દેઇ કાન ॥ આપણ પું'યવિચારિને, પરિહરજો અ-ભિમાન ॥ ૨ ॥ ધર્મ ફરસવા નવિ દીયે, દુર્જન કાઠીયા તેર ॥ નરક પંથ નિશ્ચે હુવે, નહિ તિહાં ફાર ને ફેર ॥ ૩ ॥

૧ अथ श्री आलसकाठीयानी सज्झाय.

(દેશી. હમીરિયાની.)

આળસ અંગથી પરિહરો, આળસ છે દુઃખદાય ॥ સલુણે ॥ અલચ્છિ આળસુ ઘર વસે, લચ્છી તે દૂર જાય ॥ સલુણે ॥ આળસ૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ આળસુ અળગો ઘરમથી, આળસુને સંદેહ ॥ સ૦ ॥ ક્ષણ ક્ષણ નિત નવા ઉપજે, હેડે તે વિશ્વાવીશ ॥ સ૦ ॥ આ૦ ॥ ૨ ॥ પુણ્યે નરભવ પામીયો, ચિહું ગતિ ભમતાં જોય ॥સ૦॥ ॥ આરજ દેશ ઉત્તમ કુળે, ભાગ્યે જન્મજ હોય ॥ સ૦ ॥ આ૦ ॥ ૩ ॥ આળસ પરિહરો પ્રાણીયા, ધર્મે ઉદ્યમ માંડ ॥ સ૦ ॥ સામગ્ર સુધી લહી, આળસ કાઠીયો છાંડ ॥ સ૦ ॥ આ૦ ॥ ૪ ॥ ઇંદ્રિય પૂરાં પામીને, સાંભળ સૂત્ર સિદ્ધાંત ॥ સ૦ ॥ દેવ ગુરૂ ધર્મને ઓળખી, સેવો મન એકાંત ॥સ૦॥આ૦ ॥ ૫ ॥ આળસે બાંધ્યા પ્રાણીયા, ન કરે ધર્મ વ્યાપાર ॥સ૦॥ પામ્યો ચિંતામણી પરિહરિ, તે ગ્રહે કાચ ગમાર ॥ સ૦ ॥ આ૦ ॥૬॥ ઉદ્યમથી સુખ ઉપજે, ઉદ્યમે દારિદ્ર જાય ॥સ૦॥ વિદ્યા લક્ષ્મી ચાકરી, ઉદ્યમે સફળી થાય ॥ સ૦ ॥ આ૦ ॥ ૭ ॥ આળસ ઊંઘે પીડીયા, ઇહલોકે સીદાય ॥ સ૦ ॥ પરલોકનું શું પુછવું, ભવોભવ દુઃખીયા થાય ॥ સ૦ ॥ આ૦ ॥ ૮ ॥ નારી નિભ્રં છે તેહને, આળસુ માંહે ઈન ॥ સ૦ ॥ સજ્જનમાં શોભા નહીં, આળસુ દુઃખીયો દીન ॥ સ૦ ॥ આ૦ ॥ ૯ ॥ પાપી નર આળસુ ભલા, ધરમી ઉદ્યમવંત ॥ સ૦ ॥ પંચમ અંગે આંખીયો, ભાવે તે ભગવંત ॥ સ૦ ॥ આ૦ ॥ ૧૦ ॥ ધર્મે દીસે બહુ આળસુ, પાપે ઉદ્યમવંત ॥ સ૦ ॥ પાપે પરભવ દુઃખ લહે, ધર્મે સુખ અનંત ॥ સ૦ ॥ આ૦ ॥ ૧૧ ॥ આર્દ્ર અરણિક અર્જુન મુનિ, દૃઢપ્રહારી ધીર ॥ સ૦ ॥ આળસ ગોદડું નાંખીને, ઉદ્યમે થયા વડવીર ॥ સ૦ ॥ આ૦ ॥ ૧૨ ॥ એહવું જાણીને ઉદ્યમે, ધરમ કરો નરનાર ॥ સ૦ ॥ વીર કહે આળસ વિરમીયે, વિશુદ્ધ કરી વિચાર ॥ સ૦ ॥ આ૦ ॥ ૧૩ ॥ ઇતિ ॥

---

૨ अथ श्री मोहकाठीयानी सज्झाय.

(પ્રભુની ચાકરી રે, એ દેશી.)

મોહે વાહ્યા પ્રાણીયો રે, ન કરે ધર્મ સુચંગ કે ॥ મોહે મૂઝીયોરે ॥ દેવ ગુરૂ નવિ ઓળખે રે, ન કરે ઉત્તમ સંગ કે ॥ મો. ॥ ૧ ॥ છોરૂ-

ડામાં છકયો રહે રે, રમે રામાને ધામ કે ॥ મો. ॥ ઘડી અથવા અધ ઘડીરે, ન કરે આતમ કામ કે ॥ મો. ॥ ૨ ॥ હું એહનો એહ માહરો રે, એ માહરો પરિવાર કે ॥ મો. ॥ ૩ ॥ રાત દિવસ રાતો રહેરે, ભરમે ભૂલ્યો ગમાર કે ॥ મો. ॥ ૩ ॥ ધર્મે નાવે ઢુંકડો રે, બેઠો રમાડે બાળ કે ॥ મો. ॥ સુખનું મૂળ એ સુંદરી રે, અવર આળ પંપાળ કે ॥ મો. ॥ ૪ ॥ ધન ઘર રમણી કારણે રે, ન ગણે માય ને બાપ કે ॥મો.॥ લોકોની લજ્જા પરિહરિ રે, ન ગણે પુણ્ય ને પાપ કે ॥ મો. ॥ ૫ ॥ રાગી નર બહુ દુઃખ સહે રે, જિમ જગ ચોળ મજીઠકે ॥ મો. ॥ તલ સરસવને પીલતાં રે, વેણુ કદિય ન દીઠ કે ॥મો. ॥ ૬ ॥ રાગ દ્વેષ મૂળ કર્મનું રે, રસનું મૂળ એ વ્યાધિ કે ॥ દુઃખનું મૂળ સનેહ છે રે, એ છાંડે હોય સમાધિ કે ॥ મો. ॥ ૭ ॥ શિવપુર જાતાં શૃંખલા રે, દો એ દુશ્મન જોર કે ॥ મો. ॥ સાતનું સાહ્યું નવિ રહે રે, નાઠે મોહની ચોર કે ॥ મો૦ ॥૮॥ સ્વારથીયા જગમાં સહુ રે, ભોળાને પડી ભૂલ કે ॥મો૦॥ સુરીકંતા ચુલણી પરે રે, એ સંસારનું શૂળ કે ॥ મો૦ ॥૯॥ એહવું જાણીને ઉદ્યમે રે, મોહને દેશે માર કે ॥મો૦॥ શૂરામાં શીરોમણી રે, સિદ્ધ વધુ ઉર હાર કે ॥ મો૦ ॥ ૧૦ ॥ શ્રીવીર કહે મોહકાઠીયો રે, વિરમો વિશવા વીશ કે ॥ મો૦ ॥ વિરમ્યાથી જગમાં હશે રે, વિશુદ્ધ જગના ઇશ કે ॥ મો૦ ॥૧૧॥ ઇતિ ॥

---

३ अथ श्री अवज्ञाकाठीयानी सज्झाय.

(જી હો જાણ્યું અવધી પ્રયુંજને. એ દેશી.)

જી હો અવજ્ઞા કરતાં જીવડા, પ્રાણી બાંધે બહોળાં કર્મ ॥જી૦॥ ભવસાયર ભુરી ભમે, પ્રાણી દુક્કર તસ શિવશર્મ ॥ ચતુર નર, અવજ્ઞા દૂર નિવાર ॥ ૧ ॥ એ આંકણી ॥ જી૦ આપ ગુણે અરઘૂડા, પ્રા૦ પરગુણ લેવા રે મૂગ ॥જી૦ બોધિબીજ દુક્કર તસે, પ્રા૦ ભવમાં હે ભમે તુંગ ॥ ચ૦ ॥૨॥ જી૦ નિંદક નર એહવા હોવે, પ્રા૦ જિમ જગ લોક સ્વભાવ ॥જી૦ રૂધિર પીયે પય પરિહરે, પ્રા૦ હરખે છિદ્રે પાવ ॥ ચ૦ ॥૩॥ જી૦ સુધા સમ સદાગમ તજી, પ્રા૦ પીયે નિંદક વિષ પૂર ॥ જી૦ ભૂંડ સૂઅર ભુખર કરે, પ્રા૦ પરિહરે કૂર કપૂર ॥ ચ૦ ॥ ૪ ॥ જી૦ આપણી ઉન્નતિ કારણે; પ્રા૦ અછતા પરના રે દોષ ॥ જી૦ તલ સમ છિદ્ર પરતણો, પ્રા૦ દાખવે મેરૂ લેખ ॥ ચ૦ ॥ ૫ ॥

જી૦ અવજ્ઞા કરતાં બાપડા, પ્રા૦ ન ગણે શ્રાવક સાધ ॥ જી૦ શ્વાન-પરેં ભસ્તા ફિરે, પ્રા૦ બાંધે કર્મ અગાધ ॥ ચ૦ ॥ ૬ ॥ જી૦ ધર્મધ્યાનથી વેગળા, પ્રા૦ સાધુ સંગમથીરે દૂર ॥ જી૦ ખર લોટે જિમ રાખમાં, પ્રા૦ છંડી ગંગાજળપૂર ॥ ચ૦ ॥ ૭ ॥ જી૦ એહવું જાણીને આદરો, પ્રા૦ સેવો સદ્ગુરૂ પાય ॥ જી૦ કારણે કારજ જાણીયે, પ્રા૦ શિવસાધન ઉપાય ॥ ચ૦ ॥ ૮ ॥ જી૦ સમભાવે રહેતાં મિળે, પ્રા૦ શિવસુખ કેરી રે સંધ ॥ જી૦ તપકીરિયા તસ ફળ હોવે, પ્રા૦ નહિ-તર હોવે બંધ ॥ ચ૦ ॥ ૯ ॥ જી૦ અવજ્ઞાકાઠીયો પરિહરી, પ્રા૦ કીજે ઉત્તમ સંગ ॥ જી૦ વીર કહે વિશુદ્ધ એહુજ, પ્રા૦ શિવપુર જાવા એ અંગ ॥ ચ૦ ॥ ૧૦ ॥ ઇતિ. ॥

---

૪ अथ श्री मानकाठीयानी सज्झाय.

(ઇડર આંબા આંબલી રે. એ દેશી.)

માન ન કીજે માનવી રે, માન તે દુઃખ નિદાન ॥ માને હોય મલીનતા રે, જિમ જગ કાલું પાન ॥ સુગુણ નર, ગર્વપણે ગુણ જાય ॥ ૧ ॥ એ આંકણી. ॥ અતિ અભિમાની આકરા રે, ન નમે દેવ ગુરૂ પાય ॥ હુંહુંકાર કરે ખરપરે રે, સાધુ સંગે નવિ જાય ॥સુ૦ ॥ ૨ ॥ માની મનમાં ચિંતવે રે, હું એક ચતુર સુજાણ ॥ અમે કામ મ્હોટાં કિયાં રે, શું જાણે લોક અજાણ ॥ સુ૦ ॥ ૩ ॥ શૈલ થંભ જિમ સદા રહે રે, વાંકો વૈરી અભિમાન ॥ નમાવ્યો નમે નહી રે, દૂરે તસ ધર્મધ્યાન ॥ સુ૦ ॥ ૪ ॥ શું જઇએ ઉપાશ્રયે રે, કોઇ નવિ દીયે બહુ-માન ॥ ધર્મલાભ ગુરૂ નવિ દિયે રે, ઇમ બોલે અભિમાન ॥ સુ૦॥૫॥ મૂરખ મનમાં નવિ લહે રે, તુજમાં હોશે ગુણ ॥ આદરે આવો બેસારશે રે, કહેવા જાશે કુણ ॥ સુ૦ ॥ ૬ ॥ માનીનું મન રાખવા રે, બોલાવી દિયે માન ॥ તિમ તિમ ફુલી દડો હુવે રે, અધિક ધરે અભિમાન ॥ સુ૦ ॥ ૭ ॥ સનેપાત એક સહજનો રે, સાકર દૂધ વળી સંગ ॥ વિણ ઉદ્યમ વધતો હુવે રે, જેમ ગળીનો રંગ ॥ સુ૦ ॥ ૮ ॥ વરસ વને કાઉસગ રહ્યા રે, બાહુબળિ ભગવંત ॥ માન મેલી મુગતેં ગયા રે, આપ થયા અરિહંત ॥ સુ૦ ॥ ૯ ॥ ચોથો ચંડાળ કાઠીયો રે, દૂર તજો અભિમાન ॥ વીર વિશુદ્ધે આદરો રે, શિવરમણી કરી સાન ॥ સુ૦ ॥ ૧૦ ॥ ઇતિ. ॥

---

૫ अथ श्री क्रोधकाठीयानी सज्झाय.

(સંયમ મારગ સુધો પાળે, આતમને અજુઆળે. એ દેશી.)

પંચમો કાઠીયો પરિહરો પ્રાણી, પરમ પદનો એ વેરી ॥ ધરમ ધનનો ધુતણહારો, જાજગમાન એ ઝેરી રે ॥ પ્રાણી, ક્રોધ કરો પરિહાર ॥૧॥ એ આંકણી ॥ સમકિત સુરતરૂ છાયા પામે, દેશવિરતિ રહે દુર ॥ સર્વ વિરતિ સુર સંપદ કેરાં, પામે નહિ સુખ પૂર રે ॥ પ્રા૦ ॥૨॥ ક્રોધે કરી મુખ હોવે કાળું, ભૃકુટી ભયંકર રાતી ॥ કિંજાસ કુમાર સરિખો દિસે, આતમગુણનો ઘાતી રે ॥ પ્રા૦॥ ૩॥ ક્રોધે આવર્યો કાંઇ ન જાણે, હિત અહિતની વાત ॥ વારે તિમ તિમ વધતો થાયે, કરે કોઇ ઉતપાતરે ॥ પ્રા૦ ॥૪॥ ધરમી ઉપર દ્વેષ ધરીને, ધરમ સ્થાનકને છોડે ॥ એક ઉપર અદેખાઈ આણી, સહુ સંગાથે તોડે રે, ॥પ્રા૦॥૫॥ જો એ આવશે એણે ઠામ, તો મુજ આવણ નેમ ॥ મનમેળે મછરાઇ કરતો, સદગતિ પામે કેમ રે ॥ પ્રા૦ ॥ ૬ ॥ માયી મચ્છરી મુસાવાઇ, ક્રોધી કુગતિ ગામી ॥ અદિઠ કલ્યાણીવા ઉદવેગકારી, પ્રત્યક્ષ પરમાધામી રે પ્રા૦ ॥ ૭ ॥ પૂરવકોડી લગે જે પાળ્યું, સંયમ સુખનું મૂળ ॥ હોય ઘડીમાં ક્રોધે બાળી, ધમ્યું સોનું કરે ધૂળ રે ॥ પ્રા૦ ॥ ૮ ॥ ક્રોધ અંતર દાહ સમાવો, સીંચો સદાગમ વાણી ॥ સુગુરૂ શીખ સુધારસ પીજે, વરવા શિવ પટરાણી રે ॥ પ્રા૦ ॥ ૯ ॥ ક્રોધ કાઠીયો દૂર નિવારી, અરિહંત આણા પાળે ॥ વીરવિમળ કહે વિશુદ્ધ તે નર, આતમ ગુણ અજુઆળે રે ॥ પ્રા૦ ॥ ૧૦ ॥ ઇતિ. ॥

---

૬ अथ श्री प्रमादकाठीयानी सज्झाय.

(ચતુર સનેહી મોહનાં એ દેશી.)

છઠ્ઠો કાઠીયો છંડીયે, આગમનો હિતકારો રે ॥ વૈરી તે વહાલા ન કીજીએ; દુર્ગતિના દાતારો રે ॥ પ્રમાદ પરિહરો પ્રાણીયા ॥ ૧ ॥ એ આંકણી ॥ પ્રમાદે પૂરયા પ્રાણીયા, ઇહલોકે સીદાઈ રે ॥ પરલોકે શું પૂછવું, ભવ ભવ દુઃખીયા થાય રે ॥ પ્ર૦ ॥ ૨ ॥ મધરાયક્ષસુત ઉદ્ધારિકા, વિષય લલિતાંગ વગોયો રે ॥ ક્રોધે કેઇ કુગતે ગયા, વિકથાયે ધર્મને ખોયો રે ॥ પ્ર૦ ॥ ૩ ॥ પ્રમાદે પુર્વ વિસરે, વિસરે અર્થ વિચારો રે ॥ રાંક થઇ તે રડવડયા, રૂળે બહુળ સંસારો રે ॥ પ્ર૦ ॥ ૪ ॥ રમનાયે

રસીયા કરે, વિકથા ચાર રસાળો રે ॥ કરતા સરસ સંવાદને, નિરવહેતા જંજાળો રે ॥ પ્ર૦ ॥ ૫ ॥ આળ જંજાળ કેઈ ઉપમા, ઝંખણા બહુ જંજાળો રે ॥ હાંસીમાં હરખે ઘણો, કડુઆં કર્મ રસાળો રે ॥ પ્ર૦ ॥ ૬ ॥ પંચ મહાવ્રત પાળતા, પાળતા પંચ આચારો રે ॥ પ્રમાદ પરવશ તે જુઓ, નરકે ગયા નિરધારો રે ॥ પ્ર૦ ॥ ૭ ॥ પ્રમાદ પરિહરો પ્રાણીઆ, સેવો સદ્ગુરૂ પાયો રે ॥ વિનય વિવેક વિચારણા, લહિયે શિવ ઉપાયો રે ॥ પ્ર૦ ॥ ૮ ॥ સુગુરૂ સદાગમ સેવિયે, પરિહરો પંચ પ્રમાદો રે ॥ વીર વિશુદ્ધ પદ એહથી, લહિયે જગ જશવાદો રે ॥ પ્ર૦ ॥ ૯ ॥ ઇતિ. ॥

૭ अथ श्री कृपणकाठीयानी सज्झाय.

(કપૂર હોય અતિ ઊજળો રે. એ દેશી.)

કૃપણપણાથી બીહતો રે, નાવે ધર્મ સુઠામ ॥ યાચક જન આવે થકે રે, ઉઠી જાવે કામ રે ॥ પ્રાણી, જિનવાણી ધરો ચિત્ત ॥ ૧ ॥ એ આંકણી ॥ દર્શન દૂર તેહનું રે, નામ ન જંપે કોઇ ॥ દર્શન ન ચાહે તેહનું રે, ચાલે શુકન ન જોઇ રે ॥ પ્રા૦ ॥ ૨ ॥ કૃપીનું કુગતિયે વરે રે, સંબળ ન લહે સાથ ॥ પુણ્ય કાજે એક પાઈ કો રે, હર્ષે ન આપે હાથ રે ॥ પ્રા૦ ॥ ૩ ॥ સજ્જન લોકો આવ્યા આંગણે રે, થરથર ધ્રુજે હાથ ॥ પરજન દેખી પીરસતાં રે, આંખો નીચી અનાથ રે ॥ પ્રા૦ ॥ ૪ ॥ બેટા બેટી પરણાવતાં રે, હરખે ખરચે હજાર ॥ ધર્મ ઠામે લેખું ગણે રે, કરે વીશ વિચાર રે ॥ પ્રા૦ ॥ ૫ ॥ ભુંજીને ભુંઈ વાવીયે રે, ઉપર ક્ષેત્રે બીજ ॥ સિદ્ધક્ષેત્રે હોય સોગણું રે, અધિક હોયે રસ રીઝ રે પ્રા૦ ॥ ૬ ॥ શાળિભદ્ર સુખ ભોગવે રે, તે તે દાન પસાય ॥ શ્રેણિક સરિખો રાજીયો રે, જોવા આવ્યો ઉચ્છાય રે ॥ પ્રા૦ ॥ ૭ ॥ મૂરખ નર જાણે નહિ રે, દાને દારિદ્ર જાય ॥ જગ જસવાદ હોવે ઘણો રે, દાન તે શિવ ઉપાય રે ॥ પ્રા૦ ॥ ૮ ॥ કૃપણપણું ભવિ પરિહરો રે, ઉલટે દીજે દાન ॥ વીર વિશુદ્ધ પદ એહ છે રે, ઇમ ભાંખે ભગવાન રે ॥ પ્રા૦ ॥ ૯ ॥ ઇતિ. ॥

૮ अथ श्री भयकाठीयानी सज्झाय.

(હસીને રહ્યાં લોયણાં. એ દેશી.)

કર્મ ઉદય હોયે જેહને હો રાજ, નાવે ધર્મ સુઠામ રે ॥ ભવિ-

ક જન સાંભળો ॥ બીહતો રહે તે બાપડો હો રાજ, સીત તાપ બહુ તામ રે ॥ ભ૦ ॥ ૧ ॥ શું જઈએ ઉપાશ્રયે હો રાજ, ગુરૂ કહે ગિરૂઆં દુઃખ રે ॥ભ૦॥ ભોળા જનને ભોળવે હો રાજ, દેખાડે ઈમ બીક રે ॥ ભ૦ ॥ ૨ ॥ રાત દિવસ રસ રંગમેહો રાજ, વાણી વદે ઈમ સાધ રે ॥ ભ૦ ॥ પાપ કરમ કરી પરભવે હો રાજ, દુઃખ સહે અગાધ રે ॥ ભ૦ ॥ ૩ ॥ ભમે સંસારી પ્રાણીઆ હો રાજ, આ-પણે ચાલે કેમ રે ॥ ભ૦ ॥ પાપે પેટ ભરવું સદા હો રાજ, ગુરૂ ભાંખે છે એમ રે ॥ભ૦॥૪॥ આપ અજ્ઞાને અવરચા હો રાજ, કરે જ્ઞાનીની ખીજ રે ॥ ભ૦ ॥ દ્વેષ ધરે ધરમી ઉપરે હો રાજ, દુક્કર તસ બોધિ-બીજ રે ॥ ભ૦ ॥ ૫ ॥ ધરમી ધનથી વેગળો હો રાજ, નાવે સાધુને સંગ રે ॥ ભ૦ ॥ ફેરૂ જિમ ફિરતા રહો હો રાજ, જિમ વન રોઝ કુરંગ રે ॥ ભ૦ ॥ ૬ ॥ મૂરખ નર જાણે નહિ હો રાજ, સુણતાં સુત્ર સિદ્ધાંત રે ॥ ભ૦ ॥ ભવસાગર ભૂરી તરે હો રાજ, એહજ મંત્ર મહંત રે ॥ભ૦॥ ૭॥ ભય તજી ભવિ સેવીયે હો રાજ, સુગુરૂ સ-દાગમ રીઝ રે ॥ ભ૦ ॥ શ્રી વીર કહે વિશુદ્ધ સદા હો રાજ, તે લહે સુખે બોધબીજ રે ॥ ભ૦ ॥ ૮ ॥ ઇતિ. ॥

---

૧ अथ श्री शोककाठीयानी सज्झाय.

(તુંગિયાગિરિ શિખર સોહે. એ દેશી.)

શ્રી વીર વાણી ચિત્ત ધારો, વારો શોક સંતાપ રે ॥ શોક કરતાં રકમ બાંધે, આઠે તેણે હું આપ રે ॥ શ્રી વીર ॥ ૧ ॥ એ આંકણી ॥ માત પિતા પરિવાર પરભવ, પહોત્યા મંડે શોકે રે ॥ ખાય ખ-રચે પહેરે પહોળાં, ધરમ ઠામે રોકે રે ॥ શ્રી. ॥ ૨ ॥ કુટુંબ કારજ વાત જાણી, જે કરે ઘરનાં કામ રે ॥ યાત્રા પૂજા ગુરૂ વંદન, નાવે ધર્મ સુઠામ રે ॥શ્રી.॥૩॥ વારૂ વસ્ત્ર પહેરી જાવે, જિમણ કાજે નિ-સ્સકરે ॥ પુત્ર પુત્રી પરણાવે પ્રેમે, ધરમે કાડે વંક રે॥ શ્રી. ॥ ૪ ॥ ઇમ ન જાણે મુરખ મનમાં, એ સંસાર સરૂપ રે ॥ ગગન બદરી ઉદક બુદબુદ, વીજળી સંધ્યા રૂપ રે ॥શ્રી.॥૫॥ સંધ્યા વેળા એક તરૂવરં, વિહંગ લહે વિશ્રામ રે ॥ થયે પ્રભાત તેહજ પંખી, જાયે ઠામોઠામ રે ॥ શ્રી. ॥ ૬ ॥ સયળ પરિજન એ ન્યાય, મળિયો તુજ પરિવાર રે ॥ સહુ આપણી ગતેં જાશે, કરણીને અનુસાર રે ॥શ્રી॥ ॥૭॥ ચોગતિ માંહે ફરતાં જીવે, કર્યા કેઈ પરિવાર રે ॥ કેહી ગતિનો

શોક કરશો, ઇમ અનંતી વાર રે ॥ શ્રી. ॥ ૮ ॥ મોહનીનો ઉદય મ્હોટો, શિત્તેર કોડાકોડ રે ॥ શ્રી વીર વાણી વિશુદ્ધ પીજે, નવમ કાઠીયો છોડ રે ॥ શ્રી. ॥ ૯ ॥ ઇતિ. ॥

૧૦ अथ श्री अज्ञानकाठीयानी सज्झाय.

(સહજ સોભાગી હો, રાગી નંદન સાંભળો. એ દેશી.)

અજ્ઞાનપણાને હો જોરે કેઇ પ્રાણીયા, ન સુણે સૂત્ર સિદ્ધાંત ॥ સુણતાને શંકા હો અજ્ઞાની મન ઉપજે, એહ શું ભાંખ્યું મહંત ॥ ॥ અજ્ઞાન. ॥૧॥ એ આંકણી ॥ ઉદક બિંદુમાં હો જીવ અસંખ્યાતા, કહ્યા, અસંખ્યાતે સમુદ્રે એમ ॥ સોયને અગ્ર હો કંદમુળે અનંતા કહ્યા, તેહ મનાય કેમ ॥ અ. ॥ ૨ ॥ નરકને સરગ હો કોણ જોઇ આવીયો, પુણ્ય પાપ કુણ હોય ॥ ઉપદેશે કુશળા હો જગમાંહે છે ઘણા, પોથી રેંગણ જોય ॥ અ. ॥ ૩ ॥ તપ જપ સંયમ હો, કિરિયા તનનું સોષવું, ખાઓ પીયો કરો એલ, ભ્રાંતિજ દીસે હો, જગમાં એહજ વાતની, સઘળો ધીનો મેલ ॥ અ. ॥ ૪ ॥ સુગુરૂને સેવે હો સદાગમ નિત્ય સાંભળે, તે જૂઓ પાપ કરંત ॥ અજાણપણાનો હો કોઈ ધોખો નહો, જાણ્યાનો દોષ મહંત ॥ અ. ॥૫॥ જાણીને કરે હો તેહની આલોયણ કિશી, ભોળા ભોળે સિદ્ધ ॥ અજ્ઞાનપણાની હો આલોયણ કહે ગુરૂ, જાણને કદિય ન દીધ ॥ અ. ॥ ૬ ॥ અંધો નર હો જુઓ અગડે પડે, દેખતો પામે ઠામ ॥ અજ્ઞાની નર હો અળગો ધર્મથી, જ્ઞાની લહે ગુણગ્રામ ॥ અ. ॥ ૭ ॥ અજ્ઞાનપણામાં હો કાળ અનંતો ગયો, જાણપણામાં થાવ ॥ જાણ અજાણનો હો જો તું આંતરો, સૂરજ ખજુઆ જોવ ॥ અ. ॥ ૮ ॥ એકજ નર હો જુઓ બેસે પાલખી, એક ઉપાડી ઉજાય ॥ પુણ્યને પાપ હો જુઓને પટંતરો, મૂઢા ઇમ શું મુઝાય ॥ અ. ॥ ૯ ॥ સુક્ષમ ભાવ હો કેવળી ગમ્ય રહ્યાં, મૂરખ ન લહે ભેદ ॥ જ્ઞાનગુણ હો ભવિ અંગે કરો, જે કરે કર્મ ઉચ્છેદ ॥ અ. ॥ ૧૦ ॥ દશમો દૂરે હો અજ્ઞાન કરી કાઠીયો, સેવો સદગુરૂ પાય ॥ ધરમ આરાધો હો જે જિનવરે કહ્યા, શિવ સાધન ઉપાય ॥ અ. ॥ ૧૧ ॥ વીરની વાણી હો પીતાં પ્રાણી પ્રેમશું, નાસે કુતર્ક વિભાવ ॥ વિશુદ્ધ હોવે હો આતમ આપણો, પ્રગટે સહજ સ્વભાવ ॥ અ. ॥ ૧૨ ॥ ઇતિ. ॥

११ अथ श्री व्याक्षेपकाठीयानी सज्झाय.

(દેશી વીંછિયાની.)

રાત દિવસ વ્યાક્ષેપમાં લાલ, કાળ જાય કેઇ વોળિ રે લાલ ॥ ઘર ઘરણી પરિવારમાં લાલ, મનડું મેલું ડોળિ રે લાલ ॥ વાક્ષેપ ચિત્તે વાહીયો ॥૧॥ એ આંકણી ॥ વ્યાક્ષેપ ચિત્તમાં નવિ હુવે લાલ, કારજની કાંઈ સિદ્ધિરે લાલ ॥ એકો પદારથ નવિ હુવે લાલ, બાજીગર જિમ ઋદ્ધિ રે લાલ ॥ વ્યા. ॥ ૨ ॥ પડિકમણાં પોષધ કરે લાલ, સામાયિકને ધ્યાન રે લાલ ॥ વ્યાક્ષેપ ચિત્તમાં જેહને લાલ, ન રહે તે કાંઇ સાન રે લાલ ॥ વ્યા. ॥ ૩ ॥ ધર્મ સ્થાનક આવે કદા લાલ, વ્યાક્ષેપ ચિતે બેસે રે લાલ ॥ જિનવાણી પ્રાણી નવિ પીયે લાલ, આર્ત ધ્યાને પેસે રે લાલ ॥ વ્યા. ॥ ૪ ॥ કીધું ને કરવું ઘણું લાલ, સંસારીનું કારજ સાર રે લાલ ॥ વ્યાક્ષેપ ચિત્તમાંહી કરે લાલ, આંગળી આંખ વિચાર રે લાલ ॥ વ્યા. ॥૫॥ બેટા બેટી પરણાવવા લાલ, પરિજન પોષણ કાજ રે લાલ ॥ ઢોરની પરે ધસતો ફરે લાલ, ચિંતે અનેક ઇલાજ રે લાલ ॥ વ્યા. ॥ ૬ ॥ વિષય વિષ સરિખા કહ્યા લાલ, વિષથી એક ભવ હાર રે લાલ ॥ વિષય નાણી વિધતા કહ્યા લાલ, મારે અનંતી વાર રે લાલ ॥ વ્યા. ॥ ૭ ॥ તનુ વ્યાપિ વિષ મંત્રથી લાલ, ગારૂડી ઠકે આણે રે લાલ ॥ સકળ વ્યાપિત મન સંકળી લાલ, પરમ પદને માણે રે લાલ ॥ વ્યા ॥ ૮ ॥ દીપ શિખા પરે ડોલતો લાલ, વ્યાક્ષેપ ચિત્તને રાખે રે લાલ ॥ શ્રી વીર કહે તેહજ નરા લાલ, વિશુદ્ધ પદને ચાખે રે લાલ ॥ વ્યા ॥ ૯ ॥ ઇતિ. ॥

---

१२ अथ श्री कतोहल काठीयानी सज्झाय.

(શિરોઇનો શેરો મગાવ હો રાજ એ દેશી.)

કતોહળ વાહ્યા પ્રાણિયો રાજ, ન કરે ધર્મશું રંગ હો રાજ ॥બેઠા ચોરે ચોવટે રાજ, કરે હીણાનો સંગ હો રાજ ॥ કતોહળ. ॥ ૧ ॥ એ આંકણી ॥ હાંસી કરતા પ્રાણિયા રાજ, લઘુતા પામે જોર હો રાજ ॥ સજ્જનમાં શોભા નહિ રાજ, બાંધે કર્મ કઠોર હો રાજ ॥ ક. ॥ ૨ ॥ નટ વિટશું મળતો રહે રાજ, વેશ્યાશું રાગે વગ્ગ હો રાજ ॥ જૂતે રમે જુવારિશું રાજ, દૂરે સગ અપવગ્ગ હો

રાજ ॥ ક૦ ॥ ૩ ॥ સુગુરૂ ચરણે સેવે નહીં રાજ, સાત વ્યસને શૂરા હો રાજ ॥ ધોળે બોલે કોવને રાજ, પાપી નર તે પૂરા હો રાજ ॥ ક૦ ॥ ૪ ॥ વ્રત ગણે વિષ સારિખું રાજ, ધરમીશું ન મળે ઘાત હો રાજ ॥ સાધુ સંગે આવે નહીં રાજ, દૂરે ધર્મની વાત હો રાજ ॥ ક૦ ॥ ૫ ॥ ભાંડ ભવઇઆ બોડારાજ, વાડી નવ નવખંડ હો રાજ ॥ જોયે ધોવે ધોતિયાં રાજ, બયતમ બોલે ભંડ હો રાજ ॥ ક૦ ॥ ૬ ॥ રખે રમતા કોઇ સોગઠે રાજ, નહીં ઉત્તમ આચાર હો રાજ ॥ રમતે રસ રીઝ ઉપજે રાજ, સેવે બહુ અનાચાર હો રાજ ॥ ક૦ ॥ ૭ ॥ પાંડવ પાંચે દ્રૌપદી રાજ, નળ દમયંતી જોય હો રાજ ॥ વચને તેહ વિન્ડબિયા રાજ, સઘળું બેઠા ખોય હો રાજ ॥ ક૦ ॥ ૮ ॥ કતોહળ હાંસી નિવારિને રાજ, સેવો સદગુરૂ પાય હો રાજ ॥ જ્ઞાન આરાધી રંગશું રાજ, શિવ સાધન ઉપાય હો રાજ ॥ ક૦ ॥ ૯ ॥ બાર માસ સીમ બારમો રાજ, કાઠીયો જગમેં જોર હો રાજ ॥ મેલે ઠેલી નરકમાં રાજ, પામે દુઃખ અઘોર હો રાજ ॥ ક૦ ॥ ૧૦ ॥ સજ્જન સાથે પ્રીતડી રાજ, કરતે હોય ગુણ ગોઠ હો રાજ ॥ વિશુદ્ધ કહે તે રીઝની રાજ, કહેણી નાવે હોઠ હો રાજ ॥ ક૦ ॥ ૧૧ ॥ ઇતિ. ॥

---

१३ अथ श्री रमणकाठीयानी सज्झाय.

(પ્રણમી સદગુરૂ પાય, ગાયશું રાજીમતી સતી જી. એ દેશી.)

જગમાં જાલમી જોર, તર જાત કાઠીયો તેરમો જી. ॥ દુર્ગતિ વનનું મૂળ, અચળ ચળાવે એ કાઠીયો જી ॥ ૧ ॥ એહનું અકળ સરૂપ, કહ્યું ન જાએ કામિનીજી ॥ રમણતાનું ધામ, ભૂમાંહે એક ભામિની જી ॥ ૨ ॥ રાત દિવસ રસ રંગ, રામાશું રાતો રહે જી ॥ બેલ જિમ બળવંત, રામા આણા તે શિર વહે જી ॥ ૩ ॥ બેટા બેટી ને નાર, વયણે નર તે વશ્ય હુવા જી ॥ નિરખી હરખી ચિત્ત, ઘાટ ઘડાવે નવ નવા જી ॥ ૪ ॥ ન કરે ધર્મ લગાર, લલનાં લોયણ રાતો રહે જી ॥ પુણ્યે પામ્યો એહ, વારંવાર સુખે કહેજી ॥ ૫ ॥ વિષય વિડંબ્યા જેહ, વિષય વિલાસ વાડી જુવે જી ॥ મોહે મોહીયા લોક, લાખેણા દિવસ ખુવે જી ॥ ૬ ॥ ઇંદ્રિયા આવરચા જેહ, નરભવ ખોવે બાપડા જી ॥ પામી ચિંતામણી સાર, કાગ ઉડાવતે જડા જી ॥ ૭ ॥ મનની મેલી એહ, ગરજની ગેલી કામિની જી ॥ છટકે દીએ છેહ, જિમ ચમકંતી દામની

જી ॥ ૮ ॥ અશુચિનો ભંડાર, શુચી કપટ કળા કેળવેજી ॥ ચિત્તનો નાવે છેહ, મૂરખ તે મહિલા વશ્ય હુવે જી ॥ ૯ ॥ રખે કરતા વિશવાસ, કામિની ન હોએ કેહની જી ॥ મુંજ પરદેશી રાય, જુઓ એગડદત્ત ગેહહીની જી ॥ ૧૦ ॥ છેતરી સચોવાદ દેવ, સોનાર ધરણાની કથા જી ॥ મનુષ્ય તે કોણ માત્ર, મહેલો મહિલાની તથા જી ॥ ૧૧ ॥ ચતુર વિચારી ચિત્ત, રમણી રાગ નિવારિયે જી ॥ દેવ ગુરૂને ધર્મ, આરાધી આતમ તારિએ જી ॥ ૧૨ ॥ વીરવીમળ ગુરૂ શિષ્ય, વિશુદ્ધ વાણી મન ધરી જી ॥ ધર્મ કરો સુખદાય, કર્મ કાઠીયા પરિહરી જી ॥ ૧૩ ॥ ઇતિ. ॥

अथ श्री संग्रह सज्झाय.

(રાગ ધન્યાશ્રી.)

ધર્મ કરતાં એહજ વારે, કર્મ કાઠીયા તેર ॥ દેવ ગુરૂ ધર્મ દર્શન કરતાં, જાણે આડા મેર રે ॥ પ્રાણી ॥ કરમ કાઠીયા ટાળો, અરિહંત આણા પાળો રે ॥ પ્રા૦ ॥ કરમ૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ આળસ મોહ અવજ્ઞા માન, ક્રોધ પ્રમાદ કૃપણ ॥ ભય શોક અજ્ઞાનજ ટાળો, વ્યાક્ષેપ કોહલા રમણા રે ॥ પ્રા૦ ॥ ક૦ ॥ ૨ ॥ કરમ કાઠીયા દૂરે ટાળો, આતમને અજુઆળો ॥ અરિહંતની આણા શુદ્ધ પાળો, કર્મજાળને જવાળો રે ॥ પ્રા૦ ॥ ક૦ ॥ ૩ ॥ શુદ્ધ શિખામણ ચિતમાં નાવે, ત્યાં લગેં એહનો જોરો ॥ કર્મ કાઠીયા દૂર કર્યા પછી, શિવપુર જાવો સોરો રે ॥ પ્રા૦ ॥ ક૦ ॥ ૪ ॥ તેર અઠ્ઠમ અંતર આંબિલ, ચોવિહાર પણ કીજે ॥ ભાવે કરી ભાવ પ્રાણી તેહને, મનવંછિત ફળ સીઝે રે ॥ પ્રા૦ ॥ ક૦ ॥ ૫ ॥ ભણો ગણો તપ કિરિયા કરો, બહુ સંયમ લ્યો ઉલ્લાસ ॥ અંતરઘટથી એહે ન વિઘટ્યા, તો સઘળો અભ્યાસ રે ॥ પ્રા૦ ॥ ક૦ ॥ ૬ ॥ હું મૂરખ મતિ હીન ન જાણું, શાસ્ત્રતણો લવલેશ ॥ ગુરૂ સેવા મુજ સુરતરૂની પરેં, ફળિયો પુણ્ય પ્રવેસ રે ॥ પ્રા૦ ॥ ક૦ ॥ ૭ ॥ ધન્ય તે નર નારી કૃતારથ, જે જિનધર્મ આરાધે ॥ દાન શિયળ તપ ભાવના ભાવી, આતમ હિતારથ સાધે રે ॥ પ્રા૦ ॥ ક૦ ॥ ૮ ॥ કીર્તિવિમળ શિષ્ય વીરવિમળ ગણિ, વાણી અમીય સમાણી ॥ પીતાં વિશુદ્ધ હોવે ભવિ પ્રાણિ, કીરતિ તાસ ગવાણી રે ॥ પ્રા૦ ॥ ક૦ ॥ ૯ ॥ પાલણપુરમાં પાશ જિણેસર, પ્રણમી મન ઉલ્લાસે ॥ વીરવિમળ ગુરૂ

ચરણ સેવક, વિશુદ્ધ કરયો અભ્યાસે રે ॥ પ્રા૦ ॥ ક૦ ॥ ૧૦ ॥ સંવત અઢારસો માગશર માસે, શુદિ દ્વીતિયા ગુરૂ ઉલ્લાસે ॥ વિશુદ્ધશું વંદી પૂજી તસ, શિવસુખ લહે ઉલ્લાસે રે ॥ પ્રા૦ ॥ ક૦ ॥ ૧૧ ॥ ઇતિ. ॥

अथ श्री कपटपचीसी.

કપટી મનુષ્યનો વિશ્વાસ ન કીજે, તેને દિલની વાત ન દીજે જી ॥ જિણશું પ્રીતિ કિયાં નહિ સીઝે, કોયડું કહિય ન ભીંજે જી ॥ કપટી૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ પેટમાં ખોટા ને મોઢે મીઠો, મનમાંહી ઘણો મેલો જી ॥ વિણ બોલે હોય વલ્લભકારી, એ કપટીનો ગેલો જી ॥ ક૦ ॥ ૨ ॥ કપટી મનુષ્ય હોવે બિલ્લિ સરિખો, છાનાં આળ ચડાવે જી ॥ પેટની વાત લે પેટમાં પેસી, પછે લોકમાં ભંડાવે જી ॥ ક૦ ॥ ૩ ॥ વિષનો ઘડો અમૃતનું ઢાંકણું, ચાલ્યો ચોથે ઠાણે જી ॥ ઉપર અમૃત દેખીને ડાલે, કપટીનો વિષ કુણ જાણે જી ॥ ક૦ ॥ ૪ ॥ કપટી ઉપરથી હોયે કણો, મનમાંહી કઠણ કઠોરો જી ॥ ઉપર રાતો ને રંગમેં રૂડો, જેવો બગાયલ બોરો જી ॥ ક૦ ॥ ૫ ॥ કપટીનું ચિત્ત ચોખ્ખું નવિ કાંઈ, કપટી ચિંતા ભંડારો જી ॥ નીચો ચોરતણી પરેં ચાલે, કપટી જાણો કબાડો જી ॥ ક૦ ॥ ૬ ॥ કપટી નેહ નિપટ નહીં બાંધે, ખેલે ઘટમાંહા ઘાટ હજારો જી ॥ વશ કરી લેવે મ્હોટા જનોને, કપટી તો કામણગારો જી ॥ ક૦ ॥ ૭ ॥ કારમો નેહ તે કપટી કેરો, કારમી કપટીની માયા જી ॥ કપટીનો હેજ હૈયા ઉપરનો, જેમ વાદળની છાયા જી ॥ ક૦ ॥ ૮ ॥ કપટી સોચતો રહે સદાયે, ઘાટ ઘડે મનમાં નહિ જાવે જી ॥ ચિત્તની વાત તો કહિય ન ચુકે, સુખે નિદ્રા નવિ આવે જી ॥ ક૦ ॥ ૯ ॥ કમળ પ્રભે તો કપટ કેળવિયો, ભાંખ્યો મહાનિશિતથ માંયો જી ॥ ઉત્સર્ગને અપવાદ પ્રરૂપ્યો, જેણે અનંત ભવ દુઃખ પાયો જી ॥ ક૦ ॥ ૧૦ ॥ સુરિકંતા પરદેશીની રાણી, કપટિણીએ કામજ કીધો જી ॥ જેણે પ્રીતમ પરલોક પહોંચાયો, જેણે ઝેર જમણમાં દીધો જી ॥ ક૦ ॥ ૧૧ ॥ ચુલણી ખોટે મારગ ચાલી, કુળાચાર જેણે છાંડયો જી ॥ લાખનો મહેલ કરાવી બ્રહ્મદત્ત, પુત્રને મારણ માંડયો જી ॥ ક૦ ॥ ૧૨ ॥ મણિરથ રાયે કપટ કેળવિયો, વિષયગૃદ્ધિ કાછ લંપટી જી ॥ યુગબાહુ બાંધવને માર્યો, મરી કુગતે પહોત્યો કપટી જી ॥ ક૦ ॥ ૧૩ ॥ નરકે પહોંતી રેવતી નારી, જેણે બાર શોકયોને મારી જી ॥ મહાશતકની મ્હોટી નારી,

તેણે કપટ કેળવિયો ભારી જી ॥ ક૦ ॥ ૧૪ ॥ રયણાદેવી તો કપટની કુડી, જેણે જિન રક્ષિતને માર્યો જી॥ અતિ દ્વેષે તેણે અનરથ કીધો, તરત ત્રિશૂળે પરોયો જી ॥ ક૦ ॥ ૧૫ ॥ દમયંતીની દયા નવિ આણી, વળિ પોતાની પટરાણી જી ॥ રાત્રિયે છાંડિ ગયો રણ માંહી, અહો કપટા ક્યાંથી ભરાણી જી ॥ ક૦ ॥ ૧૬ ॥ કોણિક કુમરે કપટ કેળવિયું, જેણે દિલમેં ખેલી દગાઇ જી ॥ કપટે પિતાને પાંજરે દીધો, કપટી મૂળ ન ગણે સગાઈ જી ॥ ક૦ ॥ ૧૭ ॥ સાધ ઉદાઈ તો શેહેરમેં આયો, એકણમલ અણગારો જી ॥ કેશી ભાણેજને ઝેર દેવરાયો, કપટીના એ સમચારો જી ॥ ક૦ ॥ ૧૮ ॥ કપિલ બ્રાહ્મણ તો વિષય વિલુદ્ધો, જેનો કપટશું ભરિયો પેટો જી ॥ અભયારાણી એહની સાથણ, પણ રહ્યો સુદર્શન શેઠો જી ॥ ક૦ ॥ ૧૯ ॥ બારવરસ રહ્યો સાધુપણામેં, પણ કપટીની ખબર ન કાંઇ જી ॥ રાય ઉદાયીને મારી નાઠો, અભવ્ય દયા દિલ નાઇ જી ॥ ક૦ ॥ ૨૦ ॥ મહાબળ મુનિવરે કેળવી માયા, મલિ કુમરીનો હુઓ અચ્છેરો જી ॥ કપટ કર્મ કેહને નવિ છાડે, એહમાં ફાર ન ફેરો ॥ જી ॥ ક૦ ॥ ૨૧ ॥ કપટી પુરૂષ મરિને હોય નારી, નારી નપુંસક થાવે જી, નપુંસક હોવે નરકનો ગામી, કપટનાં એ ફળ પાવે જી ॥ ક૦ ॥ ૨૨ ॥ એહવાં દુઃખ સુણી જે નર ડરશે, સરળ ભાવ મન આણી જી, શુદ્ધ સ્વભાવ સદા સંતોષી, તે સમજો ચતુર વિનાણી જી ॥ ક૦ ॥ ૨૩ ॥ એમ જાણી કોઇ કપટ ન રાખો, જો મુગતિ જવાનો પ્રેમ જી ॥ ભદ્રકને ભગવંત વખાણે, ઋષિ રાયચંદ કહે એમ જી ॥ ક૦ ॥ ૨૪ ॥ કપટપચીસી પૂરણ કીધી, મેડત નગર મઝારો જી ॥ શ્રવણે સુણત હરખે ભવિ પ્રાણિ, જેહને જિનધર્મ પ્યારો જી ॥ ક૦॥૨૫॥ ઇતિ. ॥

अथ श्री वादनी सज्झाय.

કિણશું વાદ વિવાદ ન કીજે, તેમાં વીશ જણાશું વિશેષ જી ॥ નામ કહું હવે ન્યારાં ન્યારાં, તે સુણજો સુવિવેક જી ॥ વીશ જણાશું વાદ ન કીજે ॥ ૧ ॥ એ આંકણી ॥ પહેલે બોલે ધનવંત સાથે, નહીં વાદનું કામજી ॥ મુરખ હોય તે વાદ બનાવે, નિરધન ખોવે ઠામ જી ॥ વીશ૦ ॥ ૨ ॥ બીજે બોલે બળવંત સાથે, નહીં વાદનું કામ જી ॥ લંકાગઢ જેણે લુંટી લીધો, દેખો લક્ષ્મણ રામ જી ॥ વીશ૦ ॥ ૩ ॥ ત્રીજે બોલે બહુ પરિવારશું, તુરત લગાવે લંક જી ॥ જીણશું જોર

કિયાં નહી જીતે, રાયને કરીદે રંકજી ॥ વીશ૦ ॥ ૪ ॥ ચોથે બોલે તપસી સાથે, ઝઘડો બડો જંજાળ જી ॥ દ્વીપાયનને પરગટ દેખો, દ્વારિકા દીધી બાળ જી ॥ વીશ૦ ॥ ૫ ॥ પાંચમે બોલે ગુરૂની સાથે, વાદ કરે અવિનીત જી ॥ જમાડીને લેજો જોઈ, રૂડી કહિય ન રીત જી ॥ વીશ૦ ॥ ૬ ॥ છઠ્ઠે બોલે રાજા સાથે, વાદ કિયાં નહિ શુદ્ધ જી ॥ પલકમાંહી કરિ દેવે પરવશ, પાવે નહીં માયાનું દૂધ જી ॥ વીશ૦ ॥૭॥ સાતમે બોલે નીચ મનુષ્યશું, વાદ કિયાં હોય ભંડ જી ॥ આઠમે બોલે ક્રોધી સાથે, વાદ કિયાં પડે ખંડ જી ॥ વીશ૦ ॥ ૮ ॥ નવમે બોલે જુવારી સાથે, વાદ ન કીજે કોઈ જી ॥ પાંચે પાંડવ દ્રૌપદી હાર્યા, નળરાજા લિયો જોય જી ॥ વીશ૦ ॥ ૯ ॥ દસમે બોલે ચોર ચુગલશું, વાદ કિણું ધન હાણુ જી ॥ ઇગ્યારમે બોલે રોગી સાથે, મત કરો ખેંચાતાણ જી ॥ વીશ૦ ॥ ૧૦ ॥ બારમે બોલે અતિ અહંકારીશું, મત કરો વાદ સુજાણ જી ॥ તેરમે બોલે જુઠાબોલો, તરત પલટાવે વાણ જી ॥ વીશ૦ ॥ ૧૧ ॥ વડેરાશું કદિ વાદ ન કીજે, એ હુવો ચૌદમો બોલ જી ॥ પંદરમે બોલે સાધર્મિશું, વાદ કિયાં ઘટે તોલ જી ॥ વીશ૦ ॥૧૨॥ સોળમે બોલે શિયળવંતશું, સત્તરમે લઘુ બાળ જી ॥ અઢારમે બોલે અતિ બુઢ્ઢાશું, વાદ કિયાં દિયે ગાળ જી ॥ વીશ૦ ॥ ૧૩ ॥ ઓગણિસમે બોલે દાનેશ્રીશું, વાદ ન કીજે કોય જી ॥ કૃપણ પ્રાણિયો કદિ નવિ જીતે, હૃદય વિમાસી જોય જી ॥ વીશ૦ ॥ ૧૪ ॥ વીશમે બોલે જ્ઞાની સાથે, જ્ઞાની ગુણ ગંભીર જી ॥ ઇંદ્રભુતિ અહંકારમેં આયો, મદ ગાળ્યો મહાવીર જી ॥ વીશ૦ ॥ ૧૫ ॥ વાદ કિયાં કોઇ ભલો ન જાણે, હૃદય વિમાસી ધાર જી ॥ ઋષિ રાયચંદજી જોડિ જુગતિશું, મેડત નગરમઝાર જી ॥ વીશ૦ ॥ ૧૬ ॥

अथ श्री ज्ञानपचीसी.

આદિ અનાદિનો જીવડો રે લાલ, ભમિયો ચોગતિ માંય રે ॥ સુજ્ઞાની લાલ, ॥ સાચી સરધા બાહિરો રે લાલ, ફિર ફિર ગોથાં ખાય રે ॥ સુ૦ ॥ જાણપણું જગ દોહિલું રે લાલ ॥ ૧ ॥ એ આંકણી ॥ સોહિલું સઘળું કામ રે ॥ સુ૦ ॥ જાણપણામાં જોઇએ નહીં રે લાલ, ઘરતણી એક બદામ રે ॥ સુ૦ ॥ જા૦ ॥ ૨ ॥ કુગુરુ કુદેવે ભોળવ્યો રે લાલ, કરિ કરિ જુઠા ફેન રે ॥ સુ૦ ॥ સાચા ગુરુ સેવ્યા

નહારે લાલ, જીવ કદિય ન પામ્યો ચેન રે ॥ સુ૦ ॥ જા૦ ॥ ૩ ॥ રતન હીરાને મોતીનાં રે લાલ, માણેક પાનાં પ્રવાળ રે ॥ સુ૦ ॥ જીવે કિયો ઝવેરનો પારખો રે લાલ, પણ અજ્ઞાની ઠંઠણપાળ રે ॥ સુ૦ ॥ જા૦ ॥ ૪ ॥ આયો સોના રૂપાનો પારખો રે લાલ, હુવો સરાફ બજાર રે ॥ સુ૦ ॥ સાધુ સંગત કીધી નહીં રે લાલ, તો કોઇ ન સરીયો કાજ રે ॥ સુ૦ ॥ જા૦ ॥૫॥ લાખોનાં તો લેખાં કિયાં રે લાલ, ક્રોડો લીધા કમાય રે ॥ સુ૦ ॥ દાન સુપાત્રે દિયો નહી રે લાલ, તેણે દીધો જનમારો હાર રે ॥ સુ૦ ॥ જા૦ ॥ ૬ ॥ પંડિત પઢિયો પારસી રે લાલ, વળી જ્યોતિષ વૈદ્યક ઠીક રે ॥ સુ૦ ॥ પિંગળ પુરાણ કુરાન ભણ્યો રે લાલ, ધર્મ ન કરેથી સવિ ફીર રે ॥ સુ૦ ॥ જા૦ ॥ ૭ ॥ વ્યાકરણ ભણીયો ભલીપરે લાલ, તર્કશાસ્ત્ર ટીકાકાર રે ॥ સુ૦ ॥ નામમાળાને લીલાવતી રે લાલ, પણ ભાણ્યો નહી ભવપાર રે ॥ સુ૦ ॥ જા૦ ॥ ૮ ॥ ભણ્યો અંકપલ્લીને આરબી રે લાલ, રાગ જાણ્યા છત્રીશ રે ॥ સુ૦ ॥ કળા બહોંતેર શીખીયો રે લાલ, પણ ન ઓળખ્યા જગદીશ રે ॥ સુ૦ ॥ જા૦ ॥ ૯ ॥ ખરડાં ખાતાં રોજનાં રે લાલ, વળી હુંડી ને ખત રે ॥ સુ૦ ॥ લેખાં ચોખામાં ઘણું ચોકશી રે લાલ, પણ ન ઓળખ્યાં નવ તત્ત્વ રે ॥ સુ૦ ॥ જા૦ ॥ ૧૦ ॥ કીધી પંચાત પારકી રે લાલ, લીધો લોકોમાં જશ રે ॥ સુ૦ ॥ પણ પોતે પુણ્ય સંચ્યો નહીં રે લાલ, તેમાં કાંઇ ન જાણો કસ રે ॥ સુ૦ ॥ જા૦ ॥ ૧૧ ॥ વાત કહી જાણે ભલી પરે રે લાલ, તે સુણી રીઝે રાણા રાવ રે ॥ સુ૦ ॥ તેહની પાસે પુછે વારતા રે લાલ, મનસુબાના દાવ રે ॥ સુ૦ ॥ જા૦ ॥ ૧૨ ॥ ભેખ લિયો ભગવંતનો રે લાલ, ઓઘો મુહપત્તિ ઝાલ રે ॥ સુ૦ ॥ સુત્ર વાંચે પણ સમજે નહીં રે લાલ, હિંસા ધર્મમેં લાલ રે ॥ સુ૦ ॥ જા૦ ॥ ૧૩ ॥ સમકિત પામીને વમે રે લાલ, હુઇ જાવે અંધા ભ્રષ્ટ રે ॥ સુ૦ ॥ જમાળીને પરે જોઇ લ્યો રે લાલ, નિન્હવ મિથ્યાદૃષ્ટિ રે ॥ સુ૦ ॥ જા૦ ॥ ૧૪ ॥ કોઇ મનુષ્ય કહે માહરે રે લાલ, નહીં રાગ દ્વેષ કોઈ રે ॥ સુ૦ ॥ સઘળા ભેખ મ્હારે સરિખા રે લાલ, ધોળું ધોળું દૂધ હોય રે ॥ સુ૦ ॥ જા૦ ॥ ૧૫ ॥ કિહાં રતન કિહાં કાંકરો રે લાલ, કિહાં સરસવ કિહાં મેરૂ રે ॥ સુ૦ ॥ સહુ ભેખ ન જાણો સરિખા રે લાલ, ભેખ ભેખમેં ફેર રે ॥ સુ૦ ॥ જા૦ ॥ ૧૬ ॥ સુગુરૂ રત્નાકર સરિખા રે લાલ, કુગુરૂ જાણીએ કાચ રે ॥ સુ૦ ॥ કુગુરૂ ડુબાવે કુડમેં રે લાલ, સુગુરૂને પંડિત સાચ રે ॥ સુ૦ ॥ જા૦ ॥ ૧૭ ॥ ખોળ ગોળ જાણે સરિ-

ખારે લાલ, તેહ પુરૂષ પુણ્ય હીણ રે ॥ સુ૦ ॥ ખોળ ગોળ જાણે જુ-જુઆ રે લાલ, તેહ પુરૂષ પ્રવિણ રે ॥ સુ૦ ॥ જા૦ ॥ ૨૮ ॥ અમૃત વિષને આંતરો રે લાલ, આંતરો દિનને રાત રે ॥ સુ૦ ॥ અંધે સુઝતે આંતરો રે લાલ, ઇમ જ્ઞાનીની વાતરે ॥ સુ૦ ॥ જા૦ ॥ ૧૯ ॥ રાય રંક જેમ આંતરો રે લાલ, અંતર કાંકરો હેમ રે ॥ સુ૦ ॥ સોના પીત-ળનો આંતરો રે લાલ, આંતરો રૂપું કથીર રે ॥ સુ૦ ॥ જા૦ ॥ ૨૦ ॥ કીડી કુંજર આંતરો રે લાલ, આંતરો મિસરીને રેત રે ॥ સુ૦ ॥ કેસર કસુંબે આંતરો રે લાલ, આંતરો ઉજ્જડ ખેત રે ॥ સુ૦ ॥ જા૦ ॥ ૨૧ ॥ જમણ કીધાં જુગતશું રે લાલ, પાંચ સાત પકવાન રે ॥ સુ૦ ॥ કોઇ કહે દાનની વાતડી રે લાલ, તો તિહાં ન માંડે કાન રે ॥ ॥ સુ૦ ॥ જા૦ ॥ ૨૨ ॥ મંડાણ સેંતો માંડીયો રે લાલ, સમજાવણને હેત રે ॥ સુ૦ ॥ કોઇ અવસર એહ આવીયોરે લાલ, અબ ચિત્ત આવે તો ચેત રે ॥ સુ૦ ॥ જા૦ ॥ ૨૩ ॥ એ ગુંથી પચીશી જ્ઞાનની રે લાલ, અ-લબેલાની ઢાળ રે ॥ સુ૦ ॥ ઋષિ રાયચંદ કહે સાંભળો રે લાલ, છોડી આળ પંપાળ રે ॥ સુ૦ ॥ જા૦ ॥ ૨૪ ॥ પુજ્ય જેમલજી પ્રસાદથી રે લાલ; કીધો જ્ઞાન પ્રકાશ રે ॥ સુ૦ ॥ સંવત અઢાર પાંત્રીશમાંરે લાલ, જોધપુર રહી ચોમાસ રે ॥ સુ૦ ॥ જા૦ ॥ ૨૫ ॥ ઇતિ. ॥

अथ श्री समाधीपच्चीशी.

(સાધુજીને વંદના નિત નિત કીજે. એ દેશી.)

અપુરવ જીવ જિનધર્મને પામ્યો, જ્યારે કમિય રહી નહી કાંય રે ॥ પ્રાણી ॥ કલ્પવૃક્ષ તસ આંગણે ઉગ્યો, મનવંછિત ફળ પાય રે ॥ પ્રાણી ॥ ચિત્ત સમાધી હુવે દશ બોલે ॥ ૧ ॥ એ આંકણી ॥ ભાંખી ગયા જગ તાત રે ॥ પ્રા. ॥ દીલ વિલાસ સદા શાતામાં, જ્યાંરા સુખ માંહે દિન જાત રે ॥ પ્રા. ॥ ચિ. ॥ ૨ ॥ બીજે બોલે જાતિ સ્મરણ, પામે પુણ્ય પ્રમાણે રે ॥ પ્રા. ॥ પુરવલા ભવ દેખે ભલી પરે, સમજે ચતુર સુજાણ રે ॥ પ્રા. ॥ ૩ ॥ ॥ ચિ. ॥ ઉત્કૃષ્ટા નવશે ભવ લગતા, દેખે સંજ્ઞી પચેંદ્રિય ઠીક રે ॥ પ્રા. ॥ આયુષ્ય જાણે આપ પરાયો, મતિ જ્ઞાની મંગળીક રે ॥ પ્રા. ॥ ચિ. ॥ ૪ ॥ મૃગાપુત્ર મહોલમાં બેઠા, મુનિ-વર મેઘકુમાર રે ॥ પ્રા. ॥ મલ્લિનાથ તણા છએ મંત્રી, પામ્યો દેડકો સમકિત સાર રે ॥ પ્રા. ॥ ચિ. ॥ ૫ ॥ ક્ષત્રિ નામે રાજ ઋષીશ્વર, વળી

સુદર્શન શેઠ રે ॥ પ્રા. ॥ નમિરાયે સંયમ આદરિયો, તે તો પહોત્વો મુગતિ ઠેઠ રે ॥ પ્રા. ॥ ચિ. ॥ ૬ ॥ ભૃગુ બ્રાહ્મણના હોય બાળક, વળિ તે તણા પ્રધાન રે ॥ પ્રા. ॥ જાતિસ્મરણથી સુખ પામ્યા, સુણતાં આવે જ્ઞાન રે ॥ પ્રા. ॥ ચિ. ॥ ૭ ॥ ત્રીજે બોલે યથાતથ્ય સુપનો, જીવ રાજી હુવે દેખ રે ॥ પ્રા. ॥ ઋદ્ધિ વૃદ્ધિ પામે તે પ્રભાતે, એહના અર્થ અનેક રે ॥ પ્રા. ॥ ચિ. ॥ ૮ ॥ ઇણ હિજ ભવે કેઈ મુગતિ સધાયા, એહવો સુપનો શ્રીકાર રે ॥ પ્રા. ॥ અરિહંતાદિકની માય દેખે, ભગવતીમાં અધિકાર રે ॥ પ્રા. ॥ ચિ. ॥ ૯ ॥ ચોથે બોલે દેવના દર્શન, જેહ દીઠે ઠરે નેણ રે ॥ પ્રા. ॥ ઝગમગ જ્યોત ઉદ્યોત વિરાજે, વળિ સમ દિઠીનાં સેણ રે ॥ પ્રા. ॥ ચિ. ॥ ૧૦ ॥ સોમલ બ્રાહ્મણને સમજાયો, સમ દૃષ્ટિ દેવે આયરે ॥ પ્રા. ॥ સમકિત માંહી કરિ દિયો સેઠો, સૂત્ર નિરયાવળિકા માંય રે ॥ પ્રા. ॥ ચિ. ॥ ૧૧ ॥ શકડાળ નાગે કુંભારની પાસે, સુર આઇ ઉભો સાક્ષાત રે ॥ પ્રા. ॥ વીર જિણંદશું કરિ દિયો ભેટો, હુવો શ્રાવક મેટિ મિથ્યાત રે ॥ પ્રા. ॥ ચિ. ॥ ૧૨ ॥ પાંચમે બોલે અવધિ જ્ઞાની, સૂત્ર નંદીમાં વિસ્તાર રે ॥ પ્રા. ॥ આનંદ શ્રાવક જિમ સુખ પાયો, શ્રમણજ કેશીકુમાર રે ॥ પ્રા. ॥ ચિ. ॥ ૧૩ ॥ સર્વાર્થસિદ્ધના દેવતા દેખે, તિહાં બેઠા થકાં લોકનાળ રે ॥ પ્રા. ॥ અરિહંત દેવને પ્રશ્નજ પૂછે, ઉત્તર દેવે દીનદયાળ રે ॥ પ્રા. ॥ ચિ. ॥ ૧૪ ॥ અવધિ લહી અરિહંત દેવ આવે, માતાના ગર્ભ માંય રે ॥ પ્રા. ॥ પેટમાં પોઢયા દુનિયા દેખે, પૂરાં પુણ્ય સંચ્યા જિનરાય રે ॥ પ્રા. ॥ ચિ. ॥ ૧૫ ॥ છઠું બોલે અવધિદર્શન, દેખે રવિ સંસાર રે ॥ પ્રા. ॥ સાતમે બોલે સુણજો હો જ્ઞાની, મનપર્યવ વિસ્તાર રે ॥ પ્રા. ॥ ચિ. ॥ ૧૬ ॥ દોય સમુદ્રને અઢાઈ, તેમા સંજ્ઞી પંચેદ્રિય હોય રે ॥ પ્રા. ॥ તેહ જીવોના મનની વાતો, છાની ન રહે કોય રે ॥ પ્રા. ચિ. ॥ ૧૭ ॥ મનપર્યવજ્ઞાની હોવે મુનિવર, વળિ લબ્ધિવંત અણગાર રે ॥ પ્રા૦ ॥ સત્ય પુરૂષ જેણે સૂત્રને ગૂથ્યાં, ચૌનાણી ગણધાર રે ॥ પ્રા૦ ॥ ચિ. ॥ ૧૮ ॥ કેવળજ્ઞાની આઠમે બોલે, નવમે કેવળ દર્શની આણરે ॥ પ્રા. ॥ ચૌદે રાજ રહ્યાં છે દેખી, સર્વે વાતોના જાણ રે ॥ પ્રા. ॥ ચિ. ॥૧૯॥ લોકમાંહી ઉદ્યોતજ કીધો, કેવળી હુવા ચોવીશ રે ॥ પ્રા. ॥ તીરથ થાપ્યાં કર્મને કાપ્યાં, જગતારણ જગદીશ રે ॥પ્રા.॥ ચિ. ॥ ૨૦ ॥ જઘન્ય તીર્થંકર વીશ બિરાજે, ઉત્કૃષ્ટા સયને સાઠ રે ॥ પ્રા. ॥ ગણધર સાધુ નમું શિર નામી, કેવળી પાટોપાટ રે ॥

પ્રા૦ ॥ ચિ૦ ॥ ૨૧ ॥ દશમે બોલે કેવળ મરણો, તે પહોંચે નિરવાણ રે ॥ પ્રા૦ ॥ એ દશ બોલ હુવા સંપૂરણ, શ્રી વીર વચન પ્રમાણ રે ॥ પ્રા૦ ॥ ચિ૦ ॥ ૨૨ ॥ નેવું જણાનાં નામજ ચાલ્યાં, કહ્યા અંતગડ માંહી અંતરે ॥ પ્રા૦ ॥ કેવળ મરણે મુકતે સિધાયા, સહુ સિદ્ધ થયા ભગવંત રે ॥ પ્રા૦ ॥ ચિ૦ ॥ ૨૩ ॥ દશાશ્રુતસ્કંધ માંહે ચાલ્યા, વળિ સમવાયાંગની સાખ રે ॥ પ્રા૦ ॥ સમાધિપચ્ચીશી હુઈ સંપૂરણ, ઋષિ રાયચંદજી એમ ભાંખે રે ॥પ્રા૦॥ ચિ૦ ॥ ૨૪ ॥ પ્રસાદ પૂજ્ય જેમલજીકે રે, કર્યો જ્ઞાનતણો અભ્યાસરે ॥પ્રા૦॥ સંવત અઢારસેં વર્ષ તેત્રીશે, મેડત નગર ચોમાસ રે ॥ પ્રા૦ ॥ ચિ૦ ॥ ૨૫ ॥ ઇતિ૦ ॥

अथ श्री लोभपच्चीशी.

લોભી મનુષ્યની પ્રીતિ ન કીજે, લોભીને અટકળી લીજે જી ॥ દિલની વાત કહેતાં તિણ આગેં, તિણશું આપણો કાજ ન સીઝે જી ॥ લોભી૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ લોભી મનુષ્યને તો લજ્જા ન કાંઇ, નેહ કપટ લોભી જોડે જી ॥ વિસારી દે મૈત્રી વહાલાશું, પ્રીતિ પહેલાશું તોડે જી ॥ લો૦ ॥ ૨ ॥ લાલચ ન જાવે લોભી મનુષ્યને, મનની તૃષ્ણા ન મૂકે જી ॥ ધર જા, મરજા ને વિસરજા, ચિત્તની વાત ન ચૂકે જી ॥ લો૦ ॥ ૩ ॥ લોભી ધન ધરતીમાં ઘાલે, ઊંડી ખણિ ખણિ ખાણો જી ॥ તડફ તડફ દુઃખે દિન કાઢે, તે ધન જાવે ઓરને આડો જી ॥ લો૦ ॥ ૪ ॥ લોભી માણસ તો હોયે લબાડી, ગુણ અણહુતા ગાવે જી ॥ જો આપણો સ્વારથ નવિ પહોચે, તો અવગુણ અણહુતા ઉડાવે જી ॥ લો૦ ॥ ૫ ॥ લોભીશું દાન દિયો નવિ જાવે, હરખે હાથ ન હાલે જી ॥ પાપ ઉદયે પોતે દિયો નવિ જાવે, લોભાદિયે તેહને પાડે જી ॥ લો૦ ॥ ૬ ॥ આહાર તો લોભી અધિકો ખાવે, પછે કહે પેટ ફૂટે જી ॥ દુઃખ પાવે દારિદ્ર કહાવે, કહે મ્હારી નાડીયો ત્રૂટે જી ॥ લો૦ ॥ ૭ ॥ લોભી છતે દ્રવ્યે લૂખું ખાવે, બોદા ધાન્યની બાટી જી ॥ દોલતવંત પણ દામ ન ખરચે, માયા પકડી કાઠી જી ॥ લો૦ ॥ ૮ ॥ કૂડા સોંસ કથન કેઇ કાઢે, એક માયાશું લય લાગી જી ॥ ધરમ કરમની ખબર ન કાંઇ, એક રૂપૈયાનો રાગી જી ॥ લો૦ ॥ ૯ ॥ કુણ કુણ પ્રાણી તેં છેતરિયા, માયા કામણગારી જી ॥ ઠગાય દિયાં એણે મન દેવતાનાં,

માયા મહા ધુતારી જી ॥ લો૦ ॥ ૧૦ ॥ કનરથ રાજા હુવો લોભી, વિ-સ્તાર જ્ઞાતામેં ભાંખ્યો જી ॥ અંગ ઉપાંગ ન રાખ્યાં કુમરનાં, હૃદયે દયા નહીં રાખી જી ॥ લો૦ ॥ ૧૧ ॥ કોઇ વાતની કમી નહિ કોણિકને, તોય રાજ્યશું મન હુવો આઘો જી ॥ પકડી પિતાને પાંજરે દીધો, પછી વહેમ કુમરશું લાગ્યો જી ॥ લો૦ ॥ ૧૨ ॥ બારમી વાર સમુદ્રમાં ચાલ્યા, નાવ ભાગી સમુદ્ર વિચાળે જી ॥ રયણાદેવીનાં દુઃખ તેણે દીઠાં, જિનરક્ષિત જિનપાળે જી ॥ લો૦ ॥ ૧૩ ॥ નંદરાજાની નવ ડુંગરિયાં, આખર કામ ન આઈ જી ॥ મરિને રાય પહોત્યો માઠી ગતિયે, ઘણો લોભી નરકની સાંઇ જી ॥ લો૦ ॥ ૧૪ ॥ સુભૂમ નામે આઠમો ચક્રી, સાતમો ખંડ લેવા ચાલ્યો જી ॥ પ્રત્યક્ષ ડુબ ગયો જળમાંહી, તૃષ્ણાયે નરકમાં ઘાલ્યો જી ॥ લો૦ ॥ ૧૫ ॥ કંસે કર્મ તો ભૂંડા કીધો, ઉગ્રસેનને પાંજરે ઘાલ્યો જી ॥ કૃષ્ણ વાસુદેવે કંસને માર્યો, પાધરો નરકમાં ચાલ્યો જી ॥ લો૦ ॥ ૧૬ ॥ દેવતા લોભી કહ્યા સૂત્રમાંહી, રત્ન ચોરીને ભાગે જી ॥ પછે છ માસ લગે રિવ પાડે, વજ્રતણો માર લાગે જી ॥ લો૦ ॥ ૧૭ ॥ લોભી તો તુરત કરે લડાઇ, લોભી હુઇ જાવે લૂણ હરામી જી ॥ લોભી મનુષ્ય તો ગળું કપાવે, મહા લોભી નરકનો ગામી જી ॥ લો૦ ॥ ૧૮ ॥ લોભી ધર્મની વાત વિગોવે, લોભી મેલે નિજ નાકી જી ॥ નાત જાતમાં કહે લોભીને, એહમાં નહી કાંઇ બાકી જી ॥ લો૦ ॥ ૧૯ ॥ પાપનું મૂળ તો લોભી કહાએ, ગુણ સઘળા લોભી બાળે જી ॥ લોભી માણસ તો સુંમ કહાવે, તેનું નામ પ્રભાતે સહુ ટાળે જી ॥ લો૦ ॥ ૨૦ ॥ લોભી તો ગુરુ કિંગુશું નવિ રાખે, લોભીને નહી કાંઈ લજિયા જી ॥ વહાલા સગાશું ગાળજ બોલે, કરે કોડીને માટે કજિયા જી ॥ લો૦ ॥ ૨૧ ॥ કુગુરુ કુદેવ કુધર્મમે ધ્યાવે, પૂજે દેવતા દેવી જી ॥ મહા અનરથ કરે ધનને અર્થે, સ્નાન કરી ધૂપ ખેવે જી ॥ લો૦ ॥ ૨૨ ॥ પરિગ્રહ છૂટયા વિણ મોક્ષ ન જાવે, જ્યાં લગે જીવને મમતા જી ॥ ઋષિ રાયચંદ કહે ઉત્તમ પ્રાણી, તુમે આણો અબહી સમતા જી ॥ લો૦ ॥ ૨૩ ॥ લોભ પચીશી જોડી જુગતિશું, લોભ તજે તેહને સાબાશો જી ॥ પ્રસાદ પૂજ્ય જેમલજી કેરે, શેહેર વિકાનેર ચો-માસો જી ॥ લો૦ ॥ ૨૪ ॥ સંવત અઢારશે વર્ષ ચોત્રીશે, આસો શુદિ દિન આસોજી ॥ લોભ ત્યાગી ને વડા વૈરાગી, કરશે અમરાપુરિમેં વાસો જી ॥ લો૦ ॥ ૨૫ ॥ ઇતિ. ॥

અથ શ્રી થાવચ્ચાકુમારનું ચોઢાલિયું.

॥ દોહા. ॥

સરસતિ ચરણ કમળ નમી, સહગુરૂ લાગું પાય ॥ થાવચ્ચા ગુણ ગાવતાં, મુજ મન હરખ ન માય ॥ ૧ ॥

॥ ઢાલ ૧ લી. ॥

શ્રી જિન નેમિ સમોસરચા રે, દ્વારકા નગરી મોઝાર રે ॥ સોભાગી ॥ સાધુ સંગાથે શોભતા હો લાલ, સહસ અઢાર ઉદાર રે ॥ સોભાગી ॥ શ્રી જિન૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ વનપાળે દીધી વધામણી રે, આવ્યા નેમિ જિણંદ રે ॥ સો૦ ॥ નામ સુણી જિનજી તણો હો લાલ, હરખ્યો કૃષ્ણ નરિંદ રે ॥ સો૦ ॥ શ્રી૦ ॥ ૨ ॥ ચતુરંગી સેના સજી રે, કાનુડો વંદન જાય રે ॥ સો૦ ॥ થાવચ્ચા સુત સુંદરૂ હો લાલ, પ્રણમે જિનજીના પાય રે ॥ સો૦ ॥ શ્રી૦ ॥ ૩ ॥ વાણી જોજન ગામિની રે, દે જિનવર ઉપદેશ રે ॥ સો૦ ॥ મીઠી તે સાકર સારિખી હો લાલ, સાંભળે કૃષ્ણ નરેશ રે ॥ સો૦ ॥ શ્રી૦ ॥ ૪ ॥ દશ દૃષ્ટાંતે દોહિલો રે, માનવનો અવતાર રે ॥ સો૦ ॥ ભવ ભવ ભમતાં પામીયો હો લાલ, લહી કોણ હારે ગમાર રે ॥ સો૦ ॥ શ્રી૦ ॥ ૫ ॥ કુટુંબ સહુ કો કારમો રે, એક નિશ્ચળ જિનધર્મ રે ॥ સો૦ ॥ અલ્પ જ સુખને કારણે હો લાલ, કાંઇ બાંધો બહોળાં કર્મ રે ॥ સો૦ ॥ શ્રી૦ ॥ ૬ ॥ વાણી સુણી વૈરાગિયો રે, હુવો થાવચ્ચાકુમાર રે ॥ સો૦ ॥ ચિંતે અનુમતિ લેયને હો લાલ, લેઇશું સંયમ ભાર રે ॥સો૦॥ શ્રી૦॥૭॥

॥ દોહા. ॥

ઘેર આવી કહે માતને, આપો અનુમતિ સાર ॥ હું ભવ ભયથી ઉભગ્યો, લેઇશું સંયમ ભાર ॥ ૧ ॥

॥ ઢાલ ૨ જી. ॥

(હરિયાં મન લાગ્યો. એ દેશી.)

માત કહે સુત સાંભળો, સંયમ વિષમ અપાર રે ॥ ચારિત્ર ચિત્ત વશું ॥ તું સુકુમાર છે નાનડા, સુણ મોરા પ્રાણ આધાર રે ॥ ચારિત્ર ચિત્ત વશું ॥ ૧ ॥ એ આંકણી ॥ બત્રીશ નારી તાહરે, ઇંદ્રાણી સમ રૂપં રે ॥ ચા૦ ॥ તું વચ્છ ઇંદ્ર સમાન છે, ભોગવ ભોગ અનૂપ રે ॥

ચા૦ ॥ ૨ ॥ એ મંદિર એ માળીયાં, એ સુકુમાળ છે સેજ રે ॥ ચા૦ ॥ સુખ ભોગવો સંસારનાં, આણી હૈડે હેજ રે ॥ ચા૦ ॥ ૩ ॥ તન ધન જોબન કારમાં, કારમો કુટુંબ પરીવાર રે ॥ ચા૦ ॥ નદી પુર સમ જાણીએ, જાતાં ન લાગે વાર રે ॥ ચા૦ ॥ ૪ ॥ ડાભ અણી જળ બિંદુઓ, પીંપળ પાકો પાન રે ॥ ચા૦ ॥ તેમ એ આયુ થિર નહિ, જેહવો સંધ્યાનો વાન રે ॥ ચા૦ ॥ ૫ ॥ સાધુ તણો પંથ દોહિલો, દ્રઢપણે પાળવો શૂર રે ॥ ચા૦ ॥ પાછળથી પસ્તાવશો, સુણ નંદન દુઃખ પૂરરે ॥ ચા૦ ॥ ૬ ॥ સંયમ લેઈ પસ્તાવતા, નર કાયર તે કહાય રે ॥ ચા૦ ॥ સિંહતણી પરે પાળિશું, સંયમ મોરી માય રે ॥ ચા૦ ॥ ૭ ॥

॥ દોહા. ॥

કુમરતણાં વયણાં સુણી, માતા ચિંતે એમ ॥ કૃષ્ણ કને જઈ વીનવું, શુભ મહોચ્છવ હોય જેમ ॥ ૧ ॥

॥ ढाल २ जी. ॥

માતા થાવચ્ચા તિહાં કણે આવે, જિહાં છે કૃષ્ણ નરિંદ રે ॥ મીઠે વચન ભાંખે કરજોડી, સંસાર તજે છે મુજ નંદ રે ॥ અનુમતિ માગે છે ॥ મુજ ઘરસૂત્રનું મંડાણ રે, તે સવિ ભાગે છે ॥ મણિ માણેક મોતી ભંડાર રે, તે સવિ ત્યાગે છે ॥ મુજ પ્રાણતણો આધાર રે, અનુમતિ માગે છે ॥ ૧ ॥ એ આંકણી ॥ છત્ર ચામર માગું તુમ કને, કરવા મહોચ્છવ સાર રે ॥ એકલી આશ સફળ કરો, જાણી તુમે નિરધાર રે ॥ અ૦ ॥ ૨ ॥ વયણ સુણી કૃષ્ણજી ઇમ ભાંખે, તુમે ચિંતા ન કરશો કોય રે ॥ અમે સ્વયંમેવ તુમે ઘર આયને, કરશું જિમ સુખ હોય રે ॥ અ૦ ॥ ૩ ॥ હર્ષે કરી કૃષ્ણ વધાવીને, માતાજી નિજ ઘર આવે રે ॥ કૃષ્ણ સઘળી ઋદ્ધિ લેયને, થાવચ્ચા પાસે સધાવે રે ॥ અ૦ ॥ ૪ ॥ થાવચ્ચાને તેડી ઇમ ભાંખે, કાં તજો ઋદ્ધિ સુખકારી રે ॥ ઉષ્ણ શીતળ એ દોય વિના, સઘળાં દુઃખ નિવારૂં રે ॥ અ૦ ॥ ૫ ॥ કુમર કહે દુઃખ દૂર કરો તો, શ્યાને કાજે જઇએ રે ॥ જન્મ જરા રોગ મરણ નિવારો, તો સુખીયા થઇને રહીએ રે ॥ અ૦ ॥ ૬ ॥ વળતા કૃષ્ણજી ઇમ કહે એ, કાળ તણી અતિ ન્યારી રે ॥ મુજથી ટાળી નવિ ટળે, ઇંદ્રાદિક ન શકે વારી રે ॥ અ૦ ॥ ૭ ॥

॥ દોહા ॥

મહોચ્છવ કીધો જુગતિશું, સ્વયંમેવ કૃષ્ણ નરિંદ ॥ સંયમ લેવા સંચરે, તવ થયો બહુ આનંદ ॥ ૧ ॥

॥ ઢાલ ૪ થી.

(બે બે મુનિવર વોહરણ પાંગર્યા રે. એ દેશી.)

અનુમતિ આપે તિહાં માતજી રે, સહસ પુરૂષની સાથ રે ॥ કુમર થાવચ્ચે સંયમ આદર્યો રે, નેમિજિણંદને હાથ રે ॥ સાધુ સોભાગી થાવચ્ચો વંદિયે રે ॥૧॥ એ આંકણી ॥ શ્રી જિનવરજીએ કૃપા કરી રે, મુક્યો સ્થવિરજીની પાસ રે ॥ ચૌદ પૂરવ ભણ્યો અતિ સુંદરૂ રે, અર્થ સહિત ઉદાર રે ॥સ૦॥૨॥ ચાર મહાવ્રત અતિ સુધાં ધરેરે, પાળે પંચ આચાર રે, નવવિધ શિયળ સમાચરે રે, ષટકાયાં હિતકાર રે ॥સા૦ ૩॥ સમિતિ ગુપતિ આરાધે ભાવશું રે, લિયે નિર્દોષ સૂજતો આહાર રે ॥ દશવિધ યતિધર્મ હૈડે ધરે રે, વિચરે કરિ ઉગ્ર વિહાર રે ॥સા૦ ૪॥ વિહાર કરતા અનુક્રમે આવિયા રે, શેત્રુંજય ગિરિવર ઉપર સાર રે ॥ અણુસણ કરીને એક જ માસનો રે, પહોત્યા મુગતિ મોઝાર રે ॥ સા૦ ॥ ૫ ॥ શ્રીમત લોંકાગચ્છપતિ રાજીયો રે, બિરાજે કેશવજી મુણિંદરે ॥ શીળ શિરોમણી ગચ્છપતો વંદીએરે, જિમ લહીએ પરમ આણંદ રે ॥ સા૦ ॥ ૬ ॥ તાસ શાસન માંહે અતિ સુંદરૂ રે, શોભે ઋષિ ભીમજી સુખદાય રે ॥ તસ શિષ્ય તેજસિંહ બહુ ભાવશું રે, ઋષિ થાવચ્ચાના ગુણ ગાય રે, ॥ સા૦ ॥ ૭ ॥ ઇતિ. ॥

અથ શ્રી સુભદ્રાસતીની સજ્ઝાય.

મુનિવર સોધે રે ઇરજા, જીવનાં જતન કરંત ॥ તરણું ખુત્યું આંખમાં, નયણે નીર ઝરંત ॥૧॥ કલ્પવૃક્ષ જેણે ઓળખ્યો, આંગણે ઉભો રે જેહ ॥ જીભે તરણું કાઢીયું, સાસુને પડયો સંદેહ ॥ ૨॥ તે સજ્જન શું કીજીએ, જેણે કુળ લાગે લાજ ॥ પુત્ર વહુ સોના સમી, નહિ અમારે કાજ ॥ ૩ ॥ ગુણ વિણ શી ગુણ લાકડી, ગુણ વિણ નાર કુનાર ॥ મન ભાગ્યું ભરતારનું, નહિ અમારે ઘરબાર ॥ ૪ ॥ પિયું વચન શ્રવણે સુણી, સતિ મન ચિંતવે એમ ॥ જિનધર્મે કલંક

જાણી કરી, કાઉસ્સગ કીધો રે તેમ ॥૫॥ શાસન સુરી આસન ચળ્યું, સતિ શિર આવ્યું રે આળ ॥ પોળ જડાવું નગરની, તોરે ઉતરશે ગાળ ॥૬॥ ભુંગળ તો ભાગે નહિ, ઘણુ ન લાગે ઘાય ॥ ચંપાપોળ ન ઉઘડે, આકુળ વ્યાકુળ થાય ॥૭॥ આકાશે ઉભા દેવતા, બોલે એહવા બોલ ॥ સતિ જળ સીંચે ચાલણી, તો રે ઉઘડશે પોળ ॥ ૮ ॥ રાજા મન આણંદિયો, નગર ઘણી છે નાર ॥ અંતે ઉર છે માહરૂં, સતિય શિરોમણી સાર ॥૯॥ અંતે ઉર કર્યું એકઠું, કૂવા કાંઠે નહિ માગ ॥ કાચે તાંતણે ચાલણી, ત્રૂટી જાયે ત્રાગ ॥૧૦॥ અંતે ઉર થયું દયામણું, રાજા થયો નિરાશ ॥ માંટીપણું મનમાં રહ્યું, ધિઃક પડયો ઘરવાસ ॥૧૧॥ નગર પડહ વજડાવીયો, વસ્તી દીસે હેરાન ॥ પ્રજાને પીડા ઘણી, કોઇ દિયો જીવિતદાન ॥૧૨॥ પડહ આવ્યો ઘર આંગણે, નગરી હાલ કલ્લોલ ॥ જો માતા અનુમતિ દિયો, તો હું ઉઘાડું રે પોળ ॥૧૩॥ વળિ વળિ વહુઅર શું કહું, નહિ નિર્લજને લાજ ॥ નવકુળનાગ નાશી ગયા, આવ્યું કાકિંડે રાજ ॥૧૪॥ દોષ દીજે નીજ કર્મને, કલંક ચઢાવ્યું રે માય ॥ પડહ છબી ઉભી રહી, જઈ સંભળાવ્યો રાય ॥૧૫॥ વેગે તે ગઇ વધામણી, રાજા નહિ વિશ્વાસ ॥ પ્રત્યક્ષ જુઓ એ પારખું, ત્યાં જઈ કરો તપાસ ॥ ૧૬ ॥ સુખાસન બેસી કરી, આવી જિહાં છે રે ભુપ ॥ વદન તે પુનમ ચંદલો, દેખી હરખ્યો ભુપ ॥૧૭॥ રાજા મન આણંદિયો, હૈડે હર્ષ ન માય ॥ પ્રજાને પીડા ઘણી, સાર કરો મોરી માય ॥૧૮॥ અવર પુરુષ બાંધવ પિતા, સતિ મનમાંહી સોય ॥ માનવ સહુ મેડીયે ચડી, સતીને જુએ સહુ કોય ॥ ૧૯ ॥ કાચે તાંતણે ચાલણી, સતી કળા ચઢી સોળ ॥ કામિની કૂપ જળે ભરી, ઉઘાડી ત્રણ પોળ ॥ ૨૦ ॥ કોઇ પીયર કોઈ સાસરે, કોઈ હોશે માને મોસાળ ॥ ચોથી પોળ ઉઘાડશે, જે હશે શિયળ ચોસાળ ॥૨૧॥ ચોથી પાળ ઉઘાડશે, જે હશે શિયળ નિકલંક ॥ સુર નર હોજયો સાખીયા, સુભદ્રાએ ટાળ્યું કલંક ॥૨૨॥ નાક રહ્યું નગરી તણું, ગામ ઉતારીરે ગાળ ॥ રાય રાણા પ્રસંશા કરે, સતિય શિરોમણિ સાર ॥ ૨૩ ॥ જે નરનારી પાળશે, તે તરશે સંસાર ॥ સિદ્ધ તણાં સુખ પામશે, અમરતણો અવતાર ॥૨૪॥ સંઘો કહે શિયળે સતી, મહિલાયે રાખ્યું રે માન ॥ વાઘણુ કેરાં દૂધડાં, રહેશે સોના કેરે ઠામ ॥ ૨૫ ॥ ઈતિ. ॥

अथ अंगफरकण विचार सज्झाय.

(દેશી ચોપાઇની.)

શ્રી શ્રીહર્ષ પ્રભુ ગુરૂ વંદી, જોડી કરીશ હું ચોપાઈ છંદ ॥ નર નારીનાં અંગ ઉપંગ, ફુરકે તાસ ફળાફળ ચંગ ॥ ૧ ॥ માથું ફુરકે પૃહવી રાજ, પામી અવિચળ સારે કાજ ॥ ભાલ ફુરકે સાજન વૃદ્ધિ, દિન દિન થાયે ઋદ્ધ સમૃદ્ધિ ॥૨॥ પાંપણ ફુરકે સુખ સંપજે, થાનક બેઠા થાયે વિજે ॥ નાક આંખ વિચ ફુરકે જેહ, પ્રિય સંગમ હોયે અવિહડ નેહ ॥૩॥ બેહુ આંખો ફુરકે જામ, મિત્ર મળે અણુચિંત્યો તામ ॥ નયન વિચાર કહું હવે જુઓ, વેદાગમનો લેઇ દુહો ॥ ૪ ॥ જમણી આંખો ઉપર ફુરે, તો જસ લાભને સુખ અનુસરે ॥ હાણ અને ક્ષય ભયની ચલે, ફુરકે વ્રત આંખે મહિયલે ॥ ૫ ॥ સુખ ભોગ સંગમ ડાબિયે, નીચલી ફુરકે ફળ ભાવિયે ॥ ઉપરલીએ ક્ષય દુઃખ થાય, ઇણિપરે નયન કહ્યાં વિગતાય ॥ ૬ ॥ નાક તણી દાંડી જવ ફુરે, આતમ સંતોષી સુખ કરે ॥ ટીગસી ફુરકે જવ નાસિકા, દિયે ભવ જસની તવ આસિકા ॥૭॥ લમણા ફુરકે લખમી લછિ, પામે દૂધ દહીં ઘી છાશ ॥ કાન ફુરકે તો સુવચન સુણે, રૂડી વાત દિશો દિશિ સુણે ॥ ૮॥ ગાલ ફુરકે સો સયળા ભોગ, અથવા ભોજન સાસુર જોગ ॥ હોઠ ફુરકે જવ ઉપરે, તવ અચિંત્ય કળિયલ નર કરે ॥૯॥ મુખ મિષ્ટાન્ન ફુરકે લહે, સ્ત્રીનો સંગમ થિર ગહગહે ॥ ભોગ લહીજે હિડકી ફુરી, હોડે ફુરકી બોલી ખરી ॥ ૧૦ ॥ ગળું ફુરકે જવ નર નાર, વસ્ત્રાભરણ લહે તેણિવાર ॥ ગાવડ ફુરકે ભવ મરણુરો, દાખવિયો ફળ શાસ્ત્ર ખરો ॥ ૧૧ ॥ કંઠ ફુરકે હુવે તેહવે, લાભ ભોગ જસુ ફુરકે ખવે ॥ કાખ ફુરકે હોવે ધન હાણ, વાત કહી છે એહવી પુરાણ ॥ ૧૨ ॥ પસવાડ ફુરકે જિણ જિશે, વલ્લભ વાત સુણાવે તિસે ॥ પુંઠ ફુરકે તો વૈરી મરે, કાજ સવિ ઘર બેઠાં સરે ॥ ૧૩ ॥ બાંહ ફુરકે પ્રિય જો મળે, કોંણી ફુરકે જય પદ મળે ॥ કર ફુરકે ટાળે આપદા, ફુરકે હથેળી દિયે સંપદા ॥ ૧૪ ॥ પોંચા ફુરકે ચિતારે મિત્ત, અથવા કિંપિ વધારે પ્રીત ॥ આંગુળિયાં પણ તેહ વિચાર, નખ ફુરકે વૈરી જયકાર ॥ ૧૫ ॥ હૈહ ફુરકે લાભ પ્રમાણ, સ્તન ફુરકે વિશેષ તસુ જાણ ॥ પેટ ફુરકે વાધે તસભંડાર, નાભી ફુરકે પાય વિહાર ॥ ૧૬ ॥ આસન ફુરકે સ્ત્રી સંતાન, એહવું સુણિયે લોકિક જ્ઞાન ॥ ઢીંચણ

ફુરકે હરખ નિધાન, અથવા પદવી લહે પ્રધાન ॥૧૭॥ ગુહ્ય ફુરકતાં રમણી રંગ, પામે નિશ્ચે ઉત્તમ સંગ ॥ કટી ફુરકે પહેરે વસ્ત્ર, સાથળ ફુરકે બંધન શસ્ત્ર ॥૧૮॥ ગૂડા ફુરકે વાહન ચડે, જંઘા ફુરકે પંથે ખડે ॥ ગીરી ફુરકે સંપદા વધે, અથવા કેઇ અસિતિત સધે ॥૧૯॥ પગ ઉપર ફુરકે ધન હોય, પગતળિયે સવિશેષો જોય ॥ પગ આંગુળિયો જિશે ફુરકરે, તવ અભિષ્ટ ઘર આવી ભરે ॥ ૨૦ ॥ પુરૂષ અંગુલી જે જમણો, વામ અંગુળ ફળ નારી તણો ॥ તુરત ફળ આપે સુભગને, મધ્યમ ફળ આપે વિહિવને ॥ ૨૧ ॥ દિવસ તણું ફળ બોલ્યું ક્રમે, વળિ વિપરીત કહ્યું નિશિ સમે ॥બ્રહ્મચારી બાળકુમાર, રાજા પ્રમુખ ફળાપતિ સાર ॥૨૨॥ સંવત નંદ ભવનરસ ચંદ, દસહરા દિન મહિમાણંદ ॥ કહી વાત તન ફરકણ તણી, આગમ વાણી જિશિ ગુરુભણી ॥ ૨૩ ॥

अथ श्री सर्वार्थसिद्ध विमाननी सज्झाय.

જગદાનંદન વીનવું રે, ત્રિસલા નંદન વીર ॥ છોરૂની પરે શીખવે રે, પુણ્ય કરો નિશ દીશો રે ॥ પુણ્ય ન મુકીએ ॥ જેહથી શિવસુખ હોય રે, તે કેમ ચૂકીએ ॥૧॥ એ આંકણી ॥ સર્વારથ સિદ્ધે અછે રે, સુરને સુખ અનેક ॥ તે વિવરીને હું કહું રે, સાંભળજો સુવિવેકો રે ॥ પુ૦ ॥ ૨ ॥ સર્વાર્થસિદ્ધે અછે રે, ચંદરુઓ ચોસાળ ॥ મોતી ઝુમખો તિહાં વટો રે, ઓપે ઝાકઝમાળો રે ॥ પુ૦ ॥ ॥૩॥ એક વચ્ચે મોતી વડું રે, ચોસઠ મણનું માન ॥ ચાર મોતી તસ પાખતી રે, બત્રીસ મણનાં પ્રધાનો રે ॥ પુ૦ ॥ ૪ ॥ સોળમણાં વળી શોભતા રે, અડ મુક્તાફળ ચંગ ॥ આઠમણાં સોળજ સુણો રે, આણી રંગ અભંગો રે ॥ પુ૦ ॥ ૫ ॥ ચારમણાં વળિ ચિત્તહરૂ રે, મુક્તાફળ બત્રીશ ॥ બે મણ કેરાં મનોહરૂ રે, ચોસઠ કહે જગ દીશો રે ॥ પુ૦ ॥ ૬ ॥ એકમણા વળિ જાણજો રે, એકસોને આઠ વીશ ॥ તેહનું વર્ણન સાંભળી રે, કોણ ન ધૂણે શીશો રે ॥ પુ૦ ॥ ૭ ॥ સરવાળે સઘળાં મળી રે, હોયશે ત્રેપન હોય ॥ વલયાકારે જાણજો રે, તે મોતી સહુ કોયો રે ॥ પુ૦ ॥ પવન લહે પરોવિયાં રે, સમકાળ તે જાણ ॥ મુખ્ય મોતીશું આફળે રે, રમણ ઝણણણ તામો રે ॥ પુ૦ ॥ ૯ ॥ તે માટે તિહાં દેવતા રે, અતિ સુખીયા પુણ્યવંત ॥ તિણે નાદે લીલા લહે રે, માને સુખ

અનંતો રે ॥ પુ૦ ॥ ૧૦ ॥ તેત્રીશ સાગર આઉખું રે, જાતું ન જાણે તેહ ॥ સિદ્ધપાહુડે વીરજી રે, અવિતથ્ય ભાંખ્યુ એહો રે ॥ પુ૦ ॥ ૧૧ ॥ છટ્ઠતણો તપ હોત જો રે, તો પહોંચત નિરવાણ ॥ સિદ્ધસિલા તિહાંથી અછે રે, જોજન બાર પ્રમાણો રે ॥ પુ૦ ॥ ૧૨ ॥ તે માટે ઇહાં અવતરી રે, દીક્ષા ગ્રહી ગુરૂ પાસ ॥ કેવળજ્ઞાન લહી કરી રે, પહોંચે શિવસુખ વાસો રે ॥ પુ૦ ॥ ૧૩ ॥ તેત્રીશ સહસ વરસ પછી રે, ભૂખ તણી રૂચિ હોય ॥ તરત અમૃતમય પરગમે રે, લવસત્ત સુર જોયો રે ॥ પુ૦ ॥ ૧૪ ॥ પુણ્યે શિવપદ સુરપદ રે, પુણ્યે લીલ વિલાસ ॥ ગુણવિજય પ્રભુશું કહે રે, પુણ્ય થકી ફળે આશો રે ॥ પુ૦ ॥ ૧૫ ॥ ઇતિ. ॥

अथ श्री चौद स्थानकिया जीवनी सज्झाय.

(ચોપાઇની દેશી.)

ગૌતમ ગુરૂના પ્રણમી પાય, પામી સહગુરૂનો સુપસાય ॥ મનુષ્ય સમુર્છિમ ઉપજે જેહ, સ્થાનક ચૌદ કહીશું તેહ ॥૧॥ ગર્ભજ મનુષ્યતણો [૧] ઉચ્ચાર, તેહમાં જીવ અસંખ્ય અપાર ॥ મનુષ્ય સમુચ્છિમ પંચેંદ્રિય જોય, ઉપજે સ્થાનક પહેલો સોય ॥[૨]॥ માત્રા માંહે બીજો જાણ, ત્રીજો [૩] બળખા માંહી પ્રમાણ ॥ [૪] ॥ શ્લેષમમાંહી ચોથો વળી, [૫] વનમાં પાંચમો કહે કેવળી ॥૩॥ [૬] પિત, પરૂ [૭] લોહીને [૮] થુંક, સ્થાનક નવ જાણો અચૂક ॥[૧૦]॥ પુદ્ગળ સુકા હોયે જેહ, પાછાં ભીંજે દશમો તેહ ॥૪॥ [૧૧] મૃતકળેવર ઇગ્યારમો [૧૨] સંજોગ સ્ત્રી નરનો બારમો ॥ તેરમો [૧૩] ખાળ નગરની ધાર, ચૌદમો સર્વ [૧૪] અશુચિ નિવાર ॥૫॥ માણસનાં એ ચૌદે જિહાં, મનુષ્ય સમુચ્છિમ ઉપજે તિહાં ॥ અંગુળ અસંખ્ય ભાગ તસ કાય, અંતર મહુરત તેહનું આય ॥૬॥ યોની માંહે જીવ અસંખ્ય, મરે ઉપજે નહી તસ શંક ॥ એહનાં જતન કરે નહીં જેહ, સબળ પાપ કરી બુડે તેહ ॥૭॥ ભુમિ ભીની છાંહિ હોવે જિહાં, મળ માત્રાદિ ન નાંખો તિહાં ॥ માત્રા ભરિ ભરિ નવિ રાખીએ, બળખા જિમ તિમ નવિ નાંખીએ ॥ ૮ ॥ લોહી વમનને રાખે કરી, તુરત જતન કીજે ચિત્ત ધરી ॥ અવાળુ હોવે જિહાં બહુ રાય, પરઠવિજે નહી તેણે ઠાય ॥૯॥ માત્રે ભીની ભુમિ પરિહરો, પ્રહસમય તે ઉપર મતિ કરો ॥ અજયણાએ દાતણ મત કરો, જિમ અવિચળ સવિ સંપતિ વરો ॥૧૦॥ મળ માત્રા જિહાં પડીયાં હોય, મળ માત્રાં મત કરો

તિહાં કોય ॥ પાપ સર્વ દૂરે ટાળીએ, ઇણિપરે જીવદયા પાળીએ ॥ ૧૧ ॥ મિથ્યા મત તુમે પરિહરો, જિમ એહમાં કદિ નવિ અવતરો॥ તિર્યંચને મળે ઉપજે નહી, મનુષ્યને મળે ઉપજે સહી ॥૧૨॥ પન્નવણા પદ જોઈ સાર, એ સજ્ઝાય કરી સુખકાર ॥ ઉદયપુરી કહે મુનિ ધર્મદાસ, ભણે સુણે તસ લીલવિલાસ ॥ ૧૩ ॥ ઇતિ. ॥

श्रीमद् बुद्धिसागरजीकृत प्रभातीयां.

आत्माने जागृतिभावनो उपदेश. झुलणा छंद.

જાગરે આતમા જાગરે આતમા, મોહની ઉંઘમાં ચોર લૂંટે;
વિત્ત દારા અને વિષયની વાસના, પાસથી શત્રુઓ ખૂબ કૂટે. જાગ. ૧
વૃત્તિ બાહિર્વહે કર્મ આઠે ગ્રહે, આતમા ભ્રાન્તિથી ભાન ભૂલ્યો;
ક્રોધને માનથી લોભ માયાથકી, લક્ષ ચોરાશિમાં ખુબ ઝૂલ્યો. જાગ. ૨
પામી માનવપણું પુણ્ય ઉત્કર્ષથી, મુક્તિ સાધન અરે તેં વિસાર્યું;
ખૂબ અપકૃત્યથી પાપ ગાડું ભર્યું, જાવવું નરકમાં કેમ ધાર્યું.જાગ. ૩
શ્વાસ ઉચ્છવાસથી જીવ આયુ ઘટે, ખબર નહિ કાલની કેમ થાશે;
કાલનું કૃત્ય તે આ ક્ષણે કીજિએ, ધર્મથી આ ભવાબ્ધિ તરાશે. જાગ. ૪
કોટિ ધન આવશે નહિ કદી સાથમાં, પાપ ને પુણ્ય સાથેજ આવે;
દાન કરજે સદા ધર્મ વાટે મુદા, દાનથી આતમા મોક્ષ પાવે. જાગ. ૫
સ્મરણ કર દેવનું શરણ જે દીનનું, સાધુના દર્શને પુણ્ય થાવે;
સાધુ દર્શનથકી સાધુ વન્દનથકી, કોટિ ભવનાં કર્યાં પાપ જાવે. જાગ. ૬
સાધુના સંગથી આતમા જાગતો,તીર્થ જંગમ મુનિ ભવ્ય સેવો;
તીર્થ જંગમ મુનિ કલ્પવેલી અહો, પુષ્કરાવર્તના મેઘ જેવો. જાગ. ૭
સાધ લે સિદ્ધિને ધર્મવ્યવહારથી, ભક્તિ ઉત્સાહથી યત્ન ધારો;
ધર્મ કરણી કરી ફોક થાવે નહીં, ધર્મથી આવશે દુઃખ આરો. જાગ. ૮
ઉંઘ ત્યાગી અહો દેહ દેવળ વિષે, શુદ્ધ ચેતન પ્રભુને જગાડો;
બુદ્ધિસાગર સદા ભાવના મોગરી, સ્મરણનો ઘણ્ટ હેતે વગાડો. જાગ. ૯

दयामां सर्वधर्मावतार.

ઝુલણા છંદ.

દીલમાં રહેમ આણી અરે માનવી, દુઃખિયા પ્રાણિયોને ઉગારો;
ધર્મ મોટો દયા રાખવી જીવની, પ્રાણિને પ્રાણ જાતાં ન મારો. દીલ. ૧

ધર્મનું મૂળ પ્રાણી દયા મોટકી, મૂળના વિણ નહી હોય ડાળાં;
રહેમ દૃષ્ટિ વિના હોય નહિ ધર્મકો, સ્વર્ગના વારણે બન્ધ તાળાં. દીલ. ૨
વારિ અગ્નિથકી પ્રગટતો નહી કદી, રેત પીલે નહી તેલ આશા;
રહેમ દૃષ્ટિ વિના ધર્મનહિ માનવી, ચાસણીબીન ક્યાંથી પતાસાં. દીલ ૩
આપણો આતમા અન્યનો તેહવો, સર્વને મૃત્યુનું દુઃખ મોટું;
પ્રાણિને મારતાં પાપ લાગે ઘણું, રહેમ દૃષ્ટિ વિના કૃત્ય ખોટું. દીલ. ૪
પાપના પોટલે પેટ પાપી ભરે, ખત બંદુકથી જીવ મારી;
પાપથી પાતકી દુઃખ પામે ઘણું, જાય અંતે મનુજ જન્મ હારી. દીલ. ૫
યત્ર હિંસા તિહાં ધર્મ નહિ લેશ છે, દુઃખિયા પ્રાણિયોને ઉગારો;
પ્રેમથી માનવી દીલ લાવી દયા, ધર્મ સાચો દયાથી વિચારો. દીલ. ૬
પશુ અને પક્ષિઓ છાણના જીવડા, તેહ માનવ થશે કોઇ કાળે;
નીચ પણ પ્રાણિયા ઉચ્ચ અવતાર લે, શાસ્ત્રની દૃષ્ટિથીકોઇભાળે.દીલ.૭
ધર્મ નહિ કો દયા સરિખો જગતમાં, દીલમાં માનવી લે વિચારી;
વીર ભગવાનની સાંભળીને દયા, ધર્મ તે જાણજો સત્ય ધારી. દીલ. ૮
સર્વનો આતમા એક સરખો ગણી, આત્મવત્ રાખજો સર્વ દૃષ્ટિ;
બુદ્ધિસાગર અહો માનવી દેવ છે, જેહ કરતો દયા મેઘવૃષ્ટિ. દીલ. ૯

ધર્મપ્રભાવ.

ઝુલણા છંદ.

ધર્મ કર આતમા ધર્મ કર આતમા, ધર્મથી હોય સંસાર પારો;
ધર્મ કરતાં કદી ધાડ આવી પડે, પૂર્વના કર્મથી તે વિચારો. ધર્મ. ૧
ધર્મથી દેવતા ધર્મથી માનવી, ધર્મથી નરપતિ શ્રેષ્ઠ થાવે;
ધર્મથી ઇષ્ટ સંયોગ આવી મળે, ધર્મથી દુઃખ દૌર્ભાગ્ય જાવે. ધર્મ. ૨
અગ્નિ પણ જલ હુવે સર્પ માલા હુવે, ધર્મથી કીર્તિ જગમાં ગવાતી;
ધર્મથી સિદ્ધિને પામતો માનવી, ધર્મથી રૂદ્ધિયો સહુ પમાતી. ધર્મ. ૩
ધર્મના તેજથી મેઘ વર્ષા કરે, ધર્મના તેજથી વાય વાયુ;
ધર્મના તેજથી રાત્રિ દીવસ થતા, ધર્મના તેજથી દીર્ઘ આયુ. ધર્મ. ૪
માનવી ઉંઘતો ધર્મપણ જાગતો, ધર્મનું બાંધિએ સત્ય ભાતું;
ચોર ચોરે નહીં અગ્નિ બાળે નહીં, સમજ જો ધર્મનું સત્ય ખાતું. ધર્મ. ૫
ધર્મથી પરભવે ઉચ્ચ અવતાર લે, ધર્મથી પાપ સર્વે પ્રણાશે;
ધર્મથી લબ્ધિયો જીવને સંપજે, ધર્મથી સર્વ બુદ્ધિ પ્રકાશે. ધર્મ. ૬

પગ પગે રૂદ્ધિયો પ્રગટતી ધર્મથી, ધર્મથી દુનીઆ હાથ જોડે;
ધર્મ હીરો તજી મૂઢ માનવ અરે, પાપના પથ્થરે શીર ફોડે. ધર્મ. ૭
સત્ય આનન્દને મોજ છે ધર્મથી, પૂર્વભવનાં કર્યાં આજ પાવે;
હાલના ધર્મને ભોગવે પરભવે, પામતો ફલ યથા બીજ વાવે. ધર્મ. ૮
આમ બાવળ અને લીંબડો આંમલી, માનવી જે રચે તેહિ વાવો;
વાવિએ જેહવું પામિએ તેહવું, નાસ્તિ તેમાં જરા કોઇ દાવો. ધર્મ. ૯
ધર્મનાં બીજ વાવો સદા પ્રેમથી, ચાલજો ધર્મથી મુક્તિવાટે;
બુદ્ધિસાગર અરે ચેતજે આતમા, માલ છે મુક્તિનો શીર સાટે. ધર્મ. ૧૦

निद्रा त्याग.

ઝુલણાછંદ.

ઉંઘ નહિ આતમા ઉંઘ નહિ આતમા, ઉંઘતાં કાળ વીત્યો અનાદિ;
ઉંઘતાં આતમા દુઃખ પામ્યો બહુ, ભૂલિયો શુદ્ધ ચૈતન્ય યાદી. ઉંઘ. ૧
ઉંઘથી આળસુ સત્ય જોયું નહીં, ઉંઘથી કાર્ય કરવું વિસાર્યું;
ઉંઘમાં શત્રુ છે આપણો આતમા, સત્ય જીવન અહો જાય હાર્યું. ઉંઘ. ૨
ખડ્ગ ચૌધાર નિદ્રા બડી વૈરિણી, ઉંઘમાં કર્મ બંધાય જાણો;
ઉંઘથી જ્ઞાન ધ્યાન ભૂલે સહુ, ઉંઘથી દુઃખડાં દીલ આણો. ઉંઘ. ૩
સર્વનો ઘાત વકર્ત્રી અહો ઉંઘ છે, ઉંઘમાં ટેકની ભૂલ થાવે;
ઉંઘને ટાળતાં ઉંઘને ખાળતાં, ભાન ચેતનતણું દીલ આવે. ઉંઘ. ૩
દ્રવ્યને ભાવ ભેદ અહો ઉંઘ છે, જગત્માં ભાવથી ઉંઘ મોટી;
રાગને દ્વેષથી રમણતા બાહ્યમાં, ભાવ નિદ્રા અહો કેમ છોટી. ઉંઘ. ૫
ભાવથી ઉંઘતા મોહના જોરથી, અટકતા પ્રાણિયા દુઃખ પાવે;
વિવિધ કાયા ગ્રહી ઘોર સંસારમાં, ભટકતાં પારરે કેમ આવે. ઉંઘ. ૬
ત્યાગ દૂક્કર અહો ત્યાગ દુષ્કર અહો, ભાવ નિદ્રા તણો ભવ્ય ભાળો;
બોલતાં ચાલતાં ઉંઘતાં પ્રાણિયા, ભાવ નિદ્રા તણો એહ ચાળો. ઉંઘ. ૭
ઉંઘની લહેરમાં ઝેર છે મોટકું, ઉંઘમાં દુઃખનો પાર નાવે;
જાગરે આતમા પામિ સમ્યક્ત્વને, ભોરુ વેળા અહો બોધિ ભાવે. ઉંઘ. ૮
ઉંઘની ઘેનમાં ઘોર રાત્રી અહો, ઉંઘ મિથ્યા મહા દુઃખદાયી;
જાગને આતમા પામી સમ્યક્ત્વને, ભક્તિ ઉત્સાહને ચિત્ત લાયી. ઉંઘ. ૯
ઉંઘને ત્યાગરે ઉંઘને ત્યાગરે, ચિત્તમાં ચેતના શુદ્ધ ધારી,
બુદ્ધિસાગર સદા મુક્તિના પંથમાં, જાગિને ચાલજે શીખ સારી. ઉંઘ. ૧૦

શુદ્ધ ચેતવણી ઉપદેશ.

ઝુલણાછંદ.

ચેતરે માનવી ચેતરે માનવી, ચિત્ત ચકડોળમાં કેમ ઝૂલે;
મોહના ફંદમાં ફોક ફસિયો અરે, તત્ત્વ વિદ્યા લહી કેમ ભૂલે. ચેતરે. ૧
મોહના તોરમાં ભાન ભૂલ્યો અરે, કામને ક્રોધથી જન્મ હાર્યો;
જ્ઞાન વૈરાગ્ય ને શુદ્ધ ચારિત્રથી, આતમા શુદ્ધ રૂપે ન ધાર્યો. ચેતરે. ૨
વિષયના વૃક્ષને વાવતો પ્રેમથી, પ્રાપ્ત થાશે ફલો તો નઠારાં;
તત્ત્વ બુદ્ધિ ધરી મોહ માયા હરી, વાવજે ધર્મનાં વૃક્ષ સારાં. ચેતરે. ૩
પાણિમાં માછલું જેમ તરસ્યું રહે, તેમ અજ્ઞાનથી ચિત્ત ધારો;
જ્ઞાનના પ્રાણિમાં આતમા માછલું, પ્રેમથી આતમા ભવ્ય તારો. ચેતરે. ૪
ચેતજે આતમા સારમાં સાર છે, શુદ્ધરૂપે પ્રભુ તું પ્રકાશી;
બાહ્ય વ્યવહારમાં ઉંઘજે યોગથી, ધ્યાનમાં જાગજે રે વિલાસી. ચેતરે. ૫
રાત્રિમાં દિવસને દીવસમાં રાત્રિ છે, સમજતા જ્ઞાનથી જ્ઞાન યોગી;
બુદ્ધિસાગર સદા ચેતજે જ્ઞાનથી, યોગિ પણ તું સદા છે અયોગી. ચેતરે. ૬

સંસારની અસારતા.

ઝુલણાછંદ.

સર્વ સંસારના ભાવ છે કારમા, સાર તેમાં નથી સત્ય ભાખું;
રૂપ જૂદાં ધરે પ્યાર ત્યાં શું કરે, સમજજે આતમા સત્ય દાખું. સર્વ. ૧
ક્ષણિક આનન્દમાં મોહથી મુંઝીને, ભવ્ય માનવપણું કેમ હારે;
આજને કાલ કરતાં થતાં માનવી, કાળ આયુઃ હરે કો વિચારે. સર્વ. ૨
બાહ્ય આનન્દનો રંગ છે અભિનવો, નષ્ટ તેતો થશે ચિત્ત ધારો;
આધિને વ્યાધિથી મુક્ત કર આતમા, સમજિને સત્યને તેમ હારો. સર્વ. ૩
લક્ષ ચોરાશીમાં વિવિધ દેહો ધર્યાં, મોહ અજ્ઞાનથી પાર નાવ્યો;
આતમા સત્ય જાણ્યો લહી જ્ઞાનને, દીલમાં તે સદા ખૂબ ભાવ્યો. સર્વ. ૪
જૂઠ સંસારમાં સાર છે નહિ કશું, તત્ત્વદૃષ્ટિથકી લે વિચારી;
વર્ણને વેષ લિંગાદિકે ધર્મ નહિ, ભ્રાન્તિમાં ભૂલતાં છે ખુવારી. સર્વ. ૫
સદ્‌ગુરુ ખડ્‌ગથી સમજરે ધર્મને, ધર્મથી પાપ સઘળાં પ્રણાશે;
સાદ્યનન્તિ સ્થીતિ પામતો આતમા, ધર્મથી શુદ્ધ રુપ પ્રકાશે. સર્વ. ૬
વિત્તના ફન્દમાં દુઃખના કન્દ છે, સત્ય વૈરાગ્યથી તે વિચારો;
સત્ય આનન્દમાં રમણતા રાખવી, જાપ અજપાથકી જીવ તારો. સર્વ. ૭

ફોક ઝઘડા કરી ધર્મના ફન્દમાં, કેમ આયુઃ અરે ભવ્ય ગાળો;
તત્ત્વ નહિ અન્યથા કોઈ કાળે થતું, સત્યસારાંશથી ધર્મ પાળો. સર્વ. ૮
વીર વચનો સદા સર્વ સાપેક્ષ છે, સમજીએ જ્ઞાનને દીલ ધારી;
બુદ્ધિસાગર સદા મુક્તિના પન્થમાં, વીરવચનો મહા ઉપકારી. સર્વ. ૯

प्रभातियुं.

ઝુલણાછન્દઃ

જાગ અબ આતમા જાગ અબ આતમા, દીલ નવકારનું સ્મરણ કીજે;
કોણ હું શાથકી આવિયો ક્યાં થકી, કૃત્ય શું આતમા કેમ છીજે.
જાગ. ॥ ૧ ॥
હેય આદેયને જ્ઞેય શું જગ વિષે, આજ લગી આત્મહિત શું વિચાર્યું;
ચેત ચેતન પ્રભુ ઉંઘ નાહ આળસુ, મોહ માયાથકી જીવન હાર્યું.
જાગ. ॥ ૨ ॥
શ્વાસ ઉશ્વાસમાં આયુરે જાય છે, વીતિયું જીવન નહિ ફેર આવે;
રાજ રાણા ગયા દેવ દાનવ ગયા, અમર નહિ કોઇ જગમાં રહાવે.
જાય. ॥ ૩ ॥
ધર્મ ઝટ કીજિએ સાથ તે આવશે, દેખ મનમાં સદા તે વિચારી;
બુદ્ધિસાગર સદા જ્ઞાનથી જાગજે, ત્યાગ વૈરાગ્યથી ધ્યાન ધારી.
જાય. ॥ ૪ ॥

दलसुखभाइ गीरधरभाइ कृत.

वीर प्रार्थना.

(ભુજંગી છંદ.)

નમું વીર સ્વામી, મહા ઉપગારી, કરી કૃપા દુઃખ નાંખો વિસારી;
ગતિ ચાર ફેરાની વેળા નિવારો, દયાળુ પ્રભુ દાસ જાણી ઉગારો. ૧.
મહા નીચ કર્મે પૂરો ઘેર ઘાલ્યો, વડેરા અરિ મોહની સાથ મ્હાલ્યો;
તથાપિ તમારો નથી છૂટકારો, દયાળુ પ્રભુ દાસ જાણી ઉગારો. ૨.
પડયા ચાર ચંડાળ કેડે હમારી, દશા દાસની સૌ નાંખો નિવારી;
કરો રંક રાજી શિશુ આ તમારો, દયાળુ પ્રભુ દાસ જાણી ઉગારો. ૩.
થયો લંપટી ભામીનીએ ભમાવ્યો, મનુ જન્મ પામી વૃથા મેં ગુમાવ્યો;
ભુલ્યો સિન્ધુ સંસાર ક્યાંછે કિનારો, દયાળુ પ્રભુ દાસ જાણી ઉગારો. ૪.

તર્યા આપ પોતે વર્યા સિદ્ધિ રાણી, ભમું ફેર ફેરાનિ કર્મે કમાણી;
મલ્યા નાથનો સાથ કીજે ઉદ્ધારો, દયાળુ પ્રભુ દાસ જાણી ઉગારો. ૫.
બૂરી ભીડ ભાગો વડેરા પિતાજી, બુદ્ધયબ્ધિ પામી થયો રાજી રાજી;
કીધી વિનતી "દિલખુશે" ઉરધારો, દયાળુ પ્રભુ દાસ જાણી ઉગારો. ૬.

क्रोध प्रति धिक्कार.

(ગઝલ.)

અરેરે ક્રોધ આવો શુ? જુલમ તું તો ગુજારે છે;
મનુષ્યોની સુઘડ કાયા, મલિનતામાં ઝબોળે છે. ૧
નથી જોતો જરાએ તું, બનીને અન્ધ આવે છે;
અરેરે! તું સહોદરને, લડાવીને રડાવે છે. ૨
સહોદરમાં લડાવે તો, અરિમાં બાકી શું? રાખે;
અરેરે! તું મનુષ્યોના, શરીરને રાખમાં નાંખે. ૩
જરી નવ લાભ તેથીરે, થવાનો છે તને કાંઈ;
અરેરે દુષ્ટ શું? ત્યારે, ગુજારે છે જુલમ આંહી. ૪
કદીએ પુત્ર કે પુત્રી, પિતા હાથે હણાયે શું?
નહિ; કો દિન અરે ભાઈ, હણેછે ક્રોધની પરશુ. ૫
અરેરે! ક્રૂર નીચાને, વિધિ શિક્ષા નથી દેતો;
અધમ કર્મો કરંતો તે, વિસામો કાંઇ ના લેતો. ૬
અરે! ઓ મોક્ષના દાતા, કુરૂં છું પ્રાર્થના એવી;
ધરે સંભાળ "દિલખુશ"ની, સમય આવા મહીં લેવી. ૭

उपदेश पद.

(કર પ્રભુ સંગાથે દૃઢ પ્રીતડીરે:—એ રાગ.)

કેમ મોહી રહ્યો પ્રાણીયારે, તારૂં જીવતર એળે જાય;
ધર ધ્યાન સદા જીનરાજનું રે. ૧
મોહ માયાને તું વળગી રહ્યોરે, નિત્ય આયુષ્ય ઓછું થાય;
ધર ધ્યાન સદા જીનરાજનું રે. ૨
તારે લાડી વાડી ને બહુ દીકરારે, પણ સાચાં સગાં ન ગણાય;
ધર ધ્યાન સદા જીનરાજનું રે. ૩

માત તાત ભગિની ખોટાં જાણવાંરે, ધર્મવિના સગું ન સુહાય;
ધર ધ્યાન સદા જીનરાજનું રે. ૪
મેલી માયા માટે તું મથી મરેરે, પૈસો પેદા કરવાને ગુલતાન;
ધર ધ્યાન સદા જીનરાજનું રે. ૫
પર ઉપકારે પાઇ નવ આપતોરે, લોભે થઇ ગયો નાદાન;
ધર ધ્યાન સદા જીનરાજનું રે. ૬
અભિમાન ધરે આ દેહનુંરે, નથી હાડ ચર્મમાં કંઈ માલ;
ધર ધ્યાન સદા જીનરાજનું રે. ૭
ભભકો એ ઉપરથી દીસતોરે, માંહે ગંદાઈ તણો એ ખાળ;
ધર ધ્યાન સદા જીનરાજનું રે. ૮
માયા માયાને મુખે તું જપીરે, સુખે સુતો નહિ પલવાર;
ધર ધ્યાન સદા જીનરાજનું રે. ૯
પણ માયા સઘળી પડી રહેરે, ખાઇશ જમનો ઝાઝેરો તું માર;
ધર ધ્યાન સદા જીનરાજનું રે. ૧૦
એક સાચું શરણું શ્રી અરિહંતનુંરે, બાકી સરવે છે આળ પંપાળ;
ધર ધ્યાન સદા જીનરાજનું રે. ૧૧
કહે માણિકયપુરે દિલખુશજીરે, ધર્મ કરે ઉતરીશ ભવપાર;
ધર ધ્યાન સદા જીનરાજનું રે. ૧૨

उपदेश पद.

(રાગ કાફી-ધીરાના પદનો.)

જીવડલા ચેતોરે, જગમાંથી જાવું સહી;
અજ્ઞાને અંધારે, મુઝાયો તું મોહી રહી, જી૦ ૧
જૂઠા સંસારે માયા કરીને, મેળવે ધન અપાર;
પરલોકમાં એ તારી પાછળ, આવે નહિ કાંઈ નિરધાર,
આવ્યા તેવું જાવુંરે, સાથે પુન્ય પાપ લઇ. જી૦ ૨
કેનું ધન, નારીને પુત્રો, માત પિતાદી સર્વ;
મર્ણ સમયે થાયે અળગા, ત્યારે ઉતરશે ગર્વ,
પાછળથી પસ્તાઇશ રે, સમજ તુજ હૃદય મહીં. જી૦ ૩
દુઃખ વેઠીને સેવું કર્યું તેં, જાયે જરૂર પર હાથ;

ધર્મ મારગમાં કંઈ નવ ખરચ્યું, બન્યો મુરખનો નાથ,
આવ્યો અવસર ચુકયોરે, અજ્ઞાનતા નાત મહીં. જી૦ ૪
જે જગમાં બહાદુરો ગણાતા, સેવક સાથે હજાર;
તેવા નર પણ ચાલ્યા ગયા તે, જોતાં નહીં જડનાર,
સમજી તેનું ચેતોરે, તો સુખ પામો કંઈ. જી૦ ૫
સંસારી માયાને માટે, બેઠા નહિ પલવાર;
પણ મરતાં સમશાને તું તો, પોઢીશ થઇ લાચાર,
તે વખતે તારીરે, સમજણ સમજાએ નહિ. જી૦ ૬
માટે જીનજીનું ધ્યાન ધરીલે, મળે મોક્ષનું સુખ;
બુદ્ધિસાગર રાગી કહે છે, ગિરધર સુત દિલખુશ,
જૈન ધર્મ રૂડોરે, મળીઓ આ ભવની મહાં. જી૦ ૭

अथ श्री गर्भवहोतेरी.

ઉતપતિ જો જો આપની, મનમાંહી વિમાસ ॥ ગરભાવાસે જીવડો, વસિયો નવ માસ ॥ ઉતપતિ૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ નારી તણી નાભી તળે, જિન વચને જોય ॥ ફુલતણી જિમ નાળિકા, તેમાં નાડી છે દોય ॥ ઉ૦ ॥ ૨ ॥ તસુ તળે યોની કહી, વર ફુલ સમાન ॥ અંબતણી માંજર જિશો, તિહાં માંસ પ્રધાન ॥ ઉ૦ ॥ ૩ ॥ રૂધિર સ્રવે તિણ ઠામથી, ઋતુકાળે સદૈવ ॥ રૂધિર શુક્ર યોગે કરી, તિહાં ઉપજે જીવ ॥ ઉ૦ ॥ ૪ ॥ જે અપાવન પવને કરી, વાસિત દુર્ગંધ ॥ તિણે થાનક તું ઊપન્યો, હવે હુઓ મદાંધ ॥ ઉ૦ ॥ ૫ ॥ નાળી વાંસતણી ધણું, ભરીએ રૂ ધાલ ॥ તાતી લોહ શિલાક તે, જીળે તતકાળ ॥ ઉ૦ ॥ ૬ ॥ તિમ મહિલાની યોનીમાં, છે નવલખ જીવ ॥ પુરૂષ પ્રસંગે તે સહુ, મરી જાય સદૈવ ॥ ઉ૦ ॥ ૭ ॥ ઉપજે નર નારી મળે, પંચેંદ્રિયે જેહ ॥ તેહતણી સંખ્યા નહી, તજો કારજ એહ ॥ ઉ૦ ॥ ૮ ॥ નવલખ જીવ ટકે તિહાં, ઉત્કૃષ્ટી વાર ॥ જીવ જઘન્ય પણે ટકે, એક દો ત્રણ ચાર ॥ ઉ૦ ॥ ૯ ॥ જીવ જઘન્ય તિહાં રહે, મુહુરત પરિમાન ॥ બાર વરસની સ્થિતિ તિહાં, ઉત્કૃષ્ટી જાણ ॥ ઉ૦ ॥૧૦॥ તિણે ગર્ભે કોઈ જીવડો, ઇમ કહે જગદીશ ॥ ફરી મરી આવે તો રહે, સંવત્સર ચોવીસ ॥ ઉ૦ ॥ ૧૧ ॥ મહિલા વરસ પંચાવને, કહાએ નિર્બીજ ॥ પંચોતેર વરસ પછે, થાય પુરૂષ અબીજ ॥ ઉ૦ ॥ ૧૨ ॥

જમણિ કુખે નર વશે, તિમ ડાબે નાર ॥ વચ્ચે નપુંસક જાણીએ; જિન વચને વિચાર ॥ ઉ૦ ॥ ૧૩ ॥ હવે સામાન્ય પણે ઈહાં, આવ્યો ગર્ભાવાસ ॥ સાત દિવસ ઉપર રહે, નર ગતિ નવ માસ ॥ ઉ૦ ॥ ૧૪ ॥ આઠ વરસ તિર્યંચ રહે, ઉત્કૃષ્ટો કાળ ॥ ગર્ભવાસે ભોગવ્યાં, ઇમ બહુ જંજાળ ॥ ઉ૦ ॥ ૧૫ ॥ કાર્મણ કાયે કરિ લીયો, પહિલો તે આહાર ॥ શુક્ર અને શ્રોણિત તણો નહિ જુઠ લગાર ॥ ઉ૦ ॥ ૧૬ ॥ પર્યાપ્તિ પૂરી નહી, તિહાં વિશવાવીસ ॥ તિણે આહારે એ તનુ થયો, ઓદારીક અરૂ મીસ ॥ ઉ૦ ॥ ૧૭ ॥ પવન આવે ઉદર થકી, ઉપજાવે અંગ ॥ અગ્નિ કરે થિર તેહને, જળ સુરસ સુરંગ ॥ ઉ૦ ॥ ૧૮ ॥ કઠિણ પણું પૃથ્વી રચે, અવગાહ આકાશ ॥ પાંચે ભૂત શરીરનો, એમ કરે પ્રકાશ ॥ ઉ૦ ॥ ૧૯ ॥ બાર મહુર્તે ઋતુ પછે, વિલસે નરનાર ॥ ગર્ભતણી ઉપ્તતિ તિહાં, નહી અવર પ્રકાર ॥ ઉ૦ ॥ ૨૦ ॥ કલિલ હુવે દિન સાતમે, ખરબુદ દિન સાત ॥ ખરબુદથી પેશી વધે, ઘન માંસ કહાત ॥ ઉ૦ ॥ ૨૧ ॥ માંસતણી ગોટી હુવે, અડતાળીશ ટાંક ॥ પ્રથમ માસે જિનવર કહે, મન મ ધરો શંક ॥ ઉ૦ ॥ ૨૨ ॥ રૂધિર માંસ બીજે હુવે, હવે ત્રીજે માસ ॥ કર્મતણે યોગે કરી, માતા મન આશ ॥ ઉ૦ ॥ ૨૩ ॥ ચોથે માસે માતના, પરિણમે સહુ અંગ ॥ હાથ અને પગ પાંચમે, તિમ મસ્તક સંગ ॥ ઉ૦ ॥ ૨૪ ॥ પિત્ત રૂધિર છઠે પડે, સાતમે ઇમ સંચ ॥ નવ ધમણી નસ સાતસેં, પેસી સય પંચ ॥ ઉ૦ ॥ ૨૫ ॥ રોમરાઈ પણ સાતમે, સાડીતીન ક્રોડ ॥ ઉપજે ઊણા કેટલે ઈમ આગમ જોડ ॥ ઉ૦ ॥ ૨૬ ॥ આઠમે માસે નીપન્યું, એમ સકળ શરીર ॥ ઊંધે શિર વેદન સહે, જંપે જિન વીર ॥ ઉ૦ ॥ ૨૭ ॥ શ્રોણીત શુક્ર સંલેષમા, લઘુ ને વડિનીત ॥ વાત પિત્ત કફ ગર્ભમેં, એ થાયે ઇણ રીત ॥ ઉ૦ ॥ ૨૮ ॥ માતતણી ડૂંટી લગે, બાળકની નાળ ॥ રસ આહારતણો તિહાં, આવે તતકાળ ॥ ઉ૦ ॥ ૨૯ ॥ જનની લેવે આહાર તે, જાય નાડો નાડ ॥ રોમ ઇંદ્રિ નખ ચખુ વધે, તિમ મજ્જાને હાડ ॥ ઉ૦ ॥ ૩૦ ॥ સવિહુ અંગે ઉલ્લસે, સર્વાંગે આહાર ॥ કવળ આહાર કરે નહીં, ગર્ભઇશો વિચાર ॥ ઉ૦ ॥ ૩૧ ॥ તે ગર્ભે કિણ જીવને, થાયે જ્ઞાન વિભંગ ॥ અથવા અવિધ કહીજીએ, તિણે જ્ઞાન પ્રસંગ ॥ ઉ૦ ॥ ૩૨ ॥ કટક કરી વૈક્રિયપણે, ફુરી નરકે જાય ॥ કે જિન વચન સુણી કરી, મરી સૂર પણ થાય ॥ ઉ૦ ॥ ૩૩ ॥ ઊંધે મુખ ગુડા હિયે, સહેતો બહુ પીડ ॥ દૃષ્ટિ આગળ

બિહુહાથશું, રહે મૂઠી ભીડ ॥ ઉ૦ ॥ ૩૪ ॥ નર વિણ વસ્ત્ર જળાદિકે, ઉપજે ઓધાન ॥ અથવા બિહુ નારી મળ્યાં, કહ્યા ગર્ભ વિધાન ॥ ઉ૦ ॥ ૩૫ ॥ કોઇ ઉત્તમ ચિંતવે, દેખી દુઃખ રાસિ ॥ પુણ્ય કરૂં પરો નીકળી, નાહુ ગર્ભાવાસ ॥ ઉ૦ ॥ ૩૬ ॥ ઊઠ કોડી સુઇ અંગમાં, કોઈ ચાંપે સમકાળ ॥ તિણથી ગર્ભમાં આઠગુણી, સહે વેદના બાળ ॥ ઉ૦ ॥ ૩૭ ॥ માતા ભૂખી ભુખીયો, સુખિણી સુખ થાય ॥ માતા સૂતે તે સુવે, પરવશ દિન જાય ॥ ઉ૦ ॥ ૩૮ ॥ ગર્ભથકી દુઃખ લખગુણું, જનમે જિણીવાર ॥ જનમ થયે દુઃખ વીસર્યું, ધિગ મોહ વિકાર ॥ ઉ૦ ॥ ૩૯ ॥ ઉપન્યો અશુચિપણે તિહાં, મળમુત્ર કળેશ ॥ પિંડ અશુચિ કરિ પૂરીઓ, નવિ શુચિ લવલેશ ॥ ઉ૦ ॥ ૪૦ ॥ તુરત રૂદન કરતો થકો, જનમે જિણિ વાર ॥ માતા પયોધર મુખ ઠવે, પીવે દુધ તિવાર ॥ ઉ૦ ॥ ૪૧ ॥ દીસે દિન દિન દીપતો, કરે રંગ અપાર ॥ લાડ કોડ માતા પિતા, પુરે સુવિચાર ॥ ઉ૦ ॥ ૪૨ ॥ છિદ્ર બારહ નારીને, નરના નવ જાણ ॥ રાત દિવસ વહેતાં રહે, ચેતો ચતુર સુજાણ ॥ ઉ૦ ॥ ૪૩ ॥ સાત ધાતુ સાતે ત્વચા, છે સાતસેં નાડ ॥ નવસેં નારાં છે પિંડમાં, તિમ તણસેં હાડ ॥ ઉ૦ ॥ ૪૪ ॥ સધિ એકસો સાઠ છે, શિત્તોતેરસે મર્મ ॥ તીન દોષ પેસી પાંચસે, ઢાંકયાં છે ચર્મ ॥ ઉ૦ ॥ ૪૫ ॥ રૂધિર શેર દશ દેહમેં, પેસાબ સરીષ ॥ શેર પાંચ ચરબી તીહાં, દોય શેર પુરીષ ॥ ઉ૦ ॥ ૪૬ ॥ પિત્ત ટાંક ચોસઠ છે, વીરજ બત્રીશ ॥ ટાંક બત્રીશ સળેષમા, જાણે જગદીશ ॥ ઉ૦ ॥ ૪૭ ॥ ઇણ પરિણામે થકી જદા, ઓછો અધિકો થાય ॥ વ્યાપે રોગ શરીરમેં, નવિ ચલે તવ કાય ॥ ઉ૦ ॥ ૪૮ ॥ પોષ્યો પહિલે દાય કે, ઈમ વાધ્યો અંગ ॥ ખાન પાન ભૂષણ ભલાં, કરે નવ નવ રંગ ॥ ઉ૦ ॥ ૪૯ ॥ હવે બીજે દશકે ભણે, વિદ્યા વિવિધ પ્રકાર ॥ ત્રીજે દશકે તેહને, જાગ્યો કામ વિકાર ॥ ઉ૦ ॥ ૫૦ ॥ જિણ થાનક તું ઉપન્યો, તિણમેં મન જાય ॥ ચોથે દશકે ધનતણા, કરે ક્રોડ ઉપાય ॥ ઉ૦ ॥ ૫૧ ॥ પહોત્યો દશકે પાંચમે, મનમાં સસનેહ ॥ બેટા બેટી ને પોતરા, પરણાવે તેહ ॥ ઉ૦ ॥ ૫૨ ॥ છઠે દશકે પ્રાણીયો, લળી પરવશ થાય ॥ જરા આવી જોબન ગયું, તૃષ્ણા તોય ન જાય ॥ ઉ૦ ॥ ૫૩ ॥ આવ્યો દશકે સાતમે, હવે પ્રાણી તેહ ॥ બળ ભાગ્યું બુઢો થયો, નારી ન ધરે નેહ ॥ ઉ૦ ॥ ૫૪ ॥ આઠમે દશકે ડોસલો, ખુલીયા સહુ દાંત ॥ કર કંપાવે શિર ધુણે, કરે ફોકઠ વાત ॥ ઉ૦ ॥ ૫૫ ॥ નવમે દશકે પ્રાણિયો, તન

શક્તિ ન કાંય ॥ સાલે વચન સહુ તણાં, દિન ઝુરતાં જાય ॥ ઉ૦ ॥ ૫૬ ॥ ખાટ પડયો ખુખુ કરે, સૂગાળી દેહ ॥ હાલ હુકમ ચાલે નહી, દિયે પરિજન છેહ ॥ ઉ૦ ॥ ૫૭ ॥ આંખ ગળે એ પડ મિલે, પડે મુહડે લાળ ॥ બેટા બેટી ને વહુ, ન કરે સંભાળ ॥ ઉ૦ ॥ ૫૮ ॥ દશમે દશકે આવીયો, તવ પૂરી આય ॥ પુણ્ય પાપ ફળ ભોગવી, પ્રાણી પરભવ જાય ॥ ઉ૦ ॥ ૫૯ ॥ દશ દ્રષ્ટાંતે દોહિલો, લહ્યો નરભવ સાર ॥ શ્રી જિનધર્મ સમાચરે, તે પામે ભવપાર ॥ ઉ૦ ॥ ૬૦ ॥ તરૂણપણે જે તપ તપે, પાળે નિર્મળ શીળ ॥ તે સંસાર તરી કરી, લહે અવિચળ લીલ ॥ ઉ૦ ॥ ૬૧ ॥ કોડી રતન કવડી સાટે, કાંઇ ગમે રે સંસાર ॥ ધર્મ વિના એ જીવને, નહીં કોઇ આધાર ॥ ઉ૦ ॥ ૬૨ ॥ કાયા માયા કારમી, કારમો પરિવાર ॥ તન ધન જોબન કારમાં, સાચો ધર્મ સંસાર ॥ ઉ૦ ॥ ૬૩ ॥ ચૌદરાજ પ્રમાણ એ, છે લોક મહંત ॥ જનમ મરણ કરી ફરસિયો, જીવ વાર અનંત ॥ ઉ૦ ॥ ૬૪ ॥ આપ સવારથીઓ સહુ, નહી કેહનો કોય ॥ જિન સ્વારથ અણપુગતાં, સુત પણ રિપુ હોય ॥ ઉ૦ ॥ ૬૫ ॥ જરા ન આવે જિહાં લગે, જિહાં લગે સબળ શરીર ॥ ધર્મ કરો જીવ તિહાં લગે, થઇ સાહસ ધીર ॥ ઉ૦ ॥ ૬૬ ॥ આરજ દેશ લહ્યો હવે, લાધ્યો ગુરુ સંજોગ ॥ અંગ થકી આળસ તજો, કરો સુકૃત સંગ ॥ ઉ૦ ॥ ૬૭ ॥ શ્રી નેમિરાજ તણી પરેં, ચેતો ચિત્ત માંહિ ॥ સ્વારથનાં સહુ કો સગાં, કોઇ કોઇનો નાંહિ ॥ ઉ૦ ॥ ૬૮ ॥ ભોગ સંયોગ તજી સહુ, થયા જે અણગાર ॥ ધન ધન તસ માતા પિતા, ધન ધન અવતાર ॥ ઉ૦ ॥ ૬૯ ॥ સુરતરૂ સુરમણિ સારિખો, સેવો શ્રી જિનધર્મ ॥ જિણથી સુખ સંપતિ વધે, કીજે તેહજ કર્મ ॥ ઉ૦ ॥ ૭૦ ॥ તંદૂલવ્યાળીમેં અછે, એહનો અધિકાર ॥ તિણથી ઉદ્ધરીને કહ્યો, નહી જૂઠ લિગાર ॥ ઉ૦ ॥ ૭૧ ॥ કળશ ॥ ઇહ જિનધર્મ વિચાર સાંભળિ, લહિયે સંયમ ભાર એ ॥ વળિ સિંહની પરે સદા પાળે, નિયમ નિરતિચાર એ ॥ સંસારનાં સુખ સકળ ભોગવિ, તે લહે ભવ પાર એ ॥ શ્રી રત્નહર્ષ સુશિષ્ય રંગે, ઇમ કહે શ્રી સાર એ ॥ ૭૨ ॥

अथ श्री नेमनाथस्वामीनी लावणी.

ચલી જાન શ્રી નેમ જિણંદકી, રથ ઘોડા સુંદિર હાથી ॥ જી હો રથ ઘોડા સુંદિર હાથી ॥ રુમઝુમ રુમઝુમ ઘૂઘર ઘમકે, સુંદિર સબ ગીતાં ગાતી ॥ ગાતી ગીત નિલકર સાહેલી, એક એકથી શોભે સારી ॥ જી હો૦ એક૦ ॥ કરમેં બાજુબંધ બેરખા, ચમક રહી નાકે વાળી ॥ દેવતા સબ દેખનકુ આયે, દેખત હે નર ને નારી ॥ જી હો દે૦ ॥ ઘેર ઘેર ઘેર ઘેર ઓચ્છવ હોતે, ઇનકી શોભા બહુ સારી ॥ જાદવ છપ્પન કોટિ મિલ્યા હે, એક એકથી શોભે સારા ॥ જી હો એક૦ ॥ હરખ ઉલટ બહુ આણે અંગમાં, વદન જિશાં મોહન પ્યારાં ॥ કૃષ્ણ રાયકી બહુત રાણિયાં, શૃંગાર ધરતાં સબ રામા ॥ જી હો શૃં૦ ॥ રુક્ષમણી રાધિકા આદી દેઇ, પટરાણી બનિ સતભામા ॥ વાજિંત્ર બહુ નાદ કરત હે, સુણ લ્યો બાત ઉનકી આતી ॥ જી હો સુ. ॥ રૂમઝુમ રૂમઝુમ ઘુઘરી ઝમકે, સુંદરિ સબ ગીતાં ગાતી ॥ ૧ ॥ એ આંકણી ॥ તાલ મૃદંગ શરણાઈ સરોદી, કોઇ બજાવત સતારા ॥ જી હો કો. ॥ કોઇ બેઠાં નરઘાંને બજાવે, કોઇ બજાવત ખડતાળા ॥ ધુમ ધુમ ધુમ ધુમ ઢોલ બજત હે, નગારાં કેરી ધ્રુંશ પડે ॥ જી હો ન૦ ॥ ઝીણે શબ્દે ભૂંગળ વાગે, ઇંદ્ર આવિને ચમર ઢાળે ॥ નિશાન ડંકા આગળ ચાલતાં, પાછળ તો છડિદાર ખડા ॥ જી હો પા. ॥ જય જય જય જય મુખસેં બોલત, ઘન બાદલ બરસાદ ચડા ॥ છત્ર ચામર સુખપાળ પાલખિયાં, ચતુરંગી સેના ચાલી જી હો ચ. ॥ ખૂબ સૂરત હે સ્વાર વાંકડા, ભાલા લિયા કરમેં ઝાલી ॥ તીનખંડકા કૃષ્ણ રાજવી, બળભદ્ર હે ઉનકા સાથી ॥ જી હો બ. ॥ રૂમઝુમ. ॥ ૨ ॥ ઉગ્રસેનકું આનંદ ભારી, અજબ માંડવા ઓ કરતા ॥ જી હો અ. ॥ ચંદરૂઆને બહુત ચાકળા, હાંડી ને તકતા જડતા ॥ ચિનાઇ ખાનાં બહુત રંગીલાં, ઝમરૂખકી જયોતાં લટકે ॥ જી હો ઝ. ॥ સોના જડિત્ર છાટ બિછાઇ, મોતીકે તોરણ ઝળકે ॥ રાજુલ નારી રૂપકી ભારી, ઉગ્રસેન નૃપકી બેટી ॥ જી હો ઉ. ॥ નરભવ પ્રીતિ નેમ સંધાથે, જિનવરશું જઇને ભેટી ॥ સુણ સાહેલી મુજ બેનડિયાં, ઓ આવે સુંદર હાથી ॥ જી હો ઓ. ॥ ઉપર બિરાજે જગત પરમેશ્વર, કમળ વદન મોહન છાતી ॥ સામળીયાથી થઈ સગાઈ, કમી નહી મનમેં લાતી ॥ જી હો. ક. ॥ રૂમઝુમ ॥ ૩ ॥ લગન સમયમેં તોરણ આઇ, પ્રભુ

પાતળા એ ઉભા ॥ જી હો પ્ર. ॥ જગતમાંહિ જેની જોડ મળે નહી, ચૌદલોકના એ સૂબા ॥ આવી ઉભા જગત જિનેશ્વર, પશુએ તિહાં પોકાર કિયા ॥ જી હો પ. ॥ બહુત દયાળુ નેમ નાથજી, ત્રસ જીવોકું ઉગાર દિયા ॥ શબ્દ સુનકે બોલ્યા નેમજી, સુણુ સારથિ મેરા ભાઇ ॥ જી હો સુ. ॥ કાયકું પચેંદ્રિય ઘાલ્યા પિંજરે, સાચી વાત કહેને આંઇ ॥ હાથ જોડકર બોલ્યો સારથિ, સુણુલ્યો પ્રભુ મેરી બાતાં ॥ જી હો સુ. ॥ રાતે રાજુલ બેની પરણુશે, પ્રભાત હુએ ઇનકી ઘાતાં ॥ ઘાતાં કરશે ઉગ્રસેનજી, જાદવકી જાનજ કાજી ॥ જી હો જા. ॥ રૂમઝુમ. ॥ ૪ ॥ એહવી વાણી સુણી પ્રભુજી, ધિક ધિક એ સંસાર કિયા ॥ જી હો ધિ. ॥ કરૂણા આણી પશુ છોડાઈ, રથ પાછા હંકાય દિયા ॥ ચલે પ્રભુજી ગિઢ ગિરનારે, પર્વતપર સંયમ લિયા ॥ જી હો પ. ॥ બાત સુનકર રાજુલ ચાલી, જઇ જિનવરશું ભેટ કિયા ॥ કર્મ ખપાઈ કેવળ પાઇ, શિવપુરમેં દીયા ડેરા ॥ જીહો શિ. ॥ દેવદુંદભી નાદ હુવા જબ, ભવ ભવકા મિટગ્યા ફેરા ॥ સંવત ઓગણી એકત્રીશે, ફાગણ વદિ તેરશ ખરી ॥ જી હો ફા. ॥ રવિવારનો દિવસ અનોપમ, જુગતેશું મેં જોડ કરી ॥ લલકારે છંદ ચુનીલાલને, આનંદ મનમેં બહુ આતી ॥ જી હો આ. ॥ રૂમઝુમ. ॥ ૫ ॥ ઇતિ. ॥

अथ श्री होरी प्रारंभ.

વીર એસે જિન વંદનકું હરિ, આવત બે કરજોરી ॥ ચોસઠ સહસ તે હસ્તી બનાયે, પાંચસે બાર મુખોરી ॥ હાંરે હાં રે લાલા, પાંચસે. ॥ મુખ મુખ અષ્ટ દંતૂસળ સોહે, વાવડી આઠ લહોરી ॥ વીર. ॥ ૧ ॥ વાવ્ય વાવ્ય બિચ અષ્ટ કમળ હે, પાંખડી લાખ બહારી ॥ હાંરે. ॥ પાં. ॥ પાંખડી પાંખડી નાટય રચના, વાંસળી વેણુ ઝકોરી ॥ વીર. ॥ ૨ ॥ કમળ કમળ બિચ ઇદ્રિભુવન હે, આઠ ભદ્રાસન જોરી ॥ હાંરે. ॥ આ. ॥ બિચમેં સિંહાસન ઇંદ્ર બિરાજે, વીર નમત કરજોરી ॥ વીર. ॥ ૩ ॥ દશાર્ણભદ્ર દેખી હરિ રચના, નિજ અભિમાન તજયોરી ॥ હાંરે. ॥ નિ. ॥ ઋદ્ધિ છોડકે ચારિત્ર લીનો, પ્રભુકે શરણ રહ્યોરી ॥ વીર. ॥ ૪ ॥ પ્રભુકે બચન સુણી આનંદ પાવે, વંદન મુનિપેં કરયોરી ॥ હાંરે ॥ વં. ॥ વિનય ધરત બહુ ભક્તિ કરત હે, હરિનિજ સ્વર્ગ ગયોરી ॥ વીર. ॥ ૫ ॥ ઇતિ. ॥

अथ श्री नारकीनुं छढालियुं.

॥ ढाल १ ली. ॥

વર્દ્ધમાન જિન વિનવું, સાહિબ સાહસ ધીરો જી ॥ તુમ દરિસણ વિણ હું ભમ્યો, ચઉ ગતિમાં વડવીરો જી ॥ પ્રભુ નરક તણાં દુઃખ દોહિલાં ॥ ૧ ॥ એ આંકણી ॥ મેં સહ્યાં કાળ અનંતો જી ॥ સોર-કિયાં નવિ કો સુણે, એક વિના ભગવંતો જી ॥ પ્રભુ. ॥ ૨ ॥ પાપ કરીને પ્રાણિયો, પહોત્યો નરક મઝારો જી ॥ કઠિન કુભાષા સાંભળી, નયણ શ્રવણ દુઃખકારો જી ॥ પ્રભુ. ॥ ૩ ॥ શીતળ યોનીયે ઉપજે, રહેવું વળિ તે ઠામોજી ॥ જાનું પ્રમાણ રૂધિરનાં, કીચ કહ્યાં બહુ તામો જી ॥ પ્રભુ. ॥ ૪ ॥ તવ મન માંહિ ચિંતવે, જઈએ કિણિ દિશિ નાસો જી, પરવશ પડીયો પ્રાણીયો, કરતો કોડિ વિખાસો જી ॥ પ્રા. ॥ ૫ ॥ ચંદ્ર નહી સુરજ નહી, ઘોર ઘટા અંધારો જી ॥ સ્થાનક અતિ અસુહામણો, ફરસ જિશો ખુર ધારો જી ॥ પ્રભુ. ॥ ૬ ॥ નવો નરકમાં ઉપજે, જાણે અસુર તિવારો જી ॥ કોપ કરિ આવે તિહાં, હાથે ધરી હથિયારો ॥ પ્રભુ. ॥ ૭ ॥ કરે કાતરણી દેહની, કરતા ખંડોખંડ જી ॥ રીવ કરે તિહાં કણે બહુ, પામે દુઃખ પ્રચંડજી ॥ પ્રભુ. ॥ ૮ ॥

॥ ढाल २ जी. ॥

(વૈરાગી થયો. એ દેશી.)

ભાંજે કાયા ભાંજતો રે, મારે ફેંચા રે માંય ॥ ઊંધે માથે અગનિ દિયે રે, ઊંચા બાંધે પાયો રે ॥ જિનજી સાંભળો ॥ કડુઆં કર્મ વિપાકો રે, પ્રભુજી સાંભળો ॥ ૧ ॥ એ આંકણી ॥ આવે વૈતરણી તટે રે, જળમાં નાંખે રે પાસ ॥ કરીએ કુહાડે તરૂપરે રે, છેદે અધિક ઉલ્લાસો રે ॥ જિ. ॥ ૨ ॥ ઊંચો જોજન પાંચશે રે, ઉછાળે આકાશ ॥ શ્વાન રૂપે કરડે તિહાં રે, મૃગ જિમ પાડે પાસો રે ॥જિ.॥૩॥ પંદરે ભેદે સુર મળી રે, કરવત દિયે રે કપાળ ॥ આરોપે શૂળી શિરેરે, ભાંજે જિમ તરુડાળો રે ॥ જિ. ॥ ૪ ॥ બોળે તાતા તેલમાં રે, તળી કરી કાઢે રે તામ ॥ વળી ભોભરમાં ખેપવે રે, વિરુઆ તાસ વિરામો રે ॥ જિ.॥૫॥ ખાલ ઉતારે તેહની રે, અભક્ષ સદા દે આહાર ॥ બહુ અરડાટો પાડતાં રે, તનુ વીચધાલે ખારો રે ॥ જિ.॥૬॥

॥ ઢાલ ૩ જી. ॥

તાપ કદી તિહાં ભૂમિકા રે, વન સુશીતળ જાણ ॥ આવી બેસે તરુવર છાંય રે, પડતાં ભાંજે પ્રાણ ॥ ચતુર મત રાચ જો રે ॥ ૧ ॥ એ આંકણી ॥ વિરૂઆ વિષય વિલાસ ॥ સુખ થોડાં દુઃખ ઘણાં જેહથી રે, લહિયે નરક નિવાસ ॥ ચ. ॥ ૨ ॥ કુંભીમાં પાક કરે તસ દેહનો રે, તિલ જિમ ઘાણી માંય ॥ પીલી પીલી રસ કાઢે તેહનો રે, મહેર ન આવે ત્યાંય ॥ ચ. ॥ ૩ ॥ નાઠા જાણે ત્રીજી નરક લાગે રે, મન ધરતાં ભયભ્રાંત ॥ પુંઠે પરમાધામી સુર પુલે રે, જેહવા કાળ કૃતાંત ॥ ચ. ॥ ૪ ॥ દાંત વિચે દિયે દશ આંગળી રે, ફરી ફરી લાગે પાય ॥ વેદન સહેતાં કાળ ગયો ઘણો રે; હવે મુજ સહ્યો ન જાય ॥ ચ. ॥ ૫ ॥ જ્યાં જાય ત્યાં ઊઠે મારવા રે, કોઈ ન પૂછે સાર ॥ દુઃખ ભરરોવે સોર કરે ઘણો રે, નિપટ હૈયે નિરધાર ॥ ચ. ॥ ૬ ॥

॥ ઢાલ ૪ થી. ॥

(રે જીવ જિનધર્મ કીજીએ. એ દેશી.)

પરમાધામી સુર કહે, સાંભળો તુમે ભાઇ ॥ કહો શો દોષ અ-મારડો નિજ દેખો કમાઈ ॥ પરમાધામી. ॥ ૧ ॥ એ આંકણી ॥ પાપ તુમે કીધાં ઘણાં, બહુ જીવ વિણાશા ॥ પીડ ન જાણી પરતણી, કુડાં મુખ ભાંખ્યાં ॥ પ. ॥ ૨ ॥ ચોરી લાવ્યા ધન પારકાં, સેવી પરનારી આરંભ કીધા અતિ ઘણા, પરાગ્રહ નવિ મારી ॥ પ. ॥ ૩ ॥ માતપિતા ગુરૂ ઓળવ્યા, કીધો ક્રોધ અપાર ॥ માન માયા લોભ મન ધર્યો, મહિ હીન ગમાર ॥ પ. ॥ ૪ ॥ નિશિભોજન કીધાં ઘણાં, બહુ જીવ હિયા માર ॥ ભક્ષાભક્ષ ઘણાં ભાખ્યાં, પાતકનો નહી પાર ॥ પ. ॥ ૫ ॥

॥ ઢાલ ૫ મી. ॥

એમ કહી સુર વેદનાએ, વૈર ઊદીરે ત્યાંહિ તો ॥ શિલા કંટાળા વજ્રતણા એ, તિહાં પછાડે સાહિ તો ॥ ૧ સયળ વદન કીડા ભરે એ, જીભ કરે સત ખંડ તો ॥ એ ફળ નિશિભોજન તણાં એ, જાણો પાપ અખંડ તો ॥ ૨ ॥ તરસ વશે તરઓ તાતો, મુખમાં રેડે તામ

તો ॥ અગની વરણી પુતળી એ, સ્પર્શ કરાવે જામ તો ॥૩॥ ઊનું ને અતિ આકરૂં એ, આણે તાતું નીર તો ॥ તે ઘાલે તસ આંખમાં એ, કાનમાં ભરેય કથીર તો ॥૪॥ કાળો અધિક બીહામણો એ, હુંડક જે સંસ્થાન તો ॥ દીશે દીન દયામણો એ, વળીએ સંહારે પ્રાણ તો ॥ ૫ ॥

॥ ઢાલ ૬ ઠી. ॥

ઇણિપરે બહુ વેદન સહી, ચિત્ત ચેતો રે ॥ વસતાં નરક મઝાર, ચતુર ચિત્ત ચેતો રે, જ્ઞાન વિના જાણે નહી, ચિત્ત. ॥ કહેતાં ન આવે પાર ॥ ચ. ॥ ૧ ॥ એ આંકણી ॥ દશ દૃષ્ટાંતે દોહલો ચિ. લાધ્યો નરભવ સાર ॥ પામી એળે મહારજો ચિ. કરજો એહ વિચાર ॥ ચ. ॥ ૨ ॥ સૂધો સંયમ આદરો ચિ. ટાળો વિષય વિકાર ॥ ચ. ॥ પાંચે ઇંદ્રિય વશ કરો ચિ. જિમ હાથે છૂટકબાર ચ. ॥ ૩ ॥ નિદ્રા વિકથા પરિહરો ચિ. આરાધો જિનધર્મ ॥ ચ. ॥ સમકિત રત્ન હૈયે ધરો ચિ, ભાંજે મિથ્યા ભર્મ ॥ ચ. ॥ ૪ ॥ વીર જિણંદ પસાઉલે ચિ. અહિપુર નગર મઝાર ॥ ચ. ॥ સ્તવન રચ્યું રળીયામણું ચિ., પરમ કૃપાળ ઉદાર ॥ ચ. ॥ ૫ ॥ ઇતિ. ॥

अथ श्री राजुलनो गरबो.

તોરણ આયે જાદવા, પસુવાં કરત પોકાર ॥ રાજુલ નીસર્યાં મા ॥ કરૂણા દિલમાં લાવિને, રથ વાળ્યો તોખાર ॥ રા૦ ॥ ૧ ॥ પ્રેમે પ્રીતમ દેખિને, રઢ લાગી મન માંય ॥ રા૦ ॥ ફિરિયા પાછા વાલહા, દેખી દિલગીર થાય ॥ રા૦ ॥ ૨ ॥ મહોલે ઉભી ટળવળે, શિદ છોડો મહારાજ ॥ રા૦ ॥ પ્રેમ લગાડી વેગથી, ગિરિવર ચાલ્યા આજ ॥ રા૦ ॥ ૩ ॥ પ્રાણ પિયારા નાથજી, જીવન દોરી મોય ॥ રા૦ ॥ રઢીયાળા રસ મેળવો, છેહ ન દીજે કોય ॥ રા૦ ॥ ૪ ॥ તો બિન તડફે જીવડો, મન મિળવાને થાય ॥ રા૦ ॥ વલ્લભ વાલમ આવિને, પુરો આશા રાય ॥ રા૦ ॥ ૫ ॥ સહિયાં સહુ ઇમ વીનવે, શિદ શોચે તું નાર ॥ રા૦ ॥ બીજો વર એથી ભલો, જોશું શુભ સંસાર ॥ રા૦ ॥ ૬ ॥ રાજુલ રોતી વીનવે, એશું બોલી એમ ॥ રા૦ ॥ અવર વર્યાની આખડી, ગુણિયલ વરિયો નેમ ॥ રા૦ ॥ ૭ ॥ એ સમ વર બીજો નહિ, અજબ તરેહનો એહ ॥ રા૦ ॥ તે રશિયાસે બાહરો, લાગ્યો રૂડો નેહ ॥ રા૦ ॥ ૮ ॥ પિયુ

વિયોગે સાજની, જગની શંકા છાર ॥ રા૦ ॥ જોગણી હુઈને વેગમાં, મિળશું પિયુડા જોર ॥ રા૦ ॥ ૯ ॥ જો હું રહું એ રાજ્યમાં, દુનિયા ભૂંડી જોય ॥ રા૦ ॥ લોક અટારા પાપિયા, મહેણાં બોલે મોય ॥ રા૦ ॥ ૧૦ ॥ પ્રીતમ બિન એ ગેહલી, રહી પીયરની ઓળ ॥ રા૦ ॥ અવગુણ ભહિલ તેહને, મેલી એને રોળ ॥ રા૦ ॥ ૧૧ ॥ એવાં મેહેણાં લોકનાં, તેતો મેં ન ખમાય ॥ રા૦ ॥ પિયુડા વાંસે ચાલિયાં, અતિ મન હરખ ઉચ્છાય ॥ રા૦ ॥ ૧૨ ॥ શોળ શૃંગાર ધર્યા ભલા, જળ મંજન ને સ્નાન ॥ રા૦ ॥ તેમ ફૂલેલ ધૂપેલ એ, ચરચ્યાં અંગ સુજાન ॥ રા૦ ॥ ૧૩ ॥ વાળે મોતિ પરોવિયાં, પટિયાંનો શો ઠાઠ ॥ રા૦ ॥ સેંથે સિંદુર શોભતો, અંજન નેન સુગાટ ॥ રા૦ ॥ ૧૪ ॥ નિલવટ ટીલી દીપતી, ચોઢણિયું નિલાટ ॥ રા૦ ॥ થરકી નથ નાકે ભલી, કુંકુમ કેસર આડ ॥ રા૦ ॥ ૧૫ ॥ ફૂમતિયાળો ગોફણો, શિર અંબોડો જોય ॥ રા૦ ॥ કાને કુંડળ રત્ને જડયાં, ઝાલ ઝબુકે સોય ॥ રા૦ ॥ ૧૬ ॥ પગે નેપુર જો રમઝમે, ઝાંઝરનો ઝમકાર ॥ રા૦ ॥ કાંબી કડલાં ચરણે ધર્યાં, વિછુંઆનો ઘુમકાર ॥ રા૦ ॥ ૧૭ ॥ ભુજે બાજુબંધ બેરખા, સોવન ચૂડો હાથ ॥ રા૦ ॥ પ્રેમ પિયારી રંગમાં, મન મિળવાને નાથ ॥ રા૦ ॥ ૧૮ ॥ હૃદયે હાર બિરાજતો, મણિ માણેક બહુ મુલ ॥ રા૦ ॥ કસબે ભરિયલ કાંચળી, ચોદિશિ ફરતાં ફુલ ॥ રા૦ ॥ ૧૯ ॥ ઘૂઘરિયાળો ઘાઘરો, ભરિયલ કંચન તાર ॥ પગે પીતાંબર ઢળકતાં અજબ, સુરંગી સાર ॥ રા૦ ॥ ૨૦ ॥ વાલમ વાલમ જપતી, ગજગમણી સુ-ચાલ ॥ રા૦ ॥ બની સ્વરૂપે જોગણી, બાળા ભોળી વિશાળ ॥ રા૦ ॥ ૨૧ ॥ ભોળી ટોળી સાતસેં, સહિયા લીધી લાર ॥ રા૦ ॥ પ્રીતમ મન મિળવા ભણી, ચાલી મધ્ય બજાર ॥ રા૦ ॥ ૨૨ ॥ ગિરિવર મારગ ચાલિયાં, પ્રેમ ધરી મન લાય ॥ રા૦ ॥ રાહ બિચે જાતાં થકાં, જળદ ઘટા વરસાય ॥ રા૦ ॥ ૨૩ ॥ સહિયર ટોળી જુદી પડી, ગુણ ગિરુઈ ગુણ ભાત ॥ રા૦ ॥ પેખિ ગુફાયે મન રળિ, વેગે ધસીને જાત ॥ રા૦ ॥ ૨૪ ॥ તનથી ચીર ઉતારિયાં, ગુફાકે બિચમેં જાય ॥ રા૦ ॥ બેઠાં સુંદર સ્થાનકે, નગનમુદ્રાકે માંય ॥ રા૦ ॥ ૨૫ ॥ તેજ બિંબ પ્રગટયો તિહા, જાણે ઊગ્યો ભાણ ॥ રા૦ ॥ રૂપે જાણે કિન્નરી, કે સરસ્વતી સુજાણ ॥ રા૦ ॥ ૨૬ ॥ દેખી દેવર ધ્યાનથી, ચિત્ત ચૂકયો સુસાધ ॥ રા૦ ॥ આવી રાજુલને કહે, સૂણ ત્રિયા ગુણ અગાધ ॥ રા૦ ॥ ૨૭ ॥ શિદ વેરાગણ તું થઇ, શિદ છોડે સંસાર ॥ રા૦ ॥ હાસ્યવિનોદ એ ધારિયે, સુણ સજની સુખકાર ॥ રા૦ ॥ ૨૮ ॥ ગયો ભલે તુજ નાહલો,

તું મતિ જાવે આસ ॥ સુખ ભોગવિયે અભિનવાં, ઉમંગ ધરી સુખ-વાસ ॥ રા૦ ॥ ૨૯ ॥ ચાલો આપણ બેહુ જણાં, મધુરાં કરીએ રાજ ॥ રા૦ ॥ સુકોમળ કાયા તાહરી, જ્યું પોયણ સમાજ ॥ રા૦ ॥૩૦॥ તે તું કાયા કાં દહે, રે ભદ્રે ! આ દેહ ॥ રા૦ ॥ એ કાયા એ ભોગને, ભોગવિયે શુભ રેહ ॥ રા૦ ॥ ૩૧ ॥ વચન સુણી એ રાજનાં, ચિત્ત ચિંતવે અભિરામ ॥ રા૦ ॥ ધીરજ ધરીએ ભામિની, બોલે વચન સુખધામ ॥ રા૦ ॥ ૩૨ ॥ થઈ સચેતન સાબદી, બોલે બોલ રસાળ ॥ રા૦ ॥ દેવરિયો સમજાવવા, ગુણવંતી શુભમાળ ॥ રા૦ ॥ ૩૩ ॥ ફટ ફટ ભુંડા પાપિયા, એ શું બોલ્યો બોલ ॥ રા૦ ॥ ત્હારૂં જીવિત જુગતું નહીં, તું એક તૃણને તોલ ॥ રા૦ ॥ ૩૪ ॥ જન્મ અકારથ તાહરો, સ્વાન થકી પણ હીણ ॥ રા૦ ॥ ઇચ્છા તે વમ્યા આહારની, કરે તેહ મતિ હીણ ॥ રા૦ ॥ ૩૫ ॥ જાદવ કુળે ઉપન્યો, ઉત્તમ તા-હરી જાત ॥ રા૦ ॥ નહી ઘટારથ વાતડી, એ કરવી તિલ માત ॥ રા૦ ॥ ॥ ૩૬ ॥ નાગ અગંધન કુળનો, જાતિ પશુએ રંગ ॥ રા૦ ॥ તો પિણ પ્રાણ તજે ભલા, દ્વિયોન લેવે ડંક ॥ રા૦ ॥ ૩૭ ॥ તો તું અગંધન કુળનો, ઉપન્યો છું એ નર ॥ રા૦ ॥ નફટ પણ તિર્યંચથી, ધિગ ધિગ તુજ દેવર ॥ રા૦ ॥ ૩૮ ॥ તજી તુમારે બાંધવે, તે ઇચ્છા તુજ મન ॥ રા૦ ॥ તો ધિગ તુજ અવતારને, કાગ થકી નિષ્પન ॥ રા૦ ॥ ૩૯ ॥ હતાં જો લેઇ વ્રત ભાંગવાં, દેવર તાહરે એમ ॥ રા૦ ॥ તો શી જ-રૂરી એવડી, હતી લીધાની નેમ ॥ રા૦ ॥ ૪૦ ॥ ત્હારે એ છાજે નહી, તું વડકુળનો રાય ॥ રા૦ ॥ માત તાત કુળ લાજશે, કરો ખ્યાલ મનમાંય ॥ રા૦ ॥ ૪૧ ॥ રહનેમી ઝાંખો થયો, સુણિને રાજુલ બોલ ॥ રા૦ ॥ કઠણ વયણ કહી તેહને, સમજાવ્યો નિટોલ ॥ રા૦ ॥ ૪૨ ॥ ફરિથી સંયમ આદર્યો, રહનેમી સુખકાર ॥ રા૦ ॥ મન ગજ બોલ અંકુશથી, વશ્ય કીધો નિરધાર ॥ રા૦ ॥ ૪૩ ॥ રાજુલ ચાલ્યાં ગિરિ-વરે, જિહાં બિરાજે નેમ ॥ રા૦ ॥ દર્શન દીઠે મગન થઇ, વાધ્યો અધિકો પ્રેમ ॥ રા૦ ॥ ૪૪ ॥ સહસા વનના ચોકમાં, વ્રત લીધો મન ભાય ॥ રા૦ ॥ પિયુ પહેલાં મુગતે ગયાં, અવિચળ જેહનો ઠાય ॥ રા૦ ॥ ૪૫ ॥ રહેજ્યો દંપતિ જોડલું, જગમા બેહુ સંસાર ॥ રા૦ ॥ નેમ રાજુલના પ્રેમનો, કોઇ ન પામે પાર ॥ રા૦ ॥ ૪૬ ॥ રાજ મયા કરિ નેમજી, કરૂણાવંત દયાળ ॥ રા૦ ॥ દરશન દેજ્યો વેગથી, સેવ-કના પ્રતિપાળ ॥ રા૦ ॥ ૪૭ ॥ શ્રીમત શ્રીજિન નેમજી, છોસમતા રસ કંદ ॥ રા૦ ॥ કાપ પાપ સંતાપને, ક્ષમાસાગર જ્યું ચંદ ॥ રા૦ ॥ ૪૮ ॥

લાલચ લાગી અતિ ઘણી, તુજ ચરણોકી છાય ॥ રા. ॥ તો દીજે પ્રભુ વેગમાં, સેવકને કરિ સાય ॥ રા. ॥ ૪૯ ॥ સેવક ગુણિયલ તાહરો, પ્રેમજી રાયનો શિષ્ય ॥ રા. ॥ ચરણાં ગ્રાહક એહુનો, ધ્યાન કરે નિશ દીશ ॥ રા. ॥ ૫૦ ॥ અરજ કરે દિન રોજમેં, ફેનાં કરણ ભવ ફંદ ॥ રા. ॥ ઇશ્વરતા પ્રભુ તાહરી, માગે મુનિ ગુલાબચંદ ॥ રા. ॥ ૫૧ ॥ સંવત ઓગણીસે સત્તાવીશે, કાર્તિક શુભ કહેવાય ॥ શુકલ પક્ષ એકાદશી, વાર આદિત્ય સુહાય ॥ રા. ॥ ૫૨ ॥ ગામ ધનપૂર માંહે રહી, સેવ્યા ગુરૂના પાય ॥ રા. ॥ પ્રેમથી ગરબો ગાઇયો, આણી અધિક ઉલ્લાસ ॥ રા. ॥ ૫૩ ॥ ભણતાં સુણતાં ધ્યાવતાં, પામે લીલ વિલાસ ॥ રા. ॥ નેમ રાજુલને વીનવું, સહુ સંઘની પૂરો આશ ॥ રા૦ ॥ ૫૪ ॥ ઇતિ. ॥

अथ श्री होकानी सज्झाय.

હોકો રે હોકો શું કરો રે, હોકો તે નરકનું ઠામ ॥ જીવ હણાયે અતિ ઘણા રે, વાયુકાય અભિરામ ॥ ભવિક જન મૂકો હોકાની ટેવ ॥ ૧ ॥ એ આંકણી ॥ જ્યાં લગે હોકો પીજીએ રે, ત્યાં લગે જીવ વિનાશ ॥ પાપ બંધાયે આકરાં રે, દયાતણી નહીં આશ ॥ ભ. ॥ ૨ ॥ જે પ્રાણી હોકો પીયે રે, તે પામે બહુ દુઃખ ॥ ઇમ જાણીને પરિહરો રે, પામો બહુળું સુખ ॥ ભ. ॥ ૩ ॥ ગજ લગે ધરતી બળે રે, જીવ હણાયે અનંત॥ જે નર હોકો મેલશે રે, તસ મળશે ભગવંત ॥ ભ. ॥ ૪ ॥ દાવાનળ ઘણા પરજળે રે, હોકાનાં ફળ એહ ॥ નરકે જાશે બાપડા રે, ધર્મ ન પામે તેહ ॥ ભ. ॥ ૫ ॥ એકેંદ્રી બેઇંદ્રિમાં રે, ફિરે અનંતીવાર ॥ છેદન ભેદન તાડના રે, તિહાં લહે દુઃખ અપાર ॥ ભ. ॥ ૬ ॥ વ્યસની જે હોકાતણા રે, તલપ લાગે જવ આપ ॥ વનમાં વૃક્ષ છેદી કરી રે, અગ્નિ પ્રજ્વલિત કરાય ॥ ભ. ॥ ૭ ॥ તિહાં ષટકાયના જીવનીરે, હિંસા નિરંતર થાય ॥ હોકાનું જળ જિહાં ઢોળિયે રે, તિહાં બહુ જીવ હણાય ॥ ભ. ॥ ૮ ॥ પોતે પાપ પુરણ કરે રે, અન્યને દે ઉપદેશ ॥ વળિ અનુમોદન પણ કરે રે, ત્રિકરણ થાયે ઉદ્દેશ ॥ ભ. ॥ ૯ ॥ મુખ ગંધાયે પીનારનું રે, બેસી ન શકે કોઇ પાસ ॥ જગમાં પણ રૂડું નહી રે, પુણ્યતણો થાય નાશ ॥ ભ. ॥ ૧૦ ॥ સંવત અઢારને છોતરે રે, ઉજ્વળ શ્રાવણ માસ ॥ વાર બૃહસ્પતિ શોભતો રે, પૂનમ દિન શુભ ખાસ ॥ ભ. ॥ ૧૧ ॥

તપગચ્છ મંડન સેહરો રે, દાનરતન સૂરિ રાય ॥ મલૂકરતન શિષ્ય શોભતા રે, આનંદ હરખ ન માય ॥ ભ. ॥ ૧૨ ॥ પ્રતાપ પૂરણ ગિરૂઆ ધણી રે, શિવ રતન તસુ શિષ્ય ॥ હોકાનાં ફળ ઈમ કહ્યાં રે, ખુશાલ રતન સુજગીશ ॥ ભ૦ ॥ ૧૩ ॥ ઇતિ. ॥

अथ श्री वंकचूलनी सज्झाय.

(કોઈ લો પર્વત ધૂંધલો રે લાલ, એ દેશી.)

જંબુદ્વીપમા દીપતું રે લાલ, ખેત્ર ભરત સુવિશાળ રે ॥ વિવેકી ॥ શ્રીપુર નયરનો રાજીયો રે લાલ, વિમળજશા ભૂપાળ રે ॥ વિવેકી ॥ આદરજયો કાંઈ આખડી રે લાલ ॥૧॥ એ આંકણી ॥ સુમંગળા પટરાણિએ રે લાલ, જનમ્યા તે યુગલ અમૂલ રે ॥ વિ૦ ॥ નામ ઠવ્યું દોય બાળનું રે લાલ, પુષ્પચૂળા વંકચૂળ રે ॥ વિ૦ ॥ આ૦ ॥ ૨ ॥ અનુક્રમે ઉદ્ધત થયો રે લાલ, લોક કહે વંકચૂળ રે ॥ વિ૦ ॥ લોક વચનથી ભૂપતિ રે લાલ, કાઢયો સુત વંકચૂળ રે ॥ વિ૦ ॥ આ૦ ॥ ૩ ॥ પુષ્પચૂળા થઈ બેનડી રે લાલ, પલ્લીમાં ગયો વંકચૂળ રે ॥ વિ૦ ॥ પલ્લિપતિ કિયો ભિલ્લડે રે લાલ, ધર્મ થકી પ્રતિકૂળ રે ॥ વિ૦ ॥ આ૦ ॥ ૪ ॥ સાત વ્યસન સરસેં રમે રે લાલ, ન ગમે ધર્મની વાત રે ॥ વિ૦ ॥ વાટ પાડે ને ચોરી કરે રે લાલ, પાંચસે તેણ સંગાથ રે ॥ વિ૦ ॥ આ૦ ॥ ૫ ॥ ગજપુર પતિ દિયે દીકરી રે લાલ, રાખવા નગરનું રાજ રે ॥ વિ૦ ॥ સિંહ ગુફા તિણે પાલમાં રે લાલ, નિરભય રહે ભિલ્લરાજ રે ॥ વિ૦ ॥ આ૦ ॥ ૬ ॥ સુસ્થિત સદગુરૂથી તેણે રે લાલ, પામ્યા નિયમ તે ચાર રે ॥ વિ૦ ॥ ફળ અજાણ્યું કાગ માંસનું રે લાલ, પટરાણી પરિહાર રે ॥ વિ૦ ॥ આ૦ ॥ ૭ ॥ સાત ચરણ ઓસર્યા વિના રે લાલ, ન દેવો રિપુ શિર ઘાય રે ॥ વિ૦ ॥ અનુક્રમે તે ચારે નિયમના રે લાલ, પારખાં લહે ભિલરાય રે ॥ વિ૦ ॥ આ૦ ॥ ૮ ॥ વંકચૂલ ચારે નિયમના રે લાલ, ફળ ભોગવ્યાં પ્રત્યક્ષ રે ॥ વિ૦ ॥ પરભવે સુર સુખ પામિયો રે લાલ, આગળ લહેશે મોક્ષ રે ॥ વિ૦ ॥ આ૦ ॥ ૯ ॥ કષ્ટ પડે જે સાહસી રે લાલ, ન લોપે નિજ સીમ રે ॥ વિ૦ ॥ કહે મતિ નીકી તેહની રે લાલ, જેહ કરે ધર્મ નીમ રે ॥ વિ૦ ॥ આ૦ ॥ ૧૦ ॥

अथ श्री शिखामणनी सज्झाय.

(ધારણી મનાવે રે મેઘકુમારને રે, એ દેશી.)

કાંઇ નવિ ચેતો રે ચિત્તમાં જીવડા રે, આયુ ગળે દિન રાત ॥ વાત વિસારી રે ગર્ભાવાસની રે, કુણ કુણ તાહરી જાત ॥ કાંઇ૦ ॥૧॥ એ આંકણી ॥ દોહિલો દીસે રે માનવભવ તણો રે, શ્રાવક કુળ અવતાર ॥ પ્રાપ્તિ પૂરીરે ગિરૂઆ ગુરૂ તણી રે, તુજ ન મળે વારોવાર ॥ કાંઇ૦ ॥ ૨ ॥ તું મત જાણે રે એ ધન માહરૂં રે, કુણ માત કુણ તાત ॥ આપ સ્વારથે સહુ કોઈ મળ્યું રે, મ કર પરાઇ તું તાત ॥ કાઇ૦ ॥ ૩ ॥ પુણ્ય વહૂણા રે દુઃખ પામે ઘણા રે, દોષ દિયે કિરતાર ॥ આપ કમાઇ રે ॥ પૂરવ ભવ તણી રે, ન મિટે તેહ લગાર ॥ કાંઈ૦ ॥ ૪ ॥ કઠિણ કરમને અહનિશ જે કરે રે, તેહનાં ફળ જે વિપાક ॥ હું નવિ જાણું રે કુણ ગતિ તાહરી રે, તે જાણે વીતરાગ ॥ કાંઈ૦ ॥ ૫ ॥ તે દુઃખ સહ્યાં રે બહુ રમણી તણાં રે, અનંત અનંતી વાર ॥ લબ્ધિ કહે રે જે જિનને ભજે રે, તે પામે મોક્ષ દુવાર ॥ કાંઇ૦ ॥ ૬ ॥ ઇતિ. ॥

श्रीमद् बुद्धिसागरजी कृत पदो वीगेरे.

आत्मविज्ञप्ति.

॥ વહેંચશું ભક્તિનાં ભાઈ નાણાં એ રાગ ॥

આતમા અરજી આ ઉરમાં સ્વીકારો, ધ્યાને પોતાને તો તારોરે.
આતમા૦ ટેક.

પુદ્ગલનાં ચુંથણાં ચુંથ્યાં અજ્ઞાનથી, આવ્યો ન ચુંથતાં તે આરો;
ભ્રાન્તિથી ભુલી ન જોયું સ્વરુપ મેં, આશરો એક છે તમારોરે.
આતમા૦ ॥ ૧ ॥

હરિહર દેવતા બ્રહ્મા ને શક્તિ, કેઇક તીર્થ વિચારો;
તુજમાહિં સર્વે સમાયા છે તીર્થો, વીનંતિ આ દીલમાંહિં ધારોરે.
આતમા૦ ॥ ૨ ॥

દેવનો દેવ અને રાણાનો રાય તું, પ્રભુ તું પ્રાણથીરે પ્યારો;
શ્રદ્ધા કહે મુજ સ્વામિજી વ્હાલા, ઝાલોને હાથ તમે મારોરે;
આતમા૦ ॥ ૩ ॥

અન્તરમાં શોધ તું સાચા સાહિબને, દુઃખનો આવશેરે આરો;
બુદ્ધિસાગર ચેત ચેતન ચતુર તું, અન્તરમાં હોય ઉજિયારોરે.
આતમા૦ ॥ ૪ ॥

ચેત ચેતન.

ભજન કર લે ભજન કર લે, એ રાગ.

ચેત ચેતન ચેત ચેતન, આયુ ચાલ્યું જાયરે;
ભૂલીને ભગવાન્ પ્રાણી, મોહે શું મકલાયરે. ચેત૦ ૧
લક્ષ્મી સત્તા કૂળ મદથી, ફુલે ફોગટ ભવ્યરે;
સ્વપ્ન સરખા ભાવ જગના, જાણો પરિહર્તવ્યરે. ચેત૦ ૨
શ્વાસોશ્વાસે જાય આયુ, હજી જરા તો ચેતરે;
જ્ઞાનદર્શન ઋદ્ધિ ત્હારી, ધારી લે શિવ હેતરે. ચેત૦ ૩
જાતિ કે નહિ જ્ઞાતિ ત્હારી, દેહી પણ નહિ દેહરે;
અનન્ત શક્તિ સાહિબા તું, અનન્ત ગુણગણ ગેહરે. ચેત૦ ૪
નર નારી કે નહિ નપુંસક, શરીર વ્યાપી તત્વરે;
અસંખ્ય પ્રદેશી આતમા તું, અરૂપી સાશ્વત સત્વરે. ચેત૦ ૫
સત્ય તું છે સત્ય તું છે, સચ્ચાનન્દનો આધારરે;
જડ સ્વભાવે નહિ કદા તું, જાગી આતમ તારરે. ચેત૦ ૬
શુરો થઇને મુક્તિ વાટે, ચેતન ચટપટ ચાલરે;
બુદ્ધિસાગર ચલત પન્થે, તજજે માયા જાળરે. ચેત૦ ૭

काया अने चेतन विषे चर्चा.

રાગ ધીરાના પદનો.

બોલે કાયા શાણીરે, ચેતન તમે ક્યાં વસિયા,
મારૂં મારૂં માનીરે, માયાવશ કેમ ફસિયા;
ચેતન તું મુસાફર જગમાં, વસિયો મારે ઘેર,
તું નહિ મારો હું નહિ તારો, માને શું મન લ્હેર;
ચેત ચેતન જ્ઞાનેરે, અન્તર અનુભવ રસિયા. બોલે૦ ૧
ચેતન હવે બોલેરે, વ્હાલી કાયા શું બોલે,
પ્રાણથકી પ્યારીરે, નહિ કોઇ તુજ તોલે;
ખવરાવું પીવરાવું તુજને, નવરાવું બહુ પેર,
હવા દવાથી તુજને પોષું, વસિયો ત્હારે ઘેર;
વસ્ત્રોથી શણગારૂંરે, મારે તું મુંઘા મોલે. ચેતન૦ ૨
ફરતાં ફરતાં તારી ખબરો, લઉં છું વારંવાર,

રંગ રસીલી અમર કાયા, તું છે પ્રાણાધાર;
બોલ નહિ ખોટું રે, મન મારૂં બહુ ડોલે. ચેતન૦ ૩
કાયા પાછી કહેતી રે, ચેતન હું તો નહિ ત્હારી,
તને હું નથી પરણીરે, હજી હું બાલકુંવારી;
હું તો જડ છું તું તો ચેતન, જૂદી જાણ સગાઈ,
હું તો રૂપી તુંહિ અરૂપી, સગપણની ન ભલાઇ;
તારી ન ત્રણ કાળેરે, કરૂં નહીં તુજ યારી. ચેતન૦ ૪
મારી મારી માની ચેતન, કર નહિ મારી સેવ,
તારાં મારાં લક્ષણ જૂદા, શી પ્રીતિની ટેવ;
સમજ્યો ન સાચુંરે, ઉમર તેં ફોગટ હારી. કાયા૦ ૫
ચેતન હવે બોલેરે, કાયાનાં વેંણ સંભારી,
કાયા છે તું તો ન્યારીરે, વાત હવે નિર્ધારી;
આજ લગી હું મારી માની, કરતો તારી સેવ,
મોહ મદિરા ઘેને ઘેર્યો, સમજ્યો ન આતમ દેવ;
હવે હું સાચું સમજ્યોરે, ઉપયોગ દિલ ધારી. ચેતન૦ ૬
ભુંડી તારા માટે મેં તો, કીધાં ભારે પાપ,
ભોગવવાં તે મારે પડશે, એવી પ્રભુની છાપ;
હવે શું થાશે મારૂંરે, વાત ભૂલ્યો બહુ સારી. ચેતન. ૭
કાયા પાછી બોલેરે, ચેત તું ચેતન ભાવે.
મારાથી તું તો ન્યારોરે, ભૂલીશ નહિ પરભાવે;
મારામાંહિ વાસ કર્યો પણ, ધર તારો વિશ્વાસ,
આજ થકી મુરખ તું નાહક, બનીશ નહિ મુજ દાસ;
મોહના ધતીંગેરે, કદી નહિ સુખ થાવે. કાયા૦ ૮
ચેતન હવે જાગ્યોરે, કાયાનાં વેણ સંભારી,
ધ્યાવે રૂપ સાચુંરે, અંતરમાંહિ અવધારી;
છંડી કાયાની માયાને, ધ્યાવે આપોઆપ,
નિરાકાર નિ:સંગી નિર્મળ, કરતો અજપાજાપ;
અંતર સુખ ભોગીરે, થયો હવે જયકારી. ચેતન. ૯
કાયાની માયાથી અળગા, રહેવું ધારી ધ્યાન,
અલખ સ્વરૂપી આતમ દેવા, શક્તિથી ભગવાન;
બુદ્ધિસાગર ધ્યાનેરે, વાત સત્ય નિર્ધારી. ચેતન. ૧૦

પદ.

(વૈદરભી વનમાં વલવલે.)

જાગીને જો તું જીવડા, કોણ છે તું શું કર્મ;
ક્યાંથી આવ્યો ક્યાં જાવશે, મૂર્ખ સમજ્યો ન મર્મ. જાગીને. ૧
મિલ્કતમાં શું મોહીયો, જૂઠું જગનેરે જાણ;
દેહી પણ નહીં દેહ છે, પરખો દેહ પ્રમાણ. જાગીને. ૨
કુડ કપટમાં કાઢતાં, ભૂંડા જીવતર ભાઈ,
અંતે એકીલો આતમા, સાચી ધર્મ સગાઈ. જાગીને. ૩
મુંઝાયો શું માયા માનીને, કદી મુકે ન કાળ;
લાખ લાખોપતિ લોભમાં, બન્યા અંતે બેહાલ. જાગીને. ૪
અથડાતો શું આશમાં, આવે આશા ન અંત;
ચતુર વિવેકી ચેતીને, સેવ સદ્ગુરૂ સંત. જાગીને. ૫
કાચ કુંપ કાયા કારમી, હાલી મુકી દે ઠાઠ;
ભજી લે પ્રભુને ભાવથી, અરે પહોર તું આઠ. જાગીને. ૬
જીવતર ચાલ્યું જાય છે, જેવું નદીઓનું નીર;
ધર્મ કરો ધરી ધ્યાનને, વાટે વળજેરે વીર. જાગીને. ૭
આવ્યો અવસર આતમા, ભોળા ભુલમ ભૂલ;
બુદ્ધિસાગર, મોહ બાજીમાં, અંતે ધૂળની ધૂળ. જાગીને. ૮

પદ.

ઘટ ખોજ્યા બિન પાર ન આવેરે, દોડત દોડત મનની દોટે;
પુસ્તક શોધ્યા વાચુ રોધ્યા, પડી ખબર નહીં ઘરકી;
સદ્ગુરૂ સંગે રહો ઉમંગે, લહો ખબર અન્દરકી. ઘટ૦ ૧
જ્યાં ત્યાં માથું મારીનેરે, ભૂલ્યો ભમે પર ઘેર;
પરમાં નિજને શોધવોરે, અહો મહા અન્ધેર. ઘટ૦ ૨
મૃગલો કસ્તુરીની ગંધે, આડો અવળો દોડે;
ભ્રમણાએ ભૂલ છે તે મોટી, તોડે સો નિજ જોડે. ઘટ૦ ૩
પરનો કર્ત્તા પરનો હર્ત્તા, નિજગુણ સહેજે વર્ત્તા;
આપ સ્વરૂપે આપ પ્રકાશે, સમજે સો જન તરતા. ઘટ૦ ૪
આતમ રૂચિ ગુરૂગમ કુંચી, લહી ઉઘેડો તાળું;
બુદ્ધિસાગર અવસર પાકર, નિજ ઘરમાં ધનભાળું. ઘટ૦ ૫

પદ.

હમતો દુનીયાસેં ન ડરેંગે, આતમ ધ્યાન ધરેંગે. હમતો૦
નિંદકખાંને નિન્દા કરશે, ભક્તજનો ગુણ ગાશે,
દુનીયા દીવાની ગાંડા કહેશે, કોઇક મારણ ધારશે. હમતો૦ ૧
કિરિયાવાદી કપટી લેખે, જ્ઞાનવાદી મન ઘહેલો,
ભોગી લેખે એ ભિખારી, છટકી કહે છટકેલો. હમતો૦ ૨
દુનિયાદારી નહિ હે હમારી, જ્ઞાન દશા ચિત્ત ધારી,
ડાક ડમાલા મુરખ ચાળા, એ સબ ખટપટ વારી. હમતો૦ ૩
સ્યાદ્વાદ મારગ મનમાંહિ, શ્રદ્ધા જીનની સાચી,
અવલમ્બ્યો મારગ એ મોટો, કલિકાલે પણ રાચી. હમતો૦ ૪
ચિત્ત હમારા જ્યાં રંગાયા, ત્યાં હમ રંગે રહીશું;
યોગ્ય જીવની આગળ અન્તર, તત્ત્વની વાતો કહીશું. હમતો૦ ૫
વાડામાંહિ બકરાં રહેશે, મૃગપતિ વનમાં ચરશે;
વિષ્ટાભોજન રાસભ મૌક્તિક, ચારો હંસ તે ચરશે. હમતો૦ ૬
ચિદ્દ્ઘન આતમ અન્તર ખોજે, સ્થિર દૃષ્ટિ ચિત્ત ધારી;
બુદ્ધિસાગર શાશ્વત શિવપદ, પામી લહે સુખ ભારી. હમતો. ૭

પદ.

ચેતનજી સમજો જુઠી આ દુનીયાની બાજી,
રહયો શું તેમાં રાચી માચીરે. ચેતન૦
અજ્ઞાને અંધ થઇ જોયું ન જીવડા,
આતમ સ્વરૂપ જેહ સાચું;
હસતાં હેં હેં કરતાં એ માનવી,
ફાટી જાશે તારૂં ડાચુંરે, ચેતન૦ ૧
મહેલ જણાવ્યા બાગ બનાવ્યા,
લક્ષ્મીના લોભમાં તણાયો;
એક દિન અણધાર્યો ઉઠીશ દેહથી,
કોઇ ન જાણે ક્યાં તું જાયોરે. ચેતન૦ ૨
મનમાં આવે તેવું માની લે માનવી,
અંતે તો કાંઇ નથી ત્હારૂં;

ચેતન ચાલે ગંદીરે કાયા,
મિથ્યા માને મ્હારૂં મ્હારૂંરે. ચેતન૦ ૩
ચેતન પણ જડ જેવો બનીને,
કાંઇ ન મનમાં વિચાર્યું;
ગણકાર્યું નહિ ગુરૂનું બોલવું,
મોહે આયુષ્ય સહુ હાર્યુંરે. ચેતન૦ ૪
સમજ સમજ દીલમાંહિરે જીવડા,
ધર્મ ઉદ્યમ ચિત્ત ધારો;
બુદ્ધિસાગર સદ્ગુરૂજીના શરણે,
રહી આતમ ઝટ તારોરે. ચેતન૦ ૫

जीवने उपदेश.

મનહર છંદ.

અરે જીવ જરા ચિત્તમાંહિ તો વિચારી જોને,
જનમ મરણ દુઃખ શાને તેહ થાય છે.
કર્મ છે કારણ તેનું કર્મનો વિનાશ કર,
કર્મનાં દલિક રાગ દ્વેશ થકી આય છે.
રાગ અને દ્વેશ ભાવ કર્મના વિનાશ થકી,
નાશ દ્રવ્ય કર્મ તણો પલકમાં થાય છે.
જીવતાં મરણ જેનું જીવતા તે જગમાંહિ,
જાગ જાગ દીલમાંહિ ચતુર ચૂકાય છે. ૧
અન્તરના જ્ઞાન માટે ગુરૂનું શરણ કર,
ગુરૂગમ સેવનાથી સત્ય તો જણાય છે.
જ્ઞાની ધ્યાની મુનિ ગુરૂ શરણ શરણ કર,
ચેતન સ્વરૂપ મુનિ કરૂણાથી પાય છે.
જડમાં જગત્ સહુ જકડાણું જાણી લેઈ,
સુખની તો આશ એક ચેતનમાં ધારજે.
ધીનિધિ કહે છે એમ શિવ સુખ પામવાને,
રાગ અને દ્વેષ દોષ ચિત્તમાંથી વારજે. ૨

आत्मवत सर्वत्र दृष्टि.

મનહર છંદ.

જનની સમાન સહુ લલનાને માની લેજે,
પરધન પત્થર સમાન ચિત્ત ધારજે;
પોતાના ચેતન સમ સહુ જીવ ગણી લેઈ,
મન વચ કાયાથકી કોઇને ન મારજે;
વંદક નિન્દક પર ચિત્તની સમાનતાજ,
અશુભ વિચાર થકી ચેતનને વારજે;
એવી નિજરૂપમાંહિ શુરવીર થઇ જીવ,
ભવોદધિથકી ઝટ પોતાને તું તારજે. ॥ ૧ ॥
લપછપ ગપછપ તજીને ચેતન હવે,
સ્થિરયોગથકી એક આતમને ધ્યાવજે;
પરમા પ્રવેશ થકે ચિત્તડું ચંચલ થાય,
માટે હિતશિખ હવે ધ્યાનમાંહિ લાવજે;
ભૂલી સહુ દુનીયાનું ભાન એક ધ્યા થકી,
સાધ્યમાંહિ સુરતાની લીનતા લગાડજે;
ધીનિધિ કહે છે શુરવીર થઈ જીવ હવે,
વિજય વિજય વાદ્ય વેગથી વગાડજે. ॥ ૨ ॥

इति श्री जैन सज्झायमाळा

द्वीतिय भाग समाप्त.

મોટો ઉઠાવ!!! પાછળથી પસ્તાશો.

વિદ્યાચંદ્ર અને સુમતિ. (આવૃત્તિ છઠ્ઠી.)

આ નવલકથામાં આપણી જૈન સમાજની ઉન્નતિનો પ્રતિબંધ કરી અવનતિ તરફ દોરી જનાર કન્યાવિક્રય, બાળલગ્ન અને વૃદ્ધ વિવાહ જેવા ઉપયોગી વિષયોને એવા તો મનોરંજક રીતે આલેખવામાં આવ્યા છે કે, થોડાજ સમયમાં આ નવલકથાની ૯૦૦૦ જેટલી નકલો લગભગ એક વરસમાં ખપી ગઈ છે ને હાલમાં તેની છઠ્ઠી આવૃત્તિ બહાર પડી છે તેજ તેના ઉપયોગીપણું સાબીત કરે છે. ઉત્તમ ભાષામાં લખાએલું, સુંદર બાર ચીત્રો સાથેનું, પાકી બાઇડીંગનું, ૪૦૦ પાનાનું બીજું આવું ઉત્તમ પુસ્તક ભાગ્યેજ એક રૂપીઆની નજીવી કિમ્મતમાં મળી શકે. આ નવલકથાને એક ઉદાર શ્રીમાન્ ગૃહસ્થ તરફથી રૂ. ૫૦૦૦) પાંચ હજારની મોટી મદદ મળેલી છે. જેના પ્રતાપે અલ્પ કિમ્મત રાખેલી છે. નકલો ઘણી થોડી છે માટે પાછળથી મળવું મુસ્કેલ છે. જેઇએ તેમણે મંગાવવું.

ભરતેશ્વર બાહુબલિવૃત્તિ ભાષાંતર. આવૃત્તિ ત્રીજી.

આ પુસ્તકમાં મહાન પુરૂષો ભરતબાહુબલિ, અભયકુમાર વિગેરેની ૬૩ મોટી કથાઓ તથા મહાન સતીઓ જેવી કે સુલસા, ચંદનબાળા, દમયંતી, નર્મદાસુંદરી વિગેરે ૫૩ સતીઓનાં ચરિત્રો આવેલાં છે. આ પુસ્તક ઉંચા ઇંગ્લીશ કાગળ ઉપર છપાવી પાકા પૂંઠાથી બંધાએલ છે. સુપરરોયલ આઠ પેજી મોટા કદનાં પૃષ્ટ ૩૮૦ છે. કિમત ફક્ત અઢી રૂપીઆ છે. ટપાલ ખર્ચ વી. પી. સાથે સાત આના.

વ્યાખ્યાન (ભાષણ) સંગ્રહ. આવૃત્તિ બીજી.

લેખક મહામુનિરાજ શ્રી ચારિત્રવિજયજી.

મુંબાઈની સઘળી પ્રજામાં અને જાહેર છાપાઓમાં જે ભાષણોને માટે ભારે વખાણ થઈ રહેલાં છે તે પ્રસિદ્ધ કર્ત્તા શ્રીમાન મુનિમહારાજ **શ્રી ચારિત્રવિજયજી**નાં ઉત્તમ ભાષણોનો મોટો સંગ્રહ એક ઘણાજ ઉત્તમ પુસ્તકના આકારમાં પ્રગટ થએલો છે. ધર્મ અને વ્યવહારને લગતા ઘણાજ ઉંચા વિષયોનો સમાવેશ કરવામાં આવેલો છે. ચાલતા જમાનાના સરળ અને સમજુ લોકોને ઘણુંજ આ પુસ્તકમાંથી મનન કરવા જેવું મળે છે, ટુંક મુદતમાં બીજી આવૃત્તિ ઘણાજ સુધારા વધારા સાથે છપાઈ બહાર પડેલી છે. કિમ્મત ફક્ત એક રૂપીઓ. ટપાલ ખર્ચ વી. પી. સાથે ત્રણ આના.

પ્રેમથી મુક્તિ.

લેખક મહામુનિરાજ શ્રી ચારિત્રવિજયજી.

આ નામનું પુસ્તક વાંચવા અને વિચારવા જોગ છે, તેમાં પ્રેમના પૃથક્કરણપૂર્વક મુક્તિની સાધનામાં પ્રેમ કેટલે અંશે ઉપયોગી છે તે ઘણીજ અસરકારક અને બળવાન દલીલોથી પુરવાર કર્યું છે. જૈન અને જૈનેતર વિચારકો કિંવા વિદ્વાન પુરૂષોને એક સરખા પ્રેમ અને ઉત્સાહથી વાંચી શકે એવો રસ અને પ્રબંધ ફતેહમંદ રીતે સાચવ્યો છે. કિમ્મત આઠ આના.

પ્રવૃત્તિ-નિવૃત્તિ.

લેખક મહામુનિરાજ શ્રી ચારિત્રવિજયજી.

પૂર્વ તથા પશ્ચિમના દેશોમાં પ્રવૃત્તિ તથા નિવૃત્તિ વિષે જે ભુલ ભર્યા વિચારો પ્રવર્ત્યા છે તેનો આ ગ્રંથમાં પ્રૌઢ-શૈલીથી ઉહાપોહ કરવામાં આવ્યો છે. લેખકનું માનવું એવું છે કે, હિન્દવાસીઓ પ્રવૃત્તિનો યથાર્થ આશય નહિ સમજી શકવાથી આજે ઉદ્યોગહીન તેમજ દરિદ્ર બની ગયા છે. શ્રીમદ્ રાજચંદ્ર જે પ્રવૃત્તિને એક સ્થળે "સાધન બહુ બંધવ થયાં" એ નામથી વ્યવહરે છે તેનું પ્રકારાંતરે સ્પષ્ટિકરણ કર્યું છે અને જેઓ માત્ર બાહ્યક્રિયાઓમાંજ પરમ નિવૃત્તિ માની બેઠા છે, તેઓને વાસ્તવિક નિવૃત્તિની યોગ્ય સમજ આપવામાં આવી છે. દરેક વ્યક્તિને ખાસ વિચારવા જોગ વિષય છે. ઉંચા ગ્લેજ કાગળ ઉપર છપાવી પાકા પૂંઠાથી બંધાએલ છે. મૂલ્ય રૂ. ૦-૬-૦.

મોટો આત્માવબોધકુલક યાને આત્મજ્ઞાન.

અનુભવ રત્નચિંતામણી, અનુભવ સિદ્ધસ્વરૂપ;
અનુભવ માર્ગ મોક્ષનો, અનુભવ કેવળરૂપ.

સંસારના ભયનો જય અને મોક્ષની પ્રાપ્તિની ખાતરી અનુભવ જ્ઞાનથીજ થાય છે.

મૂળ ગ્રંથકાર **શ્રીમદ્ જયશેખરસૂરી** સંસ્કૃતમાં છાયાકાર બનારસ પાઠશાળાના એક **વિદ્યાર્થી**, ગુજરાતીમાં શબ્દાર્થ રૂપ અનુવાદ કરનાર એક **મુનિરાજ**, વિવેચનકાર સુપ્રસિદ્ધ વક્તા **પંડિત લાલન.** ઉંચા કાગળ, સુંદર છપાઇ, પાકું સુંદર પૂઠું. કિંમત ૦-૮-૦.

અદ્ભુત સુદ્રષ્ટાંતમાળા.

આ અતિ ઉપયોગી અને ખરી મહત્વતા ધરાવનાર, પુસ્તકમાં વ્યવહારીક તેમજ ધાર્મિક કેળવણી વિષે જેવા ઉમદા રીતે સરલ અને અસરકારક ભાષામાં તુરત બુદ્ધિમાં ઉતરે એવા મહાન ચમત્કારી પુરૂષોના દ્રષ્ટાંતો

સાથે વ્યવહારૂ અને ધાર્મિક બોધ આપવામાં આવ્યો છે. આ દ્રષ્ટાંતમાળાને એવી તો રસીક અને રમુજી બનાવવામાં આવી છે કે એક વખત વાંચવા માંડ્યા પછી હાથમાંથી છોડવી ગમતી નથી. બુક ખાસ ખીસામાં રહી શકે તેવી પોકેટ સાઇઝમાં છે. પાકું અને મનને હરણ કરે તેવું પુંઠું છે. મુસાફરી કરનારે તો આ બુક અવશ્ય રાખવી કારણ કે આ બુક એક સજ્જન મિત્ર જે ગમ્મત અને આનંદ પમાડે છે તેટલોજ આનંદ આ બુક આપશે. કિંમત માત્ર રૂ. ૦-૮-૦.

ગુરૂબોધ.

આ ગ્રંથના કર્ત્તા યોગનિષ્ટ મુનિ બુદ્ધિસાગરજી છે. ગ્રંથમાં વિનય, વિવેક, મૈત્રી, દયા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, સંતોષ, શ્રદ્ધા, ભક્તિ, દાન, આત્મજ્ઞાન અને સમકિત આ તેર રત્નોનું સ્વરૂપ શ્રીગુરૂએ ઉત્તમ રીતે વર્ણવ્યું છે. આ ગ્રંથ ઉત્તમોત્તમ છે. દરેક સજ્જને વાંચવું વંચાવવું અને બને તો પ્રભાવના કરવી એમ સર્વે વિદ્વાનોનું કહેવું છે. કીંમત રૂ. ૦-૪-૦.

ધર્મબિન્દુ (શ્રી હરિભદ્રસૂરી કૃત.)

ભાષાંતર કર્તા દોશી મણીલાલ નથુભાઈ બી. એ.

ભાષાંતર કર્ત્તાએ સ્વતંત્ર રીતે અને વિશાળ દૃષ્ટિએ વિવેચન કર્યું છે, જે જમાનાને બોધ આપવાને અતિ ઉપયોગી છે. પૃષ્ટ ૪૫૦ પાકું બાઈંડીંગ કિંમત રૂ. ૧-૮-૦.

ધાત્રીશિક્ષા અથવા સૂયાણી અને સૂતિકા.

આ અતિ ઉપયોગી પુસ્તકના કર્તા જાણીતા વૈદ્યરાજ જટાશંકર લીલાધર ત્રિવેદી છે. પુસ્તકમાં નીચે જણાવ્યા પ્રમાણે વિષયો છે:—

ગર્ભિણીની માવજત—દાયણ પણ કેવી હોવી જોઇએ?

સુવાવડના ઓરડાનું વર્ણન, સુવાવડના ઓરડામાં દાખલ થતા પહેલાં અને પછી દાયણે કરવાના કામનું વિવેચન, પ્રસવની અવસ્થાના વિભાગ, પ્રસવની પહેલી અવસ્થા, પ્રસવની બીજી અવસ્થા તથા અવતર્યા પછી બાળકનો શ્વાસ રૂંધાય તેના ઇલાજ, પ્રસવની ત્રીજી અવસ્થા તથા પ્રસુતીની માવજત, છોકરૂં ઉછેરવાની રીત, બાળકોની પીડાનાં પ્રથમનાં લક્ષણો, બાળકોની પીડાનાં ઓસડવેસડ, ચિત્રો દરેક શ્રાવકને આ પુસ્તક ઘરમાં રાખવા ભલામણ કરવામાં આવે છે. કિંમત રૂ. ૧-૦-૦.

રાજકુમારી સુદર્શના યાને સમળી વિહાર.

મુળ ગ્રંથકર્ત્તા ચિત્રવાળા ગચ્છિય શ્રીમાન્ દેવેંદ્રસુરિ. ભાષાંતર કર્ત્તા **પન્યાસ કેસરવિજયગણી. આ ગ્રંથમાં શું વાંચશો? સિંહલદ્વીપમાં**

જન્મેલી રાજકુમારી સુદર્શનાને પોતાનો પૂર્વભવ સ્મરણમાં આવે છે, અને તેથી ભરૂચ શહેરમાં આવે છે, અને પોતાના પૂર્વભવના સ્થાનમાં એક વિહાર બનાવે છે જેનું નામ સમળીવિહાર પાડવામાં આવે છે. આ મૂળ સ્થાનકને એવી તો રસ ઉપજાવે તેવી રીતે ગુંથવામાં આવ્યું છે કે વાંચકવર્ગ તે આગળ ને આગળ વાંચવા દોરવાય છે. ૨૮ ફર્મા ૪૫૦ પાનાનું પાકા બાઈન્ડીંગનું આ ઉત્તમ પુસ્તક છે, છતાં સર્વ કોઈ લાભ લેઈ શકે, તે માટે તેની કિંમત માત્ર આઠ આના રાખવામાં આવી છે.

લેખ સંગ્રહ.

પ્રસિદ્ધવક્તા મુનિમહારાજ શ્રી ચારિત્રવિજયજીની તેજસ્વી લેખિનીથી આજ સુધીમાં લખાયેલ તમામ લેખોનો સંગ્રહ આ પુસ્તકમાં પ્રગટ કરવામાં આવ્યો છે. તેમાં જૈન સમાજના તથા આર્ય પ્રજાના આવશ્યક ધાર્મિક નૈતિક તથા સામાજિક પ્રશ્નો વિષે પુર્ણ સ્વતંત્રતા તથા વિદ્વતાપૂર્વક ઉહાપોહ કરવામાં આવ્યો છે. દરેક જૈને તેની એક પ્રત અવશ્ય રાખવી જોઇએ. પાકું સુંદર પૂઠું. કિંમત રૂ. ૦–૧૨–૦.

જૈનદર્શનનાં મૂળતત્વો.

આ ગ્રંથના કર્ત્તા જાણીતા વિદ્વાન પંડિત હીરાચંદ લીલાધર ઝવેરી એમ. આર. એ. એસ, એ. એલ. એ. એ. એફ. એ. ઓ. એફ. બી. ટી., એફ. સી. આઈ., આ ગ્રંથનો ઉપોદ્‌ઘાત લખનાર એલ. ડી. બારોનેટ એમ. એ. એલ. આઈ. ડબલ્યુ. ટી. ડી. છે. ગ્રંથમાં જૈન દર્શન એ શું છે? તે જાણવાની ઇચ્છા હોય તો આ ગ્રંથ અવશ્ય વાંચો; આ ગ્રંથને આપણા મુનિરાજોએ પણ વખાણ્યો છે. કિંમત રૂ. ૦–૪–૦

નીતિસુત્ર માળા.

કર્ત્તા રા. રા. મણીલાલ હાકેમચંદ ઉદાણી એમ. એ. એલ. એલ. બી.

નીતિમાન થવા ઇચ્છનારે આ ગ્રંથ ખાસ વાંચવો, વંચાવવો અને તન, મન અને ધનના ભોગે એ ગ્રંથનો ફેલાવો કરવો. આ બુકને આપણા **નામદાર દીલસોજ ગવર્નર** સાહેબે પણ એક અવાજે પ્રશંસા કરી છે. કિંમત રૂ. ૦–૨–૦.

શ્રી સદ્‌ગુણી સુશીલા.

કર્તા શ્રીયુત ભગુભાઈ ફ. કારભારી.

જો તમો તમારી સ્ત્રી કેવી હોવી જોઇએ તે જાણવા માગતા હો તો, એક સ્ત્રીના ધર્મ જાણવા ઇચ્છતા હો તો, અને ટુંકમાં સંસારસુખ કેવું હોવું જોઇએ તે જાણવા માગતા હો તો, વાંચો આ પુસ્કત. કિ. રૂ. ૦–૧૨–૦

વચનામૃત.

ગ્રંથકર્ત્તા યોગનિષ્ટ મુનિ બુદ્ધિસાગરજી છે. ગ્રંથમાં લગભગ (૪૪) અતિ ઉપયોગી વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેવા કે-**વૈરાગ્યોપદેશ,** ઋતુવંતી નારીનાં કર્તવ્યો, અનેકાંત વાદવિચાર, આત્મા અને કર્મ, શ્રી સત્યવિજયજી પન્યાસનું જીવન ચરિત્ર, જીર્ણ લેખને આધારે ઐતિહાસિક વિષયો, ગુણાનુરાગ, શ્રાવક ધર્મ સ્વરૂપ વિગેરે વિષયોનો સમાવેશ છે. ગ્રંથ અતિ ઉત્તમ છે. મૂલ્ય રૂ. ૦-૧૪-૦.

સદ્વકતા આવૃત્તિ બીજી.

યોજક

પ્રસિદ્ધ વક્તા પંડિત લાલન.

આ પુસ્તક માટે મ્યુ૦ સ્કુલના આ. સુપ્રીન્ટેન્ડન્ટ રા. રા. **હિંમતલાલ ગણેશજી અંજારીઆ** એમ. એ. લખે છે કે-છટાદાર વક્તા થવાને ઇચ્છિનારાને તો આ પુસ્તક સારી પેઠે માર્ગદર્શક થઇ પડે તેવું છે, એટલુંજ નહિ પણ સામાન્ય વાંચકને પણ તે એક બોધદાયક અને ઉંચ આશય બતાવનાર સન્મિત્ર જેવું થઇ પડશે એમ મને સાધંત અવલોકન પછી ખાત્રી થાય છે. તેનો પહેલો ભાગ દરેક વિદ્યાર્થીએજ નહિ પણ દરેક વિચારકે પણ અવશ્ય વાંચવા જેવો છે. **ભાષણનું જોર, વિચારશ્રેણી, દલીલનું વજન,** અને નિર્ણયાત્મક વચનોનું ગાંભિર્ય દરેક વાંચનારને ખરેખર ઘણુંજ લાભકારક નિવડે તેવું મને જણાય છે. આ સિવાય આ ગ્રંથની એકી અવાજે **પ્રશંસા** કરનાર રા. રા. **એન. જી. વેલીનકર, એમ. એ. એલ. એલ. બી. મ્યુન૦ સ્કુલોના સુપ્રીન્ટેન્ડેન્ટ, રા. રા. જમીયતરામ ગૌ. શાસ્ત્રી બી. એ, ડે. ઈન્સપેકટર, રા. રા. જેકીસનદાસ જેઠાભાઇ બી. એ. સંસ્કૃત પ્રોફેસર શામળદાસ કોલેજ ભાવનગર, રા. રા. કવિ નાનાલાલ દલપતરામ એમ. એ. પ્રોફેસર રાજકુમાર કોલેજ;** ઉક્ત વિદ્વાનો એ પુસ્તકનું મનન કરવા ભલામણ કરે છે. અને સાથે જણાવે છે કે આવું ઉત્તમ પુસ્તક ગુર્જર ભાષામાં એ વિષયનું હજી એક પણ બહાર પડયું નથી. મુળ કિંમત રૂપીઓ એક હતી પણ કેટલાક સજ્જનોના મદદથી માત્ર રૂ. ૦-૧૨-૦

સદ્દુપદેશમાળા.

સત્ય, શિયળ, સમતા, સંતોષ, સત્સંગ, કરકસર આદિ બાર વિષય ઉપર બાર ઉપદેશી અને રમુજી વાર્તાઓ સહિત. કિંમત રૂ. ૦–૮–૦.

પરમાત્માને પગલે.

કર્ત્તા પંડિત લાલન.

ગ્રંથમાં આત્મત્રિપુટી, પ્રભુસાથે એકતા, પ્રભુની માતૃભક્તિ, અજ્ઞાનના જન્ય દુઃખ માટે નિવૃત્તિ, આત્મભોગ, શ્રી વીરની દુરઅંદેશી. આ બુક દરેક બન્ધુને વાંચવા વિનંતિ છે. તેમજ પ્રભાવના વગેરે માટે પણ ભલામણ છે. બુકની સાઇઝ ખીસામાં રહી શકે તેવી છે. કિંમત રૂ. ૦–૨–૦

શ્રાદ્ધવિધિ ભાષાન્તર. આવૃત્તિ બીજી.

આ ગ્રંથ રત્નશેખરસૂરી મહારાજનો બનાવેલો જેની મૂળ ગાથા ૧૮ છે તેના ઉપર ટીકા ૬૨૭૧ શ્લોકની છે. આ તમામ ટીકાનું શુદ્ધ ભાષાન્તર અક્ષરે અક્ષરનું કરી પ્રગટ કરવામાં આવ્યું છે. શ્રાદ્ધ એટલે શ્રાવકના આ જન્મ પર્યંત અર્થાત્ શ્રાવક જન્મે ત્યારથી કે તે દેહ ગત થાય ત્યાં સુધીનું તેનું સર્વ કર્તવ્ય સમજાવેલું છે. જેમકે સુપનવિચાર, દેરાસરે કેવી રીતે જવું, સાધારણ દ્રવ્ય, દેવદ્રવ્ય કોને કહેવું, ધંધો કોની સાથે કરવો, જમવાનો વિધિ, લગ્ન કોની સાથે કરવું, ઘર કેમ બાંધવું વિગેરે વિગેરે ધાર્મિક અને સંસારિક સર્વે બાબતોનો આ પુસ્તકમાં સમાવેશ કરવામાં આવેલો છે. દરેક શ્રાવક ભાઇએ અવશ્ય આ પુસ્તક હરહમેશ પોતાની પાસે રાખી તેનો ઉપયોગ કરવા યોગ્ય છે. આ ગ્રંથ મોટો પ્રામાણીક ગ્રંથ ગણાય છે. ઉંચા ગ્લેઝ સફાઇદાર કાગળોમાં છાપી પાકા પુંઠાથી બંધાવેલ છે. પહેલી આવૃત્તિ ટુંક મુદતમાં ખપી જવાથી અને આ બીજી આવૃત્તિ છપાઇ બહાર પડેલી છે તેજ તેનું ઉપયોગીપણું સાબીત કરે છે. નકલો ઘણી થોડી હવે સીલકમાં છે, પુસ્તક મોટા કદના ૫૦૦) પૃષ્ટનું છે. કિંમત રૂ. ૩–૦–૦.

શ્રી બુદ્ધ ચરિત્ર.

વિશ્વવત્સલ દયામૂર્તિ શ્રી બુદ્ધ મહાત્માનું જીવન ચરિત્ર તેમના સિદ્ધાંતો તથા શિક્ષણો સાથે આ ગ્રન્થમાં આપવામાં આવ્યું છે. દુનિયાની વસ્તીનો ⅓ ભાગ પ્રાતઃકાળમાં ઉઠીને જે મહાત્માના નામનું સ્મરણ કરે છે, તેમનું 'દયા' અને 'આત્મસંયમ'નો ઉમદા પાઠ શિખવનાર જીવનચરિત્ર અતિ રસિક અને બોધપ્રદ શૈલિએ રચવામાં આવ્યું છે. પૂર્વના તેમજ પશ્ચિમના અનેક વિદ્વાનોના ગ્રન્થોને આધારે બહુજ કાળજીપૂર્વક લખવામાં આવ્યું છે. કિંમત રૂ. ૦–૧૨–૦

ગુરૂ દર્શન.

(બીજી આવૃત્તિ, કીમત બોર્ડ રૂ. ૦–૬–૦. પાકું પુંઠું છીંટનું રૂ. ૦–૮–૦).

તત્ત્વવિદ્યાને આધારે આર્યધર્મમાં માન્ય ગણાતા ઉત્તમ નીતિના સિદ્ધાંતોને પ્રતિપાદન કરનાર આ પુસ્તક ગાયકવાડી કેળવણી ખાતાએ લાયબ્રેરી તથા ઈનામ માટે મંજુર કર્યું છે, તથા સરકારી કેળવણી ખાતાએ પણ પ્રાયમરી સ્કુલોમાં લાયબ્રેરી માટે મંજુર કર્યું છે. સુરત મ્યુનિસીપાલ સ્કુલોમાં એક નૈતિક પુસ્તક તરીકે શિખવવામાં આવે છે. તેનું હિંદી ભાષામાં ભાષાંતર થયું છે, અને ટુંક મુદતમાં તેની બે આવૃત્તિઓ થઈ છે. તેમાં **દાન, શીળ, વૈરાગ્ય, ક્ષમા, વીર્ય, ધ્યાન** અને **જ્ઞાન** એ સાત સદ્‌ગુણો ઉપર ઉત્તમ રીતે વિવેચન કરવામાં આવ્યું છે. અનેક માસિકો તથા વર્તમાનપત્રો તરફથી તથા ખાનગી સદ્‌ગૃહસ્થો તરફથી ઘણાં પ્રમાણપત્રો મળ્યાં છે.

દયાનો ઝરો.

(આવૃત્તિ બીજી કીંમત રૂ. ૦–૪–૦.)

મનુષ્યોની બેદરકારીથી પશુઓ, પક્ષીઓ અને મનુષ્યો ઉપર જે ઘાતકીપણું ગુજરે છે, તે અટકાવવાના હેતુથી ગુજરતા ઘાતકીપણાનું વર્ણન આપી તે અટકાવવાના ઉત્તમ માર્ગો સાદી અને સરલ ભાષામાં આપવામાં આવ્યા છે. તેમાં આવેલાં પ્રકરણોમાં મુખ્ય હૃદય કેળવણી, પુચ્છ છેદન, પ્રાણી ઉપર કરાતા અપ્પરા નિમિત્તે થતી હિંસા, માંસ નિષેધ, યુદ્ધ અથવા ક્રીડા, કેદીઓ ઉપર ગુજરતું ઘાતકીપણું, પોશાક અને ફેશન નિમિતે પક્ષીઓ ઉપર ગુજરતો ત્રાસ, શિક્ષકોનું કર્તવ્ય, પ્રાણીઓમાં રહેલો અમર આત્મા વગેરે છે. આ પુસ્તક ગાયકવાડી કેળવણી ખાતાએ ઇનામ માટે મંજુર કર્યું છે. જન અને પશુઓના કલ્યાણ અર્થે મફત વ્હેંચનારને માત્ર રૂ. ૦–૨–૦ માં આપવામાં આવશે.

જ્ઞાનદીપક.

(આવૃત્તિ બીજી કીંમત રૂ. ૦–૩–૦.)

જ્ઞાનનું મહાત્મ્ય દર્શાવનારો ઉત્તમ ઈનામી નિબંધ; જેમાં જ્ઞાન પ્રાપ્તિના બાહ્ય સાધનો જેવાં કે, પુસ્તકો, દેશાટન, સત્સંગ ગુરૂ, તથા અંતરંગ સાધનો જેવાં કે વિવેક, વૈરાગ્ય, શમ, દમ, સમભાવ, શ્રદ્ધા, સમાધાન વગેરેનું જુદા જુદા વિભાગો પાડી બહુજ અસરકારક રીતે વિવેચન કરવામાં આવ્યું છે. કેવી રીતે વાંચવું? તે તથા ધાર્મિક કેળવણીની શી આવશ્યકતા છે? એ બે પ્રશ્નોનો બહુજ સારો પ્રત્યુત્તર આ નાનકડા નિબંધમાં છે. તે વિદ્યાર્થિઓમાં ખાસ વ્હેંચવા લાયક છે. તેની કીંમત રૂ. ૦–૩–૦ છે. તે

છતાં વિદ્યાર્થીઓમાં વ્હેંચવા તથા પ્રભાવના કરવા માટે સામટી પ્રતો ખરીદનારને માત્ર રૂ. ૦-૧-૬ માં આપવામાં આવશે.

યોગ માર્ગનો ભોમીઓ.

(મન વશ કરવાની સરલ યુક્તિ જણાવનારો ઉત્તમ નિબંધ.)

અભ્યાસ અને વૈરાગ્ય એ બે સાધનો વડે મન શી રીતે કાબુમાં લાવવું, તથા એકાગ્રતા અને ધ્યાન શી રીતે કરવું, તથા તેમાં કયા સદ્‌ગુણોની આવશ્યકતા છે, અને જૂદાં જૂદાં શરીરોની શુદ્ધિ શી રીતે કરવી તે સર્વે સરલ ભાષામાં, વ્યવહારમાં ઉપયોગી લાગે તેવી રીતે રાજયોગ પ્રમાણે સૂચવવામાં આવ્યું છે. કીંમત માત્ર રૂ. ૦-૨-૦ છે.

સ્ત્રી કેળવણી અને સદ્વર્તન.

આ નિબંધમાં સ્ત્રીઓને કેળવણી આપવાની શી આવશ્યકતા છે? કેળવણી કેવા પ્રકારની આપવી જોઇએ? સ્ત્રીઓની મહત્તા શાસ્ત્રાધારે કેટલી છે? સ્ત્રીઓના સદ્વર્તનમાં કયા ગુણોનો સમાવેશ થાય છે? ગૃહસ્થાશ્રમ એટલે શું? અને તેમાં શિખવા લાયક કયા સદ્‌ગુણો છે? તે સર્વેનું વર્ણન કરવામાં આવ્યું છે. આવૃત્તિ ત્રીજી કીંમત માત્ર રૂ. ૦-૨-૦.

આત્મપ્રદીપ.

જૈનમુનિ શ્રી બુદ્ધિસાગરજીએ રચેલ આ ગ્રંથ ઉપર શુદ્ધ સરલ ભાષામાં વિસ્તાર સહિત વિવેચન કરવામાં આવેલું છે. તેમાં જૈન દૃષ્ટિએ આત્માનું સ્વરૂપ કેવું છે? પુનર્જન્મની આવશ્યકતા શી છે? આત્મા કેવી રીતે કર્મથી મુક્ત થઈ શકે? તથા આત્માના અમરત્વના શા પુરાવા છે? વગેરે પ્રશ્નોનો ખુલાસો આપવામાં આવેલો છેઃ સુપર રોયલ સોલપેજી પૃષ્ટ ૩૦૦ નું આવું દલદાર પુસ્તક છતાં તેની કીંમત માત્ર રૂા. ૦-૮-૦. છે.

સુબોધ ચંદ્ર.

(આધ્યાત્મિક નૉવેલ.)

આ ગ્રન્થ વાર્તાના રૂપમાં લખવામાં આવ્યો છે, અને વાર્તાની રસિક શૈલીમાં સત્યની શોધ, મરણ પછીની સ્થિતિ, વિચાર શક્તિ, પૂર્વભવોનું સ્મરણ, પ્રેમ અને ત્યાગ, પ્રેમની કસોટી તથા ગુપ્ત મહાત્મા મંડળ વગેરે ઉમદા સિદ્ધાંતો ચર્ચવામાં આવ્યા છે. ગુપ્ત જ્ઞાનના જીજ્ઞાસુઓને આ ગ્રન્થ એક દીપક સમાન છે. નૉવેલોના રસિકો માત્ર નૉવેલ પણ વાંચી શકે તેમ છે. ગુપ્ત વિદ્યાના અભ્યાસકો અનેક ગુપ્ત રહસ્યો પ્રકટ થયેલાં જોઇ શકશે. કીંમત રૂ. ૦-૮-૦.

(દરેક પુસ્તકોનું પોસ્ટેજ વી. પી. ખર્ચ જુદું.)